[illegible]

[illegible]

સૌન્દર્ય વિજય

યાને

સત્તરમી સદીનું ઈંગ્લંડ.

(મી. જ્યોર્જ ડબલ્યુ. રેનોલ્ડસ વિરચીત
"Rye House Plot" પરથી.)

લેખક:

સાકરલાલ એમ. કાપડિયા (મધુકર).

'કમનસિબ લીલા' (બે ભાગ), 'કલંકિત કાઉન્ટેસ',
'મધુરમીલન', 'કુસુમકુમારી' વિ. ના કર્ત્તા.

૩૧, અનંતવાડી—મુંબઈ.

પ્રકાશક,

જી. એમ. જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

સોલ એજન્ટ:

બુકસેલર મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે.

ત્રણ દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦. સને ૧૯૧૯.

અમદાવાદ.

ધી ડાયમંડ જ્યુબિલી પ્રિન્ટિંગ પ્રેસમાં
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યું.

કિંમત રૂ. ૨-૦-૦.

અનુક્રમણિકા.

પ્રસ્તાવના.

સુપ્રસિદ્ધ આંગ્લ નવલકથાકાર સ્વર્ગસ્થ જ્યોર્જ ડબલ્યુ. એમ. રેનોલ્ડસનું નામ અંગ્રેજી સાહિત્યની દુનિયામાં એટલું બધું વિખ્યાત છે કે તેનો પરિચય આપવાની લેશમાત્ર જરૂર આ સ્થળે જણાતી નથી. અંગ્રેજી સાહિત્યની તેણે અમૂલ્ય સેવા બજાવી છે અને તેની કેટલીક કૃતિઓએ તો ઇંગ્લાંડના સામાજીક જીવનપર ગંભીર અસર કરી છે.

કેટલાંક મનુષ્યોને રેનોલ્ડસની નવલકથાઓ વિકારી જણાય છે અને તેથી તેમને તે પ્રિય નથી; પણ આ સમર્થ લેખકની કથાઓ લક્ષપૂર્વક વાંચનારને જણાશે કે તેની કથાના પાત્રોનાં ચારિત્ર્યો ચીતરતા વેળા તે કાળી અને ધોળી બન્ને બાજુઓ સ્પષ્ટ રીતે ચીતરે છે. વિકારી-પાપી પાત્રોને તે એવાં કાળાં ચીતરે છે કે તેથી તેમના તરફ મનુષ્ય હૃદયને અસામાન્ય ધિક્કાર પ્રકટે: પણ એજ સમયે પવિત્ર પાત્રો ચીતરવાની એ લેખકની શક્તિ આશ્ચર્યજનક છે. માનવ હૃદયના ઊંડાણમાં તે ઉતરી શકે છે અને તેની વર્ણનશક્તિ તો હૃદયહારની છે. દરેકે દરેક પાત્રના વર્ણન કરવામાં તેની કલમ આશ્ચર્યજનક વિજય મેળવે છે અને તે વાર્તાની સંકલના એવી રીતે ગુંથે છે કે વાંચનારને અંત સુધી વાંચ્યા વિના શાંતિ થતી નથી. આવા સમર્થ લેખકને વગોવનારા તેના વિશુદ્ધ પ્રેમપાત્રો તરફ દૃષ્ટિ કરે તો તેમને રેનોલ્ડસ પ્રેમની કેવી વિશુદ્ધ ભાવના વાંચનારના હૃદયમાં ઉતારે છે તે તરત માલુમ પડી આવશે.

ગુર્જર પ્રજા સમક્ષ આ સુપ્રસિદ્ધ નવલકથાકારની એક ઐતિહાસિક કથા The Rye House Plot–નું ગુજરાતી રૂપાન્તર મૂકતાં મને હર્ષ થાય છે. અંગ્રેજી ન જાણનારા ગુર્જર નરનારીઓ આ ગ્રન્થ વાંચી રેનોલ્ડસની પ્રસાદીનો કંઇક સ્વાદ ચાખી શકશે. મેં મારી શક્તિ અનુસાર ભાષાન્તર રસિક કરવાનો પ્રયાસ કર્યો છે; તોપણ મૂલ રસ લાવવાની શક્તિ તો મારી રંક કલમમાં નથી એ મારે સ્વીકારવું જોઇએ. જે રસિક અને સુન્દર જણાય તેનું માન મિ૦ રેનોલ્ડસને ઘટે છે. જે અરસિક જણાય તે મારી કલમની ખામી છે એમ માનવાની હું વાંચનારને વિનંતી કરૂં છું; કારણ કે મૂલ લેખક રેનોલ્ડસના એકે એક શબ્દમાં રસિકતાભરેલી છે કે જે ગુજરાતીમાં મારાથી ઉતારી શકાય એમ નથી.

આ પુસ્તક ગુર્જર પ્રજા સમક્ષ મૂકવાની પ્રથમ ઇચ્છા તેના સુપ્રસિદ્ધ પ્રકાશક મિ૦ ગોવિંદરાવ મહાદેવ જાગુષ્ટેને થઇ હતી. તેમણે મને એ કાર્ય સોંપ્યું તે પરથી ગુર્જર સાહિત્યની સેવા બજાવવા મિ૦ ગોવિંદરાવ કેટલા આતુર છે તે સ્પષ્ટ જણાઇ આવે છે. તેમની સાહિત્યપ્રિયતા તથા મારા પ્રત્યેની સ્નેહભીની લાગણી માટે હું તેમનો આ સ્થલે અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પરમાત્મા ગુર્જર સાહિત્યને દિનપ્રતિદિન સમૃદ્ધ કરો એવી શુભેચ્છા સાથે આ પ્રસ્તાવના પૂર્ણ કરૂં છું. કોઇપણ વાંચક આ ભાષાન્તરમાં કંઇ દોષ હોય તે બતાવવાની કૃપા કરશે તો ભાષાન્તરકાર તેના આભાર માનશે અને જો સૂચના યોગ્ય લાગશે તો બીજી આવૃત્તિ વેળાએ તે પ્રમાણે સુધારો કરવામાં આવશે.

૩૧, અનંતવાડી,
મુંબઇ, તા. ૧૭-૩-૧૯.

મધુકર.

સૌન્દર્ય વિજય

યાને

સત્તરમી સદીનું ઇંગ્લંડ !

ભાગ પહેલો.

પ્રકરણ ૧ લું.

પરિચય.

ઇંગ્લંડના કેટલાક પ્રગણાઓપર કુદરત મોહી પડી છે. ત્યાં સૃષ્ટિ સૌન્દર્ય પ્રવાસીની આંખો ટાઢી કરે છે અને કપટ તથા સંતાપથી ભરેલાં જગતમાં દુઃખથી કંટાળેલા મનુષ્યને પ્રભુએ કોઇ અલૌકિક શાંતિ અને દિવ્ય સૌન્દર્ય જગતપર ઢોળી દીધાં છે એવું ભાન કરાવે છે. હર્ટફર્ડશાયરપર સૌન્દર્યવૃષ્ટિ ઉદાર રીતે કરવામાં આવી છે. વર્તમાન સમયે પણ એ સ્થલ કરતાં વધુ સુન્દર સ્થલ ઇંગ્લંડમાં બહુ ઓછાં હશે. પણ હમણાં કરતાં જે સમયે અમારી નવલકથા શરૂ થાય છે ત્યારે એટલે સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં–ઇંગ્લંડના વિલાસી માલિક ચાર્લ્સ બીજાના અંધેર રાજઅમલમાં–એ સ્થલ બહુજ સુન્દર હતું. દરેક રસ્તાપર ઉંચા ઉંચા વૃક્ષોની અલગાર લાગી રહી હતી અને તેની છાંયાથી રસ્તે ચાલતા પ્રવાસીને ભર ઉન્હાળામાં પણ ગરમીનો ત્રાસ વેઠવો પડતો ન્હોતો. જ્યાં જુઓ ત્યાં લીલીછંમ વનસ્પતિ ખીલી રહી હતી અને ખેતરો તથા મેદાનોમાં જાણે કામદેવે પોતાના ભક્તોને રાસ રમવા માટે લીલો ગાલીચો બીછાવ્યો હોયની એવું લાગતું.

હર્ટફર્ડશાયરમાં એક ઘણાજ સુન્દર સ્થલે “ રાઇ હાઉસ ” આવેલું હતું. લંડનથી ઉત્તરે અઢાર માઇલના છેટાપર આ જૂનો કિલ્લો પોતાની પ્રાચીનતાનું ભાન કરાવતો ઉભો હતો. એક ચોરસ જમીનના ટુકડાની આસપાસ મજબૂત દિવાલ બાંધવામાં આવી હતી, દિવાલની બાજુમાં વીસ ફૂટ ઉંડી ખાઇ હતી અને એ દિવાલ તથા

ખાઇથી કિલ્લો રક્ષાયલો હતો. લી નદિ ખાઇની પશ્ચિમ બાજુએ ત્રીસેક વારને છેટે વહી જતી હતી. દિવાલના દક્ષિણ પશ્ચિમ ખૂણામાં ઘુમટ જેવા શિખરનો એક ન્હાનો ગોળ મિનારો હતો. તેમાં લડાયક ઘેરા વેળા બંદુકની ગોળી છોડી શકાય તેવાં અનેક કાણાં હતાં તે પરથી તે લશ્કરી વપરાશ માટેજ બાંધવામાં આવ્યો હતો એ સ્પષ્ટ થતું હતું. ઉત્તર પૂર્વ ખૂણામાં કિલ્લાનું ભવ્ય મકાન ઉભું હતું. એ મકાનનું મુખ્ય દ્વાર પૂર્વ દિશા તરફ હતું અને ખાઇ પસાર કરી કિલ્લામાં પ્રવેશવા માટે ત્યાં પૂલ હતો. એ પૂલ જ્યારે જોઇએ ત્યારે ઉંચકી લેવાય તેવો હતો. કિલ્લાનું મકાન લાલ ઇંટથી ચણવામાં આવ્યું હતું અને તેનો દરવાજો ઘૂમટના આકારનો હતો. બીજા ભાગમાં કેટલાક ન્હાના ઘરો એકમેકની બાજુમાં આવેલાં હતાં. આ સર્વ મકાનોએ કમ્પાઉંડનો ચોથો ભાગ રોક્યો હતો અને બાકીનો ભાગ બગીચા તરિકે વપરાતો હતો.

કમ્પાઉંડની બહાર—એટલે દિવાલ તથા ખાઇની પેલી પાર પૂર્વ તરફ બે મોટાં મકાન આવેલાં હતાં. આ બેમાંનું એક મકાન ઉત્તર પૂર્વ ખૂણાની નજીક હતું અને બીજું દક્ષિણ પૂર્વ ખૂણા નજીક હતું. આથી બન્ને મકાનની વચ્ચેની જગ્યા એક મોટા કોર્ટ—યાર્ડ જેવી લાગતી. ઉત્તર પૂર્વ ખૂણામાંનું મકાન તે સમયે દારૂ ગાળવાના કામમાં આવતું હતું અને બીજું મકાન અનાજ ભરવાના ગોડાઉન તથા ઘોડાના તબેલા તરિકે વપરાતું હતું. કોર્ટયાર્ડની પેલી બાજુએ મેદાન આવેલું હતું અને આખા કિલ્લાની દક્ષિણે લંડનથી ન્યુમારકેટ જતો રસ્તો આવેલો હતો કે જે કમ્પાઉંડની બહારના બે મકાનની બહુ નજીક હતો.

અમે જે સમયની વાત કરીએ છીએ તેની બસો સાઠ વર્ષ પૂર્વે એટલે છઠ્ઠા હેન્રીના અમલમાં " રાઇહાઉસ " બાંધવામાં આવ્યું હતું. તે સમયે " રાઇહાઉસ કૅસલ "ની ગણના પહેલા નંબરના કિલ્લાઓમાં થતી હતી. કિલ્લાની દિવાલો લાલ ઇંટથી ચણાઇ હતી. " ગેટ—હાઉસ "ના શિખરપર એક નાનો ટાવર હતો અને એ ટાવરમાંથી ઘણે દૂર નજર નાખી શકાય એમ હતું. ગેટહાઉસના અંદરના ભાગમાં એક પરશાળ જેવો ઓરડો હતો. ત્યાં એક ઇંટનો ગોળ દાદર હતો કે જે પરથી રક્ષાગૃહમાં તથા ગેટહાઉસ પરના મિનારા પર જવાતું હતું. પરશાળમાં એક બીજું બારણું હતું. તે ઉઘાડતાં

એક બીજો ઇંટનો દાદર નજરે પડતો હતો અને એ દાદર એક ભોં-યરામાં ઉતરતો હતો. પરશાળની બન્ને બાજુએ એક એક નાનો ઓરડો હતો. એક ઓરડો પહેરેગીરના વપરાશમાં રહેતો અને બીજા-માંથી ક્ષોખંડી દરવાજો તથા ખાઇપરનો પૂલ ઉચકવાનું તથા ખસે-ડવાનું કામ થતું.

આ કિલ્લાની દક્ષિણે અને લી નદિના કિનારેથી થોડેક દૂર "કિંગ્સ આર્મસ" નામનું એક નાનું મુસાફરખાનું આવેલું હતું જે લી નદિમાં માછલી પકડવા આવનારા શોખિનોમાંજ નહિ પણ આ-જુબાજુના શહેરમાંથી ન્હાસી આવતાં પરાક્રમી વીરલાઓમાં અતિ માનીતું હતું. આખા હર્ટફર્ડશાયરમાં લી નદિના કિનારાપરનાં ખેતરો અને મેદાનો જેવાં સુન્દર લાગતાં તેવાં કોઇ પણ સ્થલે જણાતાં નહિ. નિઃસર્ગ દેવીની આ સ્થલપર સંપૂર્ણ કૃપા હતી. વસન્તનો બહાર જ્યારે ખીલતો ત્યારે આ સ્થલ નન્દનવન જેવું થઇ રહેતું. ઉન્હા-ળામાં અહિંઆનાં પુષ્પો આખાં વાતાવરણને મધુર પરિમલથી ભરી મૂકતાં. ઝાડપાન તથા પુષ્પોના છોડો જાણે સૌન્દર્યથી મઢાઇ ગયાં હોયની તેવાં લાગતાં. અહિંના મેદાનો લીલાં ઘાસથી છવાઇ દૃષ્ટિને આનંદ આપે તેવાં હમેશાં રહેતાં. આવું અનુપમ સૃષ્ટિ સૌન્દર્ય, અને પતિને મળવા અધીરી થયેલી મદમસ્ત લલનાના નુપૂર ઝન્કાર જેવો અવાજ કરતું લી નદિનું મોહક વહેણ, પછી પૂછવુંજ શું ? અહિં સૌન્દર્યનાં ઝરણ ચારે બાજુથી દોડયાં આવતાં.

પ્રિય વાંચનાર, "રાઇહાઉસ"નું વર્ણન અમારી શક્તિ પ્રમાણે કરી અમે તને એ સુપ્રસિદ્ધ કિલ્લાની જોઇતી માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે. અને તારે એ વર્ણનજ ધ્યાનમાં રાખવાનું છે કા-રણ કે હાલમાં તો એ સ્થલ તદ્દનજ બદલાઇ ગયું છે. ચાર્લ્સ બી-જાના રાજઅમલમાં જે સ્થલે "રાઇહાઉસ"નો ભવ્ય કિલ્લો ઉભો હતો તેને આજે વખતના ભયંકર ચક્રની ઝપટ લાગી ચૂકી છે અને તેના નાશ પામેલાં ખંડેર સિવાય બીજું કંઇ જણાતું નથી. કિલ્લા-માંના મકાનોને બદલે હમણાં ફક્ત "ગેટહાઉસ"જ એકલું નજરે પડે છે અને પ્રવાસીઓને અજાયબીમાં ગરકાવ કરી નાંખે છે. ખાઇ પસાર કરવાના પૂલને બદલે એક જુના ઝાડપરથી લોકો ખાઇ ઓ-ળંગે છે. રાઇહાઉસના છુપા ભોંયરા નજીક જવાનું બારણું હજુ પણ છે; પણ તે ઉઘાડી હવે પ્રવાસી એ ભેદી ભોંયરૂં જોઇ શકે છે. રાઇહાઉ-

સના કાવત્રાંખોરો જે સ્થલે મળ્યા હતા તે ઇતિહાસપ્રસિદ્ધ રક્ષાગૃહ પણ હજુ નજરે પડે છે અને "ગેટહાઉસ"ના મીનારાપર પણ જઇ શકાય છે. એ મીનારાપરથી લી નદિનું મોહક ઝરણુ, લીલાંછમ ખેતરો તથા મેદાનો, ન્હાનાં ન્હાનાં ગામડાંઓ અને વૃક્ષોની ઘટાઓ જોતાં બહુજ આનંદ થાય છે. ન્યુ નદિ અને રેલ્વેની સડક પણ મીનારાપરથી નજરે પડે છે. મીનારાપરથી નીચે ઉતરતાં એક વખતના પ્રખ્યાત "રાઇહાઉસ" ની પડતીનાં ચિન્હ પ્રવાસીને "સમય સમય બલવાન હૈ-નહિ પુરૂષ બલવાન" ની સ્મૃતિ કરાવે છે. "રાઇ હાઇસ"ની આસપાસની ખાઇ હજુ હસ્તીમાં છે પણ કિલ્લાની આસપાસની દિવાલો ક્યારની તોડી નાખવામાં આવી છે અને "ગેટ હાઉસ" પસાર કરતાં કિલ્લાનું જે મકાન આજથી ત્રણસો વર્ષ પૂર્વે હતું તેની જગ્યાએ હાલમાં એક મોટો બગીચો દૃષ્ટિએ પડે છે. કમ્પાઉન્ડની બહારનાં બે મકાનોમાંનું એક જે અનાજ ભરવાના કામમાં જુના જમાનામાં આવતું હતું તે પણ ક્યારનું મરણ શરણ થઇ ગયું છે અને તે જગ્યા લીલાં ઘાસથી હમણાં ઢંકાઇ ગયલી દેખાય છે; પણ બીજું ઘર જે દારૂ ગાળવાના કામમાં વપરાતું હતું તે હજુ પણ પોતાની પ્રાચીનતાનું પ્રવાસીને ભાન કરાવતું ત્યાં ઉભું છે અને તે એક જાગીરદારની માલીકીનું છે. તેમાં "રાઇ હાઉસ" ની ઘણી જૂની વસ્તુઓનો તેના વર્તમાન માલીકે સંગ્રહ કર્યો છે. જૂના જમાનાના હથિયારો, ચિત્રો, ફરનીચર, વાવટા તલવાર અને એવી એવી અનેક પ્રાચીન વસ્તુઓ એ મકાનમાં વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવી છે. "કિંગ્સ આર્મસ" હજુ અસ્તિત્વમાં છે પણ તેનું નામ બદલવામાં આવ્યું છે હજુ પણ આ મુસાફરખાનું જાગીરદારનું સંગ્રહસ્થાન જોવા આવનારાઓ તથા શહેરી ધાંધલથી કંટાળી શાંતિ મેળવવા ઇચ્છતા શોખીનોમાં માનીતું છે.

આ પ્રકરણ અમે પૂરૂં કરીએ તે પહેલાં કહેવાની જરૂર છે કે "રાઇ હાઉસ" થી લગભગ એક માઇલને છેટે "નાઝર હૉલ" નામનો એક બીજો કિલ્લો આવેલો હતો. એ કિલ્લાનું વર્ણન અમે યોગ્ય પ્રસંગે કરીશું.

પ્રકરણ ૨ જું.

કર્નલ રમ્બૉલ્ડનું કુટુંબ.

ઇ. સ. ૧૬૮૨ ના મધ્યકાલમાં અમારી નવલકથાનો આરંભ થાય છે. તે સમયે "રાઇ હાઉસ" માં રમ્બૉલ્ડ નામક એક બહાદૂર લડવૈયો રહેતો હતો. હાલમાં તે દારૂ બનાવવાનો ધંધો કરતો હતો. તેણે ઑલિવર ક્રૉમવેલના સુવિખ્યાત સૈન્યમાં એક સૈનિક તરીકે સેવા બજાવી હતી અને પોતાની અસામાન્ય હિમ્મત તથા બહાદૂરીથી કર્નલની પદવીને યોગ્ય પૂરવાર થયો હતો. ઇંગ્લંડની ઉન્નતિ રાજાઓના એકતંત્રી શાસનથી નહિ, પણ પ્રજાકીય રાજ્યપદ્ધતિથીજ થશે એવી એની દૃઢ માન્યતા હતી અને જેમ તેની હિમ્મત અખૂટ હતી તેમ તેની આ માન્યતા પણ અતૂટ હતી. આથી સ્ટુઅર્ટ રાજ કુટુંબના પુનરોદ્ધાર પછી તેણે પોતાની સમશેર ચાર્લ્સ બીજાની સેવામાં અર્પણ કરી નહિ. જાહેર જીવનમાંથી મુક્ત થયા પછી તે એક યુવતી સાથ લગ્નના પવિત્ર ગાંઠથી જોડાયો અને પોતાની ન્હાની મૂડી દારૂ બનાવવાના ધંધામાં રોકી કે જે ધંધા માટે એને પ્રથમથીજ સારી આશા હતી. એના દેશના સંયોગો તથા એના હૃદયનું શૌર્ય જો એને સૈનિક ન બનાવત તો ક્યારનો એ પોતાના માનીતા ધંધામાં પડયો હોત. એની પત્નિ પ્રેમાળ અને સુન્દર હતી. તેને પરણ્યા પછી રમ્બૉલ્ડ એક પુત્રીનો પિતા થયો. આ બાલિકાનું નામ રૂથ ! રૂથમાં એની માતાનું સૌન્દર્ય આબેહુબ ઉતર્યું હતું. બાલિકા માતાના સદ્‌ગુણોનો વારસો પણ મેળવવા પામી હતી અને સાથે સાથે પિતાના ઉન્નત હૃદયની છાપ પણ તેનાપર પડી હતી.

લંડનમાં થોડાક વર્ષ સુધી પોતાનો ધંધો ચલાવ્યા પછી કર્નલ રમ્બૉલ્ડે વિશાળ જમીન ખરીદી, તેમાંજ પોતાને જોઇતું અનાજ ઉગાડી પોતાના ધંધામાંથી વધુ લાભ મેળવવાનો વિચાર કર્યો અને આ વિચાર દૃઢ થતાં એણે ચાલીસ એકરના વિસ્તાર સાથે "રાઇ હાઉસ" નો કબજો લીધો. આ પરથી વાંચનાર સમજી શકશે કે "રાઇ હાઉસ" કર્નલ રમ્બૉલ્ડની માલીકીનું ન હતું પણ તેણે તે પટે રાખ્યું હતું.

"રાઇ હાઉસ" જ્યારે બાંધવામાં આવ્યું ત્યારે એક લશ્કરી

કિલ્લા જેવુંજ બાંધવામાં આવ્યું હતું પણ કર્નલ રમ્બૉલ્ડના વપરાશમાં આવ્યું તેની ઘણા વર્ષ પહેલાંથી કોઇ પણ લશ્કરી કામ માટે તેનો વપરાશ થતો બંધ પડ્યો હતો અને કર્નલના વપરાશમાં આવ્યા પછી તો "રાઈ હાઉસ" નો દેખાવ તદ્દનજ બદલાઇ ગયો. આગલા ભાડુતના સમયમાં ઇશાન ખૂણામાં આવેલું ઘર નોકરો વાપરતા હતા ત્યાં હવે દારૂ બનાવવાનું કામ શરૂ થયું. અગ્નિ ખૂણામાંનું બીજું ઘર જે અત્યાર સુધી અશ્વશાળા તરિકે વપરાતું હતું તેના બે ન્હાના મ્હોટા ભાગ બનાવી ન્હાનો ભાગ કર્નલના ઘોડાક ઘોડા રાખવા માટે તથા મ્હોટો ભાગ અનાજ ભરવાના કોઠાર તરિકે વપરાવા લાગ્યો. કિલ્લામાં એટલા બધા ઓરડા હતા કે રમ્બૉલ્ડના ન્હાના કુટુંબને એ સર્વની જરૂર ન્હોતી તેથી આવશ્યક ઓરડાઓ ફરનીચર આદિથી શણગારવામાં આવ્યા હતા. બાકીનો ભાગ બંધ રાખવામાં આવ્યો હતો પણ જે ભાગ રમ્બૉલ્ડનું કુટુંબ વાપરતું હતું તે સૌન્દર્ય પ્રિય દષ્ટિને ગમે એવું હતું અને ઘણી ખરી ચીજો ખાસ સ્ત્રીઓને ગમે તેવી હતી. અર્થાત્ પોતાનું નવીન નિવાસસ્થાન શણગારતી વેળા મિસીસ રમ્બૉલ્ડની ઇચ્છા અમલમાં મૂકવામાં આવી હતી અને તેમ કરવામાં કર્નલને વધુ આનંદ થયો હતો. કિલ્લામાં સૈનિકોનો નિવાસ ન હોવાથી મનુષ્યનો પલકમાં પ્રાણ લેનારાં ભયંકર શસ્ત્રોનો અવાજ કરતા લડવૈયાઓ ત્યાં નજરે પડતા ન્હોતા તેમ એવા હથિયારો પણ ત્યાં ન્હોતા. તેથી કિલ્લાના પ્રવેશ દ્વાર પાસેનું રક્ષાગૃહ હથિયારોને બદલે નકામા કચરાકૂટાથી ભરી દેવામાં આવ્યું હતું. કિલ્લાનો લોખંડી દરવાજો હંમેશાં ખુલ્લો રહેતો. કિલ્લાની આસપાસની ખાઈનુ ઓળંગવાનો પૂલ પણ હંમેશાં પડ્યો રહેતો અને બાજુના ઓરડામાં લશ્કરી વપરાશના સાધનો જો કે પડી રહ્યાં હતાં પણ તે કદિ પણ ઉપયોગમાં લેવાતાં ન્હોતાં. કિલ્લાના પ્રવેશદ્વાર પર લશ્કરી પહેરેગીર આમથી તેમ આંટા મારતો ન્હોતો અને સશસ્ત્ર સૈનિકોની દોડાદોડ પણ ત્યાં ન્હોતી. મજુરો, ખેડૂતો અને કર્નલના નોકરો પોત પોતાના કામે, એક વખતે જ્યાંથી રણશૂરા સિપાહીઓ પસાર થયા હતા ત્યાંથી આવજાવ કરતા હતા. લશ્કરી રિપોર્ટ તથા આવશ્યક નોંધ રાખનાર પણ કોઇ ન્હોતું. પણ એક ભવ્ય ઓરડાને સુન્દર રીતે શણગારી કર્નલે ત્યાં પોતાની ઑફિસ રાખી હતી કે જ્યાં તે પોતાના ધંધાને લગતું સર્વ કામકાજ કરતો.

પ્રિય વાંચનાર, હવે અમે રમ્બૉલ્ડના કુટુંબ સાથે તને પરિચિત કરીશું. કર્નલ હવે વયોવૃદ્ધ થવા આવ્યો હતો પણ તે ખરેખર હતો તેના કરતાં ઉમ્મરે બહુ ન્હાનો દેખાતો. અમારી નવલકથા જે સમયે શરૂ થાય છે તે સમયે તેનું વય અડસઠ વર્ષ કરતાં ઓછું ન હતું; પણ તેની ટટાર શરીર-આકૃતિ-તેના સુદૃઢ અવયવો-તેની શારીરિક શક્તિ-સ્હામા માણસને દબાવી દે એવી ભવ્ય ચાલ-પગલાંની સ્થિરતા અને ચાલવાની ચપલતા દરેક કાર્યમાં તેની ચંચલતા અને સ્હામા હૃદયને આંજી નાખે એવી વાત કરવાની છટા-આંખોની તેજસ્વિતા, યુવાનીની ભભક છોડી વૃદ્ધાવસ્થાનો કમને સ્વીકાર કરતાં તેના ભુરા વાળ અને વૃદ્ધ મનુષ્યો સાથે જવલ્લેજ સંબંધ રાખતાં અતૂટ દાંત એ સર્વેથી કર્નલનું વય હતું તે કરતાં બહુ ઓછું લાગતું. તેની એક આંખ લડાઇમાં જોખમાઇ હતી તેથી જો કે તેની કીકી કંઇ જોઇ શકતી નહિ; પણ એ ખોડ કોઇને એકદમ માલુમ પડે તેવી ન્હોતી. પોતાના જીવનના ઘણાં વર્ષો તેણે ઇંગ્લંડના ઇતિહાસમાં સુવર્ણાંકિત થયેલા "કૉમનવેલ્થ"ના ભયંકર યુદ્ધમાં ગાળેલાં હોવાથી તે લશ્કરી કાયદાઓની સખ્તાઇ સહન કરી પોતે પણ કંઇક સખત અને નિયમિત બન્યો હતો; સૈનિકોની છાવણીમાં અથવા લડાઇના મેદાનમાં એની આંખોમાંથી અગ્નિ ઝરતો-એનું હૃદય દયાહીન બની જતું અને એના હાથોમાંની તલવાર વિદ્યુત્ વેગે શત્રુનો સંહાર કરતી પણ ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કર્યા પછી એ કોઇ દિવસ પણ અકારણ ગુસ્સે થયો ન્હોતો. પોતાના સિદ્ધાંતો તથા માન્યતાઓ પર ઘા ન થતો હોય ત્યારે એના વર્તનમાં પ્રેમાળપણું અને સરલતા સ્પષ્ટ તરવરી રહેતાં. એ માયાળુ હતો, પ્રેમાળ હતો, ઉદાર હતો, એનું હૃદય ઉન્નત વિચારોથી ભરેલું હતું. એની પત્નિપર એનો અથાગ પ્રેમ હતો, એની પુત્રી એના જીવનનો આધાર હતી. સંયોગવશાત્ જો તેને એમ માલૂમ પડે કે પોતાની પુત્રી તથા પત્નિની ઇચ્છાને શરણ થવું યોગ્ય છે તો તે સમયે તે પોતાની હઠ બાજુએ મૂકી પોતાને જે યોગ્ય લાગે તેમ કરવામાં સહેજ પણ આનાકાની કરતો નહિ. પ્રભુએ એને વિજય મેળવવાની અજેય શક્તિ આપી હતી. તોપણ એ કંઇક હઠીલો હતો અને પોતાના મગજમાં એક વિચાર દૃઢ થતાં તેમ કરવાને કદિ પણ ચુકતો નહિ. આવી વેળાએ એ કોઇની સલાહ કે વિનવણીની પરવા કરતો નહિ. બનતાં સુધી પોતાની માનીતી યોજના અમલમાં મૂકતી

વેળા એ કોઇની સલાહ પૂછતોજ નહિ અને કહેતો તો "અમુક અમુક કરવાનો મારો વિચાર છે"! બસ, આટલુંજ પછી તેમ ન કરવાને એને ગમે તે વિનવે; પણ પત્થર પર પાણી! એની ઇચ્છા એક વેળા દૃઢ થઇ પછી તે તોડવાની તાકાતજ કોઇનામાં ન્હોતી. લંડનમાં એનો ધંધો ચાલતો હતો ત્યાંથી એ હર્ટફર્ડશાયર આવ્યો તે વેળાએ નવા વ્યાપારીઓ સાથ કામ પાડવાનું જોખમ ન વહોરવા એને એના મિત્રોએ સમજાવ્યો હતો. પણ રમ્બૉલ્ડ એકનો બે થયો નહિ. લંડનથી એ હર્ટફર્ડશાયર આવ્યો. ત્યાં "રાઇ હાઉસ" ભાડે રાખ્યું. ધંધો શરૂ કર્યો અને જ્યારે અમારી કથા શરૂ થાય છે ત્યારે એ સ્થળે આવ્યાને દસબાર વર્ષ થઇ ગયાં હતાં. એટલા સમયમાં એના ધંધાની સ્થિતિ સુધરી ન્હોતી પણ એના મિત્રોની કલ્પના કંઇક અંશે સત્ય પડવા જેવી સ્થિતિ થઇ હતી. આમ હોવા છતાં કર્નલ પોતે તે કબૂલ કરતો ન્હોતો. આજે નહિ ને કાલે, કાલે નહિ ને દસ વર્ષે પણ એને વિજય મળશેજ—એની યોજના ફલિભૂત થશેજ એવી એની રાક્ષસી માન્યતા હતી. એની તિજોરીનું તળિયું આવી રહે, એને ભયંકર વ્યાજે નાણું ઉધાર લેવાં પડે તો પણ કર્નલ પોતાની માન્યતા ફેરવે એ અસંભવિત હતું. મુશ્કેલી, દુઃખ, અશક્યતા એવા શબ્દો એને ગમતાજ નહિ. મુશ્કેલીઓ અને આફતોની સામે થવામાં એને અજબ આનંદ મળતો. ટૂંકામાં એ સ્થિર અને શક્તિવંત હૃદયનો સ્વામી હતો. એના હૃદયની અજબ જેવી સ્થિરતા, એનું અસામાન્ય શૌર્ય અને એની આંખની ખામીને લીધે એના ગાઢ મિત્રોએ એને "Hannibal" નું ઉપનામ આપ્યું હતું અને તે સાંભળી એ ગુસ્સે પણ થતો નહિ.

કર્નલ રમ્બૉલ્ડની પત્નિનું નામ રૂથ હતું. તે તેના પતિ કરતાં વીસ વર્ષ ન્હાની એટલે ૪૮ વર્ષની હતી; પણ ૪૮ વર્ષે જે સૌન્દર્ય તે જાળવી શકી હતી તે પરથી સ્પષ્ટ જણાતું હતું કે યુવાનીમાં તેના સૌન્દર્યે ભલભલાની આંખો ચકરાવી નાખી હશે! તે શાંત ગરિબ સ્વભાવની સ્ત્રી હતી અને પોતાના પતિની અજેય ઇચ્છાને શરણ થવાને ટેવાયલી હતી. તે ક્વચિતજ કર્નલની ઇચ્છા વિરૂદ્ધ જતી. અને બન્ને વચ્ચે લડાઇ તો કદિ પણ થઇ ન્હોતી. તેનામાં માધુર્ય કરતાં કંઇક વિશેષ—પ્રેમાલ પ્રિયતમા કરતાં કંઇક વિશેષ—એવું જાદુ હતું. તેનું વદન પવિત્રતાની મૂર્તિ જેવું અને સૌન્દર્યની છાયાસમું

અત્યારે લાગતું. તેનું હૃદય સંયમી હતું અને યુવાનીના આવેશમાં જેમ કેટલીક પ્રેમમસ્ત લલનાઓ પ્રથમ દૃષ્ટિએજ એકાદ યુવાનપર સંપૂર્ણ વિશ્વાસ મૂકી દઇ પોતાનું સર્વસ્વ તેને અર્પણ કરી પાછળથી બળે છે–જળે છે અને કરમાઇ જાય છે, તેવો આંધળો વિશ્વાસ એનામાં ન્હોતો; છતાં એ ઘણીજ નમ્ર–ઘણીજ રાંકડી હતી. કર્નલ રીચર્ડ રમ્બૉલ્ડ જ્યારે એને પરણ્યો ત્યારે શ્રીમંત ન્હોતો–બહુ સુન્દર પણ ન્હોતો–વળી એના કરતાં ૨૦ વર્ષે મ્હોટો હતો–એનો સ્વભાવ કર્નલના સ્વભાવથી તદ્દનજ જૂદો હતો; છતાં એણે પોતાનું ભાવી કર્નલ સાથે શા માટે જોડયું હશે? એ એક ભેદ હતો. ઑથેલોને ડેસ્ડીમોના તેની શૂરવીરતાપર મોહી પરણી હતી તેમ કર્નલ રીચર્ડની યુદ્ધપ્રવીણતાથી રૂથ તેના તરફ આકર્ષાઇ હોય એ સંભવિત છે. ગમે તેમ હો–અમે અંતઃકરણના ઉંડાણમાં શું સમાયલું છે તે જાણવાની કલાના ઉસ્તાદ નથી–તો પણ અમારે કહેવું જોઇએ કે કર્નલ રીચર્ડ રમ્બૉલ્ડની પત્નિ તેને ખરા પ્રેમથી પરણી હતી અને પરણ્યા પછી પોતાનાં પતિની નીમકહલાલ પત્નિ બની હતી.

હવે કર્નલની છોકરી ન્હાની રૂથ ! યુવાન, નમ્ર અને પ્રેમાલ રૂથ અઢારમા ઉન્હાળાની મધ્યમાં વિહરતી હતી. બાલ્યાવસ્થાની મસ્તી તજી દઇ એ વિલાસી નયનોને દીવાના બનાવી દે એવી યુવાવસ્થાને આંગણે આવી ઉભી હતી. એને જોતાંજ મુગ્ધા કોઈ દૈવી પ્રદેશમાંથી ઉતરી આવી હોય એવું લાગતું. જેમ એનું બાહ્ય સૌન્દર્ય આકર્ષક અને મનોવેધક હતું તેમ એની પવિત્રતા અને એના હૃદયની સરલતા પણ અનુકરણીય હતી. એ જ્યાં જતી ત્યાંનું વાતાવરણજ એ પોતાની પવિત્રતાથી પવિત્ર બનાવી મૂકતી. એ પોતાની આસપાસની સર્વ જગ્યામાં–સર્વ વસ્તુમાં પોતાનું સૌન્દર્ય ભરતી. એના કૌમાર્ય વ્રતને સહેજ પણ ઝાંખપ લાગે એવો એક પણ શબ્દ કોઇથી બોલી શકાય એવું એનું વર્તનજ ન્હોતું. પવિત્રતા પ્રભુનો ખજાનો છે એ ખજાનો પ્રભુએ રૂથને અર્પણ કીધો હતો. બાલિકા એ અમૂલ્ય રત્નભંડારનું પ્રાણ પેઠે રક્ષણ કરતી હતી. એનું સૌન્દર્ય નિર્મલ કલંક રહિત–અનિર્વચનીય હતું. એ જ્યારે બોલતી ત્યારે એના સુન્દર મુખમાંથી મધુરાં ફૂલડાં ખરતાં, એના વદનપર પારણામાં ઝુલતાં નિર્દોષ બાલકના જેવું નિર્દોષ હાસ્ય હંમેશાં ફરકી રહેતું. નમ્રતા સુન્દરતા, પવિત્રતા, સરલતા અને નિર્મલતાનું દૈવી મિલન રૂથમાં

થયું હતું. એને જે જુએ તે જીવન પર્યંત એને ભૂલી શકેજ નહિ. એને જે ચાહે તે એના વિના જીવી શકે નહિ. એને જોતાંજ સરલ હૃદયને એ આ મર્ત્ય ભૂમિના કલહપૂર્ણ વાતાવરણમાં ક્યાંથી આવી હશે એવી શંકા થયા વિના રહેજ નહિ. એ દેવબાલા હતી. એના સંસ્કાર–એના વિચાર–એનું વર્તન–એની ભૂમિકા–દૈવી હતાં! કોણ આ દેવબાલાને વર્ણવી શકે?

કર્નલ રૅગ્બૉલ્ડની પુત્રીના સૌન્દર્યમાં જાદુ હતું. એ જાદુ કેવું હતું? પ્રથમ દૃષ્ટિએ પ્રેમના–યુવાનીના જુસ્સામાં અમુક વ્યક્તિને પોતાની પ્રેમી બનાવી અલ્પકાલ પછી ભૂલી જવાય એવું નહિ. પણ જેમ જેમ રૂથપર દૃષ્ટિ ઠરતી જાય તેમ તેમ એના અંગ પ્રત્યંગમાં કંઇક નવીનતા–કંઇક નવીન આકર્ષણ–કંઇક નવું જાદુ જણાય એવું એનું સૌન્દર્ય હતું. એ દૈવી સૌન્દર્યની મોહજાલમાં સપડાયા પછી માનવવ્યક્તિને નાશવંત પાર્થીવ વૈભવોની દરકાર રહેતી નથી. જે રૂથનો પ્રેમી બને તે અંતઃકરણ પોતાના કબજામાં રાખી શકે કે કેમ તે કહેવું મુશ્કેલ છે. રૂથનું આખું શરીર–એકે એક અવયવ–સૌન્દર્ય જડિત હતાં! એની નસેનસમાંથી સૌન્દર્ય ઝરતું હતું! એની મોહક ભ્રકૂટિ વક્ર થતી ત્યારે એના ચાહનારને નર્ક બતાવતી. જ્યારે વ્હાલથી નાચતી ત્યારે સ્વર્ગ દર્શન કરાવતી. એનાં કાળાં–ભૂરા વાળોની લાંબી લટો એના ખભાપર વીંટાઇ એના મોહક પોષાકને ઢાંકવાનો પ્રયત્ન કરતી. એની આંખો એનાં વાળ કરતાં વધુ કાળી, વિશાલ અને સ્નેહાળ હતી. એ આંખો પોતાની પ્રિય વ્યક્તિને વશ કરવા એક ચમકારો કરે અને સ્હામી વ્યક્તિ એ નયનબાણ પાછું વાળી શકે એમ બનેજ નહિ. હંસણી જેવી લાંબી ગરદન, સીધું નાક અને એની આરોગ્યતાનો ખ્યાલ આપતી ગાલપરની મોહક લાલી, સહેજ રતાશ પડતાં–કંઇક પ્રવાળ જેવાં–અમૃતભર્યા ઓષ્ઠો અને મોતી જેવી ખોડરહિત દંતપંક્તિ કયો ચિત્રકાર ચીતરી શકશે? સાધારણ સ્ત્રીઓ કરતાં એ સહેજ વધુ ઉંચી હતી; તોપણ એ બહુ ઉંચી કહેવાય એવી ન્હોતી; પણ એના શરીરનો વિકાસ એને એ હતી તે કરતાં સે'જ વધુ ઉંચી દેખાડતો. અક્કડ રહેવાનો સહેજ પણ પ્રયાસ કર્યા વિના એ તદ્દન સીધી લાગતી અને ધીમી ધીમી હંસગતિથી જ્યારે એ ડગલાં ભરતી ત્યારે આબેહુબ "વીનસ" જેવી લાગતી!

રૂથનો સ્વર કેવો હતો? રૂથના સ્વરમાં કયા સ્વર્ગની શાન્તિ

ભરી હતી? તપ્ત હૃદયના તાપને દૂર કરનારા મધુર અમૃત જેવી એના સ્વરમાં મીઠાશ હતી. સહરાના રેતીના રણમાં દુઃખથી પીડાતા હતભાગી મનુષ્યને ગુલાબના મીઠા સરબતથી જેવો આનંદ થાય-જેવી શાન્તિ મળે તેવી શાન્તિ રૂથના માધુર્યપૂર્ણ સ્વરમાં ભરેલી હતી. એ સ્વર સાંભળવાનું અહોભાગ્ય જેને પ્રાપ્ત થાય તે એ સ્વર પાછળ દીવાનો બની જાય. મીઠો-સ્નેહાળ-આકર્ષક એ સ્વર હતો! વાંચનાર, મનોહર બગીચામાં પૂર્ણિમાની રાત્રિએ ચંદ્રના શીતલ કિરણોમાં ન્હાતા બેઠા હોઇએ, શીતલ મન્દમન્દ સમીર લહરી વાતાવરણમાં વહી જતી હોય ત્યારે મધુર વીણાના ઝણુકારથી કેવો આનંદ થાય? એવોજ આનંદ રૂથના મધુર ટહુકામાં ભરેલો હતો.

કર્નલની મુગ્ધ કન્યાને એની માતાની કોમલતા અને સુન્દરતા વારસામાં મળી હતી. પિતાના સ્વાતંત્ર્યપ્રિય સ્વભાવની સચોટ છાપ પણ એના નિર્દોષ હૃદયપટપર પડી હતી અને તેથી બાલિકા ન્હાનપણથીજ ઉદાર વિચારની પોષક બની હતી. એનો પિતા સ્વાતંત્ર પ્રિય અને શૌર્ય પૂર્ણ હોવાથી રૂથના કોમલ હૃદયમાં પણ પ્રસંગ આવે વીરાંગના જેવું વીરત્વ ઝળકી ઉઠતું. મહાકવિ મીલ્ટન કૃત "પૅરેડાઇઝ લૉસ્ટ" નામક તત્વપૂર્ણ પુસ્તકનું એ વ્હાલથી ચિંતન કરતી અને જ્યારે પણ સમય મળતો ત્યારે એ મિલ્ટનની કાવ્યપ્રસાદીનો સ્વાદ ચાખવામાંજ આનંદ માનતી.

કર્નલ, તેની પત્નિ અને પુત્રી સાથે અત્યારે એક ઓરડામાં બેસી વાતે વળગ્યો હતો. ટેબલપર એક લૅમ્પ બળતો હતો અને કર્નલ દિવસનો શ્રમ ઉતારવા માટે ફ્રેંચ દારૂની પ્યાલીઓ ખાલી કરતો હતો. બાજુમાં એક ખુરસીપર મિસીસ રમ્બોલ્ડ શાંત ચિત્તે પોતાના પતિની વાત સાંભળતી બેઠી હતી અને ન્હાની રૂથ કંઈ ગૂંથવાનું લઇ બેઠી હતી. મિસીસ રમ્બોલ્ડ કર્નલની વાત ગુપચુપ સાંભળતી હતી જ્યારે રૂથ કોઇ કોઇ વાર પોતાના પિતાને કંઇ કંઇ પ્રશ્નો પૂછતી. અને કર્નલ તેનો વ્હાલથી જવાબ આપતો. કર્નલ જે લડાઇઓમાં પોતાના પ્રાણની પરવા કર્યા વિના લડ્યો હતો તે વિષે વાતચીત ચાલતી હતી. ક્રોમવેલની સરદારી નીચે કૉમન વેલ્થની જે લડાઇઓ થઇ હતી તેમાં અથાગ શૌર્ય બતાવનારા પોતાના યુદ્ધવિશારદ મિત્રોની એ મુક્ત કંઠે પ્રશંસા કરતો પણ એ પોતે એક શૂરવીર યોદ્ધો હોવા છતાં આત્મપ્રશંસા એને ન ગમતી હોવાથી પો-

તાની શૂરવીરતા વિષે વધુ બોલતો નહિ. આયર્લેંડમાં ક્રોમવેલના લશ્કરે જે અત્યાચાર કર્યો હતો તે તરફ નાપસંદગી બતાવવાને પણ એ અચકાતો નહિ અને પોતે જે ટૂકડીની સરદારી લીધી હતી તેણે કોઇ પણ અમાનુષી કૃત્યથી પોતાનું નામ કલંકિત કર્યું નથી એમ કહી મગરૂર થતો.

કર્નલની પત્નિ મિસીસ રમ્બૉલ્ડ તદ્દન મૌન બેસી રહી હતી. તેથી પોતે કંઇક બોલવું જોઇએ એમ ધારી તે બોલી:

"રિચર્ડ! કેવી અજાયબીની વાત છે કે પેલી તમારી બહેન જે ઘણાં વર્ષ થયાં ગૂમ થઇ છે તેના વિષે કંઇ પણ ખબર આપણને મળી નથી?..."

"ખરેખર મારી વ્હાલી! એ એક દુઃખદ બીના છે–" કર્નલ બોલ્યો. એના મુખપર દિલગીરીની છાયા છવાઇ ગઇ. એની દૃષ્ટિ પોતાની પુત્રી તરફ ગઇ. રૂથ પણ પોતાની માતાએ જે ઇસારો કર્યો હતો તેથી સહેજ અજબ થઇ હતી. કર્નલ પોતાની પુત્રીની હાજરીમાં એવી વાત કરવા ઇચ્છતો ન્હોતો એ મિસીસ રમ્બોલ્ડ જાણતી હતી પણ એક વાર એના મુખમાંથી બોલાયલા શબ્દો એ શી રીતે પાછા ખેંચી શકે?

"હું દિલગીર છું રિચર્ડ! મારી ભૂલ થઇ ગઇ. ખરેખર, તમને ન ગમે એવી વાતની સ્મૃતિ કરાવવા માટે હું ઘણીજ દિલગીરછું–"

"ચૂપ રહે હવે!" કર્નલ સહેજ ગુસ્સે થઇ બોલ્યો.

"તમે ગુસ્સે ન થાઓ, રિચર્ડ! મારી ભૂલ થઇ ગઇ–મને માફ કરો—"

"હવે આપણે એજ વાત આગળ ચલાવીશું. રૂથ એ સાંભળી અજબ થયલી જણાય છે—"

"પિતાજી, હું બહુ અજબ નથી થઇ. જે વાત તમને નાપસંદ હોય તે જાણવા માટે હું આતુર નથી—"

"હું તે જાણું છું મારી વ્હાલી પુત્રી! પણ તારી માતાએ મારી સાવકી બ્હેન વિષે જે ઇશારો કર્યો છે તે પછી તને તે વિષે કંઇક જાણવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક જ છે—"

"આપણે કંઇ બીજી વાત કરીએ, પપા! તમારા ભૂતજીવનમાં તમે જે યુદ્ધોમાં ભાગ લીધો હતો તેની કંઇ વાત કરો–" રૂથ બોલી.

"નહિ. હવે એ મારી સાવકી બ્હેનનીજ વાત હું તને કહીશ. ગરિબ બિચારી! આજે કેટલાંક વર્ષો થયાં ક્યાં ગઇ છે તેની મને ખબર નથી. તેનું શું થયું હશે, તેની સ્થિતિ કેવી હશે, તે સુખી હશે કે દુઃખી, જીવતી હશે કે મુએલી તે પણ હું જાણતો નથી–" આટલું બોલતાં તો યુદ્ધમાં સૈનિકોના પ્રાણ લેનારાની આંખમાંથી બે અશ્રુબિન્દુ શ્રવી પડયાં.

"પપા ! હું તમને વિનવણી કરૂં છું કે, તમારી વાત સાંભળવા હું ઇચ્છતી નથી. જવા દો એ દુઃખી વાત !–" રૂથ પિતાની શોકમય સ્થિતિથી દુઃખી થઇ બોલી.

"નહિ. રૂથ ! તારે હવે એ વાત જાણુવીજ જોઇએ. મારી વાત ટૂંકી છે અને થોડીવારમાં હું તે પૂરી કરીશ. તું જાણે છે કે મારા પિતા બેવાર પરણ્યા હતા. પ્રથમ પત્નિથી મારો જન્મ થયો હતો અને બીજી પત્નિથી એક પુત્રી થઇ હતી. જ્યારે એ બાળકી જન્મી ત્યારે હું વીસ વરસનો હતો. બાલપણથીજ હું મારી નાની બ્હેનને વ્હાલથી રમાડતો. આ હાથોપર તે નિર્દોષ બાલિકા વ્હાલથી રમતી હતી. રૂથ, જે છોકરીને–જે ન્હાની બહેનને મેં બાલપણથી રમાડી હતી તેને હું શી રીતે ભૂલી જાઉં ? તેને જન્મ આપ્યા પછી તેની માતા થોડાક દિવસમાં ગુજરી ગઇ. તે ત્રણ વર્ષની થઇ એટલે મારા પિતા પણ આ જગતને પ્રણામ કરી ચાલ્યા ગયા. મ્હારી સાવકી બ્હેનની ચિંતા કરવાનું હવે મ્હારે માથે આવ્યું. કેટલાક સંજોગોને લીધે હું લશ્કરમાં જોડાયો અને મેં ન્હાની હેન્રીએટ્ટાને એક આબરૂદાર વિધવાને સોંપી. તે બાઇ ગ્રીનવીચમાં રહેતી હતી. હું સૈનિક ખાતામાં પડયા પછી વધુવાર મારાથી ઘેર રહી શકાય તેમ ન્હોતું. વરસો પાણીના પ્રવાહપેરે પસાર થઇ ગયા. હેન્રીએટ્ટા મોટી થઇ. સુન્દર થઇ. હું એને એક બહેન પેઠે–પુત્રી પેઠે ચાહતો હતો. કેટલીક વાર પેલી વિધવાને ત્યાં હું થોડાક અઠવાડિયા અથવા એક બે મહિના હેન્રીએટ્ટા સાથે રહેતો. પણ હું તે સમયે મારૂં ઘર માંડી શકું તેમ ન્હોતું. ૧૬૫૮ માં હેન્રીએટ્ટા ચોવીસ વરસની થઇ. યુવાવસ્થામાં આવતાંજ એનું સૌન્દર્ય ખીલી નીકળ્યું અને અનેક સૌન્દર્યલુબ્ધ યુવાનોએ તેના હાથની માગણી કરી. પણ જ્યાંસુધી પોતાનો પ્રેમ કોઇ યુવાનપર ચ્હોંટે નહિ ત્યાંસુધી ન પરણવાનો હેન્રીએટ્ટાનો વિચાર હતો. એ વિચાર મને ગમ્યો અને તે કુમારી રહી. એજ સમયે અમને

ફ્રેંચ લશ્કર સાથે જોડાઇ સ્પેનીશ લશ્કર સાથે લડવા માટે ફલેન્ડર્સ જવું પડયું. એ વર્ષમાં અનેક પરિવર્તનો થઇ ગયાં. ક્રોમવેલનું મરણ પણ એજ વરસમાં થયું અને રાજકિય કાવત્રાંઓ પણ એ વરસમાં ઘણાં થયાં. બધા કરતાં એ વરસ મારા જીવનમાં વધુ પરિવર્તન કરનારૂં નિવડયું; કારણ કે એજ કમનસિબ વરસમાં મારી બ્હેન હેન્રીએટ્ટા જેને મેં વ્હાલથી ચાહી હતી તે કોણ જાણે ક્યાં ચાલી ગઇ—"

કર્નલ અત્રે બોલતો બંધ પડયો અને પોતાનું મ્હોં સેજ આડું કરી પોતાની આંખમાંના આંસુ લૂછવા લાગ્યો. રૂથ જે એક ચિત્તે આ વાત સાંભળી હતી તે પિતાને રડતો જોઇ બહુજ નારાજ થઇ બોલી.

"હવે એ વાત જવા દો, પિતા! તમને દુઃખ થાય છે—"

" મારી વ્હાલી પુત્રી! હવે હુ માનસિક નિર્બલતાને વશ થવા માગતો નથી. નહિ. એ વખત વહી ગયો. સાંભળ. એજ વર્ષમાં હું જ્યારે ઇંગ્લાંડ પાછો ફર્યો ત્યારે પ્રથમ ગ્રીનવીચમાં પેલી વિધવા બાઇને ત્યાં ગયો. પણ અફસોસ! તે બાઇએ મને રડતાં રડતાં મારૂં હૃદય ચીરી નાખે એવી વાત કહી. હેન્રીએટ્ટા થોડાક અઠવાડિયા પહેલાં તેને ત્યાંથી ન્હાસી ગઇ હતી. તે બાઈને કાને જે વાત આવી હતી તે તે પરથી હેન્રીએટ્ટા કોઇ વિકારી યુવાનની જાળમાં ફસી પડી હતી એમ માલૂમ પડયું. મેં બહુ તપાસ કરી પણ ફોકટ! હેન્રીએટ્ટાનો કશો પત્તો મળ્યો નહિ. હું નિરાશ થયો પણ તેજ સમયે મેં પ્રભુને યાદ કરી કસમ ખાધા કે જ્યારે પણ મારી બ્હેનની પવિત્રતા ખંડિત કરનાર બદમાસ મારી નજરે પડશે ત્યારે હું તેનાપર ભયંકર વેર લઇશ—હા—હજુ એ પ્રતિજ્ઞા પળાઇ નથી. રૂથ! મારા પિતાએ પોતાની મરણશય્યા પરથી, અશ્રુભર્યા નયને હેન્રીએટ્ટાની સંભાળ રાખવાની મને આજ્ઞા કરી હતી. વિચાર કર, વ્હાલી પુત્રી, જે સમયે મેં હેન્રીએટ્ટા કોઈ બદમાસની કપટજાળમાં ફસી પડવાની વાત સાંભળી હશે ત્યારે મારા મનની સ્થિતિ કેવી થઇ હશે? આહ! એ વાત યાદ આવતાં મારૂં હૃદય ચીરાઇ જાય છે અને લોહી ગરમ થઇ જાય છે. અને જે બદમાસે એને ફસાવી હશે તે ક્યારે મારા હાથમાં આવશે એ વિચારથી મારૂં મગજ ભમી જાય છે—"

કર્નલ પુનઃ બોલતો અટકયો. રૂથ પોતાના પિતાના અશ્રુભીના ગાલપર ચુંબન કરી તે લૂછવા લાગી. મિસીસ રમ્બોલ્ડ પણ રડી

પડી. થોડીકવાર ત્યાં મૌન છવાયું. આ દુઃખદ વાતનો અંત લાવવાના હેતુથી રૂથ બોલીઃ

" અને ત્યાર પછી તમને તમારી હતભાગી બહેન વિષે કંઇ પણ ખબર નહિ મળી ? "

" એકવાર—ફક્ત એકજવાર–" કર્નલ બોલ્યો.

" હેન્રીએટા ન્હાસી જવા પછી લગભગ એક વરસે એક માણુસ પેલી બાઇને ત્યાં એક ચીઠ્ઠી આપી તરતજ ચાલી ગયો. તે ચીઠ્ઠી હેન્રીએટાની હતી. તે પરથી અમને જણાયું કે તે દુઃખી હતી. અને કોઇ બદમાસની મોહજાળમાં ફસી કલંકિત થઇ હતી. તેમાંના હૃદયવિદારક વાક્યો પરથી મેં જાણી લીધું કે થોડા સમયમાં હેન્રી-એટા મરી જશે. આહ ! ગરિબ બિચારી ! તેણે મારી તથા પેલી વિધવા બાઇની માફી માગી હતી અને પ્રભુની માફી મેળવવા તે આતુર હતી. રૂથ ! એ બનાવને આજે ત્રેવીસ વરસ થઇ ગયાં–કોણ જાણે એટલામાં તેનું શું થયું હશે ! પ્રભુ બિચારીની રક્ષા કરો–"

" પણ વ્હાલા પિતાજી ! તમે તમારી બહેનનો ગુન્હો માફ કરો છો, ખરૂં ? આહ ! કહો, કહો, પપા ! તમે તેને માફ કરો છો–" રૂથ ગદ્દગદ્દ થઇ બોલી.

" હા, હું તેને માફ કરૂંછું. અંતઃકરણથી હું તેને માફી આપી ચૂક્યો છું અને પ્રભુને પ્રાર્થના કરૂં છું કે જો તે જીવતી હોય તો તેને મારે ત્યાં આવવાની પ્રેરણા કર—"

" ખરૂં. જો તે અહિં આવે તો આપણે તેને વ્હાલથી આશરો આપીએ; પણ આપણે તેના વિષે કંઇજ જાણતા નથી. તેથી હું તેને માટે પ્રભુની પ્રાર્થના કરીશ; કારણ કે જગતમાં તે મરેલીજ ગણાય છે–"

આ સમયે ઓરડાનું બારણું ખોલી એક નોકર અંદર આવ્યો. તે બટલર, કારભારી તથા ફુટમૅનનું કામ કરતો હતો. તેણે કર્નલ પાસે આવી ખબર આપી કે એક વ્યક્તિ તેની સાથે ઘણી અગત્યની વાત-ચીત કરવા માગે છે.

પ્રકરણ ૨ જું.

હતભાગી હેન્રીએટ્ટા.

"ફીલીપ! તેં તે વ્યક્તિને ક્યાં બેસાડી છે?" કર્નલ રમ્બૉલ્ડ જે ઓરડામાં પોતાની પત્નિ તથા પુત્રી સાથે વાતે વળગ્યો હતો તેમાંથી બહાર નીકળતાં પોતાના નોકર તરફ જોઇ બોલ્યો.

"તે બાઇને મેં રક્ષાગૃહમાં બેસાડી છે, સાહેબ!" કર્નલનો નોકર બોલ્યો. કિલ્લાના મુખ્ય દ્વાર આગળ રક્ષાગૃહ આવેલું હતું અને તેમાં હાલમાં કર્નલની ઑફિસ હતી. કર્નલ પોતાના સઘળા વીઝીટ૰ રોને ત્યાંજ મળતો હોવાથી નોકરો રક્ષાગૃહમાંજ કર્નલને મળવા આ૰ વતા માણસોને બેસાડતા.

ફીલીપની પાછળ કર્નલ રમ્બૉલ્ડ પોતાની ઑફિસમાં આવ્યો. આ ઓરડો સારી રીતે શણગારેલો હતો અને ઑફિસમાં આવશ્યક ફરનીચર વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યું હતું. કર્નલને મળવા માગતી વ્યક્તિ કોઇ સ્ત્રી હતી. તેનો પોષાક તેની કંગાલ્યત–મુફલે૰ સીનો ખ્યાલ આપતો હતો. તે એક ખુરશીપર બેઠી બેઠી જોસથી શ્વાસ લેતી હતી તથા તેના કપડાપર ઘણી ધૂળ જણાતી હતી. આથી રાઇહાઉસમાં આવ્યા પહેલાં તેણી ઘણે દૂરથી પગે મુસાફરી કરી આવી હશે એવું અનુમાન થઇ શકતું હતું. તેણીના વાળ તદ્દન સફેદ થઇ ગયા હતા અને ચિંતા, મુફલેસી તથા કંગાલ્યતને લીધે તેણીનું વદન કરમાઇ ગયું હતું. તેનું મ્હોં જોતાંજ ગમે તેવી કઠીન છાતીના મનુ૰ ષ્યને પણ તેની દયા આવ્યા વિના રહે નહિ એવું તે દયાજનક હતું.

કર્નલ પોતાની અનેક વર્ષો પહેલાં ગૂમ થયલી–કોઇ પાપી–વિકારી યુ ાનની ઝેરી જાળમાં ફસી પડેલી ભગિનીના સ્મરણથી દુઃખી થયો હતો. એના વદનપર શોકની છાયા સ્પષ્ટ જણાતી હતી. આહ! એ બહેન આટલા વર્ષે પણ જો તેને મળે તો તે તેને વ્હાલથી આશરો આપવા તૈયાર હતો. તેના મગજમાંથી, તે જ્યારે નોકરની પાછળ પાછળ ઑફિસ તરફ જતો હતો ત્યારે, અનેક વિચારો પસાર થતા હતા. રાત્રિના નવ વાગ્યાનો સમય હતો અને એ સમયે પોતાને મળવા આવનાર બાઇ કોણ હશે તે વિષે એ કંઇ કંઇ કલ્પના કરતો હતો. ઑફિસમાં દાખલ થતાંજ ચિંતાગ્રસ્ત–શોકમય કર્નલ, લૅમ્પના

ઝાંખા પ્રકાશમાં પેલી સ્ત્રીનું મ્હોં જોઇ ચમક્યો. તે સ્ત્રીએ અનેક કાતિલ હૃદયવિદારક જખમો સહ્યાં હશે એવું એના મુખપરથી તરતજ જણાઈ આવે એમ હતું. ચિંતા, દુઃખ, આફત, મર્મવેદના આદિને લીધે એના બાહ્ય દેખાવમાં બહુ પરિવર્તન થઇ ગયું હતું. એનું વય કેટલું હશે તે પણ કલ્પી શકાય એમ ન્હોતું; તો પણ કર્નલે તેને ઓળખી. પોતાની વ્હાલી બહેનની સ્મૃતિ થોડીક મિનિટ પહેલાંજ એણે કરી હતી. એ ગૂમ થયલી—મોતને શરણ થયલી મનાતી બહેન આમ અચાનક આવી મળશે એવી કર્નલને ઝાંખી કલ્પના પણ ન્હોતી. પણ ખરેખર, તે સ્ત્રી કર્નલની બહેનજ હતી. તેને જોતાં કર્નલના કઠીન્ અને સંયમી હૃદયમાં કંઇ કંઇ થઇ ગયું. જાણે એ પોતે બેભાન થઇ જતો હોય એમ એને લાગ્યું. પોતાની આંખો પોતાને છેતરે છે એવી શંકા પણ એક વાર આવી; પણ બીજી પલે એની ખાત્રી થઇ ગઇ. તે સ્ત્રી હેન્રીએટ્ટાજ હતી.

"હેન્રીએટ્ટા! તું અહિંયાં?" કર્નલ હેન્રીએટ્ટાની પાસે જઇ આશ્ચર્યજનક સ્વરે બોલ્યો.

"હા. ભાઇ, હું અભાગણી હેન્રીએટ્ટા!" હેન્રીએટ્ટા આંખમાં આંસુ લાવી બોલી અને ધુંટણીએ પડી પોતાના ભાઇની માફી માગવા લાગી. કર્નલ રમ્બોલ્ડે તેને ઉભી કરી વ્હાલથી તેને પોતાની બાજુમાં એક ખુરશીપર બેસાડી.

"ભાઇ, રીચર્ડ! મને માફ કર—"

"હું તને માફ કરૂં છું—અંતઃકરણથી માફ કરૂં છું, હેન્રીએટ્ટા!" કર્નલ બોલ્યો.

"આહ! ભાઇ! તું કેટલો ભલો છે? તારી આ બહેને તને બહુ દુઃખ દીધું છે!—"

"ભૂતકાલ ભૂલી જા બહેન! હું તને મારે ત્યાં પ્રેમથી રાખીશ. આહ! આજે પ્રભુ મારા પર પ્રસન્ન થયેલો જણાય છે. હેન્રીએટ્ટા! દૈવસંયોગે જ્યારે નોકરે મને તારા આગમનની ખબર આપી ત્યારે હું તારીજ વાત કરતો હતો. હા. હું મારી પત્નિ તથા પુત્રીને તારી હતભાગી કથા કહેતો હતો. મારી પત્નિ એ વાત ઘણા વર્ષથી જાણતી હતી પણ મારી પુત્રીએ આજેજ પહેલીવાર સાંભળી—"

"હાય! ત્યારે તો મને અહિંથી જલદી ન્હાસી જવા દે! મારા જેવી પાપી સ્ત્રીને જોઇ તેમના પવિત્ર સદ્દગુણી અને અકલં-

ક્તિ હૃદયો દુઃખી થશે—હા—મને ન્હાસી જવા દે! રીચર્ડ! તારી પત્નિ મને ધીક્કારશે—તારી પુત્રી મને જોઇ દુઃખી થશે. નહિ. નહિ. હું મ્હારૂં કાળું મ્હોં તે નિર્દોષ આત્માઓને બતાવીશ નહિ—" તે કંગાલ સ્ત્રી છૂટે મ્હોંએ રૂદન કરતાં બોલી.

" નહિ, હેન્રીએટા! તને કોઇ ધિક્કારવાનું નથી. જો તેં થોડીક મિનિટ પહેલાં મ્હારી રથના શબ્દો સાંભળ્યા હોત તો તને માલુમ પડત કે મારી પુત્રી કેટલી દયાળુ છે! તેણીએજ મને જો તું મારે ત્યાં આવે તો તને વ્હાલથી આશ્રય આપવાની વિનવણી કરી હતી. હેન્રીએટા! મારી પત્નિ અને પુત્રી તને વ્હાલથી આવકાર આપશે—"

" ત્યારે રિચર્ડ! તારી પુત્રી દયાની દેવી હોવી જોઇએ—" પુનઃ તે કંગાલ સ્ત્રી રડી પડી.

" ચાલ, આપણે તેમની પાસે જઇએ. તું ભૂખી થઇ હશે—તું ઘણી થાકી ગયલી જણાય છે—" કર્નલ બોલ્યો.

" હા. હું ઘણી કંટાળી ગઈ છું—તું ઘણી થાકી ગઇ છું—પણ મારે હમણાં કંઇ ખાવું નથી. આજે બપોરે એક દયાળુ મનુષ્યે મને ખાવાનું આપ્યું હતું. તે સમયે હું અહિંથી ઘણી દૂર હતી. રિચર્ડ! મારા દુઃખનો પાર નથી. હું આખા જગતમાં કંગાલમાં કંગાલ સ્ત્રી છું. મને અહિંજ થોડીવાર પડી રહેવા દે—તારી પુત્રી તથા પત્નિ પાસે હમણાં જવાની મને ફરજ ના પાડ-રિચર્ડ! મારૂં હૃદય ચીરાઇને છિન્નભિન્ન થઈ ગયું છે—" હેન્રીએટા બોલી.

" ત્યારે અહિંજ બેસી રહે, હેન્રીએટા! તને દુઃખ થાય એવું કંઇ પણ હું કરવા માગતો નથી."

હેન્રીએટા સેંજ શાન્ત થયા પછી કર્નલે એક ખૂણામાંના ટેબલમાંથી દારૂની બાટલી તથા કેક કાઢી હેન્રીએટાને ખાવાનો આગ્રહ કર્યો. કર્નલના માયાળુ વર્તનથી હેન્રીએટાને ખાવાની ફરજ પડી અને તેણીની ખાત્રી થઇ ગઇ કે તેણીનો બાઇ લડાઇના મેદાનમાંજ પોતાની સખ્તાઇ તથા કઠીનતા તજી આવ્યો છે.

હેન્રીએટાએ થોડુંક ખાધું—જેમતેમ ખાધું: કારણ કે તેણીના હૃદયમાં શાંતિ ન્હોતી. કર્નલે તેણીના વદન તરફ પોતાની તેજસ્વી આંખ ફેરવી. કેટલો બધો ફેરફાર? આજથી વીસ પચીસ વર્ષ પહેલાં કર્નલે એને જોઇ ત્યારે, તે એક સુન્દર યુવતી હતી, અનુપમસૌન્દર્યની

સ્વામિની હતી. તે સમયે એજ હેન્રીએટ્ટાના વદનપર યુવાનીનું તેજ અને પવિત્રતા ચમકતાં હતાં. પણ આજે? અફસોસ! ફક્ત ૪૮ વર્ષની લીલીસૂકી તેણે જોઇ હતી પણ જાણે ૭૦ શિયાળાની કડકડતી ઠંડી સહન કરી હોય એવી તે જણાતી હતી. એના વદનપર વૃદ્ધાવસ્થાની કરચલી વળી ગયલી જણાતી હતી. આંખો ઉંડી ઉતરી ગઇ હતી. વાળ તદ્દન સફેદ થઇ ગયા હતા. શરીરમાંથી શક્તિ ઘટી ગઇ હતી અને કંગાલ્યતને લીધે એનો પોષાક પણ ચીથરેહાલ હોવાથી એ ઓળખી ન શકાય એવી થઇ ગઇ હતી.

"મારામાં તને ભયંકર પરિવર્તન થયલું જણાય છે ખરૂં?" દુઃખપૂર્ણ સ્વરે તે બોલી; કારણ કે પોતાના ભાઇના મગજમાં શું વિચાર ઘોળાતા હશે અથવા ઘોળાવા જોઇએ તે તે જાણી શકી હતી.

"પણ વ્હાલા ભાઇ! એમાં અજાયબી જેવું શું છે? મને જે અસહ્ય દુઃખો અને અસામાન્ય માનસિક વ્યથા ભોગવવી પડી છે તે ફક્ત મારૂં મનજ જાણે છે—પણ ભાઇ! તું મને માફ કરે છે? રિચર્ડ! ફક્ત તારી માફી મેળવવા માટેજ આટલાં બધાં વરસ પછી—આટલાં બધાં દુઃખો મૂગે મ્હોડે સહન કર્યા પછી હું તારી પાસે આવી છું—"

"મેં તને ક્યારની ક્ષમા આપી છે હેન્રીએટ્ટા!" કર્નલે જવાબ આપ્યો.

"જ્યારે મને ત્હારા ન્હાસી જવાની ખબર મળી ત્યારેજ મેં તને માફ કરી હતી કારણ હું જાણતો હતો કે તને પવિત્રતાના શિખર પરથી ગબડાવવા માટે સામાન્ય લાલચોનો ઉપયોગ થયો નહિ હશે. હું તને બાલપણથી ઓળખતો હતો—ત્હારા વિચારો જાણતો હતો અને હું ખાત્રીથી માનતો હતો કે કોઇ ઝાલિમ બદમાસની આકર્ષક ભાષાથી અથવા તો જાદુભરી શક્તિથી તું તેને શરણ થઇ હશે—"

"હા. એમજ. એમજ. રિચર્ડ! કોઇ પણ સ્ત્રીએ એવો અંધ વિશ્વાસ કોઇ પુરૂષમાં મૂક્યો નહિ હશે. હાય! રિચર્ડ! એ માણસે મારા અંધ વિશ્વાસનો લાભ લઇ મને દગો દીધો—મારૂં સત્યાનાશ વાળ્યું—મને જીવતી મારી નાખી અને એવો ભયંકર દગો દીધા પછી એ લાગણીહીન મનુષ્ય મને રખડતી રઝળતી મૂકી ચાલી ગયો—"

"બહેન! તે કાળો નાગ હજુ જીવે છે? બોલ, હેન્રીએટ્ટા! તો મને મળી શકે એમ છે? તેનાપર ભયંકર વેર લેવાને મેં કસમ લીધા છે. હજુ એ સોગન મારાથી પળાયા નથી. બોલ, બહેન! એ પાપી કોણ છે તે મને જણાવી દે–" કર્નલ ક્રોધથી ઉશ્કેરાઈ બોલ્યો.

"હું કંઇજ જાણુતી નથી. તે મરે છે કે જીવે છે તેની મને ખબર નથી. તેના ખરા નામની પણ મને માહિતિ નથી. મને જે જે તેણે કહ્યું હતું તે બધું જૂઠું હતું. બધી મને પાછળથી ખબર પડી! પણ અફસોસ! એ ખબર બહુ મોડી હતી! ભાઇ, શરમભરી રીતે મને છેતરવામાં આવી હતી......"

"હેન્રીએટ્ટા! ફક્ત અત્યારે એકજવાર આપણે એ દુઃખી ભૂતકાળ વિષે વાત કરીશું. પછી ભવિષ્યમાં કદિ પણ એ હૃદયવિદા-રક વાતની સ્મૃતિ હું કરાવીશ નહિ. પણ અત્યારે તું મને કંઇ પણ એવી ખબર આપ-કંઇ નિશાની આપ કે જેથી હું તે બદમાસને શોધી તેનાપર મારૂં વેર લઇ શકું. આહ! મારી નિર્દોષ બહેનને કલંકિત કરનાર પાપી જો મારા સપાટામાં આવે તો હું તેને બતાવી આપીશ કે એક સદ્ગુણી અને પવિત્ર યુવતીનું સતિત્વ ભ્રષ્ટ કરનારના કેવા હાલ થવા જોઇએ–" કર્નલની આંખમાંથી અગ્નિ ખરવા લાગ્યો.

"ભાઇ! હું જાણુતી નથી કે તારી આજ્ઞા હું શી રીતે પાળી શકીશ. તું તેના પર વેર લેવા માગે છે; પણ રિચર્ડ હું તેને વિષે કંઇ પણ જાણુતી નથી. ભાઇ! એને જોવા પહેલાં પ્રેમ શું છે તે હું જાણુતી ન્હોતી. હું એના તરફ એના રૂપથી આકર્ષાઇ ન હતી; કારણુ એનું શારિરિક સૌંદર્ય આકર્ષક ન્હોતું. પણ એની વાત કરવાની છટા, એની વિનયશીલતા, એની પ્રતિજ્ઞા, એના કસમ અને એ સર્વ કરતાં વિશેષ એણે મારા સૌન્દર્યની કરેલી પ્રશંસા–રિચર્ડ! હું જગતના પાપ પ્રપંચોથી અજાણી હતી–અનનુભવી હતી–અને તે સમયે મ્હારા સૌન્દર્યની પ્રશંસા સાંભળી હું દિવાની બની ગઇ. તેણે કહ્યું હતું કે તે મને અસામાન્ય પ્રેમથી ચાહે છે. આહ! મેં તેના કસમો સાચા માન્યા મેં તે મને સત્ય પ્રેમથી ચાહે છે એ વાત સાચી માની અને રિચર્ડ! પ્રેમના પહેલા પગથિયા પર પગ મૂકતાંજ મારા પ્રેમી પરના અંધ વિશ્વાસને લીધે હું અપવિત્રતાની અંધારી ખાઈમાં ગબડી પડી......"

હેન્રીએટ્ટા બોલતી હતી ત્યારે એની આંખોમાંથી ટપ ટપ આંસુઓ ખર્યાં જતાં હતાં. એનું હૃદય ચીરાઇ જતું હતું. એની આંખોએ અંધારા આવતા હતા અને એ પોતાની કરૂણ કથા કહેતી વેળા એટલી દુઃખી થતી હતી કે તેની દુઃખી સ્થિતિનું વર્ણન જ થઇ શકે નહિ.

"એક વસંતઋતુની સાંજે હું ફરવા ગઇ હતી. તે સમયે હું તેની દૃષ્ટિએ પડી. પ્રથમ તો એ કંઇ બોલ્યો નહિ. બીજે દિવસે એ વધુ સાહસિક બન્યો અને મને વિવેકથી નમન કર્યું, તે સમયે મ્હારી પાલક બાઈ માંદી હતી. તેની સેવામાં હું દિવસે થોડાક કલાક ગાળતી અને સાંજે નિર્મલ હવામાં ફરવા નીકળતી. પેલો યુવાન મને રોજ મળતો. અમે વાતો કરતા. રિચર્ડ! હું મારો સંયમ જાળવી શકી નહિ તે માટે મને ઠપકો આપતો નહિ. એ માણસનામાં કંઇ વિચિત્ર જાદુ હતું. તેણે એવી એવી વાતો કરવા માંડી કે હું મારૂં સાનભાનજ ભૂલી ગઇ. અમે દરરોજ સાંજે કોઇ કોઇ છૂપી જગ્યામાં મળતાં. અમને કોઇ જોઇ જાય તે તેને પસંદ ન્હોતું. એણે મને તેમ કરવાનાં ઘણાં કારણો જણાવ્યાં હતાં. તેનું નામ જ્યોર્જ ફીટ્ઝ વિલિયમ છે એમ તેણે મને કહ્યું હતું. તે કોઇ ઉચ્ચ કુટુંબનો શ્રીમંત યુવાન છે એમ પણ તે બોલ્યો હતો અને કેટલાંક કારણો જે તેણે મને સ્પષ્ટ રીતે જણાવ્યાં ન્હોતાં, તેને લીધે તે મને છૂપી રીતે મળતો રિચર્ડ! હું કસમથી કહું છું કે, મેં તેની સઘળી વાત સાચી માની, હું એમજ સમજી કે તે મને અંતઃકરણથી ચાહે છે. આહ! તે સમયે હું છતી આંખે આંધળી બની હતી. મારી વિચારશક્તિ ગૂમ થઇ ગઇ હતી. શું કહું? વ્હાલા ભાઇ! પ્રેમ પ્રદેશમાં પ્રવેશ કરતી વેળાએ જ હું મનુષ્યત્વહીન મનુષ્યના સહવાસમાં આવી. હું તેને પ્રબળ પ્રેમથી ચાહતાં શીખી અને એ પ્રબલ પ્રેમ–એ અંધ પ્રેમે મારો સર્વનાશ કર્યો. હું નીતિમન્દિરમાંથી બહાર નીકળી ગઇ. જ્યોર્જ ફીટ્ઝ વિલિયમનાં વચનો સાચાં માની હું તેની વિકારી લાગણીને શરણ થઇ અને અન્તે મારી સ્થિતિ કફોડી થઇ પડી. હું થોડા સમય પછી માતા થવાની સ્થિતિમાં આવી. હું ગભરાઇ. જો તું અચાનક આવી પડે અથવા મારી પાલક બાઇના જાણવામાં એ વાત આવે તો મારી અપકીર્તિ થાય એવા ભયથી હું તેની સાથે ન્હાસી જવા તૈયાર થઈ. પણ રિચર્ડ! હું પ્રભુને હાજર ગણીને કહું છું કે તેણે મને પોતાની

પત્નિ બનાવવાનું વચન આપ્યું હતું તે સાચું માનીનેજ હું તેની સાથે ન્હાસી જવા તૈયાર થઇ હતી. ઇંગ્લંડમાં અમે લગ્નગ્રંથિથી એક થઇએ એ અશક્ય છે એમ તેણે કહ્યું. તેથી હું ફ્રાન્સ જવા તૈયાર થઇ. મેં ધાર્યું હતું કે ફ્રાન્સમાં તેની સાથે લગ્ન કર્યા પછી હું બધી વાત તને લખી તારી માફી માગી લઇશ. હું ઘરમાંથી બહાર નીકળી–હા–તે ભયંકર ઘડીએ મારા જીવનને કલંકિત કરવા બહાર નીકળી–શું કહું ? બાઇ! હું તેને નિયત સ્થાને જઇ મળી. નદિ કિનારા પર એક વહાણ ઉભું હતું. અમે તેમાં બેઠા. વહાણ ઉપડયું અને બે દિવસમાં અમે ડીપી જઈ પહોંચ્યા. તે શહેરમાં એક એકાંત જગ્યાએ એક ન્હાનું ઘર તેણે ભાડે રાખ્યું હતું. તરતજ મને માલુમ પડયું કે તે ગરિબ હતો. અમને કોઇ કોઇ વાર બહુજ મુશ્કેલી સહન કરવી પડી. કોઇ કોઇવાર અતિ અગત્યની ચીજો વિના બેસી રહેવું પડયું; પણ તે માટે મેં પરવા કરી નહિ. લગ્નની પવિત્ર ગાંઠથી બંધાઇ મને જગતની નજરે તેની પત્નિ ઠરાવવા માટે મેં તેના બહુ કાલાવાલા કર્યા. જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ હું બહુ દુઃખી થવા લાગી. આખરે તે મને થોડાક અઠવાડિયા પછી પાછા આવવાનું કહી મુસાફરીએ ગયો. તે લગભગ ત્રણ મહિને પાછો આવ્યો. એ અરસામાં મને તેની કંઇ ખબર મળી નહિ. ઓહ! એ ત્રણ મહિનામાં કેવા ભયંકર દુઃખી વિચારોમાં મારૂં મગજ ભમી ગયું હતું તે મારૂંજ મન જાણે છે. ભાષામાં એ દુઃખ વર્ણવવા યોગ્ય શબ્દો નથી. અંતે તે પાછો આવ્યો અને તેજ દિવસે હું એક પુત્રની માતા થઇ. કેટલાક અઠવાડિયા સુધી હું એટલી માંદી રહી કે મારા જીવનની આશા ન રહી. એ સમયે ફીટઝ વિલિયમનું મારા તરફનું વર્તન બહુજ પ્રેમાળ હતું. જ્યારે હું સારી થઈ ત્યારે મેં પત્થરના હૃદયને પણ પીગળાવે એવી કરૂણ વિનવણી કરી મને તેની પત્નિ બનાવવાનો આગ્રહ કર્યો. પણ ચોક્કસ સંજોગો–જે મને જણાવવાની તેણે મને સાફ ના પાડી–તેને લીધે તેણે મારી વિનવણીપર ધ્યાન આપ્યું નહિ. મેં તેને મારા નિર્દોષ બાલકને આગળ ધરી વિનવ્યો; પણ નહિ. પત્થરપર પાણી! આહ! કેવું દયાહીન હૃદય! પ્રભુની એટલી વિનવણી જો મેં કરી હોત તો સાક્ષાત્ પરમાત્મા પણ મારા પર દયા કરી મારી સંભાળ લેત! રાક્ષસી હૃદય પણ મારી વિનવણીથી પીગળી જાતઃ પણ ફીટઝ વિલિયમના ચોક્કસ સંજોગોનો પાર આવ્યો

નહિ. મેં તેને એક ભાઇ જે ઇંગ્લંડમાં મને વ્હાલથી મળવા આવશે તેને પોતાની બહેનના શરમભર્યા જીવનથી શરમાવું ન પડે તે માટે મારી સાથે લગ્ન કરવાનું કહ્યું-જગતની સર્વ પવિત્ર વસ્તુઓના સોગન આપ્યા પણ કંઇ નહિ. અંતે હું જીવપર આવી. મેં તેને સ્પષ્ટ જણાવી દીધું કે હું તેની પત્નિ તરિકેજ તેની સાથે રહીશ. પણ એક વિલાસસખી તરિકે કદિ પણ નહિ રહીશ. તેની વિલાસ સખી થઈ સુખવૈભવ ભોગવવા કરતાં હું મૃત્યુના પંઝામાં સપડાવાને રાજી થઇશ એમ મેં તેને કહ્યું. અને તેનું પોત પ્રકાશ્યું. તેણે મને દગો દીધો હતો. પોતાની વિકારી વાંછના તૃપ્ત કરવા માટેજ તેણે મને ગમે તેવાં વચનો આપ્યાં હતાં એમ કહી તે કદિ પણ મને તેની પત્નિ બનાવશે નહિ એમ સંભળાવી દીધું. હું બેભાન થઇ ગઇ-હું એકદમ તેજ પળે તૂટી પડી અને છ અઠવાડિયાં સુધી બિછાનાપર પડી રહી. સન્નિપાતને લીધે હું કંઇ કંઇ લવારો કરતી હતી. મારા દુઃખનો પાર ન્હોતો. હાય ! હું એક વિકારી-પાપી-દગાખોર મનુષ્યની વિલાસ સખી બની હતી ! એ વિચાર-એ સ્મરણજ મને મારી નાખવા લાગ્યું. જ્યારે હું શુદ્ધિમાં આવી ત્યારે મને માલુમ પડ્યું કે મારો દગાખોર પ્રેમી મને તજી ગયો હતો. એક ફ્રેંચ સ્ત્રી જેને અમે દાસી તરિકે રાખી હતી તે ભાગ્યું તૂટ્યું અંગ્રેજી બોલતી હતી. તે દયાહીન-લાગણીહીન જણાઇ. મને દુઃખી થતી જોઇ તેને આનંદ થતો હોય એવું તેનું વર્તન હતું. તેણે મને જણાવ્યું કે મારો પ્રેમી હવે કદિપણ મારી પાસે આવશે નહિ. થોડા ઘણા શબ્દો જે તે મર્મમાં બોલી હતી તે પરથી મારી ખાત્રી થઇ કે મારા પ્રેમીનું ખરૂં નામ જ્યોર્જ ફીટઝ વીલિયમ ન્હોતું. આહ ! આરંભથી અંત સુધી મને નિર્દય રીતે છેતરવામાં આવી. જે પુરૂષો સ્ત્રીઓને વિલાસના રમકડાં જેવી ગણી તેના સતિત્વનો નાશ કરી અંતે તેને રખડતી રઝળતી દશામાં જગતમાં ફેંકી દઈ તેના નામ અને જીવનને કલંકિત કરે છે તેવો ફીટઝ વિલિયમ પૂરવાર થયો. પુનઃ હું દિવાની જેવી લવારો બકારો કરવા લાગી અને સહેજ શુદ્ધિમાં આવતાં મેં મારા બાલકની તપાસ કરી તો હાય ! મારા પુત્રને મારી પાસેથી છીનવી લેવામાં આવ્યો હતો ! અફસોસ ! દુઃખપર કહાર ! પડતાપર પાટું ! આફતપર આફત ! અરે ! પ્રભુ ! મેં એવાં શું ભયંકર પાપો કર્યાં હતાં કે તેં મારા પર આવાં દુઃખો પાડ્યાં ! રિચર્ડ ! હું તે ફ્રેંચ

સ્રીને પગે લાગી—કાલાવાલા કર્યા—અને મારૂં બાલક મને સોંપવાની વિનવણી કરી પણ તેણે મને કહ્યું કે બેભાન અવસ્થામાં હુ તે બાલકને મારતી હતી તેથી જ્યારે હું તદ્દન સારી થઇશ ત્યારે મારૂં બાલક મને પાછું સોંપવામાં આવશે. પુનઃ મને સન્નિપાત થયો અને જ્યારે હુ શુદ્ધિમાં આવી ત્યારે ઘરમાં પેલી ડોસી મરણ પામી હતી. જે સરજ્યન મારી દવા કરતો હતો તે જ્યારે આવ્યો ત્યારે તેણે કહ્યું કે પેલી સ્રી મગજે એકાએક લોહી ચઢી જવાથી મરણ પામી હતી. મેં તેને મારા બાળક માટે પૂછ્યું પણ તેણે સોગન ખાઇ કહ્યું કે જો કે તેનીજ સલાહથી મારો પુત્ર મારી પાસેથી લઇ લેવામાં આવ્યો હતો પણ તેને ક્યાં લઇ જવામાં આવ્યો છે તે તે જાણતો નથી. આ ભયંકર આફ્ત હતી—અસહ્ય આફ્ત હતી. રિચર્ડ ! એવું દુઃખ કોઇને પડયું નહિ હશે—"

"કમનસિબ બ્હેન !" કર્નલ ધીમેથી દુઃખદ સ્વરે બોલ્યો.

"અસહ્ય દુઃખોથી મારૂં હૃદય બળી જતું હતું. તેમાં મારા પુત્રને લીધે હું દીવાની જેવી થઇ ગઇ. હું ઉશ્કેરાઇ ગઇ અને આખા ગામમાં તેની શોધ કરવા લાગી; પણ મને કંઇજ પત્તો મળ્યો નહિ. એવામાં મને યાદ આવ્યું કે મારો દગાખોર પ્રેમી એક વખત પૅરિસ જવાનું કહેતો હતો. આથી મેં પૅરિસ જવાનો નિશ્ચય કર્યો. રિચર્ડ ! તેને પુનઃ મારૂં રક્ષણ કરવાની વિનંતી કરવા કે તેનો પ્રેમ પુનઃ જીતવા માટે નહિ; પણ મારા પુત્રનો કબજો લેવા માટે હુ ફ્રેંચ પાટનગરમાં જવા તૈયાર થઇ. તે સમયે મારી પાસે વધુ પૈસા ન્હોતા. એક ઘોડો ભાડે કરવા જેટલા પણ સિક્કા મારી પાસે ન્હોતા. તેથી હું પગે ચાલતી રસ્તો કાપવા લાગી અને જ્યારે પૅરિસ પહોંચી ત્યારે મારી પાસે એક પેની પણ રહી નહિ. મેં જીવપર આવી વિશાલ પૅરિસમાં મારા બાલકની તપાસ કરવા માંડી; પણ વ્યર્થ ! મને કંઇજ પત્તો મળ્યો નહિ. ત્યારે ભગ્નાશ હૃદયે હું લંડન આવવા તૈયાર થઇ. દયાળુ મનુષ્યોની દયા પર હું જીવવા લાગી અને જો ખુશ્કેમાં એક દયાળુ કૅપ્ટનની મદદ મને ન મળત તો લંડન આવવા માટે સ્ટીમરમાં મુસાફરી કરવાને પણ હું અશક્ય થાત. અંતે હું લંડન આવી. આમથી તેમ રખડવા લાગી. દયાળુ નરનારીના પૈસામાંથી આ પાપી દેહ ટકાવવા હું રોટલી ખરીદતી; પણ મને મારા પાપી મિત્રનો પત્તો મળ્યો નહિ. આહ ! રિચર્ડ ! મને માફ કરજે. તે સમયે જો મેં તારૂં

મ્હેં દૂરથી જોયું હોત તો હું તરત ન્હાસી જાત. હું શરમાતી હતી. મેં મારા જીવનને—મારા કુટુંબને કલંકિત કર્યું હતું. અફસોસ! મારી ધિરજ અને હિમ્મત હવે ખૂટી ગઇ. મેં આ ફાની અને દગાબાજ દુનિયાને અંતીમ પ્રણામ કરવાનો વિચાર કર્યો. મેં એક ચીઠ્ઠી લખી અને મારી પાસે એક સિક્કો બાકી હતો તે એક જણને આપી મારી પાલક બાઇને તે ચીઠ્ઠી ગ્રીનવીચ આપી આવવાનું કહ્યું. મેં તેને ચીઠ્ઠી આપી તરતજ ચાલી આવવાનું કહ્યું હતું કે જેથી મારે વિષે કંઇ પ્રશ્નો પૂછાય નહિ—"

"એ ચીઠ્ઠી મને મળી હતી, હેન્રીએટ્ટા!—"

"તેમાં મેં તમારી માફી ચાહી હતી—"

"અને મેં તને ક્ષમા આપી હતી, બ્હેન! આહ! જયારે તું દુઃખી છે એમ મેં જાણ્યું ત્યારે મને કેવી વેદના થઇ હશે હેન્રીએટ્ટા?"

"દુઃખી? ભાઇ! સુખ અને શાન્તિ મને તે પહેલાં છોડી ગયાં હતાં. મેં આપઘાત કરવાનો વિચાર કર્યો પણ તેમ કરી શકી નહિ. કયાં જવું તેનો વિચાર કર્યા વિના હું ગમે ત્યાં રખડી. ભીખારણની માફક રખડી અને અંતે હેમ્પશાયરમાં ન્યુ ફૉરેસ્ટ આગળ જઇ પહોંચી. ત્યાં એક ખાલી ઝૂંપડી હતી. તેમાં રહેવાનો મેં વિચાર કર્યો. હું ત્યાં રહી અને ત્યાંથી પસાર થતા મુસાફરો પાસે ભીખ માંગી પેટ ભરવા લાગી. ઘણીવાર મારે ભૂખનું કાતિલ દુઃખ પણ ખમવું પડયું; પણ શું કરૂં? હું લાચાર હતી. કંગાલ સ્થિતિમાં એ જંગલની એકાંત પર્ણકૂટીમાં મેં ત્રેવીસ વર્ષ પસાર કર્યાં. એ સમયમાં મેં મારા પાપનું પ્રાયશ્ચિત કર્યું. આહ! કેવો જગતનો નિયમ છે? એક ભુલ—એક પાપ—અને તેનું પ્રાયશ્ચિત કેટલું દુઃખદ? રિચર્ડ! ભયંકર સમયના ચક્રના ઝપાટા મારાપર ક્રૂર રીતે પડયા છે! જો! મારા તરફ જો! હજુ મને અડતાળીસ વર્ષ પૂરાં થયાં નથી; પણ હું એક વૃદ્ધ ડોસી જેવી દેખાઉં છું—મારો એક પગ કબરમાં જઇ પહોંચ્યો હોય એવું લાગે છે. ભાઇ! એ દુઃખી લાંબા વરસોમાં મેં તને શોધી કાઢવાનો અનેકવાર વિચાર કર્યો પણ મારી હિમ્મત ચાલી નહિ અને જો અનાયાસે મને તારા નિવાસસ્થાનની ખબર ન મળી હોત તો મારા મૃત્યુ સુધી હું તારૂં વદન જોઇ શકત નહિ—"

"તેં મારૂં નિવાસસ્થાન શી રીતે જાણ્યું?" કંર્નલ રમ્બોલ્ડે કહ્યું.

" બે પ્રવાસીઓ મારી ઝૂંપડી આગળ વિશ્રાંતિ લેવા ઉતર્યા હતા. એકનું નામ રસ્કે અને બીજાનું નામ વૉલ્કૉટ !"

" આહ ! મારા જૂના મિત્રો ! તે તારા રહેઠાણ આગળ થોભ્યા હતા ?"

" હા. તેઓએ વાતમાં ને વાતમાં તારૂં નામ દીધું. તારા વખાણ કર્યાં અને તેમની વાતચીત પરથી તું " રાઇહાઉસ"માં રહેવા આવ્યો છે એમ મેં જાણ્યું. આહ ! તારા વિષે કંઇક ખબર મને મળવાથી મને ઘણો આનંદ થયો. તારી પાસે આવી તારી માફી મેળવવાની મને ઇચ્છા થઇ અને ભાઇ ! આજે હું તારા ઘરમાં છું–" પુનઃ તે હતભાગી સ્ત્રી બાલક પેઠે રડી પડી.

" હેન્રીએટ્ટા ! તારૂં જીવનવૃતાંત બહુજ કરૂણ છે. આજથી આ ઘર તારૂંજ માનજે. પણ કહે, વ્હાલી બહેન, કંઇ એવી ખબર કહે કે જેથી તારા તે બદમાસ દગાખોર પ્રેમી પર હું મારૂં વેર લઇ શકું–" કર્નલે કહ્યું.

" નહિ. નહિ. રિચર્ડ! હું તને વેરની કલ્પના પણ ન કરવાની વિનવણી કરૂં છું. કૃપા કરી મને એ બાબત વધુ સવાલ ન પૂછ–"

" જેવી તારી મરજી–"

" ભાઈ ! તેં મારાપર અગણિત ઉપકાર કર્યા છે. હું તારી ઉદાર માગણી સ્વીકારૂં છું અને આ ઘરમાં હવેથી મારા છેવટના દિવસો પૂરા કરીશ. પણ કૃપા કરી મને એકલીજ પડી રહેવા દેજે અને તારા કુટુંબ સિવાય બીજા કોઇને મળવાની ફરજ મને ના પાડતો–" હેન્રીએટ્ટા બોલી.

" તે માટે તારે મને પૂછવાની જરૂર નથી. તને હું તારા વપરાશ માટે એક જૂદો ઓરડો આપીશ અને તેમાં તું તારી મરજી પ્રમાણે રહી શકશે. આજે તું ઘણી દુઃખી થઇ છે માટે ચાલ. તારા ઓરડામાં સૂઇ જા. મારી પત્નિ તથા પુત્રીને કાલે તું શાંત થયા પછી મળજે."

હેન્રીએટ્ટાને લઈ કર્નલ રમ્બોલ્ડ એક ઓરડામાં આવ્યો. ત્યાં તેને માટે જોઇતી વ્યવસ્થા કરી પોતાની બહેનને " ગુડ નાઇટ" કહી કર્નલ પોતાની પત્નિ તથા પુત્રીને હેન્રીએટ્ટાના આગમનની ખબર આપવા ગયો.

પ્રકરણ ૩ જું.

લૉરેન્સ લી.

ગત પ્રકરણમાં વર્ણવેલો બનાવ જે દિવસે બન્યો તેને બીજે દિવસે પાછલા પહોરે "રાઇહાઉસ"થી પાએક માઇલને છેટે નદિ-કિનારે વૃક્ષોની છાંયા નીચે બેસી એક યુવાન નદિના પાણીમાં ગલ નાખી માછલી પકડતો હતો. તે જ્યાં બેઠો હતો તે જગ્યા ઘણી સુન્દર હતી. આજુબાજુની ભુમિપર લીલું ઘાસ ઉગેલું હોવાથી જાણે ત્યાં લીલો ગાલીચો બીછાવી દીધો હોયની એવું લાગતું હતું. માથા-પર વૃક્ષોની લટકતી ડાળીઓ, તેની શ્રમહારક છાંયા અને નદિનું નિર્મલ ઝરણુ સૃષ્ટિ સૌન્દર્યના આશકને અથાગ આનંદ આપે એવાં હતાં. નદિના ઝરણુપર વૃક્ષોની ઘટા આવેલી હોવાથી આકાશમાં સૂર્ય તપતો હતો છતાં પણ યુવાનને સહેજ પણ ગરમી લાગે તેમ ન્હોતું. પવનની લહરીઓ ધીમે ધીમે વાતાવરણમાં નાચતી, આસપાસથી પુષ્પોની મધુર પરિમલ ખેંચી લાવતી હતી અને તેથી નદિકિનારાપર માછલી મારતા યુવાનને બહુ આનંદ થતો હતો.

યુવાનનું વદન ત્યાંથી પસાર થતા કોઇ પણ પ્રવાસીની આંખોને આકર્ષે એવું હતું. તેની સુદઢ શરિરાકૃતી અને તેના વદનની ભવ્યતા પ્રથમ દૃષ્ટિએજ જોનારને તેના પરિચિત્ત થવાની પ્રેરણા કરે તેવાં હતાં. તેનું વય બાવીસ ત્રેવીસ વર્ષનું હશે એ કલ્પી શકાય એમ હતું. તેના વાળ તદ્દન કાળા જેવાજ હતા પણ તેમાં સહેજ ભુરા રંગની છાંટ હતી. જોકે બારિકીથી ન જોનારને તે તદ્દન કાળાજ લાગે તેવા હતા. એની આંખો કાળી અને એની પ્રતિભા તથા ચપલતાનો ભાસ આપે એવી હતી. એનું ભવ્ય કપાલ જાણે એ કોઇ રાજવંશી કુટું-બમાં જનમ્યો હોય એવી પ્રેરણા કરાવતું હતું. એના એકે એક અવ-યવો એની સુન્દરતામાં વૃદ્ધિ કરે તેવાં હતાં. એના વદનપરનું ભવ્ય તેજ એની ઉદારતા તથા વીરતા વ્યક્ત કરતું હતું. એની ભ્રકૂટિ એના વાળ કરતાં વિશેષ કાળી હતી અને તેથી એના વદનની ભવ્યતા પ્રકાશી નીકળતી હતી. એની હમણાં હમણાં ઉગતી મુછો એના ઉપલા હોઠની સુન્દરતા ઢાંકી દે એવી નહિ; પણ ઉલટી એની સુન્દ-રતા વધારે એવી હતી. એણે તે સમયના રિવાજ પ્રમાણે ચોટીઓ રાખ્યા હતા; પણ તે બહુ લાંબા ન્હોતા અને એની હમણાં હમણાં ઉગતી દાઢી

એણે સદ્ભાગ્યથી ખોડાવી હતી. એની ઉંચાઇ લગભગ ૭ ફુટ જેટલી હતી અને જો કે એની કમ્મર સહેજ પાતળી હતી તોપણુ એની છાતીની વિશાલતા એની શારિરિક શક્તિનો ભાસ આપતી હતી. ટૂંકામાં એના એકે એક અવયવો ખામી વિનાના અને એના સૌન્દર્યને આકર્ષક બનાવે એવાં હતાં.

એને જોતાંજ વિલાસપ્રિય લલનાઓના મગજ અસ્થિર થઇ જાય એમ હતું પણ જેમ એ યોવનમસ્ત યુવતીઓને આનંદ આપે એવો હોવાથી "બૉલરૂમ"માં અનેક લલનાઓ એની સાથે નાચવા તત્પર થતી; તેમજ પ્રસંગવશાત્ યુદ્ધ ભૂમિમાં એ શત્રુના શસ્ત્રો સાથ પોતાના શસ્ત્રો કુશલતાથી લડાવી શકે એવો હતો.

યુવાન માછીમાર ન્હોતો; પણ માછલી મારવાનો શોખીન હોવાથી એણે અત્યારે માછીમારના જેવોજ પોષાક પણ પહેર્યો હતો. તેણે એક જાડું ઢીલું પહેરણુ-" બ્લાઉઝ " ને મળતું-હમણાં પહેર્યું હતું; અને કમ્મરપરના પટાથી તે દબાયલું હતું. છાતી પરનો ભાગ ખુલ્લો હોવાથી નીચે સુન્દર લીનનનું ખમીસ જણાતું હતું. અને તે પર હીરાની 'પીન' શોભતી હતી. એનું પાટલુન પણ પહેરણુના જેવાજ કપડાનું હતું; અને એના બુટ બફ ચામડાના હતાઃ મરેલી માછલીઓની ટોપ-લીની બાજુમાં જમીનપર એની "હૅટ" પડી હતી અને તેની બાજુમાં એક ચોપડી પડી હતી. એ પુસ્તક જૉન મિલ્ટનકૃત " પૅરેડાઇઝ લૉસ્ટ " હતું. તે સમયે આ પુસ્તક વધુ લોકપ્રિય થયું નહોતું અને હમણાં પણ વિલાસપ્રિય યુવાન જીવડાઓની આંખોને એ પુસ્તક ગમતું નથી. પણ લૉરેન્સ લી-પેલો યુવાન મીલ્ટનનો ખાસ ભક્ત હતો અને તેના અદ્દભુત કાવ્યોનો પ્રશંસક હતો.

આ નવલકથાના નાયક લૉરેન્સ લી સાથે વાંચકનો યોગ્ય પરિચય કરાવ્યા પછી અમે અમારી કથા આગળ ચલાવીશું. ઉન્હા-ળાના એક સુન્દર દિવસે બપોરે ચાર વાગે તે નદિમાંની માછલીઓ પકડવા બેઠેલો જણાય છે. તે કેટલાક કલાકથી એ કામમાં રોકાયલો હોવાથી તથા એણે હજુ સુધી ભોજન લીધેલ ન હોવાને લીધે પેટ પૂજા કરવાનો એણે વિચાર કર્યો. એને તરસ પણ લાગી હતી અને તેથી એક બીજી માછલી મારી એણે પોતાનો ગલ તથા બીજો સામાન પૅક કરી પોતાનું કામ પૂરૂં કર્યું. તેણે " નીધર હૅાલ " તરફ નજર નાખી લગભગ એક માઇલનું છેટું નદિ અને નીધર

હૉલ વચ્ચે હતું. ત્યાર પછી તેણે બીજી દિશાએ "રાઇહાઉસ" તરફ જોયું. તરતજ એને યાદ આવ્યું કે "કિંગ્સ આર્મસ" નામની ધર્મશાળા નજીકમાં આવેલી છે. ત્યાં જઇ પેટ પૂજા કરી થોડીકવાર વિશ્રાંતિ લઇ ઘર તરફ જઇશ એવો વિચાર કરી તે "કિંગ્સ આર્મસ" તરફ ચાલ્યો.

પાંચેક મીનીટમાં તે "કિંગ્સ આર્મસ" માં દાખલ થયો. તેને જોતાંજ ધર્મશાલાના માલિકની પત્નિની આંખો ચમકી. અને તેણે પોતાના શ્રીમંત પરોણાને રીઝવવાનો દૃઢ નિશ્ચય કર્યો. મિસીસ શેપર્ડ ચાલીસેક વર્ષની ફુટ બૉલ જેવા શરીરવાળી એક વૃદ્ધા હતી. એના હાસ્યથી જાણે એનો યુવાન પરોણો રાજી થઇ જવાનો હોય તેમ એ તેના તરફ જોઇ મીઠાશથી હસવા લાગી: પણ બીચારીની આશા ફળી નહિ. લૉરેન્સ લી જે ઓરડામાં બેઠો હતો તે ન્હાનો પણ સ્વચ્છ અને સગવડભર્યો હતો. દિવાલ પર એક નવી ગરમી ચ્હોંટાડવામાં આવી હતી. એક ટેબલપર એક પુષ્પગુચ્છ મૂકયો હતો. તેની સુગંધથી આખો ઓરડો બહેકી રહ્યો હતો. ઓરડાની બારીમાંથી નદિ કિનારો સ્પષ્ટ જણાતો હતો. એક બારીપર એક બીલાડી પોતાની ભુરી આંખો આમ તેમ ફેરવતી બેઠી હતી અને ગોલ્ડફીન્શ પક્ષી પોતાના પીંજરામાં આનંદથી કલ્લોલ કરી રહ્યું હતું. કૅપટન લૉરેન્સે મીસીસ શેપર્ડને એક કપ એઇલ દારૂ લાવવાનું કહ્યું અને સારામાં સારૂં ભોજન હાજર કરવાનો ઑાડર કર્યો. બની શકતી ત્વરાએ મિસિસ શેપર્ડે કૅપટનનું ભોજન એક ટેબલપર રજુ કર્યું અને આવો શ્રીમંત પરોણો પોતાના વિશ્રાંતિ ઘરમાં આજે આવ્યો છે એ આનંદદાયક ખબર પોતાના પતિને આપવા તે મી૦ શેપર્ડ પાસે જઇ બોલી:

"બોલો જોઉં, શેપર્ડ! આજે તમારા ઘરમાં કોણ છે?"

"કોણ હોય વળી? પેલો બોર્ન પૈસા માગવા આવ્યો હશે?" મિ૦ શેપર્ડ પોતાની પત્નિની વાત કરવાની રીતથી કંટાળી બોલ્યો.

"તમને કંઇજ અક્કલ નથી, શેપર્ડ!" મિસીસ શેપર્ડ જે કૅપટન લૉરેન્સની હાજરીથી ગાંડી ગાંડી થઇ ગઇ હતી તે હસતાં હસતાં બોલી.

"જો બોર્ન આવ્યો હોત તો તે પૂલ પરથી આવત અને તે

પ્રથમ તમનેજ મળવા માગત એટલો તો વિચાર કરો-"

"વારૂ, હશે. ત્યારે તુંજ કહેને કે કોણ આવ્યું છે?"

"કોણ વળી? કૅપ્ટન લી."

"આહ! નીધર હૉલના માલીક સર વિલિયમ બ્રાન્ડનો ભત્રિજો!" આટલા શબ્દો બોલતાંજ મિ૦ શેપર્ડના વદનપર અણુગમો અને સખ્તાઈ આવી.

"મર્થા!-" મી૦ શેપર્ડ સહેજ કરડા સ્વરે બોલ્યો.

"કૅપ્ટન લી-રાજાનો નોકર છે એ તો તું જાણે છે ને? એની હાજરીથી તું આટલી બધી મલકાય છે? શરમ છે તને-"

"એમાં શરમાવાનું શું છે?" મિસીસ શેપર્ડ ગુસ્સે થઇ બોલીઃ

"શું આ વિશ્રાંતિગૃહ નથી? આપણા ઘરના દરવાજા જે પોતાના ગજવામાં પૈસા લઈ આવે તેને માટે શું હમેશાં ખુલ્લા નથી રહેતા? આપણે આપણા પરોણાઓના રાજકિય વિચારો સાથે શું લેવા દેવા છે? કૅપ્ટન લી ઘણો સુન્દર યુવાન છે-"

"હશે. તારા અભિપ્રાયની મારે જરૂર નથી, જો સાંભળ! મર્થા! હું જાણું છું કે આપણે આ વિશ્રાંતિગૃહ ચલાવીએ છીએ એટલે બધાને અહિં આવવાની છૂટ છે. પણ તારે જાણવું જોઇએ કે તારો પતિ જેને ધિક્કારતો હોય તેવાઓને તારા સ્મિતથી તું રાજી રાખે એ શરમભર્યું છે-"

"જુઓ, શેપર્ડ! એમ છેકજ મૂર્ખા ના બનો. તમારા રાજદ્વારી વિચારો સાથે મારે કંઈ સ્નાનસુતક નથી. કૉમનવેલ્થની લડાઇઓમાં રિપબ્લીકનો પરાજય થયો તે માટે હંમેશાં જીવ બાળ્યા કરશો તો તમારો કંઇ દહાડો વળવાનો નથી. તેના કરતાં તમે તમારા ધંધાપર ધ્યાન આપો તો બે પૈસાનું મ્હો તો જુઓ! રૉયલીસ્ટ હો કે રિપબ્લીકન હો! આપણને તેનું શું? જેની પાસે પૈસા હોય તેને માટે આ ઘર હંમેશાં ઉઘાડું છે. ધારો કે તમે કૅપ્ટન લીની સગવડપર ધ્યાન આપો-તેને રાજી કરો-તો કાલે એ પોતાના અનેક મિત્રો સાથે લહેર કરવા આ તરફ દોડી આવે અને જો એમ થાય તો તમારૂં ખીસું કેવું તર થાય તેનો ખ્યાલ છે?" મિસિસ શેપર્ડે પોતાના પતિ આગળ પોતાની બુદ્ધિનો ખજાનો ખાલી કરી નાખ્યો.

"તને હવામાં કિલ્લા બાંધતાં ઠીક આવડે છે, મર્થા!" મિ૦

શેપર્ડ પોતાની મિસીસની વાત સાંભળી હસીને બોલ્યો.

" હું હવામાં કિલ્લા બાંધું છું એમ તમને લાગે છે ? જરા વિચાર કરો. શેપર્ડ ! જરાક મગજમાંનું ભુસું કાઢી નાખો. જુઓ, અહિં લી નહિ છે, આપણા કૅપટનો માછલી મારવાના ઘણા શોખીન છે અને જો " કિંગ્સ આર્મસ " માં તેમને જોઇતી સગવડ મળે તો તેમને સહેલ કરવા આ બાજુ ઉતરી પડવામાં શું વાંધો છે ? તમને ખબર નથી કે છેક લંડનથી બાર માઇલની મુસાફરી કરી ઘણા લોકો અહિં આવે છે તો કૅપટન લી વાળી લશ્કરી ટૂકડી તો અહિંથી છ માઇલ પર રહે છે–"

" તું જબરી છે, વ્હાલી ! "

" જબરી શું ? ઘણી વાત વિચારવા જેવી છે. તમે જાણો છો કે હું કૅપટન લીને શા માટે રાજી કરવા ચાહું છું ? જુઓ "નીધર હૉલ " અહિંથી ફક્ત એકજ માઇલ દૂર છે. સર વિલિયમ બ્રાન્ડ કૅપટનના કાકા થાય છે. સર વિલિયમને કંઇ બાળબચ્ચાં નથી અને તેથી કૅપટન લીજ તેનો ભવિષ્યનો વારસ છે એ તમે જાણો છો ? તમારી અક્કલ જ બહેર મારી ગઇ છે–"

મિસિસ શેપર્ડ છેલ્લા શબ્દો બોલી કૅપટન લૉરેન્સ લીને કંઇ જોઇતું હશે એવો વિચાર આવવાથી જ્યાં તે બેઠો હતો ત્યાં જઇ પહોંચી અને પોતાના મુખપર હાસ્ય ફરકાવી બહુજ નમ્રતાથી કૅપટનને ભોજન ગમ્યું કે કેમ તે પુછ્યું તથા બીજું કંઇ જોઇએ છે કે નહિ તેની તપાસ કરી; પણ કૅપટન લી તેના સવાલનો જવાબ આપે તે પહેલાં તો ચાબુકના સપાટા, ગાડીના પૈડાનો અવાજ અને ઘોડાનાં પગલાં સંભળાયાં.

" અહા ! મુસાફરો ! કદાપિ તેઓ અહિં ભોજન લેવા આવશે–" એમ બોલી મિસિસ શેપર્ડ એકદમ બહાર ગઇ.

થોડીજ પલમાં મિસીસ શેપર્ડની ચીસ તથા બીજી પણ બુમો કૅપટનને કાને પડતાં તે તરતજ ઓરડામાંથી બહાર નીકળ્યો. આગલા બારણા આગળ આવતાંજ લંડનથી ન્યુમારકેટ જતા રસ્તાપર તેની નજર પડી. એક ભવ્ય ગાડી જે તે સમયે શ્રીમંતોજ વાપરી શકતા હતા તેની ધરી તૂટી ગઇ હતી અને તેથી તે એક બાજુએ ઢળી પડી હતી. તેને જોડેલા છ ઘોડાઓ ભડકવાથી હાંકનારના કાબુમાં રહેતા ન્હોતા તથા ત્રણ નોકરો જે ગાડીની પાછળ ઉભા હતા તે એવા

જોરથી જમીન પર પછડાયા હતા કે તેઓ ગાડીમાં બેઠેલી વ્યક્તિને તરત મદદ કરી શકે એમ ન્હોતું.

મી૰ શેપર્ડ ગાડીને જોતાંજ સમજી ગયો હતો કે તેમાં રાજ-કિય કુટુંબનું કોઇ માણસ હશેઃ તેથી જાણે ઉતાવળની કાંઇ જરૂર ન હોય તેમ ધીમે ધીમે ગાડી તરફ જતો હતો પણ કૅપ્ટન લી જેવો બહાર આવ્યો તેવોજ જોસથી ગાડી તરફ દોડી ગયો. તરતજ તેને જણાયું કે ઘોડાઓ તરત કાબુમાં આવી શકે એમ નથી. ઉંધે રસ્તે વીફરેલા ઘોડાઓ ગાડીને ખેંચી જતા હતા અને તેથી "રાઇહાઉસ" ની આસપાસની ખીણુમાં ગબડી પડવાની ધાસ્તી હતી. આથી કૅપ-ટન લીએ પોતાના ગજવામાંથી એક છુરી કાઢી તરતજ ઘોડાઓના પટા કાપી નાખ્યા. બીજી પલે તેણે ગાડીનું બારણું ઉઘાડી એક સૌન્દર્યસંપન્ન લલના તથા તેની દાસીને નીચે ઉતારી. બન્ને સ્ત્રીઓ બહુ ગભરાઇ ગઇ હતી પણ સદ્‌ભાગ્યે તેમને કંઇ ઇજા થઇ ન હતી.

પેલી લલના લગભગ પાંત્રીસેક વર્ષની મધ્યમ બાંધાની પણ ઘણીજ સુન્દર યુવતી હતી. તેણીએ કંઇક મગરૂરીથી, કંઇક વિનયથી કૅપ્ટન લીનો તેણે કીધેલી સહાય માટે આભાર માન્યો અને તેણી જે ભાગી તૂટી અંગ્રેજી ભાષા સ્પષ્ટ ફ્રેંચ ઉચ્ચાર સાથે બોલતી હતી તે પરથી તેણી કોણ હતી તે કૅપ્ટન લી તરતજ જાણી ગયો. તેણીની દાસી પણ ફ્રેંચ સ્ત્રી હતી અને તે અંગ્રેજી બોલતી ન હોવાથી તથા કૅપ્ટન લી ફ્રેંચ જાણતો ન હોવાથી તે શું બોલી તે એ સમજી શક્યો નહિ.

" અમને સહાય કરનાર બહાદૂર યુવાનનું નામ હું જાણી શકીશ ? " પેલી સુન્દર લલના બોલી.

" મારૂં નામ લી છે-" પોતાની હૅટ ઉતારી કૅપ્ટન લી વિન-યથી બોલ્યો.

" હું કર્નલ ગ્રેહામની ઘોડેસ્વાર ટૂકડીમાં કૅપ્ટન છું અને સર વિલિયમ બ્રાન્ડનો ભત્રીજો છું-"

" ત્યારે આ " નીધરહૉલ " છે ? " પેલી લલના જ્યાં અક-સ્માત્ થયો હતો તેની બાજુમાં આવેલા કિલ્લા તરફ નજર કરી બોલી.

" નહિ. " નીધર હૉલ " અહિંથી એક માઇલને છેટે છે. આ " રાઇહાઉસ " છે. તમારી ગાડીને રીપૅર કરતાં લગભગ બે એક કલાક નીકળી જશે. એટલો સમય જો તમારી મરજી હોય તો

આ પાસેના વિશ્રાંતિગૃહમાં પધારો અથવા જો તમે નીચર હૉલમાં જવા માગતા હો તો–"

"પણ આ ખેતરોમાંથી એક માઇલ મારાથી શી રીતે ચલાય ?" ડચેસ મગરૂરીથી પોતાની કોમલતા બતાવતાં બોલી.

"અને આ ગંદુ મુસાફરખાનું ! નહિ. એમાં એક પલ પણ હું રહી શકું એમ નથી. આપણે ત્યાં જઇશું–" છેલ્લા શબ્દો બોલી ડચેસે રાઇહાઉસ તરફ આંગળી કરી.

"એમ કરો." કૅપ્ટન લી બોલ્યો અને પછી તે પોતાના મનમાં બબડયોઃ "કર્નલ રમ્બોલ્ડ રૉયલીસ્ટોનો દુશ્મન હોવા છતાં પણ એક સ્ત્રીને મદદ કરવાની ના પાડે એવો તો નથી."

"ચાલો, સાહેબ ! કૃપા કરી મને તમારો હાથ આપો અને પેલા કિલ્લામાં મને લઇ જાઓ–" ડચેસ બોલી.

આ સમયે કર્નલ રમ્બોલ્ડના કેટલાક માણસો દારૂ ગાળવાના મકાનમાંથી અકસ્માતવાળી જગ્યાએ આવી પહોંચ્યા હતા અને તેઓ માંહોમાંહે "મૅડમ કારવેલ" નું નામ દઇ કંઇ ગણુગણુતા હતા. તેઓ ડચેસ તરફ–ચાર્લ્સ બીજાની માનીતી વિલાસ સખી તરફ છેક અપમાનભરી નહિ પણ નાપસંદગી બતાવતી દૃષ્ટિએ જોઇ રહ્યા. તેઓએ ગાડી સમારવાના કામમાં મદદ કરવાની પણ જરૂર જોઇ નહિ. શેપર્ડ–કિંગ્સ આર્મસનો માલિક પણ તેમને મળી ગયો અને જાણી જોઇને તેણેજ આ સૌન્દર્યજડિત યુવતી કોણ હતી તે બીજા માણસોને જણાવી ઇંગ્લંડના એકતંત્રી રાજાની પ્રિયતમાને ઉઘાડી પાડી.

કૅપ્ટન લીએ ડચેસની મરજી પ્રમાણે પોતાનો હાથ તેણીને આપ્યો અને તેઓ "રાઇહાઉસ" ના પ્રવેશ દ્વાર તરફ જવા લાગ્યાં. ડચેસની દાસી પાછળ ચાલતી હતી. ખાઇ પસાર કરવાના પૂલ પાસે આવતાં કૅપ્ટન લી બોલ્યો.

"હું ધારૂં છું કે ડચેસ ઑફ પોર્ટસમથ સાથે વાત કરવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. કર્નલ રમ્બોલ્ડને મારે એજ નામ કહેવું ને ?"

"હા. એજ મારૂં નામ છે." ડચેસે સગર્વ જવાબ આપ્યો. આ સમયે અકસ્માતને લીધે ઉપજેલો ભય ડચેસના હૃદયમાંથી ગુલ થઇ ગયો અને પોતાના સુન્દર વદનપર સ્મિત ફરકાવી એણે પોતાના સાથી તરફ જોયું તો પોતાના જીવનમાં અગાઉ કદિ નહિ જોયલા

એવા સુન્દર યુવાનપર એની દૃષ્ટિ પડી.

કૅપટન લી ડચેસની આંખોમાંનો વિકાર જોઇ ન શકે એવો મૂર્ખ ન્હોતો; પણ જાણે તે કંઇ સમજતો ન હોય એવોજ દેખાવ તેણે બહારથી રાખ્યો. અમારે કહેવું જોઇએ કે, ડચેસ તરફનું તેનું વર્તન વિનયશીલ અને વિકારહીન હતું. ગરિબ અથવા શ્રીમંત-ગમે તે વર્ગની સ્ત્રીને તેણે આવા સયોગોમાં મદદ કરી હોત. ડચેસ સાથે તે વિવેકને ખાતરજ માનથી વર્તતો હતોઃ કારણકે તેના હૃદયમાં ડચેસના કલંકિત જીવન માટે માન ન્હોતું.

પ્રકરણ ૫ મું.

ડચેસ ઑફ પોર્ટસમથ.

લુઇ ડ કેરલ ફ્રાન્સની વતની હતી. તેણીએ એક મઠમાં કેળવણી લીધી હતી અને ચાર્લ્સ બીજાની બહેન ડચેસ ઑફ ઓરલીન્સે તેને "મેડ ઑફ ઑનર" બનાવવાથી તેણીએ મઠનો ત્યાગ કર્યો. ત્યારપછી અલ્પ સમયમાં તે કેટલાક સંયોગો,-જે આ નવલકથામાં આગળ જતાં વાંચકની જાણમાં આવશે-ને લીધે ઇંગ્લંડ આવી અને ઈંગ્લંડના-કર્ત્તા-હર્તા વિધાતા ચાર્લ્સ બીજાની આંખો એના સૌન્દર્યથી ચકરાઇ જવાથી તેણે એને ડચેસ ઑફ પોર્ટસમથ બનાવી. એનું અસલ નામ કેરલ અપભ્રંશ થઇ કારવેલ બન્યું અને તેથી લુઇ ડ કેરલ લોકોમાં મૅડમ કારવેલને નામે જાણીતી હતી.

જ્યારે અમારા વાંચકો સાથે અમે ડચેસનો પરિચય કરાવીએ છીએ ત્યારે તેનું વય પાંત્રીસ વર્ષનું હતું. તેનું વદન સૌન્દર્ય પ્રિય દૃષ્ટિને આનંદ આપે તેવું અને બાહ્ય દૃષ્ટિએ બાલકના નિર્દોષ વદન જેવું હતું. પણ એ બાળક જેવી નિર્દોષતા જ્યારે એ પોતાની પદવી તથા સત્તાના સ્મરણમાં ગર્વને પોતાના હૃદયપર વિજય મેળવવા દેતી ત્યારે ન જણાતીઃ પણ શાંત સ્થિતિમાં એનું વદન હમેશાં બાળક જેવું લાગતું. એનું સૌન્દર્ય ,જોકે એ અત્યારે જીવન વસંતકાલને પ્રણામ કરી ચૂકી હતી તો પણ યુવાન હૃદયોને અશાંત બનાવી દે એવું હતું. એના વાળ કાળા હતાં અને તેની સુન્દર લટો એના તેજસ્વી કપાળને કોઇ કોઇ વાર ઢાંકી દેવાનો પ્રયાસ કરતી ત્યારે એનું સૌન્દર્ય ગજબ વર-

સાવતું. એની આંખો કાળી અને તેજસ્વી હોવા છતાં ચંચલ જણાતી નહોતી; એટલુંજ નહિ પણ તેણીનું હૃદય વાંચવાની સહેજ પણ નિશાની એ આંખોમાં ન્હોતી. આથી જો બાહ્ય દેખાવ પરથીજ જો કોઇ અભિપ્રાય આપે તો તેણીને નિર્દોષ અને સદ્‌ગુણી સ્ત્રીનીજ ઉપમા આપે. બહારથી તેનામાં સરલતા—સાદાઇ—નિર્દોષતાજ છે એવું જોનારને લાગે. તેનું નાક સીધું હતું. તેનું મ્હોં નાનું અને ઓષ્ઠ સુન્દર તથા અમૃતપૂર્ણ હતા અને બાહ્ય દૃષ્ટિએ એ ઓષ્ઠો પણ જાણે બાલિશ માધુર્યતાથી ભરેલા હોય તેવા લાગતા. તેના દંત નાના અને એક સરખા હોવાથી જાણે તેના મ્હોંમાં મોતીની બે હાર ગોઠવી હોય એવા લાગતા. હમણાં તેની પાંત્રીસ વર્ષની ઉમ્મરે તેનું શરીર સહેજ જાડું થયું હતું અને તેથી તેની સુશોભિત શરિરાકૃતિ સહેજ બગડી હતી. યુવાનીમાં એના સૌન્દર્યે ખરેખર કમાલ કરી હશે એમ એનું હમણાંનું સહેજ ઝાંખું થયલું સૌદર્ન્ય જોનારને કસમ ખાઇ કહેતું હતું. તેણીએ કિંમતી સાટીનનો કૉરસેજ તે સમયની ફૅશનને અનુસરતો પહેર્યો હતો.

સામાન્ય રીતે તે સમયે રાજાની સ્હામે ચું કે ચાં કરવાની તાકાત કોઇનામાં ન્હોતી. રાજા એટલે દૈવી શક્તિ—રાજાનો શબ્દ એજ કાયદો—એવું હતું. જો કે ઘણા મનુષ્યો હવે હિમ્મતથી રાજાની દૈવી સત્તાનો ઝૂંડો તોડી પાડવા તૈયાર થયા હતા. પ્રજા સારી રીતે જાણતી હતી કે રાજા અનેક વિલાસસખીઓ રાખી એશઆરામમાં જીવન ગાળે છે. રાજાની વિલાસસખીઓ પ્રજામાં ખાસ કરી ઉમરાવોમાં એટલું બધું માન મેળવતી કે રાજાની વિલાસસખી થવામાં ઘણા ઉચ્ચ કુટુંબની લલનાઓ માન માનતી. શું જગતની માન્યતા છે? રાજાનું માન—રાજાની પ્રીતિ મેળવવા માટે તે સમયે ઘણી યુવાન્ લલનાઓ વલખાં મારતી અને આ અંધ—સ્વાર્થી માન્યતામાં નીતિ અને પવિત્રતાના ધોળે દિવસે ખૂન થતાં હતાં. રાજાની વિલાસસખીઓ હંમેશાં દેવી જેવી પૂજાતી; પણ ડચેસ ઑફ્ પોર્ટસમથ માટે પ્રજાની લાગણી તેવી ન્હોતી. પ્રથમ તો તે ફ્રાન્સની વતની હોવાથી અંગ્રેજોને તે પ્રિય ન્હોતી. બીજું તેને કેટલાકો ફ્રેંચ જાસુસ ધારતા હતા અને કેટલાકો તેને ફ્રેંચ એજંટ માનતા હતા. લુઇ ચૌદમાએ ડચેસ ઑફ્ પોર્ટસમથ દ્વારા ચાર્લ્સ બીજા પાસે તેની કીર્તિને ઝાંખપ લગાડે એવાં કામ કરાવ્યાં હતાં એવું પણ ઘણા માનતા હતા. આ

સર્વે અનિષ્ટનું મૂલ ડચેસ ઑફ પોર્ટસમથજ છે એવી ઘણાઓની દઢ ખાત્રી થઇ ગઇ હતી. આથી રાજાની બીજી સખીઓ જ્યારે માન પામતી ત્યારે લુઇને પ્રજા ધિક્કારતી. આ વાત એ પોતે પણ જાણતી હતી; પણ એને લોકોની માન્યતા કે લોકોના ધિક્કારની નહિ પણ રાજાની પ્રીતિની દરકાર હતી.

માનવસમાજમાં ભલી ભલી વ્યક્તિઓ પડેલી છે. માનસશાસ્ત્રના નિપુણ અભ્યાસીઓ પણ કોઇ કોઇવાર બાહ્ય દેખાવપરથી ભૂલાવામાં પડી જાય છે. ડચેસ ઑફ પોર્ટસમથ બહારથી સરલ, પ્રેમાલ, નિર્દોષ, દયાળુ જણાતી હતી; પણ એના ચારિત્ર્યની પરિક્ષા એના વદનપરથી નહિ પણ એનાં કાર્યોપરથી કરવાની જરૂર છે. વિસુવીયસ પર્વતની તળેટીમાં–તેની આજુબાજુમાં ઘણાં સુન્દર પુષ્પો ખીલ્યાં હશે, તેની મધુર પરિમલથી વાતાવરણ સ્વર્ગીય બન્યું હશે. પણ ત્યાંથીજ જ્યારે લાવાનો ભયંકર રસ પસાર થયો હશે ત્યારે અનેક નગરોની હસ્તી નષ્ટ થઇ હશે! ઘણાં મનુષ્યો બહારથી દેવ જેવા જણાય છે; પણ તેમનાં કૃત્યો દાનવો કરતાં ખરાબ હોય છે. લુઇનું હૃદય રાક્ષસી હતું. સ્વાર્થ, પ્રપંચ, વિકાર, મલીનતા એ સર્વનું મીલન એના હૃદયમાં થયું હતું.

કર્નલ રમ્બોલ્ડ જ્યારે અકસ્માત થયો ત્યારે "ગેટ–હાઉસમાં"માં હતો અને તેણે બારીમાંથી અકસ્માત જોયો હતો; પણ ગાડીના દેખાવપરથી તે રાજવંશી કુટુંબને લગતી હોવાનું માલુમ પડતાં એણે મદદે જવાની વિશેષ જરૂર જોઇ નહિ; પણ જ્યારે એણે કૅપ્ટન લીને બહાદુરીથી ઘોડાના પટા કાપી નાખી ગાડીનું બારણું ઉઘાડી બે બાઇઓને નીચે ઉતારતો જોયો ત્યારે પોતે પોતાના રાજકિય વિચારોને લીધે અયોગ્ય વર્તન ચલાવ્યું હતું એમ એને લાગ્યું. ગમે એમ હોય પણ દુઃખમાં સપડાયલા કટ્ટામાં કટ્ટા દુશ્મનને પણ સહાય કરવાની મનુષ્યની ફરજ છે એમ કર્નલ રમ્બૉલ્ડને લાગ્યું. તરતજ તેણે રૂથ તથા પોતાની પત્નિને અકસ્માતની ખબર આપી અને જ્યારે ડચેસ કૅપ્ટન લીનો હાથ પકડી પૂલ ઓલંગતી હતી ત્યારે કર્નલ પોતાની પુત્રી તથા પત્નિ સાથે ગેટ–હાઉસમાંથી બહાર નીકળ્યો હતો.

ડચેસ ઑફ પોર્ટસમથની ઓળખાણ કર્નલ રમ્બૉલ્ડ સાથે કરાવવાની કૅપ્ટન લીને જરૂર પડી નહિ કારણ કે કર્નલ પોતાના કામે લંડન જતો ત્યારે એણે ડચેસને રસ્તામાં તેણીની ગાડીમા જોઇ હતી.

ડચેસને એણે જોઇ તેજ પળે એના મુખપર સખ્તાઇ તથા નાપસં- દગીની છાયા છવાઇ અને જો કે એણે જગતના રિવાજને અનુસરી ડચેસને નમન કર્યું; પણ એ નમનમાં બાહ્ય સભ્યતા સિવાય અંતર- ની સહેજ પણ લાગણી ન્હોતી.

"કર્નલ સભ્યતા બહુ ઓછી શીખેલા જણાય છે—" ડચેસે કૅપ્ટન તરફ જોઇ, કર્નલ સાંભળી શકે એવા અવાજે કહ્યું.

"તમે ભૂલ કરો છો, શ્રીમતી!—" કર્નલ તે સાંભળી ડચેસ તરફ જોઇ બોલ્યો.

"રાઇહાઉસમાં જગતના નિયમ પ્રમાણે હું તમારૂં માનસહ સ્વાગત કરીશ. જગત જેને વિનય અને સભ્યતા કહે છે તેને લીધે મારે તેમ કરવું પડે છે, પણ મારી પોતાની લાગણીનો હું રાજા છું એમ મારે કહેવું જોઇએ."

ડચેસને આ સાંભળી માઠું લાગ્યું. તે મૌન રહી. એક વિશાળ ઓરડામાં બધાં આવી પહોંચ્યા. કર્નલે એક ખુરશી ડચેસને બેસવા માટે આગળ મૂકી. કૅપ્ટન લી તેને ખુરશી પાસે લઇ ગયો અને લુઇ ખુરશીપર બેઠી. લુઇએ કૅપ્ટન તરફ એક ઉતાવળી નજર ફેંકી. એ નજરમાં કૃતજ્ઞતા ઉપરાંત કંઇ ખાસ લાગણી હતી. કૅપ્ટન લી તેણીને વિનયથી નમી સહેજ દૂર ગયો. તેણે કર્નલ રમ્બોલ્ડ સાથે વિવેકથી થોડીક વાત કરી અને પછી તેની પત્નિ તથા પુત્રીને માનથી નમ્યો. કૅપ્ટન લી કર્નલના કુટુંબને ઘણા સમયથી ઓળખતો હતો. બહાર ફરવા જતી વેળા રસ્તામાં એ રૂથને તથા મિસીસ રમ્બોલ્ડને વિનયથી નમન કરતો અને કોઇવાર સભ્યતા દર્શાવવા તેમની સાથે એક બે મિનિટ વાત કરતો. એ સિવાય વિશેષ પરિચય કૅપ્ટન લી અને કર્નલ રમ્બોલ્ડના કુટુંબ વચ્ચે ન્હોતો. છેલ્લાં બે ત્રણ વર્ષથી તો કૅપ્ટન લીએ રૂથને બીલકુલ જોઇ ન્હોતી. એ અરસામાં રૂથ બાલા મટી સુન્દર યુવતી બની હતી અને તેનું સૌન્દર્ય અજબ રીતે ખીલી નીકળ્યું હતું. આથી તે આજે રૂથને જોઇ ચમક્યો અને થોડીક પલ રૂથ તરફ એકી ટસે જોવાની લાલચને મારી શક્યો નહિ. કૅપ્ટનની આંખો રૂથના વદનપર ઠરતાં યુવતીના ગાલો પર શરમને લીધે રતાશ છવાઇ ગઇ. કૅપ્ટનની આંખો ફક્ત બે ચાર પલજ રૂથપર ચ્હોંટી રહી. પણ એ આંખોમાં વિકાર ન્હોતો. રૂથ જો કે સહેજ શરમાઇ પણ તે ગુસ્સે

થઇ નહિ; અને ગુસ્સે થવાનું સહેજ પણ કારણ મળે એવું કૅપ્ટન લીનું વર્તન પણ ન્હોતું. તરતજ કૅપ્ટને પોતાની નજર ખેંચી લીધી અને રૂથ તથા તેની માતા સાથે અકસ્માતને લગતી વાતો કરવા લાગ્યો.

મિસીસ રમ્બોલ્ડે પોતાના પતિની આજ્ઞાને માન આપી ડચેસને નમન કર્યું અને તેણીના વાળ અકસ્માતને લીધે અસ્તવ્યસ્ત થયા હતા તેથી જો તેણીની મરજી હોય તો બેડ–ચૅમ્બરમાં જઇ તે વ્યવસ્થિત કરવાનું કહ્યું. લુઇએ એ વાત પસંદ કરી અને મિસીસ રમ્બોલ્ડ સાથે તે ઓરડો છોડી જતી હતી એવામાં તે ઉભી રહી અને કૅપ્ટન લી તરફ જોઇ બોલી:

"હું તમને પાછી મળું ત્યાં સુધી તમને અહિંજ રહેવાની હું વિનંતી કરૂં છું, કૅપ્ટન! તમે આજે મારી જે સેવા બજાવી છે તેથી હું તમારા વિષે વિશેષ જાણવા માગું છું."

લૉરેન્સે આ સાંભળી ડચેસને વિનયથી સહેજ આધેથી નમન કર્યું; અને ડચેસ પોતાની દાસી જોસેફાઇન સાથે મિસીસ રમ્બોલ્ડની પાછળ ગઇ.

"રૂથ! ભોજનને માટે યોગ્ય વ્યવસ્થા કરજે. જો કે આપણા પરોણાને આપણે ચાહતા નથી તોપણ વિવેકને ખાતર તેમની ઘટતી પરોણાગત આપણે કરવી જોઇએ..." કર્નલ રમ્બોલ્ડ રૂથ તરફ જોઈ બોલ્યો: પણ આ શબ્દોથી લૉરેન્સને પોતાનું અપમાન થયલું લાગશે એવો વિચાર આવતાં તે તેના તરફ જોઇ બોલ્યો:

"કૅપ્ટન લી! મેં જે શબ્દો પેલી ફ્રેંચ સ્ત્રી માટે વાપર્યા છે તેથી તમે માઠું ના લગાડતા. તમે એક યુવાન સૈનિક છો. હું વૃદ્ધ છું. હું એક બાજુએ લડયો છું. તમે બીજી બાજુએ રોકાયા છો: પણ તેથી આપણે દુશ્મન છીએ એમ માનવાનું નથી. સંજોગો એવા છે કે આપણે ગાઢ મિત્રો થઇ શકીએ એમ નથી; પણ આજે "રાઈહાઉસ"માં તમારૂં પ્રેમપૂર્વક સ્વાગત થશે."

આ શબ્દોમાં એક જાતની નિર્દોષ સરલતા હતી. કર્નલે કૅપ્ટનને પોતાનો હાથ આપ્યો અને લૉરેન્સે તે વ્હાલથી દબાવ્યો. એના વર્તનમાં પણ સરલતા નિર્દોષતા અને એના હૃદયની ઉન્નતતા તરવરતી હતી.

"રૂથ! તું કૅપ્ટન સાથે વાત કર. હું ડચેસની ગાડી સમારવા નોકરોને કહું છું."

આટલું કહી કર્નલ તે ઓરડો છોડી ગયો અને લૉરેન્સ હવે રૂથ સાથે એકલો પડયો. એક બે મિનિટ સુધી બન્ને મુઝાયાં અને એ મુઝવણ કુદરતી હતી; કારણ કે કર્નલે કૅપ્ટન લીને સરલ હૃદયે માન આપ્યું હતું; પણ તે ફક્ત આજ પ્રસંગે! ભવિષ્યમાં બન્ને ગાઢ મિત્રો થઇ શકે એમ નથી એમ તેણે સ્પષ્ટ કહી દીધું હતું અને ભવિષ્યમાં સ્નેહી મિત્રો નહિ; પણ અજાણ્યા મનુષ્યો તરિકે તેમને રહેવાનું હતું, કૅપ્ટન લીને લાગ્યું કે રૂથની સાથે ભવિષ્યમાં તેને સામાન્ય પરિચિત માણસ જેવું વર્તન રાખવું પડશે. આવા સંયોગોમાં એ રૂથ સાથેની મિત્રતા શી રીતે ગાઢ બનાવી શકે? બીજી બાજુએ યુવાન કુમારિકા રૂથ પણ ગુંચવાઇ હતી. રૂથની ઇચ્છા કૅપ્ટનનું રાઇ હાઉસમાં ગરમાગરમ સ્વાગત કરવાની હતી; પણ જે યુવક સાથે જગતની બાહ્ય સભ્યતાજ ભવિષ્યમાં બતાવવાની હતી તેના તરફ એ શી રીતે વધુ મિત્રતા બતાવી શકે? બન્નેની મુઝવણનો અંત લાવવા માટે લૉરેન્સે આજના અકસ્માતની વાત કરવા માંડી.

"હમણાં હું ત્રણ મહિનાની રજાપર આવેલો હોવાથી હું મારો સમય સૃષ્ટિ સૌન્દર્ય નીહાળવામાં પસાર કરૂં છું. આ સ્થલે કુદરતી સૌન્દર્ય દીલને અજબ આનંદ આપે છે અને અહિં ફરવાનું મને મારા બાલપણથી ગમે છે. કોઇ કોઇવાર હું મારો ગલ લઇ નદિમાં માછલી મારવા નીકળી પડું છું. આજે હું એજ કામ કરતો નદિ કિનારે બેઠો હતો. મિસ રમ્બોલ્ડ! મિલ્ટનની Paradise Lost માંની સુન્દર કવિતાનો હું આશક છું—"

"હું પણ—"

"આહ! તમે પણ એ કાવ્યો પસંદ કરો છો, એમ? તમારે મુખે એ વાત સાંભળી હું ઘણોજ રાજી થયો છું. મારી જે કાવ્યો તરફ ભક્તિ છે તે તરફ પસંદગી બતાવનાર હજી સુધી મને કોઇ મળ્યું નથી...મિસ રમ્બોલ્ડ! હું તમને મૂળ વાત કહેતો બીજી વાત પર ઉતરી પડયો. હું માછલી મારતો હતો એટલામાં ભૂખ અને તરસને લીધે મને બાજુમાંના કિંગ્સ આર્મ્સમાં આવવું પડયું. ત્યાં અકસ્માત બન્યો અને મારા જીવનમાં મેં ડચેસ ઑફ પૉર્ટસમથને પહેલીવાર જોઇ—"

"પહેલીવાર?" સહેજ અજબ થઇ રૂથ બોલી.

"હા. પહેલીવાર," લૉરેન્સ બોલ્યો.

"તમે એક રેજીમેંટમાં કૅપટન છો, અને મેં સાભળ્યું હતું કે રાજમહેલના માનીતા પરોણાઓનો મ્હોટો ભાગ લશ્કરી ઑફિસરોનો હોય છે." રૂથે કહ્યું.

"હા. પણ જે ટૂકડીઓ લંડનમાં રહેતી હોય તેનાજ ઓફિસરો–મારી રેજીમેંટ જ્યારથી હું તેમાં જોડાયો ત્યારથી આજ પ્રગણામાં છે. મિસ રમ્બોલ્ડ! લંડન તરફ હું જવલ્લેજ જાઉં છું અને મેં રાજમહેલમાં હજુ સુધી પગ પણ મૂક્યો નથી. જો કે હું રાજાની સેવામાં એક ઑફિસર તરિકે જીવન ગાળું છું પણ હું રાજાના અન્યાયી અને વિકારી કૃત્યોનો પ્રશંસક નથી. હું સૈનિક હોવાથી મારે મારી ફરજ મને આજ્ઞા થાય તે પ્રમાણે બજાવવી જોઇએ અને તે હું બજાવીશ પણ એક વિલાસી અને આપખુદ રાજાના ચરણની ખાક ચૂમવા તથા તેની દુષ્ટ ચરિતા વિલાસ સખીઓ સાથે નાચવામાં હું મારો સમય કદિ પણ ગુમાવીશ નહિ—"

લૉરેન્સના શબ્દોમાં સત્યપ્રિયતા, પ્રમાણિકતા અને સરલતા સમાયલાં હતાં, તે યુવાનીમાં પ્રવેશ કરતી મુગ્ધા જોઇ શકી. એક રેજીમેંટનો કૅપટન–હડહડતા રૉયલીસ્ટ સર વિલિયમ બ્રાન્ડનો ભત્રિજો આજે એક કુમારિકા આગળ પોતાનું હૃદય ખાલી કરતો હતો. કૅપટન લીએ રાજાના ચારિત્ર્ય તરફ જે અણગમો બતાવ્યો તે પરથી રૂથ તેના સ્વતંત્ર વિચારોની પ્રશંસક બની. બન્નેની આંખો મળી. એ આંખોના મીલનમાં ઉભય ન જાણે એવી કાંઇક લાગણી હતી. ફક્ત એકજ મિનિટમાં જાણે બન્નેના હૃદય એક થઇ જતાં હોય એમ તેમને લાગ્યું.

"મિસ રમ્બોલ્ડ!" લૉરેન્સ કંઇક દિલગીરી ભર્યા અવાજે બોલ્યો.—

"થોડા સમયમાં હું તમને છોડી જઇશ અને અહિંથી ઘેર ગયા પછી અસામાન્ય શોકનો સ્વાદ ચાખીશ; કારણ કે તમારા પિતા હું "રાઇ હાઉસ" માં બીજીવાર આવું એ પસંદ કરતા નથી; જો કે આજે તો તેમણે મારૂં આનંદી અને પવિત્ર હૃદયે સ્વાગત કરી પોતાની ઉદાર વૃત્તિ પૂરવાર કરી છે—"

રૂથની આંખો નીચી નમી ગઇ; અને તેના ગાલોપર પુનઃ શરમની લાલી ચઢી આવી; કારણ કે કંઇક છૂપી લાગણી તેની છાતીમાં મૂલ નાખતી હતી. તરતજ આત્મસંયમ જાળવી તે પોતાના મધુર અવાજનો ટહુકો કરી બોલી:

" હું નથી ધારતી કે એક સત્યપ્રિય મિત્રની મિત્રતા ગાઢ થાય તે સામે મારા પિતા વધુ કઠણ થવાની જરૂર જોશે....કૅપ્ટન! હું તો મારા પિતાની આજ્ઞા પણ વાતમાંને વાતમાં ભૂલી ગઈ. મારે રીફ્રેશમેન્ટ માટે વ્યવસ્થા કરવાની છે......"

કૅપ્ટનને આનંદ આપે એવું નમન કરી રૂથ તે ઓરડો છોડી ગઇ, અને લૅારેન્સ લી વિચિત્ર મુઝવણમાં ફસાયો. રૂથ વધુવાર ગેરહાજર રહી નહિ; પણ જ્યારે તે પાછી ફરી ત્યારે બન્નેની મીઠી વાતો પાછી થઇ નહિ; કારણ કે રૂથ પાછી આવ્યા પછી થોડીક પલમાં ડચેસ તથા મિસીસ રમ્બોલ્ડ ત્યાં આવી પહોંચી. લુઇએ ઓરડામાં પગ મૂકતાં તરતજ લૅારેન્સને નમન કર્યું અને તે આભાર દર્શક શબ્દો બોલવાની શરૂઆત કરતી હતી એટલામાં કર્નલ રમ્બોલ્ડ એકદમ ઓરડામાં આવ્યો. તેના મુખપર ઉશ્કેરાટ તથા ચિંતાની લાગણી સ્પષ્ટ જણાતી હતી.

" મૅડમ!" ડચેસ તરફ જોઈ કર્નલ ઉતાવળીઆ સ્વરે બોલ્યો.

" તમે ભયમાં છો–તમારાપર જૂલ્મ થાય એમ છે. મેં મારૂં બનતું કર્યું–ઘણો પ્રયત્ન કર્યો–પણ ફોકટ! મારા ઘરમાં એક સ્ત્રીનું અપમાન થાય એ હું પસંદ કરતો નથી. તમે ન્હાસી જાવ–એક મિનિટ પણ ન ગુમાવો—"

" ન્હાસી જાઉં, સાહેબ?" લુઇ બોલી. તેના શબ્દોમાં ગુસ્સો હતો.

" ન્હાસી જાઉં?—"

" હા. મૅડમ! ન્હાસી જાવ. આ ગુસ્સે થવાનો સમય નથી. જાવ–ન્હાસી જાવ. હું તમને વિનવણી કરૂં છું. કૅપ્ટન લી! તમે ડચેસ સાથે જાઓ. ચાલો જલદી! એક પલ પણ ન ગુમાવો—" કર્નલ રમ્બૉલ્ડે કહ્યું.

" એક સ્ત્રી સામે આવો જૂલમ? એ જૂલમગારો કોણ છે?—" લૅારેન્સ ગુસ્સાથી બોલ્યો અને પોતાની કમ્મરે તલવાર ન હોવાથી કર્નલને તેણે કહ્યું.

" મને એક તલવાર આપો—"

" તલવાર આ સમયે નકામી છે સાહેબ! તમે મારી સલાહ માનો–ચાલો, જલદી ચાલો—"

કર્નલના શબ્દોમા એવી લાગણી હતી કે ડચેસ તથા કૅપટન લી બન્ને સમજ્યાં કે કર્નલની સલાહ માનવામાંજ સાર છે.

"કૅપટન ! તમે મારૂં રક્ષણ કરશોને ?"

"હા–હા–તમે શા માટે ડરો છો ?–ચાલો, કર્નલ રમ્ફૉર્ડ !"

"ચાલો–" કર્નલ ત્વરિત વેગે તે રૂમમાંથી બહાર નીકળ્યો. અને કૅપટન તથા ડચેસ તેની પાછળ ગયાં.

તેઓ ગેટ હાઉસની બાજૂમાં એક ઓરડામાં ગયા અને ત્યાં ડચેસ તથા કૅપટનના કાને મોટા મોટા અવાજો તથા ગુસ્સા ભરી બૂમો સંભળાઇ. કર્નલે પોતાના ગજવામાંથી એક કુંચી કાઢી અને એક બારણું ખોલ્યું કે જેમાથી ભોંયરામા ઉતરવાનો રસ્તો હતો.

"ચાલો, ડરો નહિ. કૅપટન લી તમારી સાથે રહેશે." ડચેસ તરફ જોઇ કર્નલ બોલ્યો અને પછી લૉરેન્સના કાનમાં તેણે કંઇ કહ્યું.

"આહ ! એમ છે ?" કૅપટન બોલી ઉઠયો.

"મને પહેલાથી એની ખબર ન્હોતી....ચાલો, જલદી કરો, તમારી જીંદગીનો આધાર હવે અહિંથી ન્હાસી જવા પરજ છે–" છેલ્લા શબ્દો તે ડચેસ તરફ જોઇ બોલ્યો. ડચેસ ભોંયરામાંનું અંધારૂં જોઇ ડરી ગઇ હતી. તે ભયભર્યા સ્વરે બોલી:

"તમે પહેલા જાવ. હું તમારી પાછળ આવીશ."

લૉરેન્સ તરત ભોંયરામાં ઉતર્યો અને ડચેસનો હાથ પકડી તેને પણ નીચે ઉતારી. ભોંયરામા અંધારૂં ઘોર હતું. બન્ને નીચે ઉતર્યા પછી કર્નલે ભોંયરાનું બારણું બંધ કર્યું અને કૅપટન તથા ડચેસ ઘોર અંધકારમાં રહ્યાં !

પ્રકરણ–૬ ઠું.

"નિધર હૉલ."

"નીધર હૉલ" "રાઇહાઉસ કૅસલ"થી એક માઇલ દૂર હતો એ બીના આગલા પ્રકરણો પરથી વાચકની જાણમાં આવી ગઇ છે. લી અને સ્ટોર્ટ નદિના સંગમ નજીક "નીધર હૉલ" આવેલો હતો અને પ્રથમ પ્રકરણમાં જે ભવ્ય કિલ્લાનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે તેને એ ઘણે ભાગે મળતો આવતો હતો. રાઇહા·

ઉસની પેઠે નીધર હૉલની આજુબાજુ પણ મજબુત દિવાલ હતી અને એ દિવાલની બાજુમાંજ ઉંડી ખાઇ હતી. ગેટહાઉસપર બે ટાવરો તથા બે વિચિત્ર કારિગીરીની ચીમનીઓ હતી.

"નીધર હૉલ" સતરમી સદીમાં બ્રાન્ડ નામના પુરૂષના કબ્જામાં હતો. સ્ટુઅર્ટ રાજકુટુંબની ઉન્નતિ માટે તેણે ઘણો ભોગ આપ્યો હતો. "કૉમન વેલ્થ"ના સમયમાં એને બહુ સહન કરવું પડયું હતું; ચાર્લ્સ બીજાના ભાવી પર વિશ્વાસ રાખી એણે ઑલિવર કૉમવેલના ઉન્નતકાલમાં બહુ કંગાળ જીવન ગાળ્યું હતું. પણ સ્ટુઅર્ટ રાજકુટુંબનો સીત્તારો ચમકયો ઑલીવર કૉમવેલની સત્તા ચૂર થઇ ગઇ અને ચાર્લ્સના મસ્તકપર ઇંગ્લંડનો રાજમુકૂટ મૂકાતાં જ વિલિયમ બ્રાન્ડના સંકટોનો અન્ત આવી ગયો. એની સઘળી મિલકત એને પાછી મળી; એટલુંજ નહિ પણ એને પોતાની નીમકહલાલીનો સારો બદલો મળ્યો. ચાર્લ્સ રાજાએ એને નાઇટહુડનો ખિતાબ આપી એનું માન વધાર્યું. રાજાને માટે ઘણાઓએ ભોગ આપ્યો હતો; પણ બ્રાન્ડની સેવાનો બદલો બધા કરતાં વધુ અપાયો હતો. ચાર્લ્સના બીજા મિત્રોને પૈસા આપવાની ઉદારતા તેનામાં ન્હોતી; કારણ કે પોતાની વિલાસ સખીઓને હીરામોતીથી શણગારવા પાછળજ એની તીજોરીનું તળિયું આવી રહેતું હતું.

સર વિલિયમ બ્રાન્ડ ઘણો શ્રીમંત હતો અને માનચાંદ તથા આનંદ વૈભવ કરતાં લક્ષ્મી દેવીપર એની વિશેષ પ્રીતિ હોવાથી પોતાની મિલકતની વ્યવસ્થા કરી તેમાંથી પૈસા મેળવવા પરજ પોતાનું સઘળું ધ્યાન એણે રોકયું હતું અને લંડનમાં ચાર્લ્સના દરબારમાં કોઇ પદવી મેળવવાની દરકાર કરી ન હતી. તે બહુ સાદાઇથી રહેતો. બહુ થોડા મિત્રો સાથે ભળતો અને પોતાની સ્થિતિને માઠું ન લાગે તેટલોજ ખરચ રાખતો. તે કંજુસ ન્હોતો, પણ એની સ્થિતિ પ્રમાણે બહુજ ઓછું ખરચ રાખતો. એના ભત્રિજા કૅપ્ટન લી તરફ એ ઘણો ઉદાર હતો અને તે સારી રીતે રહી શકે તે માટે એ તેને જોઇએ તેટલા પૈસા આપવાને સહેજ પણ કચવાતો નહિ. એની મિલકતમાં રહેતા ભાડૂતો તથા નોકરોને સર વિલયમ તરફ પૂજ્યભાવ ન્હોતો કારણ કે ભાડુ ઉઘરાવવામાં એ ઘણો કડક હતો તેમજ નોકરો તરફનું એનું વર્તન પણ સખત હતું. આથી એને ત્યાં કોઇ નોકર એક કે બે વરસથી વધુ ટકતો નહિ. ફક્ત એનો કારભારી અને તેની પતિ–

મિ૦ અને મિસીસ ગ્રીમસ્ટેડ-વિચિત્ર સંયોગોમાં એની નોકરીને વળગી રહ્યાં હતાં અને ઘણા લાંબા સમયથી સર વિલિયમની સેવા બજાવતાં હતાં.

રૉયલીસ્ટોની પડતીના સમયમાં સર વિલિયમને ઈંગ્લંડનો કિનારો છોડી જવો પડયો હતો; પણ ૧૬૬૦ માં-આ કથાના આરંભની બાવીસ વર્ષ પહેલાં-રાજાની સત્તાનો પુનરૂદ્ધાર થવાથી તે પોતાના દેશમાં પોતાની પત્ની તથા બાલક લૉરેન્સને લઇ આવ્યો. મિ૦ અને મિસીસ ગ્રીમસ્ટેડ એ સમયે પણ એની સાથેજ હતાં. ત્યારથી એ " નીધર હૉલ "નો સ્વામી થયો; તે સમયે લોકવાયકા એવી ચાલતી હતી કે સર અને લેડી બ્રાન્ડ સુખમય-પ્રેમમય જીવન ગાળતાં નથી. કેટલાકો લેડી બ્રાન્ડના ચારિત્ર્ય પર દોષ મૂકતા હતા અને કોઇ કોઇ લેડી બ્રાન્ડને બેવફા પત્નિ તરિકે ઓળખાવતા હતા. વાત એટલે સુધી વધી પડી હતી કે ફૅબીયન પર્સી નામનો એક સુન્દર યુવાન લેડી બ્રાન્ડનો પ્રેમી કહેવાતો હતો. લેડી બ્રાન્ડ પરપુરૂષ સાથે જેટલું હસવું જોઇએ તેના કરતાં આ યુવાન સાથે વધુ હસતી હતી. ત્યાર પછી લોકોમાં એવો ઘુમાટો ઉડયો હતો કે સર વિલિયમની પોતાની પત્નિની બેવફાઇ માટે ખાત્રી થઇ હતી અને ફૅબીયન પર્સી પોતાનું તથા લેડી બ્રાન્ડનું પાપ પ્રકટ થઇ જવાથી સર વિલિયમથી ડરી એકાએક ન્હાસી ગયો હતો. આ વાત ઘણા મનુષ્યોમાં તે સમયે ચર્ચાઇ હતી અને " કિંગ્સ આર્મસ "ના માલીક તથા તેની પત્ની તો તે સમયે એજ બનાવની પાછળ ખાઇ પીને લાગ્યાં હતાં. મિસીસ શેપર્ડ પોતાના ગ્રાહકોને રસ લઇ લઇને કહેતી કે ફેબીયન પર્સીના ન્હાસી જવા પછી લેડી બ્રાન્ડનું હૃદય ચીરાઇ ગયું હતું-તેણી શોકસાગરમાં ડૂબી ગઈ હતી અને ફેબીયન પર્સીનો વિયોગ અસહ્ય થઇ પડવાથી તે તેના વિયોગ પછી બે એક વર્ષે ભાગેલા હૃદયે મરણ પામી હતી. આ ચર્ચા હવે તો બહુ જૂની થઇ ગઈ હતી અને ખાસ સંજોગો સિવાય હવે કોઇ તેને યાદ કરતું ન હતું.

સર વિલિયમ બ્રાન્ડનું વય હમણાં સાઠ વર્ષનું હતું. તે ઉંચો અને પાતળો હતો. એનું વર્તન ઉદાસિન અને દેખાવ શોક દર્શક હતો; છતાં બારિકીથી જોનારને એનામાં કોઇક ભયંકર જુસ્સો સમાયલો છે એવું જણાતું. બહારથી શાંત-કુંજરો જેવો જણાતો સર વિલિયમ અંદરથી વિકારી, સ્વાર્થી અને દયાહીન હતો. એનામાં ઉદારતાનું

નામ ન્હોતું. એના વિચારો સાત પાણીથી ધોયલા કોલસા જેવા હતા અને એની આંખોમાં એક જાતની ભયપ્રદ ખુન્નસતા બારિકીથી જોતાં જણાતી. "નીધર હૉલ" ના માલિક સર વિલિયમનું હૃદય કંઇ કંઈ કાળાં ભેદોથી ભરેલું હતું !

સન્ધ્યા કાલે છ વાગે "રાઇહાઉસ" ની નજીક ડચેસની ગાડી અકસ્માતથી ભાગી હતી. તે સમયે સર વિલિયમ એક ન્હાની ઓરડીમાં બેઠો બેઠો કેટલાક કાગળો તપાસતો હતો. દરેક કાગળ પર ખાનાં પાડી આંકડા લખવામાં આવ્યાં હતાં અર્થાત કે સર વિલિયમ પોતાનો આવક જાવકનો હિસાબ ધ્યાનથી જોતો હતો. એ જે ઓરડીમાં બેઠો બેઠો પાઉંડ, શીલીંગ ને પેન્સ ગણી રહ્યો હતો તેનો દેખાવ પણ અણગમો ઉપજાવે એવો હતો. તેની બારી પર ભારે પરદા નાખી મૂકેલા હોવાથી સૂર્યનાં તેજસ્વી કિરણો આ ઓરડીમાં પ્રવેશ કરી શકતાં નહિ. તેમાંનું ફરનીચર કાળા લાકડાનું હતું અને તેથી રૂમ સહેજ બીહામણો લાગતો; પણ સર વિલિયમને ઓરડાના દેખાવ સાથે કંઇ કામ ન્હોતું. તેને બસ પૈસા-પૈસા ને પૈસાનીજ હાય હાય હતી. સર સાહેબ પોતે જે કપડામાં સજ્જ થયા હતા તે બહુ જૂનાં અને કાઢી નાખવા જેવાં હતાં. એના શરીર પર જરઝવેરાતનું નામ ન્હોતું અને માથાના વાળ પાછળ પણ વધુ ખર્ચ કરવાની એમને જરૂર લાગતી ન્હોતી.

સર બાન્ડ એક કાગળ પર લાઇન દોરી આંકડા મુકવાની તૈયારીમાં હતો એટલામાં તેનો જૂનો નોકર ગ્રીમસ્ટેડ ઓરડામાં દાખલ થયો. શેઠના કરતાં નોકરે ચાર વર્ષ વધુ આ દુનિયામાં ગાળ્યાં હતાં. એ પોતાના શેઠના જેવોજ પાતળો પણ તેના કરતાં ઘણો ઠીંગણો હતો. એની ચાલવાની રીત બીલાડીના જેવી હોવાથી બીલકુલ અવાજ થતો નહિ. એના વાળ તદ્દન સફેદ થઇ ગયા હતા અને એના મુખપર-એની આંખોમાં લુચ્ચાઇ તરવરતી હતી.

"શું છે, ગ્રીમસ્ટેડ ?" સર વિલિયમે પૂછ્યું.

"એક માણસ તમને મળવા આવ્યો છે, સાહેબ !"

"કોણ છે ?"

"મિ૦ રમ્બોલ્ડ-અરે ! કર્નલ રમ્બોલ્ડ-કારણ કે તે પોતાને કર્નલ તરિકે ઓળખાવે છે. તે રાઇહાઉસથી મારતે ઘોડે અહિં આવ્યો છે અને તમારી સાથે અતિ અગત્યની વાત કરવા માંગે છે-"

" એમ ! ત્યારે હું ધારૂં છું કે એને ખબર પડી ગઇ હશે-" સર બ્રાન્ડ મનમાં બબડયો. પછી તેણે નોકરને કહ્યું.

" વેલ, ગ્રીમસ્ટેડ તેમને અહિં આવવા દે. "

" હું ન્હોતો ધારતો કે આપણા હડહડતા દુશ્મનને તમે મળવાનું કબુલ કરશો. " રાઇહાઉસ " માં કર્નલની છોકરી સિવાય કંઇજ સારૂં નથી, સાહેબ ! આહ ! પણ એની છોકરી ! મારા સમ ! સાહેબ ! મેં અત્યાર સુધી એવી રૂપાળી કન્યા જોઇ નથી. જો એ કોઇ રૅાયલીસ્ટને ત્યાં જન્મી હોત તો એના સૌન્દર્યની ખરી કદર થાત, મેં એને થોડાક દિવસ પર જોઇ ત્યારે મારૂં તો મગજ જ ભમી ગયું-" ગ્રીમસ્ટેટ બોલ્યો.

" એમ છે ?......મેં એ છોકરીને ઘણા વરસથી જોઇ નથી. જા-જલ્દી તેના બાપને અહિં લઇ આવ-" સર બ્રાન્ડે આંખો ચમકાવતાં કહ્યું.

ગ્રીમસ્ટેડ ઓરડીમાંથી બહાર ગયો અને સર બ્રાન્ડે હિસાબના કાગળોમાંથી એક કાગળની ઘણી ઉતાવળથી શોધ કરવા માંડી અને તે કાગળ મળતાં તેણે તેને બધા કાગળોની ઉપર રાખી કર્નલની રાહ જોવા માંડી.

બારણું પાછું ઉઘડયું અને ગ્રીમસ્ટેડે જાણી જોઇ કર્નલ રમ્બોલ્ડનું અપમાન કરવા તેનું નામ જાહેર કરતી વેળા કર્નલ ન કહેતાં મિ૦ રમ્બોલ્ડ કહ્યું.

કર્નલ રૅાયલીસ્ટના મહેલમાં પોતાનું અપમાન જાણી જોઇને કરવામાં આવ્યું છે તે સમજી ગયો અને તેણે ગ્રીમસ્ટેડ તરફ કરડી આંખોએ જોયું. પછી સ્થિર અને દમામભરી ચાલે તે સર બ્રાન્ડ પાસે જઇ આવેશભર્યા સ્વરે બોલ્યો.

" હું તમારી સાથે એકાંતમાં વાત કરવા માગું છું. "

ગ્રીમસ્ટેડ બારણા આગળ ઉભો ઉભો વાત સાંભળવા માગતો હતો તેની આશા કર્નલના શબ્દોથી ભ્રષ્ટ થઇ. સર વિલિયમે તેને ત્યાંથી ચાલી જવાની ઇસારત કરી અને ગ્રીમસ્ટેડ બબડતો બબડતો ચાલી ગયો.

" સર વિલિયમ બ્રાન્ડ ! " કર્નલ રમ્બોલ્ડે સર બ્રાન્ડને નમન કર્યા વિનાજ વાતની શરૂઆત કરી.

" તમે મારા અચાનક આગમનથી ખરેખર અજબ થયા હશો."

" જરા પણ નહિ. મારી ખાત્રી થઇ ગઇ છે કે તમે મારા વકીલ પારટ્રીજ દ્વારા બધી વાત સાંભળી હશે. " સર વિલિયમે ઠંડે કલેજે જવાબ આપ્યો.

" કંઇ પણ નહિ. " વકીલનું નામ સાંભળી કર્નલ પોતાને ઉપજેલી અજાયબી દબાવી બોલ્યો.

"મને તમારા વકીલે કંઇજ કહ્યું નથી. હું હમણાં બીજા કામ માટે આવ્યો છું. તમારો ભત્રીજો રાઇહાઉસમાંથી એક સુન્દરીને લઇ આ તરફ આવે છે–"

" મારો ભત્રીજો " રાઇહાઉસ " માં ? " સર વિલિયમની શાંતિ એકદમ ઉડી ગઇ. તેણે અજાયબી અને ઉશ્કેરાટથી ઉપલો પ્રશ્ન પૂછ્યો.

" આપણે અહિં વાતો કરીએ છીએ ત્યારે કદાચ તેઓ છૂપા ભોંયરાના દ્વાર આગળ આતુરતાથી તમારી રાહ જોતાં ઉભાં હશે." કર્નલે કહ્યું.

" સ્પષ્ટ ખુલાસો કરો સાહેબ ! સંપૂર્ણ હકીકત સાંભળ્યા વિના હું આ જગ્યાએથી એક ડગલું પણ ખસવાનો નથી. " સરવિલિયમ દૃઢ નિશ્ચય પર જેમ તેમ આવી બોલ્યો.

" જેવી તમારી મરજી. " કર્નલે કહ્યું.

"પણ તમને મેં ચેતાવ્યા છે, સાહેબ ! તમારા ભત્રિજા કૅપટન લી સાથે એક શ્રીમંત સ્ત્રી અંધારા ભોંયરામાંથી રસ્તો કાપી નીધર હૉલમાં આવે છે. માટે જો તેને ભૂતખાના જેવા ભોંયરામાં ભય લાગશે અથવા કંઇ અગવડ ભોગવવી પડશે તો તેની જોખમદારી હવે મારા પર નથી–" આટલું કહી કર્નલ ઠંડે પેટે સર બ્રાન્ડના તરફ તીક્ષ્ણ નજર નાખતો ખુરશી પર બેઠો.

" આગળ ચાલો, સાહેબ ! તમારી વાત પૂરી કરો–" સર બ્રાન્ડ કંઇક ગુંચવાઇ, આતુરતાથી બોલ્યો.

" તમે જાણતા હશો કે મારા ઘર નજીક હમણા એક ગાડી ઉંધી વળી ગઇ હતી. તમારો ભત્રીજો અકસ્માતની જગ્યાની પાસેજ હોવાથી મદદે ગયો. ગાડીમાં એક ઉચ્ચ કુટુંબની સ્ત્રી હતી અને તેને તમારા ભત્રીજાએ યોગ્ય સહાય આપી. જો એ સ્ત્રીએ પોતાની પવિત્રતા જાળવી હોત તો હું પણ તેનો પૂજ્ય ભાવથી સત્કાર કરતઃ ગમે એમ હો પણ કૅપટન લી જ્યારે તેને લઇ મારે ત્યાં આવ્યા ત્યારે

મારે મારી શક્તિ અનુસાર તેની પરોણાગત કરવી પડી. તે સ્ત્રીને જોઇ મારા નોકરો તથા આજુબાજુના રહીશો બહુ ખીજવાયા; કારણ કે તેમને તે બાઇ તરફ માન ન્હોતું. કમનસિબે એ ક્રોધની લાગણી ભયંકર રીતે વધી ગઇ અને તેને "રાઇહાઉસ"ની ખાઇમાં નાખી દેવા બધા તૈયાર થયા. મેં તેમને સમજાવવા–શાંત કરવા ઘણી કોશેષ કીધી. પણ ફોકટ—"

"પણ એ સ્ત્રી–તે કોણ છે?" સર બ્રાન્ડ તે સ્ત્રી રાજાની કોઇ માનીતી વિલાસ સખી હશેજ એવી કર્નલની વાતપરથી ખાત્રી થતાં બોલ્યો.

"હવે હુ મારી વાત મારી રીત પ્રમાણેજ કહીશ. સાહેબ! તમેજ મને કહ્યું હતું કે, સંપૂર્ણ હકિકત સાંભળ્યા વિના તમે આ જગ્યાએથી એક ડગલું પણ ખસવાના નથી—"

કર્નલ સર વિલિયમની આતુરતા જોઇ મુછમાં હસતો બોલ્યો.

"વારૂ સાહેબ! જેવી તમારી મરજી–" સર બ્રાન્ડે કહ્યું.

"તે સ્ત્રી તથા તમારા ભત્રીજા કૅપટન લી મારા ઘરમાં હતાં. તે સમયે બહારથી મારા નોકરો તથા મજુરો બૂમા બૂમ કરી તોફાન મચાવી રહ્યાં હતાં. હુ તેમને શાંત કરી શકું એમ મને લાગ્યું નહિ. તેથી "નીધર હૉલ" અને "રાઇહાઉસ" વચ્ચેના છૂપા માર્ગનો ઉપયોગ કરી તે સુન્દરીનો જીવ બચાવવાનો મેં વિચાર કર્યો. મેં તેને તથા કૅપટન લીને મારી સાથે આવવાનું કહ્યું. મેં કૅપટનને જ્યારે એ ભોંયરાની વાત કરી ત્યારે તે ઘણા અજબ થયા. તેમને અત્યાર સુધી એ છૂપા ભોંયરાની હસ્તીની ખબર ન હતી. તરતજ તે ભોંયરામાં ઉતર્યા. પેલી બાઇને પોતાનો હાથ આપી અંદર લીધી અને હમણાં હુ ધારૂં છું કે તેઓ ભોંયરાના નાકાપર આવી પહોંચ્યા હશે. તેમને ભોંયરામાં ઉતારી હુ અંદર ગયો અને તે બાઇ "રાઇહાઉસ"માં નથી એવી મજુરોને ખબર આપી. તેઓ આમથી તેમ તપાસ કરવા લાગ્યા પણ તેમનું કંઇ વળ્યું નહિ. એવામાં એક જણે કહ્યું કે તે પાછલે રસ્તે ગુપચુપ કોઇની મદદથી ખાઇ ઓળંગી ન્હાસી ગઇ હશે. આ વાતને મેં પણ ટેકો આપ્યો અને બધા મજુરો આમથી તેમ દોડાદોડ કરવા લાગ્યા. તેઓમાંના કોઇને પણ તે બાઇ તદ્દન સલામત રસ્તે નીધર હૉલ તરફ જતી હતી તેની શંકા પણ આવી

નહિ. બસ, સાહેબ! મારી વાત પુરી થઇ. મેં મારી ફરજ બજાવી છે. હવે તમારે જોઇએ તેમ કરો—"

"પણ મી. રમ્બોલ્ડ! તે સ્ત્રીનું નામ કૃપા કરી જણાવશો?" સર બ્રાન્ડ અત્યાતુરતાથી બોલ્યો.

"ડચેસ ઑફ પોર્ટસમથ!"

"આહ! ડચેસ ઑફ પોર્ટસમથ! રાજાની માનીતી સખી!" સર બ્રાન્ડ અજાયબીમાં ગરકાવ થઇ બોલ્યો. તરતજ તેણે બધા કાગળો ખાનામાં નાખી, તેને કુંચી દીધી અને ભોંયરાના બારણાની ચાવી લઇ તે તે ઓરડો છોડી જતો હતો એટલામાં તેને કંઇ યાદ આવવાથી તે કર્નલ રમ્બોલ્ડ પાસે આવી બોલ્યો:

"મી. રમ્બોલ્ડ! મારે તમારી સાથે થોડીક અગત્યની વાત કરવાની છે. માટે મહેરબાની કરી હું પાછો આવું ત્યાં સુધી અહિં થોભશો?"

"હા." કર્નલે શાંતિથી જવાબ આપ્યો અને સર વિલિયમ બ્રાન્ડ બનતી ઉતાવળે ભોંયરા તરફ ગયો.

પ્રકરણ ૭ મું.

ભોંયરામાં.

"નીધર હૉલ" અને "રાઇહાઉસ" વચ્ચે એક માઇલનું છેટું હતું; એટલે "રાઇહાઉસ"થી "નીધર હૉલ"માં જવાનું ભયંકર ભોયરૂં પણ તેટલુંજ લાંબુ હતું. એવા અંધારા ભોંયરામાં એક માઇલ ચાલીને જવું એ ડચેસને અશક્ય લાગ્યું. વળી તેમાંનું ઘોર અંધારૂં જોઇ તેની છાતી ધડક ધડક થવા લાગી. ભોંયરામાં સહેજ પણ અજવાળું ન્હોતું. ડચેસને કે કૅપ્ટન લૉરેન્સને કંઇ પણ દેખાતું ન હતું. જે દાદરપરથી ભોંયરામાં ઉતરાતું હતું તેના છેલ્લા પગથિયાં પર આવ્યા પછી કૅપ્ટનને લાગ્યું કે ભોંયરૂં ચાર માણસ ચાલી શકે તેટલું પહોળું તથા તેની ઉંચાઇનો માણસ સહેલાઇથી ઉભો રહી શકે એટલું ઉંચું હતું. આ ભોંયરાનું અસ્તિત્વ લૉરેન્સની જાણમાં આજેજ આવ્યું. નીધર હૉલ તથા રાઇહાઉસના માલિકો પોતાના વારસોનેજ આ

ગુપ્ત વાતથી જાણીતા કરતા હતા. એ ભેદ તેઓ એક કાગળમાં લખી તે પોતાના મરણ પછી ફોડવાની પોતાના વારસોને આજ્ઞા કરતા. આથી એ ભેદની બન્ને કિલ્લાઓના માલીકોના કુટુંબનેજ ખબર હતી. કર્નલ રમ્બોલ્ડે જ્યારે "રાઇહાઉસ" પટે રાખ્યું ત્યારે એને આ ભેદની ખબર પડી. એણે એની પત્નિ તથા પુત્રીને પણ એ વાત જણાવી હતી. બીજી બાજુ સર વિલિયમ બ્રાન્ડ એકલોજ આ વાત જાણતો હતો. તેણે લૉરેન્સને કદિ પણ એ સંબંધી કંઈ વાત કરી ન્હોતી. આથી કર્નલ રમ્બોલ્ડે જ્યારે બારણું બંધ કરવા પહેલાં કૅપટનના કાનમાં થોડાક શબ્દો કહ્યા ત્યારે એની અજાયબીનો પાર રહ્યો નહિ.

હવે કૅપટન તથા ડચેસ ભોંયરામાં એકલાં રહ્યાં, સર્વત્ર ભયંકર અંધકાર છવાયલો હતો, પ્રકાશનું નામજ ન્હોતું. ગમે એવી કઠણ છાતીનો મનુષ્ય પણ એકવાર ડરી જાય એવું આ સ્થલ ભયંકર હતું; પણ લૉરેન્સની હિમ્મત અથાગ હતી. એને કશાયનો ડર ન્હોતો, તેથી એ ડચેસને પોતાના હાથપર આધાર આપી નીડરપણે ઉભો હતો. ડચેસની સ્થિતિ વિચિત્ર થઇ ગઇ હતી. ઘોર અંધકાર જોતાંજ એ તો જાણે જીવતી મરી ગઈ હોય તેમ ભયથી થરથર ધ્રુજવા લાગી. એની છાતી ભયથી ધડક ધડક થવા લાગી. અનેક ભયંકર વિચારો એના ભયંકર હૃદયમાંથી પસાર થવા લાગ્યા. એક એક ભોંયરાનો ઉપલો ભાગ તૂટી પડે તો પોતાની શી હાલત થાય? ભોંયરામાંના ઝેરી જંતુઓ કદિ તેણીને કરડે તો? કોઇ જગ્યાએથી ભોંયરૂં પૂરાઇ ગયું હશે તો? કર્નલ રમ્બોલ્ડ સર વિલિયમને જઇ નીધરહૉલમાં છૂટતું ભોંયરાનું બારણું ન ઉઘડાવે તો? એવા એવા અનેક ભયંકર પ્રશ્નો એ એના હૃદયને પૂછતી હતી. એને જ્યારે સંતોષકારક જવાબ એના હૃદય તરફથી ન મળતો ત્યારે એ કરૂણ-ભયભર્યા સ્વરે લૉરેન્સને પૂછતી: લૉરેન્સ એને હિમ્મત આપતો. પણ ડચેસ બહુજ ડરી ગઇ હતી. તેણે જેમ તેમ પોતાની હિમ્મત ટકાવી રાખવાનો પ્રયાસ કરવા માંડયો. જો આ સમયે તેનું મ્હો જોઇ શકાય એમ હોત તો લૉરેન્સને તેણીના વદનપર ભયની-ત્રાસની સ્પષ્ટ છાયા માલુમ પડત. પલે પલે એના વિચાર-એની ભયંકર કલ્પના બદલાતી અને તેમ તેમ એના મુખ પરના ભાવો પર પણ ફેરફાર થતો.

અંતે લૉરેન્સના હિમ્મતભર્યા શબ્દોએ એને કંઈક શાંતિ આપી. તરતજ એની અશાન્તિનો ધીમે ધીમે લોપ થવા માંડ્યો અને અલ્પ સમયમાં એ પાછી હતી તેવી થઈ ગઈ. એની બ્હીક, એની ભયાનક કલ્પના બધું પળવારમાં ન્હાસી ગયું. એ લૉરેન્સના હાથપર આધાર લઈને ચાલતી હતી. લૉરેન્સની યુવાની-તેનો સુદૃઢ બાંધો અને તેનું આકર્ષક વદન, ડચેસની આંખોમાં ખૂંચ્યાં હતાં. ડચેસનું હૃદય લૉરેન્સની યુવાનીએ ખળભળાવી નાખ્યું હતું. એ સુન્દર યુવાન સાથે આમ એકાએક એકાંતમાં રહેવાનો પ્રસંગ મળ્યો તે માટે હવે એ મલકાવા લાગી. આવા એકાંત રસ્તેથી કર્નલ રમ્બોલ્ડે તેમને મોકલ્યા તે માટે કર્નલનો મનમાં ને મનમાં આભાર માનવા લાગી. લૉરેન્સની સુન્દરતાએ એના હૃદયમાં વિકાર ઉત્પન્ન કર્યો હતો. એ પોતાને પડખે ચાલનાર યુવાનની ગોદમાં દબાવા માગતી હતી. એના સુન્દર-અમૃતપૂર્ણ ગણાતા ઓષ્ઠો લૉરેન્સને વ્હાલથી ચુમ્બન કરવા આતુર બન્યાં હતાં. આથી લૉરેન્સના હાથપર જેટલો ભાર મૂકવો જોઇએ તે કરતાં એ જાણી જોઈ વધુ ભાર મૂકતી હતી. એની ખાત્રી હતી કે એની પ્રીતિ મેળવવા દેવો પણ વલખાં મારે તો પછી લૉરેન્સ શું હિસાબમાં ? એની પ્રીતિ ભાગ્યશાલીઓનાજ નસિબમાં લખાઈ છે એવી એની પ્રબલ માન્યતા હતી. એ માન્યતાના વિશ્વાસપર એ લૉરેન્સને પોતાના પ્રેમપિંજરમાં પુરવા માગતી હતી અને તેની શરૂઆતના પાસા એ હમણાં ફેંકતી હતી.

બન્ને હવે ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યાં. ચાલતી વખતે ડચેસે મદનના તીવ્ર શરોથી વીંધાઈ બેબાકળી બનતી પિયુઘેલી પ્રેમદાના જેવા ચાળા શરૂ કર્યા હતા.

"કૅપ્ટન લી ?" તેણી પોતાના મીઠા સ્વરથી પોતાના સાથી પર પોતાનું જાદુ જમાવવાના વિચારથી બોલી.

"આ ઘટના કેવી અજાયબીભરી છે ?"

"ઘણીજ." કૅપ્ટને જવાબ આપવો જોઈએ તે માટેજ ધીમેથી કહ્યું.

"ખરેખર, બહુજ અજાયબીની વાત છે-" ડચેસ પુનઃ બોલવા લાગી.

"જુઓ તો ખરા ! કૅપ્ટન ! મારી ગાડીને અચાનક નડવો, તમારૂં અચાનક આગમન, રાઇહાઉસની મુલાકાત, અને વળી કર્નલ

રમ્બોલ્ડના નોકરોની હીચકારી વર્તણુક! કેવી અજાયબી? પણ કૅપટન! જો આ ભોંયરૂં આટલું ભયંકર ન હોય તો આમ ચાલવા-માંય નવીન મઝા છે હો!–" છેલ્લું વાક્ય બોલી ડચેસ બે પલ મૌન રહી. લૉરેન્સ એની મઝા શામાં સમાયલી હતી તે સમજ્યો પણ એણે મૌન રહેવામાંજ ડહાપણ જોયું.

"કૅપટન! એક વખત મારા ફ્રેંચ રસોઇયાએ ભોજન બગાડી નાખ્યું; અલબત્ત, પ્રથમ મને તેનાપર ગુસ્સો ચડયોઃ પણ પછી મેં મનમાં તેનો આભાર માન્યો, કારણ કે બેસ્વાદ ભોજન ખાવામાં પણ નવીનતાભરી મીઠાશ હોય છે. તેમ આજે જો કે આ ભોંયરામાં પગે ચાલતાં હું થાકી જઇશ તોપણ એમાં કંઇક નવીનતા છે એટલે મને આનંદ થશે; પણ તમે કંઇ બોલતા કેમ નથી? કૅપટન લી! કર્નલ રમ્બોલ્ડ નવાઇ જેવા માણુસ છે. જો કે એનો દેખાવ પસંદ કરવા જોગ નથી, એના વિચાર હું ધિક્કારૂં છું. છતાં એ માણુસમાં કંઇક ભલાઇ છે. એનું મારા તરફનું વર્તન અસભ્ય પણ માનભર્યું હતું. હશે—" આ સમયે ડચેસે કૅપટનના હાથ પર જરા વધુ ભાર નાખ્યો.

"અને એની પત્નિ! ગરિબ બિચારી! રાંકડી બકરી જેવી એ પોતાના પતિની આજ્ઞાને શરણુ થાય છે. એની છોકરીનું નામ શું?...રૂથ! હા–એ ઠીક છે–એનો દેખાવ પણુ સાધારણુ સારો છે, એના પિતાએ આજે મારી જે સેવા બજાવી છે તેના બદલામાં એ રૂથને મારી દાસી બનાવવાનો મારો વિચાર છે—"

લુઇના અભિમાની હૃદયમાંથી નીકળેલા છેલ્લા શબ્દોએ લૉરે-ન્સનું હૃદય જખમી કર્યું. તે મનમાં ડચેસપર ઘણો ગુસ્સે થયો પણ બહારથી શાંત રહી બોલ્યો.

"તમે ભુલી જાઓ છો, શ્રીમતી! કે કર્નલ રમ્બોલ્ડ લશ્કરી ઑફિસર હતા—"

"અને તેથી રૂથ મારી દાસી થવાનું કબુલ કરશે નહિ એમ? ઠીક ત્યારેઃ એ માન હું તેણીને આપવાનો વિચાર માંડી વાળીશ. કૅપ-ટન લી! તમે કર્નલ તથા તેના કુટુંબને કયારથી ઓળખો છો? હું ધારૂં છું કે તમે કર્નલના ગાઢ મિત્ર તો ન હો!—"

"રાઇહાઊસમાં મેં આજે પહેલ વહેલો પગ મૂકયો. અમે એક બીજાની નજીક રહેતા હોવાથી હું કર્નલના કુટુંબને દસ બાર વરસથી

ઓળખું છું......" કૅપ્ટન લી બોલ્યો.

"તમે ન્હાનપણથીજ નીધરહૅાલમાં રહો છો ખરું ?"

"જી, હા. રાજસત્તાના ઉદય પછી મારા કાકા ફ્રાન્સથી પાછા ઈંગ્લંડ આવ્યા ત્યારે હું તદ્દન નાદાન હતો. ત્યારથી હું નીધરહૅાલમાં ઉછર્યો છું—"

"એ...ને તમારા કાકા સર વિલિયમ બ્રાન્ડ! તમે મને એ નામ કહ્યું છે. પણ તમારી કાકી—"

"મારી કાકી આજથી પંદરેક વર્ષ પહેલાં ગુજરી ગઇ હતી. મારા કાકા નામદાર મહારાજાના વફાદાર નોકર ગણાય છે અને નામદાર શહેનશાહે તેમને નાઇટહુડનો ખિતાબ આપ્યો છે—" કૅપ્ટન લી બોલ્યો.

"તમે લંડન તો વારંવાર આવતા હશો, કૅપ્ટન લી! હવેથી જો લંડન આવો તો મારે મહેલે જરૂર આવજો. હું તમારૂં સ્વાગત કરવામાં આનંદ માનીશ—" ડચેસ લૅારેન્સ પ્રતિના મોહના આવેશમાં બોલી.

"હું તમારો આભાર માનું છું તમારા માનભર્યા આમંત્રણ માટે; પણ હું જવલ્લેજ લંડન આવું છું.

હવે ઉભય વચ્ચે મૌન છવાયું. ડચેસે લૅારેન્સને પોતાના મોહ-પાશમાં સપડાવવા એક વિકારી–મોહલુબ્ધ લલના જેટલા પ્રયાસ કરી શકે તેટલા પ્રયાસ કર્યા. મૌન છવાયા પછી ડચેસે લૅારેન્સના હાથ પર જોઇએ તે કરતાં વધુ ભાર નાખ્યો. લૅારેન્સ તે સમજી ગયો. ડચેસ એની છાતીમાં શમાવા આતુર થઇ ગઇ હતી. પણ લૅારેન્સના પવિત્ર હૃદયપર આ કામમસ્ત સુન્દરીના ચાળાની કશી અસર થઇ નહિ. ડચેસ ઝંખવાણી પડી–ગુસ્સે થઇ–એનું અભિમાન જખમાયું. લૅારેન્સે જો કે તેના આમંત્રણનો સ્પષ્ટ અસ્વિકાર કર્યો ન્હોતો પણ તેનો જવાબ ડચેસની આશાને સહેજ પણ પુષ્ટિ આપે તેવો ન્હોતો. એની આશાવેલી કરમાવા લાગી. એ એના મનમાં એવો ફાંકો રાખતી હતી કે ઇંગ્લંડનો શહેનશાહ જેમ એના હાથમાં રમે છે તેમ એની આંખો જેના તરફ ઠરે તે બધા એના સૌન્દર્યને વશ થઇ, એની આંખોના જાદુથી અંજાવા જોઇએ; પણ લૅારેન્સના સંયમી–પવિત્ર–અને દૃઢ હૃદયે એના મદનપીડિત હૃદયને પોતાની સાથે વ્હાલથી દાબ્યું નહિ. આથી એના મનમાં કૅપ્ટન અરસિક–મૂર્ખો મનાયો પણ એના

અભિપ્રાયની અમારા નાયકને દરકાર ન્હોતી. કૅપ્ટન અને ડચેસ ધીમે ધીમે ભોંયરામાં આગે કાપતાં હતાં. ઉભયમાંથી કોઇપણ કંઇ બોલતું ન્હોતું. અંતે ડચેસ હારી. પોતાના વર્તનથી લૉરેન્સ પોતાની માનસિક વ્યથા સમજી ગયો હશે એમ એને લાગ્યું. તેથી એ કલ્પના કૅપ્ટનના હૃદયમાંથી કાઢી નાખવાના ઉદ્દેશથી એ બોલી.

"એમ! ત્યારે તમે લંડન ક્વચિતજ આવો છો ખરૂં! ઠીક છે. હું તમને ત્યાં આવવાની ખાસ ફરજ પાડીશ. જ્યારે હું લંડન જઇશ ત્યારે નામદાર મહારાજા તથા ત્યાંના ઉમરાવોને આનંદ થાય તે માટે એક મેળાવડો કરીશ. તે સમયે તમને પણ આમંત્રણ કરવામાં આવશે: તમારા શાહેનશાહને નમન કરવાથી તમને આનંદ મળશે; એટલુંજ નહિ પણ એ આમંત્રણને માન આપવાની તમારી ફરજ ગણાશે.........બોલો, કૅપ્ટન, આપણે આ ભોંયરાને નાકે ક્યારે જઇ પહોંચીશું?—"

"આપણે હવે બહુ દૂર જવાનું નહિ હોય. જરા ધીમે ચાલો—નહિ તો આપણે નીધર હૉલમાં પ્રવેશતા દ્વારપર પહોંચવાના દાદર સાથે અથડાઇ પડીશું—"

"પણ કૅપ્ટન! તમે નાનપણથી નીધર હૉલમાં રહો છો છતાં આ ભોંયરા વિષે કંઇ જાણતા નથી?"

"નહિ, શ્રીમતી! મારા કાકાએ મને કદિ પણ એ વિષે વાત કરી નથી. એ વાત છુપી રાખવામાં મારા કાકાનો કંઇ હેતુ હશે. પણ હવે મને લાગે છે કે અમારા કમ્પાઉન્ડમાં એક મકાન ઘણા વખતથી બીલકુલ વપરાશમાં નથી. તે મકાનમાં આ ભોંયરૂં ફુટતું હોવું જોઇએ...આહ પણ આ જુઓ! દાદર આવી રહ્યો—"

ડચેસ અને લૉરેન્સ ઉભાં રહ્યાં કારણકે ભોંયરાનો હવે અંત આવ્યો હતો. તેઓએ કાન દઇ સાંભળ્યું પણ કંઇ અવાજ સંભળાયો નહિ. અજવાળાનું એક પણ કિરણ ત્યાં આવી શકે એમ હતું નહિ. ડચેસ તથા લૉરેન્સને ભોંયરામાંથી ઘરમાં લેવા માટે બારણું ઉઘાડવા કોઇ આવેલું હોય એમ જણાતું ન્હોતું.

"હું આ દાદરપર જઇ પગથિયા તમારાથી ચઢાય એવાં છે કે નહિ તેની તપાસ કરી આવું—"

"નહિ. નહિ. કૅપ્ટન! મને એકલી ના છોડી જતા—" ડચેસ ગભરાઇને બોલી.

"કર્નલ રમ્બોલ્ડે આપણને ફસાવીને કેદ તો ન પૂર્યા હોય, કૅપ્ટન !—"

"નહિ. હું કસમથી કહું છું કે કર્નલ એવું હીચકારૂં કામ કદિ પણ કરે નહિ."

"અરે ! પણ જુઓ—આ અવાજ શાનો છે ?"

"કોઇ જીવજંતુનો એ અવાજ છે. ગભરાઓ ના. જુઓ, એ અવાજ બંધ થઇ ગયો. આપણે એક માઇલ ચાલી આવ્યાં. પણ આપણને કંઇ પણ ઇજા થઇ નથી. શાંત થાઓ."

પુનઃ મૌન છવાયું. તે અંધારા ભોંયરામાં તદ્દન શાંતિ હતી. ડચેસની ભયકમ્પિત છાતીના ધબકારા સિવાય કંઇપણ અવાજ સંભળાતો નથી. કંઇ કંઇ તર્ક વિતર્ક તેના ભયભિત હ્રદયમાં થતાં હતાં. કર્નલ રમ્બોલ્ડે સર વિલિયમને યોગ્ય ખબર આપી નહિ હશે એવી શંકા પુનઃ ડચેસે કૅપ્ટન આગળ જાહેર કરી.

"મને ઉપર જઇ જોઇ આવવા દો—કદાપિ આપણે ભોંયરાને નાકે નહિ પણ જઇ પહોંચ્યા હોઇએ—"

"નહિ. હું તમને છોડીશ નહિ—" કૅપ્ટનને લગભગ વળગી પડી ડચેસ બોલી. કેટલીક મિનિટ એમ પસાર થઇ ગઇ અને ડચેસ બેભાન થઇ જશે એવી કૅપ્ટનને શંકા આવી. એની સ્થિતિ કઢંગી થઇ ગઇ; પણ એટલામાં કંઇ અવાજ સંભળાયો. તાળામાં કુંચી ફરવાનો અવાજ સાંભળતાંજ ડચેસના હ્રદયમાં આશા આવી અને તે બધું ભૂલી જઇ બોલી.

"તમે આજે મારી જે સેવા બજાવી છે તે હું કદિ પણ ભૂલી જઇશ નહિ, કૅપ્ટન લી ! તમે આ ભયંકર સ્થાનમાં મને આનંદિત રાખવા તમારૂં બનતું કર્યું છે તે માટે હું તમારી હમેશાં આભારી રહીશ.—"

ઉપર બારણું ઉઘડવાનો અવાજ હવે સ્પષ્ટ સંભળાયો અને એક ફાનસનું ઝાંખું અજવાળું તે ભયાનક કારાગૃહમાં પડ્યું. તરતજ ડચેસ દાદરના પગથિયા ચઢવા લાગી. લૉરેન્સ તેની પાછળ ગયો. બે ત્રણ મિનિટમાં તેઓ એક ન્હાની ઓરડીમાં આવી પહોંચ્યાં કે જ્યાં સર વિલિયમ બ્રાન્ડ એક હાથમાં ફાનસ પકડી ડચેસનું સ્વાગત કરવા ઉભો હતો.

પ્રકરણ ૮ મું.

એક ગુપ્ત ભેદ.

જે દ્વાર ઉઘડવાથી ભોંયરાનો દાદર જણાતો હતો તેનું એક બારણું સર વિલિયમે એક હાથે ઉઘાડી તે પકડી રાખ્યું હતું અને બીજા હાથમાં એક ફાનસ ધર્યું હતું. ભોંયરામાંના દાદર પર પ્રથમ ડચેસ ચઢવા લાગી. લૉરેન્સ તેણીની પાછળ આવતો હતો. ડચેસ દાદરના પગથિયા પૂરાં કરી ઊંબર ઓળંગી ઓરડીમાં પ્રવેશ કરવા જતી હતી-લૉરેન્સ બે ત્રણ પગથિયા નીચે હતો અને સર વિલિયમ ડચેસને વિનયથી નમન કરવા જતો હતો તેજ પલે તે ઓરડીની દીવાલમાંનું એક બીજું બારણું જેના તરફ સર વિલિયમની પીઠ હતી તે એકદમ ઉઘડી ગયું. તેમાંથી કોઇ જોસથી ધસી આવ્યું અને તેણે સર વિલિયમના હાથમાંનું ફાનસ ખૂંચવી લીધું.

એજ પલે તે ભયંકર ન્હાની ઓરડીમાં કોઇના તિરસ્કારયુક્ત હાસ્યનો અવાજ સંભળાયો. બીજીજ પલે બીજાં માણસોના પગલાં સંભળાયા. એ માણસો પણ પેલી વ્યક્તિ જે બારણામાંથી આવી હતી તેમાંથીજ ધસી આવ્યા. ત્યાર પછી મારામારી શરૂ થઇ અને અંતે એક વ્યક્તિને બીજા માણસોએ પકડી લીધી. તિરસ્કારયુક્ત હાસ્ય કરનાર વ્યક્તિનાજ મુખમાંથી હવે કરૂણ ચીચીઆરીઓ નીકળી. તરતજ તે બારણું બંધ થઇ ગયું અને પુનઃ પહેલાના જેવી શાંતિ પથરાઇ ગઇ.

આ અચાનક બનાવ બની જતાં ભાગ્યે બે મિનિટ પસાર થઇ હશે. એકાએક લૅમ્પ બુઝાઇ જવાથી, અને ત્યાર પછી મારામારી તથા બૂમાબૂમ થવાથી ડચેસ તો વંટોળીયામાં સપડાયલા વૃક્ષના પાંદડા જેમ થર થર ધ્રુજવા લાગી અને જ્યાં ઉભી હતી ત્યાંજ પાષાણની પૂતળી પેઠે જેમ તેમ ઉભી રહી. લૉરેન્સ પણ આ અણધાર્યા બનાવથી અજબ થઇ ઉભો રહ્યો.

“તમે સહેજ પણ ગભરાશો નહિ—” પેલી વ્યક્તિને બીજા માણસો તે ઓરડીમાંથી ઘસડી ગયા અને તે બારણું બંધ થયું પછી સર વિલિયમ બોલ્યો.

“એક પલ ઉભાં રહો. હું હમણાં બારણું ઉઘાડું છું—”

ડચેસ અને લૉરેન્સ ઉભય સર વિલિયમની અશાંત સ્થિતિ પામી ગયાં પણ આ અણુધાર્યા—અજાયબ જેવા બનાવનું મૂલ શું હશે તે સમજી શક્યાં નહિ. લુઇ ભોંયરામાંના અંધારાથી થોડીઘણી બ્હીતી હતી અને આ બનાવથી તેના ભયનો પાર રહયો ન્હોતો તેથી એ આ બનાવ વિષે કંઇ કલ્પના કરી શકી નહિ પણ લૉરેન્સ આ બનાવથી ઘણા ઉંડા વિચારમાં પડ્યો હતો. સર વિલિયમ આ સમયે બારી ઉઘાડવાનો પ્રયાસ કરતો હતો પણ ઘણા લાંબા સમયથી બંધ રહેલી બારી ઉઘાડતાં તેને મુશ્કેલી નડી. બારીનો આગળો જરા પણ ખસ્યો નહિ. અંતે એણે પોતાનું સઘળું જોર બારી ઉઘાડવામાં વાપર્યું અને જોસથી ધક્કો મારતાં બારી ઉઘડી ગઇ.

બારી ઉઘાડતાંજ સન્ધ્યાકાલનો શાંત પ્રકાશ તે ઓરડીમાં દાખલ થયો. પ્રકાશ જોતાં તરતજ ડચેસ અને લૉરેન્સની દૃષ્ટિ પહેલ વહેલા જે બારણામાંથી પેલી ભેદી વ્યક્તિ ધસી આવી હતી તે તરફ ગઇ. પણ હવે ત્યાં સ્મશાન જેવી ઘોર શાંતિ પથરાઇ ગઇ હતી. એ દ્વારની પેલી બાજુ કોઇપણ જીવંત વ્યક્તિ હોવાનાં કશાં પણ ચિન્હો જણાતાં ન્હોતાં. બીજી પલે બન્નેની નજર સર વિલિયમ તરફ ગઇ. તે હંમેશના જેવો શાંત જણાતો હતો અને જાણે કંઇજ ન બન્યું હોય તેમ ઠંડે પેટે ઉભો હતો. ડચેસને પોતાના તરફ શંકાશીલ નજરે જોતી જોઇ તે બોલ્યો.

" તમારી પધરામણી સમયે આ દુઃખદ બનાવ બન્યો છે તેથી હું ઘણોજ દુઃખી થયો છું. કૃપા કરી મારી સાથે દીવાનખાનામાં ચાલો. હું તમને આ બનાવ પર બિલકુલ વિચાર ન કરવાની નમ્ર વિનંતી કરૂં છું. "

ડચેસ ઑફ પોર્ટસમથે સર વિલિયમ પેલા અચાનક બનાવ સંબંધી કંઇક ખુલાસો કરશે એવી ખાત્રી રાખી હતી; પણ જ્યારે તેણે કંઇ પણ ખુલાસો ન કર્યો ત્યારે ડચેસે તે સંબંધી તેને કંઇ પણ દબાણ કરવાનું યોગ્ય ધાર્યું નહિ. લૉરેન્સ પણ પોતાના કાકાનું મૌન જોઇ અજબ થયો અને જો કે પેલા ભેદી બનાવ સંબંધી કંઇ પણ જાણવાને તે અધીરો થઇ ગયો હતો; છતાં આ પ્રસંગે તે કંઇ પૂછી શકયો નહિ.

જે ઓરડીમાંથી ભોંયરામાં ઉતરાતું હતું તેમાં બિલકુલ ફરનીચર કે બીજી કોઇ પણ ચીજ ન્હોતી. તેના બારણાં તથા બારી

લાંબા સમયથી તદ્દન બંધ રહેતાં હતાં અને તેથી તે પર ધૂળ તથા કચરો બાઝયાં હતાં. લૉરેન્સ "નીધરહૅાલ" માં એક ભાગ બીલકુલ વપરાશમાં ન્હોતો એ વાત જાણતો હતો અને આ ભોંયરૂં તેજ ભાગમાં આવેલું છે એવી તેની હવે ખાત્રી થઇ ગઇ. આ ઓરડીમાં તે અગાઉ કદિ પણ આવ્યો હોય એવું એની સ્મૃતિમાં ન્હોતું. એ ઓરડાને ત્રણ બારણાં હતાં. એક ભોંયરામાં જવાનું, બીજું પેલી ભેદી વ્યક્તિ જેમાંથી ધસી આવી હતી તે અને ત્રીજું પહેલાં બારણાની બરાબર સ્હામેનું.

ભોંયરાનું દ્વાર બંધ કરી તેને તાળું દઇ અને તેની ચાવી પોતાના ગજવામાં મૂકી સર વિલિયમ તેની સામેના બારણા પાસે ગયો અને તે ઉઘાડયું. એ બારણામાંથી પસાર થયા પછી એક બીજું બારણું આવ્યું. આ બારણામાંથી "નીધર હૅાલ" ના "કોર્ટ યાર્ડ" માં જવાતું હતું. ડચેસ તથા લૉરેન્સ બહાર આવ્યાં પછી દરેક બારણાં બંધ કરી તેને તાળું દેવાની સર વિલિયમ ખાસ સંભાળ લેતો હતો.

કોર્ટ યાર્ડમાં ત્રણચાર નોકરો એકઠા થઇ કંઇ વાત કરી રહ્યા હતા. તેઓ એકાએક જે ઓરડો વરસોથી તદ્દન બંધ હતો તેનું બારણું ઉઘડવાથી ચમકી ગયા. અને જ્યારે પોતાના શેઠને લૉરેન્સ તથા ડચેસ સાથે બહાર આવેલો તેમણે જોયો ત્યારે તો તેમની અજાયબીનો પાર રહ્યો નહિ. સર બ્રાન્ડે તેમને એકદમ ખસી જવાની ઇસારત કરી અને તેને માન આપી બધા નોકરો ત્યાંથી ગચ્છંતિ કરી ગયા.

સર બ્રાન્ડ ડચેસને "નીધર હૅાલ" ના સૌથી ભવ્ય ઓરડામાં લઇ ગયો અને કર્નલ રમ્બોલ્ડે ડચેસના આગમનની જે વાત તેને કહી હતી તે ટૂંકામાં કહી સંભળાવી.

"હવે શું કરવું તે આપની મરજીપર આધાર રાખે છે, બાનુ!" સર વિલિયમે કહ્યું.

"જો આપ મારી રંક પર્ણકૂટિમાં આપની પરોણાગત કરવાનું માન મને આપશો તો હું ઘણોજ ખુશી થઇશ. આવતા કાલે જોઇતી સગવડ થઇ રહ્યા પછીજ આપ અહિંથી જાઓ તો ઘણું સારૂં."

"આજે રાત્રે મારે લંડન જવુંજ જોઇએ. મને અહિંથી લંડન લઇ જાય એવું કોઇ વાહન તમારે ત્યાં નથી? સર વિલિ-

યમ! મારી પોતાની ગાડીનું શું? મારા માણુસોની શી સ્થિતિ? અને મારી વિશ્વાસુ દાસી જોસેફાઇનની તો કમબખ્તી આવી હશે. તે જરા પણુ અંગ્રેજી જાણુતી નથી અને "રાઇહાઉસ" માંથી મને અચાનક ગુમ થયલી જોઇ તે તો ફાટી મરશે." ડચેસ બોલી.

"મી૦ રમ્બોલ્ડ હજુ અહિંજ છે." સર વિલિયમે જવાબ આપ્યો.

"અને તે આપની આજ્ઞા અમલમાં મૂકશે. વળી મારો ભત્રિજો કૅપ્ટન લી મી૦ રમ્બોલ્ડ સાથે જઇ આપની આજ્ઞાનો અમલ થયો છે કે નહિ તેની ખાત્રી કરી આવશે."

"જો આજેજ અહિંથી વિદાય થવાની તમારી મરજી હોય તો હું હમણુાંજ મી૦ રમ્બોલ્ડ સાથે જઇ આપની ગાડી જો રીપૅર થઇ હોય તો કોઇ ચોકસ સ્થલે હું તે લઇ આવું–" કૅપ્ટન લીએ સૂચના કરી.

"પણુ મારા નોકરો તથા દાસીને "રાઇહાઉસ" માંના જંગલી માણુસો કંઈ ઇજા ન કરે તે માટે કોઇ મૅજીસ્ટ્રેટની સહાયની જરૂર છે. અહિં કોઇ મૅજીસ્ટ્રેટ નથી?" ડચેસ બોલી.

"હું પોતેજ સુલેહનો અમલદાર છું, શ્રીમતી! આપની સેવા બજાવતાં મને બહુજ આનંદ થશે." સર સાહેબ બોલ્યા.

"ઠીક ત્યારે, સર વિલિયમ બ્રાન્ડ! તમેજ મી૦ રમ્બોલ્ડ સાથે જાઓ અને કલાકેકમાં મારી ગાડી તથા નોકરોને અમુક જગ્યાએ મોકલી આપો. હું આશા રાખું છું કે કૅપ્ટન લી પુનઃ એક વાર મારાપર કૃપા કરી મને નિયત સ્થલે લઇ જશે."

"જેવી આપની મરજી, પણુ મારા ગરિબ ઘરમાં આપ કંઇક ભોજન લઇ મને આભારી કરશો એવી હું આપને વિનંતિ કરૂં છું. હું મી. રમ્બોલ્ડ સાથે તરતજ "રાઇહાઉસ" તરફ જાઉં છું અને હું કૅપ્ટન લીને કઇ જગ્યાએ ગાડી ઉભી રાખવામાં આવશે તે જણુાવીશ એટલે તે આપને ત્યાં લઈ જશે."

"વારૂ." ડચેસ મનમાં આનંદ પામી બોલીઃ કારણુ કે પુનઃ તે પોતાના વ્હાલા યુવાન સાથે એકલી પડતી હતી.

સર વિલિયમે કૅપ્ટન લી સાથે થોડીક મિનિટ વાત કરી ડચેસની ગાડી લઇ આવવા માટે અમુક જગ્યા નક્કી કરી. અને ત્યાર પછી ડચેસની રજા લઇ સર વિલિયમ દીવાનખાનામાંથી બહાર ગયો.

પ્રકરણ ૯ મું.

"રાઇ હાઉસ" માં સર વિલિયમ.

પા કલાક પછી સર વિલિયમ અને કર્નલ રમ્બોલ્ડ લી નદિના કિનારાપરથી ઘોડેસ્વાર થઇ "રાઇહાઉસ" તરફ જતા નજરે પડે છે. હમણાં લગભગ સાત વાગવા આવ્યા હતા અને વાતાવરણમાં ગુલાબી ઠંડી હોવાથી મન પ્રફુલ્લ થતું હતું. કર્નલનો અશ્વ તબેલા તરફ જવાનું હોવાથી આનંદથી ત્વરિત વેગે માર્ગ કાપવા આતુર હતો પણ સર બ્રાન્ડનો અશ્વ કંઇક અડિયલ હોવાથી તથા કર્નલ સાથે કંઈ વાત કરવાની સર વિલિયમની ઈચ્છા હોવાથી તે પણ અશ્વને જલદી ચલાવતો ન હોવાથી તે ધીમે ધીમે ચાલતો હતો.

"મી૦ રમ્બોલ્ડ! તમારા નોકરો તથા બીજા બદમાસો ડચેસની ગાડી તથા નોકરોને કંઇ ઇજા ન કરે તેની સંભાળ તમારે લેવાની છે."

"તેની તમારે ચિંતા કરવી નહિ. મારા માણસો ડચેસને ધિક્કારે છે પણ તેણીના નોકરોને નુકસાન કરે એવા તે જંગલી નથી. તમે એક મૅજીસ્ટ્રેટ હોવાથી તમારી હાજરીથીજ બધા ચુપ થઇ જશે અને મને સાથે જોઇ તેઓ કંઇ પણ ધાંધલ કરશે નહિ." કર્નલ રમ્બોલ્ડ બોલ્યો.

"તમારા વચનપર મને વિશ્વાસ છે અને તેથીજ હું કોઇ પણ નોકર વિના તમારી સાથે એકલો આવ્યો છું. મારી મૅજીસ્ટ્રેટ તરિકેની સત્તા હું જરૂર વિના વાપરવા ચાહતો નથી."

"સર વિલિયમ! હું તમારી પાસે મારા માણસો માટે એક મહેરબાની માગું છું કે હવે પછી તમે આજના તેમના વર્તન માટે સજા કરવાની ઇચ્છા રાખશો નહિ. તમે જાણો છો કે, ડચેસને બચાવવા મેં મારૂં બનતું કર્યું છે અને મને વિશ્વાસ છે કે મારા સરલ વર્તન તરફ જોઇ તમે મારા માણસોને ભવિષ્યમાં દુઃખી કરવાનું યોગ્ય ધારશો નહિ."

"જ્યાં સુધી મારૂં ચાલશે ત્યાં સુધી તમારી ઇચ્છા પ્રમાણે હું વર્તીશ, મી૦ રમ્બોલ્ડ! પણ તમે જાણો છો કે, ડચેસ નામદાર શાહેનશાહને આ વાત જરૂર કહેશે અને તેથી જો નામદાર શાહેનશાહ તરફથી ડચેસના વિરોધીઓને સજા કરવાનો હુકમ આવે તો હું લાચાર છું."

"તમારાં વચન પર હું વિશ્વાસ રાખું છું. ડચેસ ઑફ પોર્ટસ્મથ પોતે લોકોમાં આટલી બધી અપ્રિય છે એ વાત રાજાને કહે એટલી અણુસમજું નથી. વારૂ. સર વિલિયમ! હવે તમે મને જે વાત કહેવા માગતા હતા તે કહેવાની કૃપા કરશો?"

"આપણે એ સંબંધી એકાંતમાં વાત કરીશું. થોડીક મિનિટમાં આપણે તમારા ઘર આગળ જઇ પહોંચીશું."

આટલું કહી તેણે એડી મારી પોતાના અશ્વની ગતિ ત્વરિત કરી અને તેઓ "રાઇ હાઉસ" ની નજીક આવી પહોંચ્યા ત્યાં સુધી કોઇ કંઇ બોલ્યું નહિ. જે જગ્યાએ અકસ્માત થયો હતો ત્યાં આવી જોતાં તેમને માલુમ પડયું કે ગાડી સીધી કરવામાં આવી હતી અને ડચેસના નોકરોને કોઇએ કાંઇ પણ ઇજા કરી ન્હોતી. રમ્બોલ્ડના નોકરો પણ રૂથની વિનંતીથી તથા તેણીએ કેટલાકોને આપેલા સિક્કાથી, ગાડી સમારવાના કામમાં મદદ કરતા હતા; પણ જ્યારે તેમણે પોતાના શેઠને મૅજીસ્ટ્રેટ સર બ્રાન્ડ સાથે તે જગ્યાએ આવતો જોયો ત્યારે તેઓ ગભરાટથી ચમકી ગયા. શેપર્ડ–કિંગ્સ આર્મસનો માલીક જેણે ડચેસ સામે કચવાટ પેદા કરવામાં મુખ્ય ભાગ લઇ આ તોફાન જગાડયું હતું તે સર બ્રાન્ડ સાથે કર્નલને જોઇ મનમાં બબડયો.

"ડોસાએ દાટ વાળ્યો."

રમ્બોલ્ડ અને બ્રાન્ડ તે જગ્યાએ આવી પહોંચતાંજ કર્નલ પોતાના માણસો તથા શેપર્ડના મનમાં શું વિચાર ઘોળાતા હતા તે તરત સમજી ગયો. પોતાને માટે કોઇ પણ જાતની ખરાબ લાગણી પોતાના નોકરોમાં રહે તે એ પસંદ કરતો ન્હોતો તેમજ પોતાના માણસોને સજા કરાવવાની એની મુદ્દલ ઇચ્છા ન્હોતી તેથી તેમને શાંતિ આપવા તે બોલ્યો.

"સર બ્રાન્ડ મને અચાનક રસ્તામાં મળી જવાથી આ અકસ્માતની વાત સાંભળી ઘટતી તપાસ કરવા તેઓ અહિં આવ્યા છે. સર વિલિયમ! જુઓ, ગાડી તૈયાર થઇ ગઇ છે અને ડચેસના નોકરો હવે ખુશીથી અહિંથી જઇ શકશે."

શેપર્ડ તથા બીજા નોકરો આ ખુલાસો સાંભળી સંતોષ પામ્યા અને કર્નલના માણસો રૂથે તેમને જે પૈસા આપ્યા હતા તેને રંગ આપવા માટે શેપર્ડના મુસાફરખાના તરફ જવા લાગ્યા. શેપર્ડ પોતે પણ તેમની સાથે આજના બનાવને લગતી વાત કરવાને આતુર

હોવાથી તેમની સાથે ગયો, ગાડી તથા ડચેસના નોકરો એકલાજ ત્યાં રહ્યા. તેમને સર બ્રાન્ડે કંઇ જગ્યાએ ગાડી લઇ જવી તે કહ્યું. જોસેફાઇન—જે ડચેસ અદૃષ્ય થઇ ત્યારથી બહુજ ભય પામતી હતી તે "રાઇહાઉસ" માંથી બહાર નીકળી અને ગાડીમાં બેઠી. બે નોકરો ગાડીની પાછળ ઉભા રહ્યા. હાંકનારાઓએ હાથમાં ચાબુક લઇ અવાજ કરવા માંડયા. ગાડીના પૈડાનો ધરધર અવાજ થતાંજ ગાડી લી નદિના પુલપરથી પસાર થઇ ગઇ.

કર્નલ અને બ્રાન્ડ હવે તદ્દન એકલા પડયા. કર્નલ રમ્બોલ્ડે "રાઇ હાઉસ" માં આવવાની પોતાનો સાથી ના પાડે તો પોતાનું અપમાન થાય તેથીજ તેને ત્યાં આવી પોતાની વાત કહેવાની અરજ કરી નહિ અને પોતે મૌન રહ્યો.

"મી૦ રમ્બોલ્ડ, આજે સાંજે તમે જે ઉમદા વર્તન ચલાવ્યું છે તેથી ખરેખર, હું ઘણોજ ખુશી થયો છું." સર બ્રાન્ડ બોલ્યો.

"જો તમને કંઇ વાંધો ન હોય તો તમારે ત્યાં આપણે એકાંતમાં બેસી આપણી વાતો કરીએ."

રમ્બોલ્ડે સર બ્રાન્ડને નમન કર્યું. બન્ને તબેલા નજીક ગયા ત્યાં એક ઘોડાવાળાએ બન્નેના ઘોડાનો કબજો લીધો. કર્નલ સર બ્રાન્ડ સાથે પૂલપરથી "રાઇહાઉસ" માં દાખલ થયો અને તેને પોતાની ઑફિસમાં લઇ ગયો. પોતાના સાથીને એક ખુરશી આપી કર્નલે દારૂની બાટલી કાઢી અને એક પ્યાલી ટેબલપર મૂકી તેમાં દારૂ નાખી સર વિલિયમને તે પીવાની અરજ કરી. સર વિલિયમે જરા પણ આનાકાની કર્યા વિના દારૂની પ્યાલી ખાલી કરી અને પોતાના રૈયબીસ્ટ પાડોશીના આજના આવા વર્તનથી કર્નલને બહુ અજાયબી લાગી.

"હવે આપણે આપણી વાત શરૂ કરીશું." સર વિલિયમે પોતાની વાત શરૂ કરી.

"તમને કહેવાની જરૂર નથી, મી૦ રમ્બોલ્ડ! કે તમને મી૦ પારટ્રીજે બે હજાર પૌંડની રકમ થોડાક સમયપર ધીરી હતી અને જે અમુક મુદતે જો તમે પાછી આપી ન શકો તો તમારી સઘળી મીલકત જપત કરવાની સત્તા તમે તેને લખી આપી હતી—"

"હાં. એ વાત ખરી છે અને મારે એ પૈસા ક્યારે પાછા ભરવાના છે તે પણ મારા ધ્યાનમાં છે. આજથી ત્રણ મહિના પછી

ચોવીસમી સપ્ટેમ્બરે–મારે એ રકમ પાછી આપવાની છે. પણ સર વિલિયમ! એ વાતની સાથે તમને શું સંબંધ છે તે હું જાણી શકીશ?"

"હા. વાત એમ છે કે જે રકમ તમને ધીરવામાં આવી છે તે મારી છે અને મી૦ પારટ્રીજ મારા એજંટ છે."

કર્નલે સર વિલિયમના મુખમાંથી જે શબ્દો "નીધર હૉલ" માં બહાર પડ્યા હતા તે પરથી આ વાત સાંભળવાની આશા રાખી હતી, અને હવે તેની એ વિષે ખાત્રી થતાં એના મનમાં એ મુઝાવા લાગ્યો. એણે મી૦ પારટ્રીજપર વિશ્વાસ રાખી એ રકમ તેની પોતાની માની હતી. એક બે વાર મી૦ પારટ્રીજ પાસે પોતાની મુશ્કેલીના સમયમાં વધુ મુદત પણ એણે મેળવી હતી; પણ સર વિલિયમ તરફથી એવી કંઇ પણ ઉદારતા બતાવવામાં આવશે એવી એને આશા ન હતી.

"હજુ તમારા હાથમાં આખા ત્રણ મહિના છે, મી૦ રમ્બોલ્ડ!" થોડીકવાર રહી સર વિલિયમ બોલ્યો. કર્નલના મનમાં શું મુઝવણ હતી તે એ સમજી ગયો હતો.

"તમે એ મુદતમાં તમારૂં કરજ ભરી શકશો?"

"જો હું સ્પષ્ટ રીતે અને ખુલ્લા દીલે કહું તો એ રકમ હું એટલા સમયમાં ભરી શકું એવી મારી સ્થિતિ નથી. સર વિલિયમ! મારો વ્યાપાર જો કે નફાકારક અને આશાજનક છે; પણ મેં "રાઇ હાઉસ" નો કબજો લીધો તે પહેલાં અહિં આવ્યાથી મને કેટલી મુશ્કેલી સહન કરવી પડશે તેનો ખ્યાલ કર્યો ન્હોતો. હું લંબાણ ખુલાસો કરવા માગતો નથી. પણ એક પ્રમાણિક માણસ તરિકે મારે કહેવું જોઇએ કે હાલમાં બે હજાર પૌંડ જેટલી રકમ હું ભરી શકું એવી મારી સ્થિતિ નથી."

"અને જો તમારો લ્હેણદાર નિર્દય થઇ તમને એક દિવસ પણ વધુ આપવાની ના પાડે તો?–" આ શબ્દો બોલી સર વિલિયમે કર્નલપર પોતાની દૃષ્ટિ સ્થિર કરી.

"તો મારો સંપૂર્ણ નાશ થઇ જાય–મારી તથા મારા કુટુંબની સ્થિતિ દયાજનક થઇ પડે–" આ શબ્દો બોલતાં તે વૃદ્ધ સૈનિકનું ગળું ભરાઇ આવ્યું. તેને પોતાની પત્નિ–પુત્રી અને ભગિનિની સ્મૃતિ થઇ, અને એ બધાં ઘર વિનાનાં–રખડતાં–રઝળતાં થઇ જાય એ વાતથી એની છાતી ચીરાઇ ગઇ.

"ઠીક, મી૰ રમ્બોલ્ડ!-" થોડીકવાર વિચાર કરી સર વિલીયમ બોલ્યો.

"હું તમારી સાથે આ વિષયમાં કઠીન બની શત્રુતા વધારવા માગતો નથી. તમે એ વિષે ચિંતા ના કરતા. તમે સાંભળ્યું હશે કે હું પૈસા આપવા લેવામાં ઘણો નિર્દય છું; પણ તમારી સાથે હું તેવો થવા માગતો નથી. તમે મારી સાથે એટલી બધી સરલતાથી વર્ત્યા છો કે જેથી હું તમારી સાથે ઉદારતાથી વર્તવા માગું છું."

"તમારી ઉદારતા માટે હું તમારો અંતઃકરણથી આભાર માનું છું, સર વિલિયમ!-" સર વિલિયમના ઉદાર શબ્દોથી અજાયબી તથા આનંદ પામી રમ્બોલ્ડ બોલ્યો.

"હવે આ વાત પડતી મુકો...આજે મારો ભત્રિજો પણ અહિં આવ્યો હતો ખરૂં?"

"હા."

"તમારી પત્નિ તથા પુત્રી સાથે વાત કરવાનો આનંદ તે મેળવી શક્યો હતો. હું એ આનંદની આશા રાખી શકીશ?"

"ચાલો, મારી સાથે, સર વિલિયમ!" અને કર્નલે પોતાની ખુરસી પરથી ઉભા થઇ અંદર જવાનું બારણું ઉઘાડયું.

સર વિલિયમ તેની પાછળ ગયો અને તેઓ જ્યાં મીસીસ રમ્બોલ્ડ તથા રૂથ બેઠાં હતાં તે ઓરડામાં આવી પહોંચ્યાં. કર્નલની બહેન હેન્રીએટ્ટા પોતાનાજ ઓરડામાં આખો દિવસ ગોંધાઇ રહી હતી અને આજે એ બિલકુલ બહાર નીકળી ન્હોતી.

કર્નલની પત્નિ તથા પુત્રીએ સર વિલિયમના આગમનની વાત જાણી હતી અને તે કર્નલ સાથે તેના ખાનગી ઓરડામાં વાત કરતો હતો એની પણ તેમને ખબર હતી પણ તે તેમને મળવા આવશે એવી તેમણે સ્વપ્ને પણ આશા રાખી ન્હોતી. આથી જ્યારે કર્નલ તે સરદાર સાથે તેમના ઓરડામાં આવ્યો ત્યારે તેમને આશ્ચર્ય ઉપજ્યું અને જ્યારે સર વિલિયમે તેમને વિનયપૂર્વક નમન કર્યું ત્યારે એ આશ્ચર્યમાં અભિવૃદ્ધિ થઇ-સર વિલિયમ કર્નલ તથા તેના કુટુંબ સાથે વાતે વળગ્યો અને વાતચીત દરમ્યાન રાજદ્વારી વિષય વિષે એક પણ શબ્દ તે બોલ્યો નહિ. જેમ જેમ તે વધુ વાતચીત કરતો ગયો તેમ તેમ તે બહારથી કરડો અને સખત જણાતો હતો તેને બદલે નમ્ર અને વિનયી જણાયો. એની વાતચીત પરથી એની બુદ્ધિ ચપલ તથા

એનું વાંચન વિશાલ હોય એમ જણાયું. જ્યારે એ જવા તૈયાર થયો ત્યારે એ બહારથી દેખાતો હતો તેના કરતાં જુદાજ સ્વભાવનો માણસ છે એવી કર્નલના કુટુંબની ખાત્રી થઇ. જતી વેળા તેણે કર્નલ તથા તેની પત્નિ અને પુત્રી સાથે શેકહેંડ કરી અને પોતે ભવિષ્યમાં તેમનો મિત્ર થવા ઇચ્છે છે એમ વિવેકથી બોલી તે તે ઓરડામાંથી કર્નલ સાથે બહાર નીકળ્યો. એનો અશ્વ તબેલામાંથી બહાર લાવવામાં આવ્યો હતો અને એકવાર પુનઃ કર્નલને પૈસા સંબંધી ચિન્તા ન કરવાનું કહી તે ઘોડાપર સ્વાર થયો.

હવે આપણે ડચેસ તથા લૉરેન્સની ખબર લઇએ. ડચેસને માટે ભોજન લાવવામાં આવ્યું પણ તેણીએ બહુ ઓછું ખાધું કારણકે આજે સાંજે બનેલા અજબ જેવા બનાવોથી તેનું મગજ અશાંત બની ગયું હતું. એ અશાંતિ લૉરેન્સ તરફના એના મોહને લીધે એને અસહ્ય જણાવા લાગી.

"અજાયબી પર અજાયબી !—" ભોજન પૂરૂં કર્યા પછી થોડીકવાર આડી અવળી વાત કરી ડચેસ કૅપટન લી તરફ જોઇ બોલી.

"આજની સાંજ હું કદિપણ ભુલી શકીશ નહિ. કૅપટન લી ! કેવી અજાયબી ? તમારા કાકાના હાથમાંથી ફાનસ ખુંચવી લેનાર વિષે તમે શું ધારો છો ?"

"શ્રીમતી ! હું કસમથી કહું છું કે એ વિષે તમારા કરતાં હું સહેજ પણ વિશેષ જાણતો નથી." લૉરેન્સે જવાબ આપ્યો.

"ત્યારે "નીધરહૉલ" ભેદભરમોથી ભરેલો છે કે જે તમે હવેજ જાણો છો—" લુઇ પોતાના અધરપર એના મનમાં દુર્જય મનાતું, હાસ્ય ફરકાવતાં બોલી.

"કૅપટન લી ! આજે મારી ગાડીને નડેલો અકસ્માત, કર્નલના માણસોનું જંગલીપણું અને આપણી ભોંયરામાંની મુસાફરી ! કેવી અજાયબી ! પણ વળી નીધરહૉલમાં પ્રવેશ કરતાંજ આપણે એક નવી નવાઇ જોવા પામ્યા. તમે હમણાંજ મને કહ્યું કે નીધરહૉલનો અમુક ભાગ લાંબા સમયથી પડતર પડ્યો છે. પણ હવે તમે જાણ્યું હશે કે તેમાં કેટલાક માણસો રહે છે એટલુંજ નહિ પણ તેઓ કોઈ કોઇ વાર દીવાનાની માફક ધસી આવી આજના જેવી અજાયબી પણ ઉત્પન્ન કરે છે—"

"તમે એ વ્યક્તિ જોઈ હતી ? હું બે ત્રણ પગથિયા નીચે હોવાથી તે વ્યક્તિને બીલકુલ જોઇ શક્યો ન્હોતો—"

"હું કસમથી કહું છું કે તે વ્યક્તિ સ્ત્રી હતી કે પુરૂષ તેપણ

હું કહી શકું એમ નથી. બારણું એકાએક ઉઘડી ગયું—એક કાળા ઝભ્ભાથી વીંટળાયલો આકાર એકાએક ધસી આવ્યો. ફાનસ બુઝાઈ ગયું અને ખલાસ! એ બનાવ એટલો ઉતાવળો બની ગયો કે હું તો મારૂં સાનભાનજ ગુમાવી બેઠી હતી. તે વ્યક્તિનું મુખ પણ હું જોઈ શકી નહિ તો પછી ઓળખવાની તો વાતજ શી કરવી? હું ધારૂં છું એમાં તમારા કાકાનો કોઈ છુપો ભેદ સમાયલો હશે!"

"ખરેખર?—"

"ઠીક છે. તમારા કાકાને ખાત્રી આપજો કે આ બનાવ મારી સ્મૃતિમાંથી આ ઘડીથીજ હું કાઢી નાખું છું. "નીધરહૉલ" માં મારી જે પરોણાગત થઈ છે તેથી હું એ બનાવ બન્યોજ નથી એવી રીતે ભવિષ્યમાં વર્તીશ."

"હું તમારી આ ખાત્રી માટે આભાર માનું છું અને પ્રસંગ-વશાત્ મારા કાકાને કહેવાનું ભૂલીશ નહિ.

લુઈ દેકેરલે હવે પોતાના ઘડિયાળ તરફ જોયું અને એક કલાક થઈ ગયલો જોઈ નિયત સ્થાને જવાની ઇચ્છા જાહેર કરી. લૉરેન્સ તેણીની સાથે બહાર નીકળ્યો અને ડચેસે જતી વેળા નોકરોને કેટલાક સોનાના સિક્કા આપી રાજી કર્યા. પૂલ ઓળંગી બન્ને બહાર નીકળ્યાં અને ધારેલા સ્થલ તરફ જવા લાગ્યાં. ચાલતાં ચાલતાં લુઈએ લૉરેન્સને લંડન આવવાનું આમંત્રણ કર્યું પણ લૉરેન્સ પેલી ઓરડીમાંના ભેદી બનાવ વિષે વિચાર કરવામાં એટલો બધો તલ્લીન થઈ ગયો હતો કે તેણે શું જવાબ આપ્યો તેની એને પણ ખબર પડી નહિ. ડચેસે તેના મૌનનો અર્થ ઉંધો કરી લૉરેન્સ પોતાની સુન્દરતાથી અંજાઈ ગયો છે એમ માની લીધું અને ભોંયરામાં લૉરેન્સના વર્તનમાં જે બેદરકારી એને જણાઈ હતી તેને બદલે એ બ્હીકને લીધે કંઈ બોલી શકયો ન્હોતો એમ લુઈએ માન્યું. આથી લૉરેન્સ તરફ એના હૃદયમાં જે મોહ જનમ્યો હતો તેને પોષણ મળ્યું અને પોતાના હૃદયમાં એક મધુર આશા સહિત તે નિયત સ્થાને આવી પહોંચી. ગાડીમાં બેઠક લીધા પછી ડચેસે લૉરેન્સ તરફ જોઈ મધુર સ્મિત કર્યું. પ્રત્યુત્તરમાં કૅપ્ટને નમન કર્યું અને ગાડી ચાલી ગઈ.

કૅપ્ટન લી આજના ભેદી બનાવોનો વિચાર કરતો "નીધર હૉલ" તરફ પાછો ફર્યો અને પાછા ફરતી વેળા એની દૃષ્ટિ સામે રૂથની સુન્દર મૂર્તિ તરવરવા લાગી.

પ્રકરણ ૧૦ મું.

ભેદી હીલચાલ.

"નીધરહૉલ" માં ગયા પછી કૅપ્ટન લી સર વિલિયમ બ્રાન્ડ "રાઇહાઉસ" માંથી હજુ સુધી પાછો ફરેલો ન હોવાથી સહેજ અજબ થયો. તેણે કલ્પના કરી કે તેનો કાકો કોઇ બીજી જગ્યાએ ફરવા ગયો હશે; પણ તેને ક્યાંથી ખબર હોય કે સર બ્રાન્ડ કર્નેલ સાથે "રાઇહાઉસ" માં ગયો હતો; તેણે કર્નેલ સાથે દારૂ પીધો હતો; કર્નેલને પોતાના આભારમાં લીધો હતો. અને પોતાની મરજીથી તે કર્નેલની પત્નિ તથા પુત્રીને મળવા ગયો હતો, એક ઓરડો જે હૉલમાં હમેશાં બેસવા ઉઠવાના કામમાં વપરાતો હતો, તેમાં જઇ કૅપ્ટન લીએ પોતાના પ્રિય મિલ્ટનને હાથમાં લીધો અને પુસ્તકનાં પાનાં પર પોતાની દૃષ્ટિ સ્થિર કરવાનો પ્રયાસ કરવા માંડ્યો; પણ તે વાંચી શક્યો નહિ. આજે સાંજે બનેલા બધા બનાવો એક પછી એક તેના મનમાં તાજા થવા લાગ્યા. અને બધા કરતાં સુન્દર રૂથની કલ્પના તથા પેલા ઓરડામાંનો ભેદી બનાવ તેને વધુ મુઝવવા લાગ્યાં! એ વિચારસાગરને એટલે ઉંડે તળિયે જઇ બેઠો હતો કે સર વિલિયમ "રાઇ હાઉસ" માંથી પાછો આવ્યો અને તેના ઓરડામાં દાખલ થયો તેની પણ એને ખબર પડી નહિ.

"લૉરેન્સ!" સર વિલિયમે ડચેસ સહિસલામત પોતાની ગાડીમાં બેસી ચાલી ગઇ એ વાત સાંભળ્યા પછી કહ્યું.

"તું પેલી ઓરડીમાંના બનાવથી અજબ થયો હશે! પણ ડચેસે એ સંબંધી શું કહ્યું તે મને પહેલાં કહે—"

"ડચેસ એ સંબંધી વધુ બોલી ન્હોતી; પણ તેણે ખાત્રી આપી હતી કે તેણી "નીધરહૉલ" માં સન્માન પામ્યા પછી અહિં જે બન્યું હતું તે બીજા કોઇને કદિ પણ કહેશે નહિ; તેણીએ જે જોયું હતું તે જાણે નજ જોયું હોય એવી રીતે ડચેસ વર્તશે એમ તમને કહેવાની મને તેણીએ આજ્ઞા કરી હતી—" લૉરેન્સે કહ્યું.

"પણ તેણીએ અહિં શું જોયું હતું?"

"તે તે બરાબર વર્ણવી શકી ન્હોતી. ડચેસ ઑફ પોર્ટસમથે એક આકાર જોયો હતો કે જેણે તમારા હાથમાંથી ફાનસ ખુંચવી લીધું. પણ એ આકાર સ્ત્રીનો હતો કે પુરૂષનો એટલું પણ તેણી કહી

શક્યો ન્હોતી." લૉરેન્સે સરલ હૃદયે ખુલાસો કર્યો.

"આહ !" સર વિલિયમ આ ખુલાસાથી સંતોષ પામી બોલ્યો. તેના વદનપર કોઇપણ જાતનો ફેરફાર થયલો જણાતો ન્હોતો. આથી ખરી રીતે એના મનમાં શું પસાર થતું હતું તે કહી શકાય એમ ન્હોતું.

"લૉરેન્સ ! તું પણ ડચેસના ઉમદા વર્તનનું અનુકરણ કરી એ બનાવ સંબંધી કંઇપણ વિચાર ભવિષ્યમાં નહિ કરશે એવી હું આશા રાખું છું. તેં પેલું ભોંયરૂં જોયું છે. આજ સુધી તેના અસ્તિત્વની તને ખબર ન્હોતી. પણ સાંભળ ! એ ભોંયરૂં છે એ જાણીનેજ બેસી રહેવાનું છે; કોઇને પણ એ વાત કહેતો ના—સમજયો ?..."

"હા."

"ઠીક ત્યારે-ગુડનાઇટ !"

આટલું કહી સર વિલિયમ તે ઓરડો છોડી ગયો. લૉરેન્સ પોતાના કાકાના આવા વર્તનથી બહુજ અજબ થયો. તેણે થોડા પણ ખુલાસાની આશા રાખી હતી તેને બદલે એક પણ શબ્દ તે સંબંધી બોલ્યા વિના સર બ્રાન્ડ ચાલી ગયો ત્યારે એની અજાયબીનો પાર રહ્યો નહિ. એ તે ભેદી બનાવ સંબંધીના વિચાર પોતાના મનમાંથી દૂર કરી શક્યો નહિ. અને જો કે એવી નકામી ભેદભરી બાબતોમાં વિચાર કરી પોતાનો સમય ગૂમાવવાનું એને પસંદ ન્હોતું તોપણ આ બનાવ એને એવો ભેદી અને આશ્ચર્યજનક લાગ્યો કે એ જેમ જેમ તે વિષે વિચાર કરવા લાગ્યો તેમ તેમ એની મુઝવણ અને અશાંતિ વધવા લાગી. ડચેસને એણે પવિત્ર હૃદયે કહ્યું હતું કે "નીધરહૉલ" નો અમુક ભાગ તદ્દન એકાંત છે. તે હમેશાં બંધ રહે છે અને ત્યાં કોઇપણ જીવતું મનુષ્ય રહેતું નથી. એ જગ્યાએ એણે કદિ પણ પગ મૂક્યો ન્હોતો.

તે જગ્યામાંથી કોઇપણ મનુષ્યના પગલાંનો અવાજ કદિ પણ તેને કાને સંભળાયો ન્હોતો અને જો કોઇએ તેને આ બનાવ બન્યો તે પહેલાં એમ કહ્યું હોત કે "નીધરહૉલ" ના વપરાશ વિનાના ભાગમાં કોઈ મનુષ્ય રહે છે તો તે એ ખ્યાલપર મશ્કરીયુક્ત ઢબે હસ્યો હોત ! પણ હવે એ બધી માન્યતા અને વિચારોનો અંત આવી ગયો અને તેમની જગ્યાએ એવી માન્યતા દૃઢ થઇ કે "નીધરહૉલ" ના અત્યાર સુધી બંધ રહેલા ભાગમાં એક નહિ પણ અનેક

મનુષ્યો રહે છે; કારણ કે પેલો કાળા ઝભ્ભાવાળો આકાર—પછી તે સ્ત્રી હો યા પુરૂષ—જ્યારે સર વિલિયમ તરફ ધસી આવ્યો અને તેણે તેના હાથમાંથી ફાનસ ખૂંચવી લીધું ત્યાર પછી તેજ દ્વારમાંથી બીજા માણસો દોડી આવ્યા હતા અને તેમણે પેલી વ્યકિતને પકડી લીધી હતી. તેને પકડનારા માણસોનો ઘોંઘાટ તથા તે વ્યક્તિની ચીસનો અવાજ મળી જવાથી તે સ્ત્રીનો અવાજ હતો કે પુરૂષનો તે પણ લૉરેન્સ ઓળખી શકયો ન્હોતો.

આ બધા સંજોગોપર વિચાર કરતો એક કલાક સુધી લૉરેન્સ તે ઓરડામાં એના કાકાના જવા પછી બેસી રહ્યો. એ પોતાના મનને વારંવાર પ્રશ્નો પૂછતો કે એ આકાર કોનો હશે? એનો ભેદ શું હશે? શું તે વ્યકિતને કેદ કરવામાં આવી છે? અથવા શું કોઇ દીવાના મનુષ્યને તેમાં પૂરવામાં આવ્યો છે? પણ જો એમ હોય તો એ વાત આટલી બધી ગુપ્ત રાખવાનું કારણ શું? આજે જો આ અણધાર્યો બનાવ ન બન્યો હોત તો એ ભેદ કદિ પણ તેના જાણવામાં આવત નહિ ત્યારે એ ઘોટાળાનું મૂલ શું હશે? લૉરેન્સના આ બધા પ્રશ્નોનો એના હૃદયે જવાબ આપવાની સાફ ના પાડી. વળી પોતાના કાકાની ખાનગી વાતમાં માથું મારવા માટે એ પોતાની જાતપરજ ગુસ્સે થયો અને આ બધા મુઝવણભર્યા વિચારોને દીલમાંથી રજા આપવા માટે તે એક ફાનસ લઇ પોતાના શયનગૃહમાં ગયો.

આ ઓરડો વિશાલ હતો અને તેને બે નાકે બે બારીઓ હતી. એક બારી કોર્ટયાડમાં પડતી હતી અને બીજીમાંથી દીવાલ તથા ખાઇ અને તેની પેલી બાજુનો પ્રદેશ જણાતો હતો. એ ઓરડો સુન્દર રીતે શણગારવામાં આવ્યો હતો અને કૅપ્ટન લી તેમાંથી કુદરતની ભવ્યતા નીહાળી શકાય એમ હોવાથી તેનો શયનગૃહ તથા વાંચન-ગૃહ તરિકે ઉપયોગ કરતો. અભરાઇપર કેટલીક ચોપડીઓ વ્યવ-સ્થિત રીતે ગોઠવી હતી. એક પેટીમાં એના લશ્કરી તથા સાદા કપડા હતા. એક ટેબલપર લખવાનાં સાધનો પડયાં હતાં અને બા-જુમાં એક "પોર્ટફોલીઓ" માં લોરેન્સે સમયવશાત્ જોડેલી કેટ-લીક કવિતાઓની હસ્તલિખિત પ્રત પડી હતી. જોકે લોરેન્સ લશ્કરી ખાતામાં જોડાયલો હોવાથી શત્રુ સ્હામે તલવાર ઘૂમાવવામાંજ એને આનંદ મળતો પણ એ અરસિક ન હોવાથી તથા કુદરત તરફ એને પ્રીતિ હોવાથી એ શાન્તિના સમયમાં પોતાના મગજને આવા આનં-

ઉત્તેજનક કાર્યમાં રોકતો.

શયનગૃહમાં જઇ પહોંચ્યા પછી એને તરત ઉંઘ આવે એમ લાગ્યું નહિ. પુનઃ બધા વિચારો, જે અમે અગાઉ જણાવી ગયા છીએ, તે એના મગજમાં ઉભરાવા લાગ્યા. તેણે પોતાના ઘડિયાળ તરફ જોયું તો દસ વાગેલા જણાયા. તેણે ટેબલ નજીક બેસી એકાદ કલાક કંઇ વાંચવામાં ગાળવાનો વિચાર કર્યો. તેણે વાંચવા માંડયું પણ શું વાંચ્યું તેની એને ખબર ન્હોતી. લૅમ્પ બુઝાઇ જવાની અણીપર આવી પહોંચ્યો તેની પણ એને ખબર પડી નહિ. અંતે અગિયાર વાગ્યા પછી લૅમ્પ એકાએક ઓલવાઇ ગયો.

આકાશ સ્વચ્છ ન્હોતું. રાત્રી કાળી હતી. ચંદ્રમાની ગેર હાજરી હોવાથી તારાઓ ઝાંખા પ્રકાશથી રાત્રીની ભયંકરતા ચીરવાનો વ્યર્થ પ્રયાસ કરતા હતા. એ પ્રકાશ પણ થોડી થોડીવારે વાદળાંના ઘેરાવાથી ઢંકાઇ જતો. ઋતુ તદ્દન બદલાઇ ગઇ હતી અને દિવસે જ્યારે વાદળાનું નામ નિશાન ન જણાવાથી સૂર્યની મોહક રોશનીમાં જગત્ હસી રહ્યું હતું ત્યારે હમણાં ભયંકર વાદળાં આકાશમાં એકઠાં થઇ વરસાદના ઝાપટાંના દર્શન કરાવવાની કોશેષ કરતાં હતાં.

લૅમ્પ બુઝાઇ જવાથી પોતાના ઓરડાને ગાઢ અંધકારમાંથી બચાવવા કૅપ્ટન લી બારીપરના પરદા ખસેડવા ખુરશીપરથી ઉઠયો અને બારી પાસે જઇ ઉભો. હવામાં થયલો અચાનક ફેરફાર જોઇ તે અજબ થયો. તે બારી પાસે આકાશમાં દોડતાં વાદળાંઓ તરફ જોતો થોડીકવાર ઉભો રહ્યો. પછી તેની નજર પેલા બંધ ઘર તરફ ગઇ કે જેમાં પેલો ભેદી બનાવ બન્યો હતો. એ ઘર એના ઓરડાથી જમણા ખૂણા તરફ આવેલું હતું. એના એક હાથ તરફ એ બંધ ઘર આવેલું હતું અને બીજા હાથ તરફ નીધરહૉલના દરવાજા તથા ટાવર જણાતાં હતાં. એની નજર સ્હામે કોર્ટયાર્ડ અને બગીચાને છૂટા પાડતી દીવાલ હતી. "નીધરહૉલ" ની વ્યવસ્થા "રાઇહાઉસ"ને આબેહુબ મળતી આવતી હતી.

ક્લૅરેન્સ તે બંધ મકાન તરફ દૃષ્ટિ તાકી ઉભો રહ્યો અને બારી-કાઇથી જોતાં એને લાગ્યું કે એ ઘરમાં ઝાંખી બત્તી બળતી હતી. બારણાંમાંના કોઇ કાણાંમાંથી બહુજ ઝાંખો પ્રકાશ જણાવાથી એ આ કલ્પનાને મનનાં સ્થાન આપવા લાગ્યો. જેમ જેમ એ પોતાની આંખો તાણી તાણીને જોવા લાગ્યો તેમ તેમ એ ઘરમાં ઝાંખો

દીવાનો પ્રકાશ હતો એવી એની માન્યતા વધુ દઢ થતી ગઇ. તે એ ભેદભર્યા ઘર તરફ આશ્ચર્યચક્તિ નયનોએ જોઇ રહ્યો હતો એટલામાં બારણું ઉઘડવાનો અવાજ એના કાને સંભળાયો. એ દ્વાર દ્વારાજ સર વિલિયમ સાથે તે અને ડચેસ કોર્ટયાર્ડમાં નીકળ્યાં હતાં. એ બારણું ઉઘડતું જોઇ એની અજાયબી ઉશ્કેરાય એ સ્વભાવિકજ છે. એ ચુપચુપ સ્થિર દૃષ્ટિએ તે દ્વાર તરફ જોઇ રહ્યો. તેની હવે ખાત્રી થઇ ગઇ કે તે ઘરમાં બત્તી હતી; કારણ તે બારણું ખરેખર ઉઘડયું અને એક બે પલ દીવાનો પ્રકાશ લૉરેન્સ સ્પષ્ટ રીતે જોઇ શક્યો. ત્રીજીજ પલે પાછું ત્યાં અંધારૂં થઇ ગયું.

લૉરેન્સ પોતાના ઓરડાની બારી આગળ ઉભો ઉભો આ ભેદી હીલચાલ તરફ નજર નાખતો હતો. એનો પોતાનો ઓરડો ગાઢ અંધકારથી છવાયલો હોવાથી એને કોઇ જોઇ શકે એમ ન્હોતું. જ્યારે એ પોતે તારાના ઝાંખા પ્રકાશમાં પણ પેલા ઘર આગળ શું બનતું હતું તે જોઇ શકે એમ હતું.

પ્રથમ તે દ્વાર ઉઘડયા પછી એક માણસ બહાર આવ્યો પણ તે કોણ હતો તે લૉરેન્સ ઓળખી શક્યો નહિ. તે એનો કાકો હતો એવો વિચાર એના મનમાં આવ્યા વિના રહ્યો નહિ; અને એ પોતાની ખાત્રી કરવા માટે આંખો તાણી તાણીને તે માણસને જોવા લાગ્યો પણ રાત્રીના અંધકારમાં તે ચોક્કસ નિર્ણયપર આવવા શક્તિવાન થયો નહિ. પણ આહ ! અજાયબીપર અજાયબી ! તે માણસ બહાર પછી એક બીજો માણસ બહાર આવ્યો અને તે પોતાના ખભાપર કંઇ ઉપાડી જતો હોય એવું જણાયું. આ માણસ કોણ હશે ? લૉરેન્સે પહેલાના જેમ આ બીજા માણસ વિષે અટકળ કરવાની કોશેષ કીધી પણ તેમાં તેને યશ મળ્યો નહિ. પ્રથમ બહાર આવનાર માણસ બીજો બહાર આવ્યા પછી બારણું બંધ કરી તેને તાળું દેવા બે ત્રણ પલ થોભ્યો અને તાળું દઇ રહ્યા પછી તે અને તેનો સાથી ધીમે પગલે ચાલવા લાગ્યા. તેઓ કોર્ટયાર્ડ અને બગીચાની વચ્ચેની દીવાલમાંના એક દ્વાર આગળ આવ્યા કે જે દ્વારમાંથી બગીચામાં જવાતું હતું. લૉરેન્સનો ઓરડો એ દ્વારની સ્હામેજ હોવાથી તે સહેલાઇથી આ ભેદી માણસોની હીલચાલ તપાસવા શક્તિવાન થયો. દ્વાર આગળ આવ્યા પછી બેમાથી એકે–પહેલા માણસે–તેના ઓરડા તરફ ઉંચે જોયું અને ત્યાર પછી તે બન્ને જણા બગીચામાં

દાખલ થયા. લૉરેન્સને પેલા માણસે અંધારામાં જોયો ન્હોતો એવી તેની ખાત્રી હતી. કારણ કે ઓરડામાં એટલું બધું અંધારૂં હતું કે તેને કોઇ જોઇ શકે એમ હતુંજ નહિ.

અમે પેલા બે માણસોની ભેદી હીલચાલ વિષે જે વર્ણન કર્યું છે તે બની જતાં બે મિનિટથી વધુ વખત લાગ્યો નહિ.

એ સમયમાં લૉરેન્સના મગજમાંથી કંઇ કંઇ વિચાર પસાર થતા હતા. કોઇની ભેદી હીલચાલ તપાસવાની તેને શી જરૂર હતી ? તે જે કામ કરતો હતો તે યોગ્ય હતું કે કેમ ? એવા પણ વિચાર તેને આવતા હતા. બગીચામાં જવાનું બારણું પેલા બે માણસો તેમાં દાખલ થયા પછી બંધ થયું અને લૉરેન્સ હવે કંઇ જોઇ શક્યો નહિ તેથી બનેલા બનાવ સંબંધી શું કરવું? શું નહિ? તેની એને સમજ પડી નહિ. પેલા બે માણસોમાં પહેલો આવનાર તેનો કાકો હતો. તેની આ માન્યતા ખરી હોય તો તે કંઇ કરી શકે તેમ ન હતું. સર બ્રાન્ડની ખાનગી હીલચાલમાં માથું મારવાનો તેને હક્ક ન હતો, પણ જો તે એનો કાકો ન હોય તો આ ભેદી બનાવમાં ભાગ લેનાર કોણ હશે ? લૂંટારાઓ લૂંટ કરવા તો 'હૉલ' માં દાખલ થયા ન હોય ? પેલા બીજા માણસના ખભાપરના કોથળામાં શું હતું ? એ બીજો માણસ કંઇ બંડલ જેવું ઉંચકી જતો હતો એની તો લૉરેન્સને ખાત્રી હતી. પણ એમાં શું હશે ? જો તેઓ ખરેખર કંઇ ખરાબ ઉદ્દેશથી હૉલમાં આવ્યા હોય તો વચ્ચે પડવાની તેની ફરજ હતી. પણ પુનઃ એની પ્રથમ માન્યતા વધુ જોસથી ઉભરી નીકળી. પહેલો માણસ એનો કાકોજ હતો એજ માન્યતા દૃઢ થઇ કારણ કે જો તે ન હોય તો પેલા બારણાની ચાવી બીજા પાસે શી રીતે આવે ? અને જો એ એનો કાકો ન હોય તો બારણું બંધ કરવાની કાળજી રાખવાની શી જરૂર ?

આ બધા વિચારોથી લૉરેન્સનું મગજ એટલું બધું ભમી ગયું કે શું કરવું અને શું પગલાં લેવાં તે એને સુઝયું નહિ. થોડીક મિનિટ એ બારી પાસેજ ઉભો રહ્યો. હજુ એ પેલા બગીચાના દ્વાર તરફ જ જોઇ રહ્યો હતો કે જેમાંથી પેલા બે માણસો બગીચામાં દાખલ થઇ એની નજર આગળથી ગૂમ થયા હતા. બહુ વિચાર કર્યા છતાં શું કરવું તે એને સુઝયું નહિ. અંતે એના મનમાં એક ખ્યાલ આવ્યો એણે પોતાના કાકાના શયનગૃહમાં જવાનો વિચાર કર્યો ને સર બ્રાન્ડ

ત્યાં માલુમ પડે તો તેણે જે જોયું હતું તે તેને કહી દેવાનો તથા પેલા બે માણસોમાંનો એક તેનો કાકો ન હતો એની ખાત્રી કરવાનો વિચાર કર્યો, પણ જો એનો કાકો ત્યાં ન હોય તો પછી શંકાને માટે સ્થાનજ ન રહેશે એમ એને લાગ્યું. આ વિચાર આવતાંજ લૉરેન્સ પોતાના શયનગૃહની બહાર નીકળ્યો અને બે ચાર પલમાં પોતાના કાકાના શયનગૃહ પાસે જઇ પહોંચ્યો. પ્રથમ તેણે ધીમેથી બારણાપર ટકોરો માર્યો. કંઇ પણ જવાબ મળ્યો નહિ. તેણે જરા વધુ જોરથી બારણું ઠોકયું તેનો પણ જવાબ મળ્યો નહિ. ત્યાર પછી તેણે બારણું હડસેલ્યું તો તે બંધ જણાયું. એનો કાકો ભર ઉંઘમાં હતો કે શયનગૃહની બહાર પેલા ભેદી કામમાં ગુંથાયલો હતો? તેણે પુનઃ વધુ જોસથી બારણું ઠોકયું પણ કંઇ જવાબ મળ્યો નહિ. અંતે તે પોતાના ઓરડામાં ધીમે પગલે પાછો આવ્યો. બનવા જોગ છે કે સર વિલિયમ મીઠી નિદ્રાની ગોદમાં લપાયો હોય; આથી હજુ પણ લૉરેન્સનો નિશ્ચય દૃઢ થયો નહિ. પેલો માણસ એનો કાકોજ હતો કે કેમ તે માટે એ કોઇ પણ જાતનો ખાત્રી પુર્વક આધાર મેળવી શકયો નહિ. જો કે એની માન્યતા ઘણી મજબુત હતી તો પણ પોતાના કાકાના જાસુસ થવાનું એને ગમ્યું નહિ. વળી નીધર હૉલમાં લુટારા દાખલ થયા હતા એવો વિચાર કરવો એજ હાસ્યાસ્પદ હતું; કારણ કે લૂંટારાઓ પેલા બંધ વિભાગમાં શું લાડવો લેવા જાય? એના હૃદયની વ્યાકુળવ્યાકુળતા વધી પડી હતી. અને કાંઇ પણ અજવાળું આ ભેદપર ન પડે ત્યાં સુધી એને શાંતિ થાય એમ ન હતું. આથી એ પુનઃ બારી પાસે જઇ પરદાને ઓથે ઉભો રહ્યો અને પહેલાની માફક આમતેમ જોવા લાગ્યો.

લગભગ એક કલાક પસાર થઇ ગયો પણ લૉરેન્સને કાને કંઇ પણ અવાજ સંભળાયો નહિ કે એની આંખોએ એની અશાંતિનો અંત આવે એવું કંઇ પણ જોયું નહિ. ગમે તેમ હો પણ પેલા બે માણસો "નીધરહૉલ" માં રહેતા ન્હોતા એમ લૉરેન્સે માન્યું અને તેમનો પાછા ફરવાનો વિચાર ન હોવો જોઇએ એવું ધારી તે બિછાનાપર પડવાનો વિચાર કરવા લાગ્યો; પણ એટલામાં બારણું ઉઘડવાનો અવાજ એના કાનોએ સાંભળ્યો. એ ગુપચૂપજ શું બનતું હતું તે જોવા લાગ્યો. બગીચામાંના દ્વારમાંથી બે માણસો પાછા કોર્ટયાર્ડમાં દાખલ થયા. પુનઃ તેણે તેમને ઓળખવાને પોતાની

સઘળી શક્તિનો ઉપયોગ કર્યો. એક માણસ બીજા કરતાં વધુ લાંબો હતો. ટૂંકો માણસજ પેલો કોથળો ઉપાડી ગયો હતો. એ કોણ હશે તેનો તર્ક કરતાં લૉરેન્સને અત્યારે એક કલ્પના આવી. તે તેના કાકાનો જૂનો નોકર ગ્રીમસ્ટેડ હોય એવું તેને લાગ્યું. આ બન્ને વ્યક્તિઓને લૉરેન્સે કલ્પનાથી ઓળખી હતી. હજુ તેની ખાત્રી થઇ ન્હોતી.

બન્ને માણસો કોર્ટયાર્ડમાં આવ્યા પણ પેલા બંધ વિભાગમાં ગયા નહિ. તેઓ કૅપ્ટન લી તથા તેના કાકાના ઓરડા જે ભાગ તરફ આવેલા હતા તે તરફ આવ્યા. ગ્રીમસ્ટેડ અને તેની પત્નિ પણ આ ભાગમાં ત્રીજે માળે રહેતાં હતાં.

લૉરેન્સે એ વ્યક્તિઓ જે બારણામાંથી દાખલ થઇ તે ઉઘડવાનો અથવા બંધ થવાનો અવાજ સાંભળ્યો નહિ. આથી કાંતો પેલી બે વ્યક્તિ તે બારણા પાસેથી કોઇ બીજી જગ્યાએ ચાલી ગઇ હશે અથવા તો બહુજ સંભાળથી અંદર આવી હશે એમ કૅપ્ટને ધાર્યું. હવે તે તેમને જોઇ શકે એમ ન્હોતું, પણ તેનો કાકો તેના ઓરડામાં જાય તો તેના પગલાં તો તે સાંભળી શકશે ને? આ પગલાં સાંભળવાનો વિચાર આવતાં પોતાના કાકાના જાસુસ થવાના ખ્યાલથી તે શરમાયો અને તેથી તે પોતાના કોચપર જઇ પડ્યો. ઉંઘમાં તેને કંઇ કંઇ ભયંકર સ્વપ્નાં આવવા લાગ્યાં, અને એ સ્વપ્નાંમાં કાળી રાત્રીએ બહાર નીકળનારી પેલી બે વ્યક્તિઓનાં કામ તેથી પણ કાળાં હતાં એવું તેને જણાયું.

પ્રકરણ ૧૧ મું.

બગીચામાં.

લૉરેન્સ જ્યારે પ્રાતઃકાલે નિદ્રાદેવીની મીઠી ગોદનો ત્યાગ કરી ઉઠ્યો ત્યારે સૂર્યનાં તેજસ્વી કિરણો, બારીપરનો પરદો રાત્રે તેણે પુનઃ ઢાંકી દીધેલો ન હોવાથી તેના ઓરડામાં સ્વચ્છંદપણે રમવા લાગ્યાં. આકાશ પટપરથી સઘળાં વાદળાં વીખરાઇ ગયાં હતાં અને વાતાવરણ પુનઃ રમણિય બની ગયું હતું; પણ ગઇ રાત્રે વરસાદ પડ્યો હતો અને લૉરેન્સે બારીમાંથી બહાર ડોકિયું કર્યું તો વરસાદને

લીધે આસપાસની વનસ્પતિનું સૌન્દર્ય અજબ રીતે ખીલી નીકળ્યું હતું. પક્ષીઓ મધુર કિલકિલાટ કરી વાતાવરણને આનંદથી ભરતા હતા અને પુષ્પો તથા વૃક્ષોનાં પાંદડાઓપર વરસાદના બિન્દુઓ મોતી જેવાં ચળકતાં હતાં.

કપડાં પહેરી કૅપ્ટન લી નાસ્તો લેવા એક ઓરડામાં ગયો પણ તેનો કાકો ત્યાં ન હોવાથી તે બગિચામાં થોડોક સમય પસાર કરવા ગયો. આ તેની હંમેશની ટેવ હતી અને તેથી આજે ગઇ રાત્રીના ભેદભર્યાં બનાવની તપાસ કરવા તે બગીચામાં ગયો એમ માનવાનું નથી. બે માળીઓ-બાપ અને દિકરો-પોતાના કામે મંડી ગયા હતા. વૃદ્ધ માળી પોતાના માનીતા પુષ્પોના છોડોની સંભાળ લેતો હતો અને તેનો છોકરો શાકભાજીના છોડોને પાણી સીંચતો હતો. તેમનું નામ કલાર્ક હતું. ઘરડો માળી જરા ગામડિયા જેવો અને વાતચિત કરવામાં સહેજ અવિનયી હતો. હંમેશાં તે જાણે કંઇ દિલગીરીમાં હોય તેવો તેનો દેખાવ હતો; પણ તેનો છોકરો તેનાથી ઉલટાજ સ્વભાવનો હતો. તે આનંદી, હસમુખો અને મશ્કરો હતો. તે પોતાના ઉપરીઓ સાથે વિનયી અને સરખે સરખા સાથે આનંદી રહેતો અને જ્યારે કામે વળગ્યો હોય ત્યારે ગાયન ગાઇ પોતાનો સમય આનંદથી પસાર કરતો. ઘરડો માળી "નીધરહૉલ" માં ફક્ત લૉરેન્સ તરફજ માન અને પ્રીતિ ધરાવતો હતો. સર વિલિયમની નોકરીમાં રોકાયાને તેને ઝાઝો વખત થયો ન્હોતો. ગ્રીમસ્ટેડ તથા તેની પત્નિ સિવાય કોઇ પણ નોકર સર બ્રાન્ડની નોકરીમાં વધુ વખત રહેતા ન્હોતા એ વાંચનાર સારી પેઠે જાણે છે.

"વેલ, કલાર્ક! આજે તારાં માનીતા પુષ્પો ઘણા સુન્દર દેખાય છે, હો!" કૅપ્ટન લી ઘરડા કલાર્ક પાસે જઇ પુષ્પો તરફ હસિત વદને જોઇ બોલ્યો.

"વરસાદને લીધે આ પુષ્પોની. સુન્દરતા બેવડાઇ ગઇ છે, કલાર્ક!" લૉરેન્સે માળી તરફ જોઇ કહ્યું.

"હા. જ્યાં એ છૂંદાયાં નથી ત્યાં સુન્દર જણાય છે—"

"છૂંદાઇ ગયાં છે? કોણે એ પુષ્પો છૂંદી નાખ્યાં?" લૉરેન્સ અજબ થઇ બોલ્યો.

"આ જુઓ, સાહેબ!" એમ કહી માળીએ પોતાની લાકડી વડે કેટલીક જગ્યાના પુષ્પો છુંદાયલાં હતાં તે લૉરેન્સને બતાવ્યાં.

લૉરેન્સે ત્યાં જઇ જોયું તો ત્યાં પાંચ છ પગલાંના આકાર પડેલાં તેને જણુાયાં.

"સાહેબ!" માળી પુનઃ બોલ્યો.

"કોઇ રાત્રે બગીચામાં રસ્તો માલુમ ન પડવાથી આ તરફ આવી ચઢ્યું હશે એમ લાગે છે. પણુ જુઓ તો ખરા! કેટલી જગ્યાએ ૫.૬ લોકોએ મારાં મનોહર ફુલોની સુન્દરતા કચડી નાખી છે." કહી માળીએ બીજી જગ્યા બતાવી કે જ્યાં પણુ બે ત્રણુ પગલાં જણુાતાં હતાં.

લૉરેન્સે તરતજ એ પગલાં ગઇ રાત્રે પેલી બે વ્યક્તિ જે બગીચામાં છૂપી રીતે મધરાતે દાખલ થઇ હતી તેનાજ હોવા જોઇએ એમ કલ્પના કરી; પણુ તે એ વિષે કંઇ પણુ માળી આગળ બોલ્યો નહિ.

"સાહેબ, એ બદમાસ કોણુ હશે તે હું સમજી શકતો નથી. વળી એક બીજી પણુ અજાયબ જેવી ઘટના બની છે—"

"તે શું?"

"અરે! સાહેબ! હથિયારો વાળી ઓરડીમાં ગઇ રાત્રે કોઇ દાખલ થયું હતું."

"તે તેં કેમ જાણ્યું? કંઇ ચીજ ચોરાઇ ગઇ છે?"

"નહિ સાહેબ! બગીચામાંના માળીના ઉપયોગના હથિયારો કોણુ ચોરી જાય? ચોરો એવી ચીજપર નજર પણુ નાખે નહિ." માળી બોલ્યો.

"ત્યારે તું શું ધારે છે?"

"હું શું ધારૂં? હું એટલું ખાત્રીથી કહી કહું છું કે હથિયારો વાળી ઓરડીમાં ગઇ રાત્રે કોઇ દાખલ થયું હતું કારણુ કે એક કોદાળી તથા બીજા બે હથિયાર મેં જ્યાં મુકયાં હતાં ત્યાં ન્હોતાં. અને વળી કોદાળીપર તાજી માટી લાગી હતી—"

"એમ?"

"હા સાહેબ!"

"એ અજાયબ જેવી વાત છે, કલાર્ક! રાત્રે જ્યારે બધા માણુસો ઉંઘમાં પડયા હોય ત્યારે જમીન ખોદી આનંદ માનનાર કોણુ હશે?"

"હું પણુ એ જાણુવા માગું છું, સાહેબ! કોઇ જગ્યાએ કંઇ

ખાડો છે કે કેમ તે જોવા માટે હું આમતેમ બગીચામાં આજે ફરી વળ્યો—"

"અને તેં ખોદાયલી જમીન જોઇ ?"

"નહિ સાહેબ ! જો કોઇ જગ્યા ખોદવામાં આવી હોય તો પણ તે પાછી સફાઇથી પૂરી લીપેલી હોવી જોઇએ. વળી વરસાદ પડવાથી કોઇ પણ જાતનું ચિન્હ કોઇ જગ્યાએ રહ્યું નથી." આટલું કહી માળી ગંભીર બન્યો અને પોતાના કામે વળગ્યો.

લૉરેન્સ માળીને છોડી બગીચામાં આમતેમ ફરવા લાગ્યો. પોતે કંઇ પણ તપાસ કરે છે એવું કોઇને પણ ન જણાય એવી રીતે તે કંઇ પણ ચિન્હ જો જમીનપર હોય તો તે શોધી કાઢવા આતુર હતો. પુનઃ એની વિચારમાળા શરૂ થઇ. પેલી બે વ્યક્તિઓ બગીચામાં આવી હતી એ ચોકસ હતું. એક માણસના ખભાપર કંઇ કોથળા જેવું હતું એની પણ તેના મનમાં ખાત્રી હતી. વળી જ્યારે એ બે માણસો પાછા ફર્યા ત્યારે પેલો કોથળો ન્હોતો એ પણ લૉરેન્સ જાણતો હતો. પેલી બે વ્યક્તિ—જેને તેણે ગ્રીમસ્ટેડ તથા સર વિલિયમ તરિકે ઓળખી હતી—તેણે શું ખરેખર જમીનમાં કંઇ દાટયું હતું ? તે કોથળામાં શું હશે ? એ વિચાર એના મનમાં આવ્યા. કાં તો તે કોથળામાં દ્રવ્ય હોય અને તે કોઇ જગ્યાએ દાટવામાં આવ્યું હોય અથવા તો કંઇ ભયંકર ગુન્હો થયો હોય અને કોઇનું શબ દટાયું હોય લૉરેન્સ પોતાનો કાકો કોઇનું ખૂન કરી તેના શબને ગુપચુપ દાટી દે એ એક પલ પણ માની શકયો નહિ. વળી પેલો કોથળો તેમાં એક મનુષ્યનું શબ સમાઇ શકે એટલો મોટો ન્હોતો ત્યારે તેમાં શું હતું ? લૉરેન્સ જાણતો હતો કે તેનો કાકો પૈસાનો પૂજારી હતો. આથી તેણે પોતાનું દ્રવ્ય કોઇ જગ્યાએ દાટયું હોય એ બનવાજોગ છે એમ એને લાગ્યું. પણ જો સર વિલિયમે પોતાનું દ્રવ્યજ ત્યાં દાટયું હોય તો "નીધરહૉલ" માં ઘણી એવી સુરક્ષિત અને ગુપ્ત જગ્યાઓ હતી કે જ્યાં તે સલામતીથી પોતાનું દ્રવ્ય સાચવી શકે. વળી દ્રવ્ય સંતાડવાની જગ્યા ગ્રીમસ્ટેડને જણાવે એવો એનો કાકો મૂર્ખો ન્હોતો. ગમે એમ હો પણ એ જાણતો હતો કે કેટલાક કંજુસોની કેટલીક માન્યતાઓ વિચિત્ર હોય છે તેથી તેના કાકાએ પણ એવી કોઇ માન્યતાને લીધે પોતાની લક્ષ્મી જમીનમાં દાટી દીધી હશે.

આવા આવા વિચારમાં અરધોએક કલાક તે બગીચામાં રખડયો પણ કોઇ પણ જગ્યાએ જમીન ખોદાવાના ચિન્હો જણાયાં નહિ. તેથી લૉરેન્સ હૉલમાં દાખલ થયો અને નાસ્તો લેવાના ઓરડામાં ગયો. આ સમયે સર વિલિયમ ત્યાં હાજર હતો, અને જેની તેણે પોતાના કાકાને સ્હવારની સલામ કરી તેજ પળે સર વિલિયમે પોતાની તિક્ષણ આંખો તેના તરફ સ્થિર કરી હોય એવું એને લાગ્યું. પણ તરતજ સર બ્રાન્ડે બીજી બાજુએ જોયું અને લૉરેન્સે પોતાની માન્યતા ભુલભરી માની. ખાતી વેળા સર વિલિયમ બહુજ થોડું બોલ્યો અને જે કંઇ તે બોલ્યો તે તદ્દન જુદીજ બાબત વિષે બોલ્યો.

નાસ્તા પછી કૅપ્ટન લીએ પોતાનું માનીતું પુસ્તક અને ગલ લઇ નદિ કિનારાપર રખડવાનું શરૂ કર્યું; પ્રથમ એના મગજમાં ગયા ચોવીસ કલાકમાં બનેલા ભેદમર્યા બનાવો ગુંચવાવા લાગ્યા; પણ એ વિચારો મુગ્ધ રૂથની કલ્પના આવતાંજ દબાઇ ગયા. રૂથની મોહક-પવિત્ર મૂર્તિ એની આંખો સ્હામે તરવરવા લાગી, અને તેણે " રાઇ હાઉસ " તરફનો રસ્તો લીધો.

"લી નદિમાં માછલી મારવાની મઝા આવે છે-" તે બબડયો. જાણે ત્યાં જવા માટે કંઇ કારણ બતાવવાની જરૂર હોય તેમ એ બોલ્યો. તે જે સ્થળે જતો હતો ત્યાં એને રૂથની જાદુઇ આકર્ષણ શક્તિ ખેંચી જતી હતી; એ રૂથને જોવા-એની પવિત્ર મૂર્તિના દર્શન કરવા-તેના મધુર શબ્દો સાંભળવા આતુર હતો. પણ પ્રેમના પ્રથમ પગથિયાપર પગ મૂકતો પ્રેમી પોતાના હૃદયની નિર્બળતા કબુલ કરતો નથી; તેમ એ પણ જાણે ખરેખર, માછલી મારવા જતો હોય એવું મનમાં વિચારી આગળ ચાલવા લાગ્યો.

અગિયારેક વાગ્યાનો સમય હતો અને કૅપ્ટન લી આપણે એને પહેલી વાર જોયો હતો તેજ જગ્યાએ પાણીમાં ગલ નાંખી બેઠો હતો. પણ જો અમે ખરૂં કહીએ તો ગલમાં માછલી સપડાઇ કે કેમ તે તરફ ધ્યાન આપવાને બદલે નદિના બન્ને કિનારાપર એની આંખો જેને જોવાને આતુર હતી તે આવી છે કે નહિ તેનીજ એ તપાસ રાખતો. અહા ! પ્રેમ ! એ કઇ જાદુઇ શક્તિ ધરાવે છે? શાને લીધે પ્રેમના અસર થતાં મનુષ્ય પોતાનું સાનભાન ભૂલી જતો હશે ? કૅપ્ટન લી પાણીમાં ગલ નાખી એક કલાક લી નદિના કિનારાપર બેસી રહ્યો પણ એક પણ માછલી સપડાઇ નહિ. ક્યાંથી સપડાય !

એનું ધ્યાન રૂથમાં હતું. એ રૂથના નામની માલા ફેરવતો હતો. એ આવી-આવતી હશે-હમણાં આવશે-એવી એવી ઝંખનામાં એ સમય પસાર કરતો હતો. એ કંટાળ્યો. ગલ બાજુએ નાખ્યો અને લીલાં ઘાસપર લેટી ગયો. પાસે પાડેલું પુસ્તક લઇ વાંચવાનો પ્રયાસ કર્યો: પણ વાંચનાર, રૂથના સૌન્દર્યનું દર્શન કરવા આતુર બનેલી આંખો પુસ્તકના પાનાં પર ચ્હોંટે ખરી? રૂથ, રૂથ ને રૂથજ એના મનમાં રમી રહી હતી. ઋતુ સુન્દર છે, સૃષ્ટિ સૌન્દર્ય મોહક છે, જરૂર રૂથ નિઃસર્ગ દેવી સાથે રમત કરવા આ બાજુ આવશે એવી આશામાં કૅપ્ટન સાહેબ આંખ તાણતા હતા.

જે જગ્યાએ એ બેઠો હતો ત્યાંથી "રાઇ હાઉસ" પા માઇલ દૂર હતું. તેણે તે તરફ નજર ફેંકી. કિંગ્સ આર્મસ તરફ જોયું. લી નદિના પૂલ પર દૃષ્ટિ તાકી: પણ રૂથ કશેય જણાઇ નહિ.

"રાઇ હાઉસ" તરફ થોડીકવાર દૃષ્ટિ તાકી રહ્યા પછી લી નદિના પૂલ પરથી કોઇ એ બેઠો હતો તેની સામેના કિનારા તરફ જતું હોય એવું એને લાગ્યું. આવનાર વ્યક્તિ કોઇ લલના હતી. લૉરેન્સે માની લીધું કે તેની હૃદયહારિણીજ હંસગતિથી ચાલતી આ બાજુ આવે છે. એ એકી ટસે તેના તરફ જોઇ રહ્યો. લલના નજીક નજીક આવતી ગઇ અને અંતે એણે તેને ઓળખી. તે એની વ્હાલી રૂથજ હતી. રૂથના દર્શન કરવાની એની આશા ફળી: પણ કેવી કમ-નસીબી? એ આ કિનારે ને રૂથ સ્હામે કિનારે! પૂલ ઓળંગ્યા સિવાય સ્હામા કિનારાપર જવાનો બીજો રસ્તો ન્હોતો, અને પાણીમાં ભૂસકો મારી પેલે કિનારે એક યુવતીને મળવા માટે દોડી જવું એ સભ્યતાહીન અથવા માનવ માન્યતાથી ઉલટું જણાયું. એણે સ્હામો કિનારો પસંદ કર્યો હોત તો કેવું સારૂં થાત! રૂથ આ કિનારે આવી હોત તો કેવો આનંદ થાત! એવા એવા વિચાર આવવા લાગ્યા. યુવાન મુઝાયો. શું કરવું? એની જિંદગીમાં એ પહેલીવાર ગમ્ભીર બન્યો. પણ આ ગમ્ભિરતા-આ મુઝવણ વધુ વાર ટકી નહિ. ગમે એમ પણ રૂથ એની નજીક હતી. એની દૃષ્ટિ તેની મોહક મુખાકૃતિ જોઇ શકતી હતી. બસ, એટલાથીય એને આનન્દ થયો.

રૂથ અને લૉરેન્સ વચ્ચે નદિનું ઝરણુ હતું પણ એ ઝરણુ ભાગ્યે સો વાર પહોળું હશે: છતાં રૂથે હજુ લૉરેન્સને જોયો ન્હોતો. એટ-લામાં લૉરેન્સનું ધ્યાન બીજી બાજુએ ખેંચાયું. પૂલ પરથી એક ઘોડે

સ્વાર રૂથ જે તરફ જતી હતી તે તરફ જતો જણાયો. રૂથને જોઇ તેણે ઘોડાની ગતિ ત્વરિત કરી અને રૂથે પોતાની પાછળ કોણ આવે છે તે જાણવા માટે પાછું જોયું ત્યારે તો ઘોડેસ્વાર ઘણો નજીક આવી પહોંચ્યો હતો. તેણે રૂથને છટાથી પોતાની હૅટ ઉતારી સલામ કરી તેજ પળે લૉરેન્સની ભારી અજાયબી વચ્ચે તેને જણાયું કે તે ઘોડેસ્વાર કોઇજ નહિ પણ તેનીજ ટૂકડીનો અમલદાર કર્નલ ગ્રેહામ હતો.

ત્યારે શું કર્નલ ગ્રેહામ રૂથ રમ્બોલ્ડને ઓળખતો હતો? લૉરેન્સની બીજીજ પળે ખાત્રી થઇ ગઇ કે કર્નલ કાકાને રૂથે ધુતકારી કાઢયા હતા કારણ કે રૂથ કર્નલ ગ્રેહામ ઘોડાપરથી જે બેચાર શબ્દો બોલ્યો તે સાંભળી ગુસ્સાભેર પોતાને રસ્તે ચાલી જતી જણાઇ. બીજીજ પળે કર્નલ ગ્રેહામ ઘોડાપરથી કૂદી પડયો અને રૂથનો હાથ ઉદ્ધતાઇથી પકડી તેણીને ઉભી રાખી. તરત રૂથે પોતાનો હાથ ઝૂંટવી લીધો અને જેવી મુગ્ધા ઉતાવળી ઉતાવળી બદમાશ કર્નલના પંઝામાંથી છૂટવા ચાલતી થતી હતી એટલામાં તો કર્નલે તેની પાતળી કમ્મરની આસપાસ પોતાનો અપવિત્ર હાથ વીંટાળ્યો.

આંખના પલકારામાં લૉરેન્સ પાણીમાં કુદી પડયો. તે એક નીપુણ તરનારો હતો. દસબાર હાથ મારી તરત તે સ્હામે કિનારે જઈ પહોંચ્યો. જ્યાં રૂથનું પાપી કર્નલ અપમાન કરવા તૈયાર થયો હતો તે જગ્યાએ એ વીજળીક વેગે જઇ પહોંચ્યો. રૂથ કર્નલ ગ્રેહામ સાથે ચંડિકારૂપ ધારણ કરી લડતી હતી. લૉરેન્સ ત્યાં દોડી ગયો અને બેશરમ કર્નલને એક લપડાક મારી ભૂમિભેગો કર્યો.

પ્રકરણ ૧૨ મું.

કૅપ્ટન અને કર્નલ.

કર્નલ ગ્રેહામ ચાલીસેક વર્ષની ઉમ્મરનો, સશક્ત અને આકર્ષક દેખાવનો માણસ હતો. તેની આકૃતિ ઉંચી, વાળ કાળા અને થોભીઆ તથા મુછ ફાંકડા છેલ જેવી હતી. તેના દાંત સરખા અને સુન્દર હોવા સાથ તેનો એકંદર દેખાવ પણ પ્રભાવશાલી—સત્તાશીલ અને નબળા પોચાને દબાવી દે એવો હતો. એના મુખપરથી એ સૈનિક હોય એ તરત માલુમ પડી આવતું. વળી બહારથી એનો દેખાવ

વિનયી જણાતો. એણે સાદો પોષાક પહેર્યો હતો; પણ દરેક ચીજપર એણે ખાસ લક્ષ આપી પોતાનું સૌન્દર્ય ખીલવવાનો-વધારવાનો પ્રયાસ કર્યો હોય એ સ્પષ્ટ જણાતું હતુ. તે કુમારો હતો-નીતિની એને ગંધ ન્હોતી-પવિત્રતા શું છે તે એ જાણતો નહિ. સ્ત્રીઓ પુરૂષોને આનન્દ આપવા સરજાયલી પૂતળી છે-પુરૂષનું રમકડું છે એવી એની માન્યતા હતી. સતિત્વની જગતમાં જરૂર છે, પવિત્રતા પ્રભુનો ખજાનો છે, નીતિમાન મનુષ્ય જગતમાં પૂજાય છે, એ સિદ્ધાંતો એને માન્ય ન્હોતા. "ખાના, પીના ઔર મોજ કરના," એ એનો જીવનમંત્ર હતો. વળી જગતના કેટલાક વિકારી મનુષ્યોમાં એવો ઘમંડ હોય છે કે તેમના જેવા સુન્દર પુરૂષો પર જગતની કોઇ પણ લલના આકર્ષાયા વિના રહેજ નહિ. અમારી નવલકથાના કર્નલ ગ્રેહામ સાહેબ પણ એવી માન્યતાને પરણી બેઠા હતા. તેની પદવી, તેનું સુન્દર વદન, તેની વાત કરવાની છટા, તે જે મુગ્ધા યા યુવતીપર નજર ચ્હોંટાડે તેને તરત વશ કરી દે; પરાજય કદિ પણ તેને મળેજ નહિ, એવી એની અંધ માન્યતા હતી. તે એક નિપુણ સૈનિક હતો. એનામાં શૂરાતન પણ હતું. એની ટૂકડીની "ડીસીપ્લીન" માટે એ મગરૂર હતો. અનિયમિત સૈનિકને એ તરત સજા કરતો અને એવી વેળા એ ઘણો સખત બનતો; છતાં પોતે પોતાના મિત્રો સાથે જુગાર, અયશ-આરામ અને આમોદ-પ્રમોદમાં પડી રહેવામાં સહેજ પણ અચકાતો નહિ.

કર્નલ ગ્રેહામ અને કૅપ્ટન લી હજુ સુધી શત્રુ થયા ન્હોતા; પણ કૅપ્ટન લીને એ પ્રથમથીજ પસંદ કરતો ન્હોતો. એની કૅપ્ટન લી તરફની અપ્રીતિ એના અન્તરમાંજ છૂપાઇ રહી હતી; કારણ કે બહારથી તેણે લૉરેન્સ સાથે એવું વર્તન ચલાવ્યું નહોતું. આ અપ્રીતિનું મૂલ લૉરેન્સની સદ્દગુણ તરફની પ્રીતિમાં હતું. લૉરેન્સ કદી પણ જુગાર રમતો નહિ જ્યારે ગ્રેહામને જુગાર રમ્યા વિના ચેન પડતું નહિ. દારૂની પ્યાલીઓ લૉરેન્સ હદ ઉપરાંત તો શું પણ જરૂર જોગીજ ખાલી કરતો. કર્નલ હંમેશાં બબ્બાના બહારમાં પડી રહેતો. વળી કર્નલ ગ્રેહામને અમુક લલનાને પોતાની જાળમાં કોણ વહેલો સપડાવે એવી સરત મારવાની ટેવ હતી. જ્યારે લૉરેન્સને અનીતિ-અપવિત્રતા તરફ બહુજ તિરસ્કાર હતો. વિલાસી ચાર્લ્સના અમલમાં ઘણાખરા સૈનિકો ધિક્કારપાત્ર અપવિત્ર જીવન ગુજારતા હતા. લૉરેન્સ

પોતાના હૃદયની દૃઢતા અજબ રીતે ટકાવી રહ્યો હતો. તે ઉદાર હતો. પણ કદિ દેવું કરતો નહિ. તે સરલ હૃદયનો, ઉદાર, અને બહાદૂર હતો. તે મોજ–મઝા પસંદ કરતો; પણ બેશરમ વિલાસ કે ધિક્કારપાત્ર અનીતિનું સ્વપ્નમાં પણ સ્મરણ ન કરતો. એ ધર્મને ચાહતો–પ્રભુથી ડરતો; છતાં જૂના વહેમો કે માન્યતાઓનો ગુલામ ન્હોતો; ગમે એમ હો, પણ કર્નલ ગ્રેહામ જેવા ઉખડેલ અને વંઠેલ માણસને લૉરેન્સ જેવા સદ્‌ગુણી યુવાન તરફ અપ્રીતિ હોય એ સ્વાભાવિકજ છે. કર્નલ ગ્રેહામ પણ લૉરેન્સ તરફ સદ્‌ભાવ ધરાવતો ન હતો. પણ તે તેને નારાજ કરી શકે એમ ન હતું કારણ કે તે સર વિલિયમ બ્રાન્ડનો કરજદાર હતો. આથી સર બ્રાન્ડ જેવા લ્હેણુંદારના ભત્રિજા સાથે શત્રુતા બાંધવામાં એને સાર જણાયો નહિ.

રૂથને જ્યારે એણે નદિ કિનારે જોઇ ત્યારે એને જોતાંજ એની વિકારી આંખો ચકરાઈ ગઈ. એણે રૂથને પોતાની પાપી જાળમાં ફસાવવાનો વિચાર કર્યો અને પોતે એ કુમારિકાના સૌન્દર્યનું વર્ણન એવી સુન્દર રીતે કરશે અને તેને એવી એવી લાલચો આપશે કે તરત પોતાનો પાસો પોબાર પડશે, એમ માની લીધું. તરતજ તેણે રૂથની પૂંઠ પકડી. રૂથ પાસે આવી પહોંચ્યો અને કુમારિકાનું અનનુભવી હૃદય છેતરાઇ જાય એવા કેટલાક બોલ બોલ્યો. પણ આ બાજુ પવિત્રતાની મૂર્તિ રૂથ હતી. તે ગુસ્સે થઇ. કર્નલ નિરાશ થયો, અને ઘોડાપરથી નીચે કૂદી પડયો. રૂથના મોહક અધરોપરનું અમૃત ચાખવાનો એણે નિશ્ચય કર્યો. પાપીએ પોતાની શક્તિનો ઉપયોગ કરી મુગ્ધાના સૌન્દર્યના ભોક્તા થવાના કસમ લીધા. રૂથ સ્હામી થઇ. બન્ને લડવા લાગ્યાં. મુગ્ધાએ પોતાની શાંતિનો ત્યાગ કરી ઉગ્ર ચંડિકા રૂપ ધારણ કર્યું. આ ધાંધલમાં કર્નલ ગ્રેહામે નદિમાં લૉરેન્સે મારેલા ભુસકાનો અવાજ સાંભળ્યો નહિ તેમજ હમણાં કોઇ રૂથની મદદે આવશે એવું પણ ધાર્યું નહિ પણ જ્યારે લૉરેન્સ લીના પગલાંનો અવાજ સંભળાયો ત્યારે એનું અભિમાન જખમાયું. લૉરેન્સે એને લપડાક મારી જમીન પર નાખી દીધો ત્યારે એના ગુસ્સાનો પાર રહ્યો નહિ.

રૂથે પાણીમાંનો ભુસકો સાંભળ્યો હતો. આથી કોઇક નજીક છે એમ જાણી એને વધુ હિમ્મત આવી અને લૉરેન્સે એના શત્રુને જમીન પર ફેંકી દીધો ત્યાં સુધી કુમારિકાએ પોતાની લડાઇ બહાદૂ-

રીથી ચાલુ રાખી હતી. કર્નલને જમીન પર પડેલો જોઇ એણે તેના તરફ ધિક્કારથી જોયું. બીજીજ પળે તેની આંખોએ લૉરેન્સ તરફ જોઇ કૃતજ્ઞતા જાહેર કરી. રૂથ ગુસ્સે થઈ હતી, દીલમાં દુઃખી થઇ હતી, જરા ગભરાઈ હતી; છતાં એણે જ્યારે આભારપૂર્ણ નયનોએ લૉરેન્સ તરફ જોયું ત્યારે એ આંખોમાં મીઠાશ–કંઈક પ્રીતિ–અને કંઇક જાદુઇ શક્તિ લૉરેન્સને જણાઇ. પછી રૂથ એક બાજુએ જઇ પોતાના વિખરાયલા વાળ વ્યવસ્થિત કરવા લાગી.

કર્નલ ગ્રેહામ તરત ઉભો થયો અને કૅપ્ટન લી તરફ લાલ આંખોએ જોઇ બોલ્યો.

"કૅપ્ટન લી! તમે તમારા ઉપરી અમલદારને લપડાક મારી છે એ તમે જાણો છો?"

"હા, કારણ કે મારો ઉપરી અમલદાર એક હીચકારા બાયલા જેવું કામ કરતો હતો." લૉરેન્સ સહેજ પણ ડર્યા વિના બોલ્યો.

"હીચકારો! બાયલો! આવા શબ્દો મારે માટે?" ગ્રેહામની આંખોમાંથી અગ્નિ ખરવા લાગ્યો. એનો હાથ એની તલવારની મુઠ પર ગયો.

"તમારી મરજી હોય તો ખેંચો તમારી તલવાર! પણ યાદ રાખો, સાહેબ! મારી પાસે તલવાર નથી."

"ખરૂં! હું તમારો ઉપરી અમલદાર તમારી નિઃશસ્ત્રતાનો લાભ લેવા માગતો નથી......કૅપ્ટન લી! તમને હું તમારી રેજીમેંટમાં જવાની આજ્ઞા કરૂં છું—" ગ્રેહામ છેલ્લા શબ્દો સત્તા દર્શક સ્વરે બોલ્યો. શરમ, શત્રુત્વ, ક્રોધની મીશ્ર લાગણીઓ કર્નલના મગજને ભમાવી નાખતી હતી. કૅપ્ટન લીને આજ્ઞા કરી એ રૂથ તથા કૅપ્ટન તરફ જોયા વિના પોતાના અશ્વપર સવાર થયો અને નદિ કિનારા પરથી "નીધર હૉલ" તરફ ચાલતો થયો.

"કૅપ્ટન લી!–" કર્નલ ગ્રેહામના અશ્વનાં પગલાંનો અવાજ સંભળાતો બંધ થયા પછી રૂથ મીઠા સ્વરે બોલી.

"મારે લીધે તમે તમારા અમલદારના ગુસ્સાના ભોગ થઇ પડયા–" એટલું કહી તેણે લૉરેન્સ તરફ પોતાનો હાથ લાંબો કર્યો. કૅપ્ટને વ્હાલથી કુમારિકાનો હાથ પોતાના હાથમાં લીધો. ત્યાર પછી તે બોલ્યો:

"મિસ રમ્બોલ્ડ! તમારે માટે મારે ગમે તેવી સત્તા ધરાવતા મનુષ્ય સ્હામે બાથ બીડવી પડે તો પણ મને તેની પરવા નથી.

તમારા તરફ કર્નેલે જે નીચ વર્તન ચલાવ્યું છે તેથી હું ઘણો દિલ-ગીર છું છતાં તમને બચાવવાની તક મને મળી તે માટે મને ઘણો આનંદ થાય છે. ચાલો, હું તમને તમારા ઘર સુધી મૂકી આવું."

"હા. ચાલો, "રાઇહાઉસ" માં તમે કપડાં બદલજો. કૅપ્ટન ! મારા પિતા તમે મારૂં પેલા બદમાસના પંઝામાંથી રક્ષણ કર્યું તે માટે તમારો આભાર માનશે અને હું તો તમારી જીવન પર્યંત આભારી રહીશ, કૅપ્ટન લી !"

લૉરેન્સ રૂથનો હાથ પકડી "રાઇ હાઉસ" તરફ ચાલવા લાગ્યો. બન્નેનાં યુવાન હૃદયોમાં કંઇ અનિર્વચનીય ભાવો તોફાન જગાડતાં હતાં. નદિના પૂલ પરથી પસાર થઇ તેઓ "કિંગ્સ આર્મ્સ" નજીક આવી પહોંચતાં રૂથ અને લૉરેન્સપર મિસીસ શેપર્ડની નજર પડતાં લૉરેન્સના ભીંજાયલા કપડાં જોઇ તેણીની અજાયબીનો પાર રહ્યો નહિ. હંમેશાં પૈસાનું ચિંતન કરતી મિસીસ શેપર્ડ લૉરેન્સ પાસે દોડી જઇ પોતાના પતિના કપડા લૉરેન્સની મરજી હોય તો તેને આપવાની તથા બીજી કંઇ સગવડ કરી આપ-વાની ઇચ્છા બતાવી. પણ લૉરેન્સે વિનયથી તેની માગણીનો અસ્વી-કાર કરવાથી તે ઝંખવાણી પડી અને પોતાના મગજમાં વિચિત્ર કલ્પનાઓ કરતી પાછી ફરી. આખો દિવસ તેણીએ એ બનાવ વિષેજ બધા આગળ ટકટક કર્યા કરી.

કૅપ્ટન તથા રૂથ "રાઇ હાઉસ"માં દાખલ થયાં. કર્નલ રમબોલ્ડ કંઇ કામ માટે બહારજ ઉભેલા હોવાથી રૂથે તરત તેને બનેલા બના-વથી વાકેફ કર્યો. રૂથે એ બનાવ પોતાના પિતાને કહેતી વેળા કૅપ્ટન લીની બહાદુરીની પ્રશંસા કરી. એ સાંભળી કર્નલ રમ્બોલ્ડે બહાદુર લૉરેન્સની સરલતા તથા શૂરવીરતાથી પ્રસન્ન થઇ તેને વ્હાલથી શેકહેંડ કરી પોતાની પુત્રીનું સંરક્ષણ કરવા માટે તેનો આભાર માન્યો ત્યાર પછી તે તેને પોતાના ઓરડામાં લઇ ગયો અને તેને સૂકાં વસ્ત્રો પહે-રવા આપ્યાં; તથા એનાં ભીનાં કપડાં સૂકાવા નંખાવ્યાં. લૉરેન્સે કપડા બદલ્યા પછી કર્નલ રમ્બોલ્ડે બાકીનો દિવસ "રાઇ હાઉસ"માં ગાળ-વાનું તેને આગ્રહસહ આમંત્રણ કર્યું. કર્નલ રમ્બોલ્ડ કૅપ્ટન લૉરેન્સ રાજાની નોકરીમાં હતો તે ભૂલી ગયો ન્હોતો. આગલેજ દિવસે તેણે લૉરેન્સને કહ્યું હતું કે રાજદ્વારી વિચારોમાં સખત મતભેદને લીધે તેઓ ગાઢ મિત્રો થઇ શકે એમ નથી. પણ હવે સંયોગો બદલાઇ

ગયા હતા. લૉરેન્સ રૅાયલીસ્ટ નહિ-શત્રુ નહિ-પોતાનો વિરોધી નહિ; પણ પોતાની પુત્રીની પવિત્રતાનો બહાદૂર રક્ષક છે એમ કર્નલને લાગ્યું. મૂલથીજ તેનો સ્વભાવ ઉદાર અને તેનું હૃદય સરલ હતું. આથી રૂથનું રક્ષણ કરનાર તરફ એનું હૃદય આકર્ષાય એ સ્વાભાવિકજ છે.

" તમારા આમંત્રણ માટે હું તમારો બહુજ આભાર માનું છું, કર્નલ રમ્બોલ્ડ ! રાજદ્વારી વિચારોમાં મતભેદને લીધે ગમે એવી અંગત દુશ્મનાવટ જન્મ લે છે. પણ તમારી સરલતાથી હું એટલો બધો ખુશી થયો છું કે મેં તમારા આમંત્રણનો આનંદ સહ સ્વીકાર કર્યો હોતઃ પણ કર્નલ ગ્રેહામે મારી રેજીમેંટમાં જવાનો મને હુકમ કર્યો છે અને તમે એક સૈનિક હોવાથી સમજી શકશો કે કર્નલ ગ્રેહામને આજે જે બનાવ બન્યો છે તે પછી જો હું તેની આજ્ઞાનો અનાદર કરી તેનો ગુનેહગાર થાઉં તો તેનું વૈર વાળવાનો પ્રસંગ બહુ વહેલો મળે-" લૉરેન્સે સેહેજ દિલગીર થઇ કહ્યું.

" મારી પુત્રી માટે તમને કંઇ પણ થશે તો હું ઘણોજ દુઃખી થઇશ કૅપ્ટન ! હું તમને વધુ વાર રોકાવાનું દબાણ હવે કરી શકતો નથીઃ પણ તમારે મારે ત્યાં બે કોળિયા તો ભરવાજ પડશે. " કર્નલ રમ્બોલ્ડે કૅપ્ટન લીનો હાથ પકડી કહ્યું.

" હું એક કલાક અહિં ગાળી શકીશ. " કૅપ્ટન લૉરેન્સે કદાપિ રૂથના દર્શન પુનઃ થશે એવી મનમાં આશા રાખી કહ્યું.

તેની આશા ફળી. કર્નલ રમ્બોલ્ડ તેને પોતાની પત્નિના ઓરડામાં લઇ ગયો જ્યાં યુવાન કુમારિકા પોતાની માતાને બનેલો બનાવ કહી સંભળાવતી હતી. લૉરેન્સપર હવે આભારસૂચક શબ્દોની વૃષ્ટિ થવા લાગી. મિસીસ રમ્બોલ્ડે પોતાની કૃતજ્ઞતા પ્રકટ કરી. ભોજન હાજર કરવામાં આવ્યું અને આ સમયે લૉરેન્સનું " રાઈ-હાઉસ " માં ગરમાગરમ સ્વાગત થયું. કર્નલ લૉરેન્સના તરફ કોઇ ગુપ્ત ભાવથી જોઇ રહ્યો હતો. લૉરેન્સની ભારી અજાયબી વચ્ચે તેને માલુમ પડયું કે ડચેસની ગાડીને અકસ્માત નડયો તે દિને તેનો કાકો " રાઇ હાઉસ " માં ગયો હતો. કર્નલ રમ્બોલ્ડે પોતાની સરલ પ્રકૃતિ અનુસાર કૅપ્ટનને પોતે સર વિલિયમ બ્રાન્ડનો એક મોટી રકમ માટે કરજદાર હતો તે પણ કહી દીધું અને સર બ્રાન્ડે બતાવેલી ઉદારતાની વાત સાંભળી લૉરેન્સ આનંદ પામ્યોઃ પણ એજ સમયે તેનો કાકો, જે બધા રીપબ્લીકનોને ધિક્કારતો હતો, તેણે શા કારણથી કર્નલ

રમ્બોલ્ડ સાથે ઉદારતા બતાવી હશે તે એ સમજી શક્યો નહિ.

નાસ્તો પૂરો થયો. લૉરેન્સનો કલાક પણ પૂરો થવા આવ્યો. એટલામાં એક નોકરે કર્નલ રમ્બોલ્ડ સાથે કોઇ માણસ ધંધાને લગતી વાત કરવા માગે છે એવી ખબર આપવાથી કર્નલ પોતાની ઑફિસમાં ગયો. એજ પળે મિસીસ રમ્બોલ્ડને હેન્રીએટ્ટાને નાસ્તો મોકલવાનું યાદ આવ્યું અને તે પણ તેથી તે ઓરડો છોડી ગઇ.

લૉરેન્સ પુનઃ રૂથ સાથે એકલો પડયો. રૂથે કર્નલ ગ્રેહામને હાથે તેને કંઈ સહન ન કરવું પડે એવી આશા બતાવી.

" મિસ રમ્બોલ્ડ! તમારે માટે મારે ગમે તેવી સજા સહન કરવી પડશે તો તે હું આનંદથી સહન કરીશ. મારી રજા દરમ્યાન હું તમને વારંવાર મળવાનો આનંદ મેળવી શક્યો હોત! પણ અફસોસ! મારે કર્નલના હુકમને તાબે થઇ આજેજ હર્ટફર્ડ જવું જોઇએ."—લૉરેન્સ વિનયી પણ પ્રેમભર્યા નયને રૂથ તરફ જોઇ બોલ્યો. તે રૂથને ટીકી ટીકીને જોઈ રહ્યો પણ તેની આંખોમાં વિકાર ન્હોતો. રૂથને તેથી ક્રોધ થાય એમ ન્હોતું પણ ઉલટું છૂપી રીતે એનું હૃદય આનંદ અનુભવતું હતું.

" કર્નલ ગ્રેહામના વર્તન વિષે તમે મારા પિતાને પત્ર લખશો ને?" રૂપેરી ઘંટડી જેવા અવાજે રૂથ સલજ્જ બોલી. બોલતી વેળા એના મોહક ગાલ ગુલાબી બની ગયા.

" હા. મીસ રમ્બોલ્ડ! તમે કહો છો તેથી હું જરૂર તમારા પિતાપર મારા કર્નલનું વર્તન મારા તરફ કેવું છે તે લખી જણાવીશ....હું એ નહિ ભૂલીશ. મિસ રાબોલ્ડ! તમે મારા તરફ લાગણી ધરાવો છો એટલીજ સ્મૃતિ ગમે એવી ભયંકર સજા સહન કરવાની અને શક્તિ આપશે—"

" મારે તમારે માટે લાગણી રાખવીજ જોઇએ. તમારા ઉમદા વર્તન તરફ હું જો બેદરકાર રહું તો મારા જેવી કૃતઘ્ન કોણ?"

લૉરેન્સ સપ્રેમ નયને રૂથને જોઇ રહ્યો. તે બહુ બહુ કહેવા માગતો હતો. તે રૂથને ચાહતો હતો—તેને પોતાની કરવા માગતો હતો; પણ તે બોલી શક્યો નહિ. અને કયો પ્રેમી તરત એવી હિમ્મત કરી શક્યો છે? છતાં રૂથની નીચી નમેલી આંખો લૉરેન્સની આંખોમાં મળી. એકજ પળ! અને એ પળમાં શું થયું તે વાણીમાં કહી શકાય એમ નથી.

બન્ને સમજી ગયાં કે તેમના હૃદયમાં એકમેકને માટે કંઇ છે.

એમની આંખોએ તેમને કંઇ નવું જાદુ બતાવ્યું. પણ મિસીસ રમ્બોલ્ડ અને ત્યાર પછી કર્નલ રમ્બોલ્ડ તે ઓરડામાં પાછાં આવ્યાં અને આ યુવાન પ્રેમીઓ મનની વાત મનમાંજ છુપાવી બેસી રહ્યાં. લૉરેન્સે હવે રજા માગી અને રૂથને શેકહેંડ કરતી વેળા તેણે તેનો કોમલ હાથ વ્હાલથી દાબ્યો. તેણી કંઇ બોલી નહિ તેમ નારાજ પણ થઇ નહિ. પછી કૅપટનને કર્નલ રમ્બોલ્ડે તેને તેનાં સૂકેલાં કપડાં આપી આપ્યાં અને પોતાના કપડા પહેરી કૅપટન લૉરેન્સ "રાઇ હાઉસ" ના માલીકને પોતાના આભારમાં નાખી, પોતાના હૃદયમાં કાંઇક નવીન આશા અને ઉલ્લાસ સહિત "રાઇ હાઉસ" તજી ગયો.

પ્રકરણ ૧૩ મું.

સર વિલિયમ બ્રાન્ડ.

લૉરેન્સે ગ્રેહામને ધક્કો મારી જમીનપર ફેંકી દીધો એ બનાવથી કર્નલ ગ્રેહામ ઘણો ગભરાયો તથા મુઝાયો. લૉરેન્સને એણે તેની ઉદ્ધતાઇનું ફળ ચખાડવાનો નિશ્ચય કર્યો. લૉરેન્સને જો એનું ચાલત તો એ તેજ પલે ફાંસીને લાકડે મોકલી આપત પણ એ સર બ્રાન્ડનો કરજદાર હતો. જો કે કૅપટન લીની રજા પૂરી થયા વિના તેને તેની રેજીમેંન્ટમાં તરત જઇ પહોંચવાનો તેણે હુકમ કીધો હતો પણ એ હુકમનું પરિણામ શું આવશે તે માટે એ ગભરાતો હતો. સર વિલિયમ પોતાના ભત્રિજા તરફ આવું સખત વર્તન ચલાવવા માટે તેનાપર ગુસ્સે થઇ પોતાના પૈસાની તરત માગણી કરે તો કર્નલ ગ્રેહામના બાર વાગી જાય એમ હતું. સર બ્રાન્ડના લ્હેણાની મુદત પૂરી થઇ હતી અને કર્નલ ગ્રેહામનું ગજવું ખાલી હતું. આથી સર બ્રાન્ડને મળી ગમે તે સરત કબુલ કરી તે વધુ મુદત મેળવવા માગતો હતો. એ મુદત મેળવવા માટે કૅપટન લીને એણે કરેલી આજ્ઞા પણ પાછી ખેંચી લેવી પડે તો તેમ કરવાની એને લાચારીએ ફરજ પડે એમ હતું.

કર્નલ ગ્રેહામ "નીધર હૉલમાં" માં ગયો ત્યારે એના હૃદયમાં આશા કે ઉત્સાહ ન્હોતો. એના વદનપર આજે એ ભોગેલા પરાજયને લીધે શોકનાં વાદળાં છવાયાં હતાં. એને જોતાંજ સર બ્રાન્ડ એની મુલાકાતનું કારણ સમજી ગયો કે હજુ રાજેશ્રી પૈસાની સગવડ કરી શક્યા નથી. સર ગ્રેહામને તેણે ધીરેલી રકમને ઘણો સમય થયો

હતો આથી તેની ધિરજ હવે ખૂટવા આવી હતી. તે ગ્રેહામને જોઇ જરા કરડો બન્યો.

"સર વિલિયમ બ્રાન્ડ! તમે મારી મુલાકાતનું કારણ જાણો છો—" કર્નલે વાતની શરૂઆત કરી.

"હા. તમારી મુદ્દત પૂરી થઇ છે—" નીધર હૉલનો માલીક પોતાની પાસે પડેલી એક ચોપડીમાં જોઇ બોલ્યો.

"મારા એજંટ પારટ્રીજે તમને જે રકમ વખતો વખત ધીરી છે તે પાછી ભરી જવા તમે આજકાલમાં આવવાજ જોઇએ એમ મેં ધાર્યુંજ હતું. તમે પૈસા લાવ્યા છો?"

"સર વિલિયમ! કૃપા કરી મારી વાત સાંભળી લો. પ્રથમ તો આજે બનેલો એક બનાવ હું તમને કહેવા માગું છું—"

"વારૂ બોલો."

"મારા વ્હાલા સર વિલિયમ! આજે હું મારા ઘોડાપર બેસી નદિ કિનારાપર ફરતો હતો અને જેવો હું પૂલ ઓળંગી ગયો કે મારી નજરે આજસૂધી મેં કદિ પણ ન જોઇ હોય એવી સુન્દર યુવતી પડી. અહા! શું એનાં કાળાં—ચળકતા વાળ—એની મોહક સ્નેહ ભરી બ્લુ આંખો—લાલ—અમૃતપૂર્ણ ઓષ્ઠ, સુન્દર મોહક આકૃતિ—પાતળી કમ્મર અને ભરાઉ છાતી—"

"તમે ખચિત મિસ રમ્બોલ્ડનું વર્ણન કરો છો—" સર વિલિયમે કર્નલ ગ્રેહામ તરફ દૃષ્ટિ વાકી કહ્યું.

"તે ગમે તે હોય. પણ આવી મોહક મુગ્ધાનો પિતા રમ્બોલ્ડ જેવો રિપબ્લીકન હોય એ હું પસંદ કરતો નથી. હશે, હવે હું મારી વાત ટૂંકી કરીશ."

"હા. તેમ કરો,"

"તમે જ્યારે તેને ઓળખો છો ત્યારે તમે સહેલાઇથી સમજી શકશો કે, મારૂં મન તેને જોતાંજ મારા અંકુશમાં રહ્યું નહિ અને મેં તેણીના સૌન્દર્યની પ્રશંસા કરી તેને મારી બનાવવાનો વિચાર કરી લીધો, પણ સર વિલિયમ! તે મુગ્ધા બહુ શરમાળ હતી—ઘણીજ શરમાળ: આથી તેણે મને તેના ઓષ્ઠ પરનું મધુર અમૃત ચાખવા ન દીધું. મને પહેલીવાર પરાજય મળ્યો. આથી મને બહુ ખોટું લાગ્યું અને જોર જબરીથી મેં તેના મોહક અધરપર ચુંબન કરવાનો પ્રયાસ કર્યો, પણ એટલામાં નદિના પાણીથી ભીંજાયલો એક માણસ

તેની મદદે દોડી આવ્યો! 'અહા! બદમાસે મારી બાજી બગાડી નાખી! માફ કરજો, સર વિલિયમ! આવા શબ્દો તમારા ભત્રિજા માટે વાપરવાની મને ફરજ પડે છે—"

"આહ! ત્યારે મિસ રમ્બોલ્ડને તમારા શરમભર્યા હુમલા-માંથી બચાવનાર મારો ભત્રિજો હતો!" સર વિલિતમ એકદમ બોલી ઉઠયો, પણ એજ પલે એના મુખપર કંઇ ગંભીર છાયા છવાઇ.

"મારા વ્હાલા સર વિલિયમ! મહેરબાની કરી મારે માટે એવા સખ્ત વિશેષણ ન વાપરો—" ગ્રેહામ મનમાં ગુસ્સે થઈ બોલ્યો.

"હું તમારા જીવનની પવિત્રતા સારી પેઠે જાણું છું. પણ હવે એવી અપ્રિય વાત ન કરો—"

"વારૂ, આગળ ચાલો—"

"નદિમાંથી તે એકદમ તે કુમારિકાની મદદે દોડી આવ્યો અને સર વિલિયમ! તેણે મને એવો જોસથી ધક્કો માર્યો કે હું જમીન પર ગબડી પડયો. મારે માટે તમે ગમે તેવો અભિપ્રાય બાંધો; પણ સાહેબ! એક તાબેદાર અમલદારે પોતાના ઉપરી અમલદાર પર હુમલો કરવો એ કંઇ જેવો તેવો ગુન્હો નથી. તમારી મારા પરની કૃપા દષ્ટિને લીધેજ મેં તમારા ભત્રિજાની મારા તરફની ગેરવર્તણુક માટે નામની સજા કરી તેને જવા દીધો. જો એની જગ્યાએ કોઇ બીજો હોત તો કર્નલ ગ્રેહામપર હુમલો કરવાનું કામ કેટલા શેરનું છે તે હું તેને બતાવી આપત; પણ તમારે માટે, સાહેબ! ફક્ત તમારી શરમનેજ લીધે મેં તેની રેજીમેંટમાં એકદમ જોડાવાનો તેને હુકમ કરી તેનો ભયંકર ગુન્હો માફ કીધો; પણ તમે ચિંતા કરશો નહિ. બેચાર દિવસ પછીજ હું તમારા ભત્રિજાને તેની બાકીની રજા ગુજારવા "નીધર હૉલ" માં મોકલી આપીશ."

"લૉરેન્સ હમણા કયાં છે?"

"પેલી કુમારિકા સાથે તેને છોડી હું કચવાતે મને ઘોડાપર બેઠો: પણ મેં થોડેક દૂર જતાં પાછું ફરી જોયું તો તે તે કુમારિકાનો હાથ વ્હાલથી પકડતો મને જણાયો. સર વિલિયમ! મારી મીઠી રમત તમારા લુચ્ચા ભત્રિજાએ પોતાના આનંદ માટે બગાડી નાખી—"

"ખરેખર!...તમે બીજું શું જોયું?" સર બ્રાન્ડે પુનઃ ગંભીર થઇ પૂછયું.

"મેં તેમને એકમેકના હાથમાં હાથ લઇ પૂલ પસાર કરી

જતાં જોયાં અને હુ ધારૂં છું કે તેઓ " રાઇ હાઉસમાં " ગયાં હશે."

સર વિલિયમ બ્રાન્ડ થોડીક મિનિટ વિચારમાં પડ્યો; ત્યાર પછી તે બોલ્યોઃ

"કર્નલ ગ્રેહામ! તમે યોગ્ય રીતે વર્ત્યા છો. તમે મારા કરજદાર છો તેથી તમારે મારા ભત્રિજાનું અયોગ્ય વર્તન લઇ ચલાવવું એવું કંઇ નથી. ખરેખર, એક ઉપરી અમલદારપર હુમલો કરવો એ લશ્કરી નજરે ભયંકર ગુન્હો છે. તેને તમે તેની રેજીમેંટમાં જોડાવાનો કરેલો હુકમ કાયમ રાખજો અને વિશેષ જ્યાં સુધી હું તમને કહું નહિ ત્યાં સુધી તેને હટેફર્ડમાંજ રહેવા દેજો. મારી રજા સિવાય તેને એક પણ દિવસની રજા આપતા નહિ. તમારે મારા પૈસા સંબંધી ચિંતા કરવાની જરૂર નથી. ત્રણ મહિના પછી તમે મને મળી જજો અને તે સમય દરમ્યાન મારા ભત્રિજાનું વર્તન કેવું છે તે મને જણાવજો."

સર વિલિયમના આ શબ્દોથી કર્નલ ગ્રેહામને આનંદ તેમજ આશ્ચર્ય ઉપજ્યાં. તેને ભય હતો કે સર બ્રાન્ડ આ સમયે તેને એક પણ દિવસની મુદત આપે એમ ન હતું. પણ તેને બદલે ત્રણ મહિનાની તેને મુદત મળી; વળી લૉરેન્સ તરફના તેના સખ્ત વર્તનથી નાપસંદ થવાને બદલે સર બ્રાન્ડ રાજી થયો. કર્નલ ગ્રેહામ સર બ્રાન્ડના વર્તનનું કારણ પણ સમજી ગયો. રૂથ સાથે લૉરેન્સ પ્રેમમાં ન પડે એવી ઇચ્છાથીજ સર બ્રાન્ડે કર્નલ ગ્રેહામનો હુકમ અમલમાં મૂકવાની ઇચ્છા બતાવી હતી. આથી સર વિલિયમની વધુ કૃપા મેળવવા તે બદમાસ બોલ્યો.

"સાહેબ! તમારી આજ્ઞાનો હું બરાબર અમલ કરીશ. તમારા ભત્રિજા તરફના મારા યોગ્ય વર્તનથી તમે નારાજ થયા નથી તેથી હું ઘણો રાજી થયો છું...પણ હવે હું શું કરવા માગું છું તે હું તમને કહીશ. હું મિસ રમ્બોલ્ડને જોઇ મારૂં ભાન ભૂલી ગયો છું. હું તેણીને માટે આમ તેમ રખડ્યા કરીશ. તેણીને મળીશ, તેને મારી સાથે વાત કરવાની ફરજ પાડીશ, તેના સૌન્દર્યની હું હદબહારની પ્રશંસા કરીશ. કસમ લઇશ અને અંતે તેને પરણવાનું વચન આપીશ. પણ હું ખાત્રીથી કહું છું કે એવા વચન પાળવાની દરકાર કરનારો કર્નલ ગ્રેહામ નથી. હું જરૂર એ યૌવનમસ્ત લલનાને મારી અંકશાયિની બનાવીશ—"

આ સાંભળતાંજ સર બ્રાન્ડના વદનપર સખ્તાઇ આવી. તે ગંભીર સ્વરે બોલ્યોઃ

"કર્નલ ગ્રેહામ! હાલમાં મને મારા પૈસાની ઘણીજ જરૂર છે. મહેરબાની કરી મારા પૈસા ચુકાવી દો—"

"સર વિલિયમ! તમે શું બોલો છો? સેવક તરફ એકાએક ખફા થવાનું કારણ જણાવવાની કૃપા કરશો?" કર્નલ ગ્રેહામના મોતીઆ મરી ગયા.

"તમે હમણાંજ ત્રણ મહિનાની મુદત આપવાની કૃપા કરી સાહેબ!—"

"હા. પણ તમે શું એમ ધારો છો કે, એ પૈસા હું તમને કોઇ આબરૂદાર માણસની છોકરીની પવિત્રતા ભ્રષ્ટ કરવાના નીચ કૃત્યમાં વાપરવા દઇશ? ભલે તે રિપબ્લીકન હોય યા મારો કટ્ટો દુશ્મન હોય તો તેથી શું થયું?"

"મારા વ્હાલા સર બ્લાન્ડ! તમારી તરફની ખફગીનું એજ કારણ હોય તો શાંત થાઓ, હું વચન આપું છું કે આ પલથી હું મિસ રમ્બોલ્ડનો વિચાર કરવાનું માંડી વાળીશ."

"જો એમ હોય તો હું તમને અગાઉ કહેલી મુદત આપવા તૈયાર છું."

"તમારો આભાર, સાહેબ! હવે હું રજા લઈશ સાહેબ! કારણ કે કૅપટન લી મને પોતાના કાકાના મકાનમાં જોઇ નારાજ થશે..."

"હા. પણ જુઓ! કૅપટન લીને મારી ને તમારી વચ્ચે જે વાત થઇ છે તેની જરા પણ ખબર પડવી જોઇએ નહિ. તમે મારા કરજદાર છો એ વાત મેં એને કહી નથી—"

"મેં પણ નહિ—"

"ત્યારે ઘણું સારૂં: તેને અંધારામાંજ રહેવા દેજો અને યાદ રાખજો કે મારી રજા સિવાય તમારે તેને એક દિવસની—અરે! એક કલાકની પણ રજા આપવી નહિ—"

"હું ખાત્રી આપું છું. સાહેબ! કે બધું તમારી ઇચ્છાનુસારજ થશે—"

એમ કહી કર્નલે પોતાનો હાથ લંબાવ્યો. સર વિલિયમે કમને તેને શેકહેંડ કરી પણ તેને "નીધર હૉલ" માં એક દારૂની પ્યાલી પીવાનું પણ આમંત્રણ કર્યું નહિ. કર્નલ ગ્રેહામને પોતાની પરોણાગતની પરવા નહોતી. તેને તો પોતાનું કરજ તુરતા તુરત ભરવું ન પડે

તે માટે મુદ્દત જોઇતી હતી. એ મુદ્દત એને મળવાથી એ રાજી થયો અને પોતાના ઘોડાપર સવાર થઇ રસ્તે પડયો. "નીધર હૅાલ" માંથી બહાર નીકળતાંજ સર વિલિયમને તેણે જે વચન આપ્યું હતું તેના ભંગ કરવાનો વિચાર કર્યો. એના જેવા એક બદમાસ અને વ્યભીચારી મનુષ્યને વચનની કિમ્મતજ હોતી નથી. રૂથે એનો તિરસ્કાર કર્યો હતો તેથી તેને ગમે તેમ કરી પોતાની ગોદમાં લેવાનો એણે નિશ્ચય કર્યો. જો એ રૂથ જેવી સૌન્દર્યજડિત લલનાને પોતાની વિલાસસખી બનાવે તો રમ્બોલ્ડ જેવા એક હડહડતા રિપબ્લીકન શત્રુપર વેર વાળવાનો અમૂલ્ય પ્રસંગ એને મળે. વળી રૂથના સૌન્દર્યનો એ ભોક્તા થાય તો પોતાના જેવા વિલાસી અને નીતિ ભ્રષ્ટ મિત્રો આગળ બડાઇ મારવામાં એને આનંદ મળે તથા તે દ્વારા લૅારેન્સપર પણ વેર વાળી શકાય કારણ લૅારેન્સ અને રૂથ તરફ એણે જ્યારે પાછા વળી જોયું ત્યારે એની દુનિયાખાયેલ આંખો લૅારેન્સ રૂથને ચાહે છે એ સમજી ગઇ હતી. આ બધા વિચારોથી રૂથને ગમે તેમ કરી ભ્રષ્ટ કરવાનો પાપીના મનમાં દૃઢ નિશ્ચય થયો. પણ આજે એ કંઇ કરી શકે એમ ન્હોતું કારણ કે લૅારેન્સ રૂથ સાથેજ હોવો જોઇએ એ એ સારી પેઠે જાણતો હતો.

"બદમાસ લી! હવેજ તને ખબર પડશે કે આ પ્રેકામ શું કરી શકે છે? તેં મને તમાચો માર્યો—મને ધક્કો માર્યો—મારૂં અપમાન કર્યું—મારી બાજી બગાડી—પણ એનું ભયંકર પરિણામ જ્યારે તારી આંખોથી તું જોશે ત્યારેજ તારી ભૂલ તને જણાશે. બદમાસ!" આવા આવા વિચાર કરતો તે હર્ટફર્ડ તરફ ચાલ્યો.

આ બાજુ લૅારેન્સ લી પોતાના કપડાં પહેરી રૂથના પ્રેમનું સ્મરણ કરતો નીધરહૅાલ તરફ જવા પહેલાં નદિ કિનારે ગયો અને પોતાનો ગલ તથા પુસ્તક—જે હજુ ત્યાં પડી રહ્યાં હતાં—લઇ ઘેર ગયો. સર વિલિયમના ઓરડામાં જઇ તે આજે બનેલો બનાવ કહેવા લાગ્યો અને પોતાના કર્નલે તેને તેની રેજીમેંટમાં જવાનો હુકમ કર્યો છે એ વાત પણ કહી.

"હું એ જાણું છું. તારો કર્નલજ પોતે એ વાત મને કહેવા આવ્યો હતો. મેં તેનો હુકમ પાછો ખેંચી લેવા વ્યર્થ વિનંતી કરી. તે ઘણો ગુસ્સે થયલો હતો. તે આજે તનેજ એક મિત્ર તરીકે

મળવા આવ્યો હતો. પણ મિત્રતા દઢ થવાને બદલે તમારી વચ્ચે શત્રુતાનું મૂળ નખાયું તેથી તેને બહુ દુઃખ થયું હતું—"

"તેણે શરમાવું જોઇએ. કાકા! તેનું વર્તન એક બદમાસ પાપીના જેવું હતું. જો તે એક સાધારણ ખેડુતની છોકરીનું પણ અપમાન કરતો હોત તો હું તેની સાથે એવીજ રીતે વર્તત–" કૅપટન લી આવેશમાં આવી બોલ્યો.

"ખરૂં છે, લૉરેન્સ! તેનું વર્તન જેટલું ખરાબ અને તુચ્છકારવા જેવું છે તેટલુંજ ત્હારૂં વર્તન ઉમદા અને પ્રશંસાપાત્ર છે. ગમે તેમ હો; પણ તે ત્હારો ઉપરી છે. ત્હારે અહીંથી હર્ટફર્ડ જવાની તૈયારી કરવી જોઇએ; નહિ તો વળી એને તારા પર વેર લેવાનું બીજું કારણ મળશે: હું એને એકાદ અઠવાડિયામાં તને મુક્ત કરવા લખીશ–"

"નહિ. મારા વ્હાલા કાકા!–" લૉરેન્સ ઉચિત અભિમાનથી બોલ્યો.

"એ માણસની મહેરબાનીની મારે જરૂર નથી. તમારી મારા પ્રત્યેની લાગણી માટે હું આભારી છું. પણ તમે એ માણસને મારાપર કૃપા કરવા માટે બે શબ્દ કહ્યા તેથી પણ હું ખરેખર, દીલગીર છું..."

"લૉરેન્સ! તારે અહિંથી જવાની કંઇ જરૂર નથી. કદાપિ કર્નલ તને દ્વંદ્વયુદ્ધ રમવાની ફરજ પાડશે અથવા લશ્કરી અદાલત સમક્ષ લઇ જશે–" સર વિલિયમ બાહ્ય લાગણી બતાવી બોલ્યો. પણ લૉરેન્સે તો એ લાગણી ખરીજ માની.

"ગભરાઓ ના, કાકા! મારા તરફથી કોઇ પણ જાતનું અયોગ્ય વર્તન ચલાવવામાં આવશે નહિ."

આ સમયે બારણું ઉઘડયું અને કલાર્ક–માળી ઓરડામાં પોતાના હાથમાં કંઇ લઇ અંદર આવ્યો. એના હાથમાંની વસ્તુ એક કપડાથી ઢાંકેલી હતી. માળીના મુખપર ગંભીરતા અને ભયની લાગણી હતી. તેને જોઇ સર બ્રાન્ડ બોલ્યો.

"તું શું લાવ્યો છે, કલાર્ક!"

"આ જુઓ સાહેબ!" કહી તેણે પેલું કપડું ખસેડી નાખ્યું. તો કોઇની ખોપરી જણાઇ. લૉરેન્સે તે જોઇ એકદમ ભય અને તિરસ્કારથી એક ચીસ પાડી. જ્યારે સર વિલિયમ રૂની પુણી જેવો ફીક્કો થઇ ગયો. બીજીજ પલે તેણે પોતાની શાંતિપર અંકુશ મેળવ્યો.

"તને આ ક્યાંથી મળ્યું?"

" કોબીજના મધ્ય ભાગમાંથી."

ઘણા લાંબા સમયથી મરી ગયેલા મનુષ્યની તે ખોપરી હતી. કારણ કે માળીએ તેપરનું કપડું ખસેડ્યું ત્યારેજ તેનો એક ભાગ ભાગી ગયો. લૉરેન્સે તે જોઈ તેજ પળે એના મગજમાં ગઈ રાતના બધા બનાવો તોફાન કરી રહ્યા. વળી માળીએ છુંદાયલા ફુલો એને બતાવ્યા હતા. તે ફુલો છુંદનાર પણ એણે જે બે વ્યક્તિઓને ગઈ રાત્રે જોઈ હતી તેજ હોવી જોઈએ એવું એને લાગ્યું. હમણાં એક ભયંકર ભેદ એની આગળ ખુલ્લો થઈ ગયો. એણે સર ધ્રાન્ડ તરફ જોયું. તેના વદનપર સહેજ પણ ફેરફાર થયો ન્હોતો. તે શાંત અને સ્થિર હતો. આથી ગ્રીમસ્ટેડ સાથે એનો કાકોજ બગીચામાં ગઈ રાત્રે ગયો હતો એવી એની ખાત્રી હતી પણ તેની શાંત મુદ્રાપરથી આ ખોપરી સાથે તેને કંઈ સંબંધ ન હતો એવો વિચાર કૅપ્ટન લીના સરલ હૃદયમાં આવ્યો.

" નીધરહૉલના રેકૉર્ડપરથી માલુમ પડે છે કે તેના આગલા માલીકોમાંના ઘણાને બગીચામાં દાટવામાં આવ્યા હતા. આથી આ કોઈ એવા માણસની ખોપરી હશે. કલાર્ક ! એને લઈ જા અને દાટી દે—"

માળી એક પણ શબ્દ બોલ્યા વિના પોતાના માલીકની આજ્ઞાને માન આપી તે ખોપરી લઈ ત્યાંથી ચાલ્યો ગયો. જતી વેળાએ તેણે લૉરેન્સ તરફ નજર કરી અને પોતાના ફુલો ગઈ રાત્રે છુંદી નાખનારનેજ આ ખોપરી સાથે સંબંધ હોવો જોઈએ એવી એની માન્યતા એની દૃષ્ટિએ લૉરેન્સને સમજાવી.

" હવે લૉરેન્સ ! તારે ઢીલ ન કરવી જોઈએ. ગભરાતો ના, ભાઈ ! હું તારા વર્તનનો પ્રસંશક છું " કહી તેણે વ્હાલથી લૉરેન્સના હાથમાં સોનાના સિક્કાનું એક પડીકું મૂક્યું. લૉરેન્સે પોતાના કાકાના માયાળુ—પ્રેમાળ વર્તન પરથી પોતે તેને પેલા ભેદી બનાવમાં સહાયક હોવાની શંકા લાવી અન્યાય કર્યો હતો એમ માની એ વિચાર પોતાના મનમાંથી કાઢી નાખ્યો. ત્યાર પછી તે પોતાના માનીતા સુન્દર અશ્વ પર સવાર થયો. એનો નોકર સામાન લઈ બીજા ઘોડાપર બેઠો. અને લૉરેન્સ હર્ટફર્ડ તરફ રવાના થયો.

પ્રકરણ ૧૪ મું.

કપડાંની દુકાન.

કૉવેન્ટ ગાર્ડનની નજીકમાં એક અપ્રસિદ્ધ મહોલ્લામાં એક કપડાંની દુકાન હતી જેમાં તૈયાર કપડાં ભાડે તથા વેચાતાં મળતાં હતાં. દુકાનમાં અનેક જાતનાં વસ્ત્રો હતાં. સ્ત્રીઓ અને પુરૂષોને ગમે એવા અનેક ફૅશનના કપડાં ત્યાં તૈયાર રહેતાં હતાં. કેટલાંક વસ્ત્રો સેકન્ડ હૅન્ડ અને કેટલાંક નવાં તથા કેટલાંક તદ્દન જુનાં હતાં. કેટલાંક સહેજ પહેરાયલાં તથા બીજાં તદ્દન નવાં અને કિમતી વસ્ત્રો શોખીન સ્ત્રી પુરૂષોના શરીરોનું સૌન્દર્ય વધારવા માટે આતુર થઇ રહ્યાં હતાં. દુકાનમાં માલ ખીચોખીચ ભરેલો હતો. કિમતી સુન્દર હૅટ અને ફ્રેંચ ફૅશનની ગાડીની છત્રી, ફૅનસી કોર અને ટોપી તથા સુન્દર ભરતકામવાળા બુરખાઓ નાગરિકોની પત્નિના હાથમાં જઇ પડવા તૈયાર થઇ રહ્યાં હતાં. છાતીપર લટકાવવાની કંઠીઓ, પીળા ગલપટા, પેટીકોટ અને પીનો, રીબનના જૅકેટ અને પહેરણ પણ લોકોના ગજવા ખાલી કરવા માટે ત્યાં સફાઇથી વ્યવસ્થિત રીતે ગોઠવવામાં આવ્યા હતા. બુટ, મોજાં અને ઉંચી એડીના અર્ધા પગના બુટ પણ આ દુકાનમાં વેચાતાં. ઘડિયાળો—નાનાં અને મોટાં પણ અહિં અનેક જાતનાં હતાં. વળી બુરખાવાળા નાચ સમયે પહેરવાના જૂદા જૂદા પોષાક પણ આ દુકાનનો માલિક રાખતો હતો. હીરામોતીના અલંકારો પણ એક કેસમાં શોભી રહ્યાં હતાં. ટુંકામાં જો ખીસામાં સોનાના સિક્કા ભરેલા હોય તો આ દુકાનમાંથી શોખીન સ્ત્રી પુરૂષોને ઉપયોગી દરેક ચીજ મળી શકે તેમ હતું.

રાત્રે લગભગ નવ વાગવાનો સમય થયો હતો અને દુકાનનો માલીક તથા તેની પત્નિ એકાદ કલાક માટે કોઇ મોજમઝાના સ્થાને જવાનો વિચાર કરતાં હતાં એટલામાં એક પ્રવાસી જેવો ઘોડેસ્વાર તેની દુકાનની સામે પોતાનો ઘોડો ઉભો રાખી નીચે ઉતર્યો. તેણે બાજુમાં ઉભેલા એક ગરિબ—ભૂખે મરતા છોકરાને પોતાના ઘોડાની લગામ સોંપી દુકાનમાં પ્રવેશ કર્યો અને પોતે કંઇ ખરીદી કરવા માગે છે એમ દુકાનના માલીકને કહ્યું. તેનો પોષાક ગરિબ માણસ જેવો હતો તથા તેના પોષાકપર ધુળ ચ્હોંટી હતી તોપણ તેનો દેખાવ આકર્ષક હતો. લગભગ ૭ ફીટ ઉંચાઇ અને મજબૂત

બાંધો જોનારને આકર્ષે એવાં હતાં. તેનું મુખ તાંબા જેવું અને લગભગ સ્પેનીઆર્ડ જેવું શામળું હતું, પણ તે પરથી સ્પષ્ટ જણાતું હતું કે તેના મુખની ખરી સુન્દરતા વિદેશની ગરમ હવાથીજ સહેજ બદલાઇ ગઈ હતી. તેના વાળ લાંબા અને કાળા હતા અને જો કે તેના દેખાવ પરથી તેણે ઘણી આફતો સામે બાથ ભીડી હોય એ સ્પષ્ટ થતું હતું તોપણ તેનો એક પણ વાળ સફેદ થયો ન્હોતો. તેનો ઉપલો હોઠ તેની મોટી મુછથી ઢંકાયલો હતો. અને તેના થોભીઆ તથા દાઢી એકમેકને મળી ગયા હતા. એના લાલ ઓષ્ઠ ખુલ્લા થતા એના સુન્દર દાંતો નજરે પડતા કે જેમાં એક પણ દાંત ખામીવાળો ન્હોતો. એની આંખો કોમળ અને સ્ત્રી જેવી વિશાલ તથા સ્નેહાલ હતી અને તેથી અત્યારે એ મેલાં હલકાં કપડાંમાં સજ્જ થયલો હતો. એના મુખપર ચિંતાની છાપ હતી, લાંબી મુસાફરીથી એ કંટાળેલો હતો અને એનું વદન ગરમ હવાથી ઘણું ફેરવાઇ ગયું હતું તોપણ એનો દેખાવ આંખોને અપ્રિય લાગતો નહિ, એનું વય ખાત્રી પૂર્વક કહી શકાય એવાં એના શરીર પરનાં ચિન્હો ન્હોતાં તોપણ તે ચાલીસ વર્ષથી ઉપર હોય એમ કહી શકાય તેમ ન્હોતું.

તે દુકાનમાં નવ વાગે દાખલ થનાર માણસ અંગ્રેજી સ્પષ્ટ બોલતો હતો; પણ તેના ઉચ્ચારમાં જાણે તે ઘણો સમય વિદેશમાં રહી આવ્યો હોય તેમ વિદેશી ઉચ્ચારોની છટા જણાતી હતી. તેનો અવાજ સ્પષ્ટ હતો. પણ બહુ મોટો યા સખત ન્હોતો. છતાં જ્યારે એ ગંભીર બનતો ત્યારે એ અવાજમાં સાંભળનારને ડરાવવાની શક્તિ હતી. તેના વર્તનમાં એક જાતની બેદરકારી હતી અને તેથી જાણે તેને કોઇની દરકાર ન હોય એવો તે લાગતો હતો.

દુકાનદાર તથા તેની પત્નિને આ ઘરાકનો દેખાવ ગમ્યો નહિ. રસ્તે ચાલતા પ્રવાસીઓને રસ્તામાં લૂંટી લેનારા લૂંટારાઓનો તે સમયે ટોટો ન્હોતો. એ લુટારાઓ એટલા બધા સાહસિક અને હિમ્મતવાળા હતા કે જ્યારે તેમના સપાટામાં કોઇ પ્રવાસી ન આવતો ત્યારે ધોળે દિવસે દુકાનો તથા ખાનગી ઘરોમાં દાખલ થઇ લૂંટ ચલાવતા. આવી લૂટો ધોળે દહાડે થતી. આથી હમણાં રાત્રિના સમયે તે ન્હાના મ્હોલ્લામાં પેલા પ્રવાસીને જોઇ દુકાનદાર તથા તેની પત્નિએ તેને લુટારો માન્યો. આજુબાજુ કોઇ પહેરેગીર ન્હોતો

અને આ મજબૂત દેખાવના માણુસ સ્હામે થઇ વેને હરાવવાની દુકાનદાર કે તેની પત્નિમાં શક્તિ ન્હોતી. બન્નેએ તેના તરફ નજર કરી અને તેમની ખાત્રી થઇ કે તેની પાસે કંઇ હથિયાર ન્હોતું. ત્યાર પછી તેમણે તેના ઘોડાના સૅડલપર પીસ્તોલ છે કે નહિ તે જોયું. ત્યાં પીસ્તોલ પણ ન્હોતી. આથી તેમને કંઇક હિમ્મત આવી. દુકાનમાંની બત્તીના પ્રકાશથી પેલો અજાણ્યો માણુસ તેમના મનમાં શું ઘોળાતું હતું તે સમજી ગયો.

"તમે મને બદમાસ લૂટારો ધારો છો?" તે હસીને બોલ્યો.

"નહિ. નહિ. હું તેવો નથી. લો, ગભરાઓ ના, આ જુઓ! મારી પાસે પૈસા છે–" એમ કહી તેણે પોતાના મેલા કોટમાંથી એક પર્સ ખેંચી કાઢી એક ટેબલપર ફેંકી.

"આવો સાહેબ! તમારી આજ્ઞા આ દુકાનમાં પ્રમાણિકપણે પાળવામાં આવશે."

આ શબ્દો બોલી પુનઃ તેણે પોતાની પત્નિ તરફ નજર કરી તેને ઇસારતથી સમજાવ્યું કે પ્રવાસીની પર્સમાં વધુ માલ જણાતો નથી. છતાં તેમાં ખરીદી જેટલા પૈસા તો છે.

થઇ ગઇ.

"હવે, મારા ભલા મિત્ર!–" પ્રવાસી દુકાનમાં જઇ બોલ્યો.

"મને તમારી દુકાનમાં હોય તેમાંથી સુન્દરમાં સુન્દર ઘોડે-સ્વારનો પોષાક આપો...જુઓ! પેલો પોષાક મને ઠીક શોભશે. બુટ–મોજાં–અને નેકટાઇ મારા પોષાક સાથે બરાબર શોભે એવાં લાવો અને જુઓ! પેલી ટુંકા પીંછાવાળી હૅટ મને ગમે છે તે લાવો—"

આ શબ્દો બોલતી વેળાએ તે પ્રવાસીએ પોતાની આંગળી તાકી પોતાને જોઇતી ચીજો બતાવી. ત્યાર પછી તેણે ખમીશો તથા એક સ્હવારના પહેરાય એવો પોષાક અને બીજી આવશ્યક વસ્તુઓ બહાર કઢાવી. ત્યાર પછી તેણે તેની કિમ્મત પૂછી અને લોભી દુકા-નદારે પોતાના આ અજાણ્યા અને ઉદાર ગ્રાહકનું ખીસું ખાલી કરવા વધારેમાં વધારે કિંમત કહી.

"આહ! ત્યારે તો હું કેટલીક વધુ ચીજો ખરીદી શકીશ. તમે ઝવેરાત વેચો છો ખરું? તમારી દુકાનમાં એક ગરિબમાં ગરિબ ગો-વાલણ તથા માર્ક્વીનેસ અને એક મીલમજુર તથા મહારાજાને ખપની દરેક વસ્તુઓ જણાય છે—"

"જુઓ, સાહેબ ! હું ઝવેરાત વેચું છું એ વાત ખરી પણ હમણાં મોડું થઇ ગયું છે અને—"

"આહ ! હજુ તમારા મગજમાંથી પેલો ધાડપાડુ ગયો જણાતો નથી..." પ્રવાસી બીજીવાર હસીને બોલ્યો.

"તમને ખરેખર, મારો ડર લાગતો હોય તો એક હાથમાં તલવાર પકડી ઉભા રહો. અને જો હું તમારી ચીજ લૂંટી જવાનો પ્રયાસ કરૂં તો તેજ પલે મને તલવાર વડે પૂરો કરી નાખજો ! હવે કંઇ છે ! ભલા માણસ ! નાહક કેમ ડરો છો ?..."

દુકાનદાર પ્રવાસીના ખુલાસાથી સહેજ શાંત થઇ એક ઓરડામાં ગયો અને એક ન્હાનો દાબડો લઇ પાછો ફર્યો. તે દાબડામાં ઘડિયાળ, સોનાના છેડા તથા હિરાજડિત કિમતી વીંટીઓ હતી. પ્રવાસીએ તેમાંથી કેટલીક ચીજો પસંદ કરી અને તેની કિમ્મત પૂછી. દુકાનદારે કિમ્મત કહ્યા પછી તેણે બેદરકારીથી પોતાની પર્સ તપાસી કહ્યું.

"હું એ લઇ શકીશ. લો, આ તમારી વસ્તુઓની કિમ્મત ! હવે તો હું ધાડપાડુ નથી એવી ખાત્રી થઇને ? ચાલો, હવે મહેરબાની કરી એક અરધા કલાક માટે મને એક ઓરડો આપો કે જ્યાં હું મારો નવો પોષાક પહેરી આ જુના કપડાને રજા આપી દઉં—"

દુકાનદાર પોતાને પ્રવાસી પાસેથી મળેલા નફાથી આનંદ પામી તેને એક ઓરડામાં લઇ ગયો. તે પેલા અજાણ્યા સખસને છોડી પાછો જતો હતો એવામાં તેણે તેને કહ્યું:—

"મારી ચીજો એક પેટીમાં ભરી મારા ઘેડાના સૅડલ સાથે બાંધવાની મ્હેરબાની કરજો—"

દુકાનદારે તે પ્રમાણે કર્યું પણ જ્યારે પુનઃ તે પોતાની પત્નિને મળ્યો ત્યારે તેણે ધીમેથી કહ્યું.

"ગમે તેમ હો ! પણ એ જરૂર લૂટારોજ છે—"

"અરે ! ભગવાન ! એ આપણું ખૂનખૂન કરે તો અહિંયા આપણને કોણ બચાવશે ?" દુકાનદારની પત્નિ ભયથી થરથરતી બોલી.

"તું ગભરા ના. તે ગમે તેવો છે પણ તે આપણને કનડવા માગતો નથી. જો ! આપણા પૈસા તેણે ચૂકવી દીધા છે. છતાં મારી ખાત્રી છે કે એ પૈસા પ્રમાણિકપણે મેળવવામા આવ્યા નથી. જરૂર તેણે કોઈ પ્રવાસીને લૂટેલો હોવો જોઇએ."

"તે ગમે તેમ હોય. એ પૈસા ક્યાંથી આવ્યા છે તેની તપાસ કરવાનું કામ આપણું નથી—" દુકાનદારની ડાહી બૈરી બોલી.

અરધા કલાકમાં પેલો અજાણ્યો પુરૂષ પાછો આવ્યો. તે પોતાના નવા કપડામાં સજ્જ થવાથી તે આવ્યો ત્યારના અને અત્યારના દેખાવમાં ઘણોજ ફેર થઇ ગયો હતો. હાથમાં એ પોતાના નવા ડ્રેસમાં જાણે કોઇ મોજીલો સૈનિક હોયની તેવો લાગતો. એના કોટ પાટલુન એને બરાબર આવ્યા હતાં તથા એની પીંછાંવાળી હૅટ એના માથાપર જાણે એનેજ માટે બનાવી હોય તેવી શોભતી હતી. એણે પોતાના હાથો મોજાંથી ઢાંકયા હતા અને એની આંગળીઓમાં એણે ખરીદેલી વીંટી શોભતી હતી. સોનાનો છેડો પણ એણે લટકાવી દીધો હતો અને એની ભવ્ય ચાલપરથી એણે પોતાના ભૂતકાલમાં આવો પોષાક પહેર્યો હશે તથા સારા દહાડા જોયા હશે એવું માલુમ પડતું હતું.

"આ જે દાસી મારે માટે ગરમ પાણી તથા પરફ્યુમ લઈ ઉપર આવી હતી તેને આપજો–" દુકાનદારના હાથમાં એક રૂપાનો સિક્કો આપી તે બોલ્યો.

"અને હવે, ભલા માણસ! મને કોઇ એવું મુસાફરખાનું બતાવો કે જ્યાં એક મોજીલો સૈનિક વિલાસી મિત્રો મેળવી શકે? મને લંડન આવ્યાને ઘણા–ઘણા વર્ષ થઇ ગયલા હોવાથી અને ત્યાર પછી આ શહેરમાં ઘણાજ ફેરફાર થયલા હોવાથી હું તમને આ સવાલ પુછુંછું."

છેલ્લા શબ્દો એ બોલ્યો ત્યારે એના અવાજમાં સહેજ શોકની છાયા જણાઈ. અને કેટલીક પલો જાણે એને કંઇ ભૂતસ્મૃતિ થઇ હોય તેમ વિચારમાં પડયો. તરતજ તેણે પુનઃ પોતાના મુખપર હાસ્ય ફરકાવી કહ્યું.

"મને લાગે છે કે હજુ તમારા મગજમાં પેલો ધાડપાડુ ભમે છે. હું કસમથી કહું છું કે હું ધાડપાડુ નથી. મારાપર વિશ્વાસ રાખો. હું એક કમનસિબ માણસ છું કે જેની સ્હામે એક વેળા આખી દુનિયા રૂઠી હતી. આથી ભલા માણસ! હું જે પૂછુંછું તેનો જવાબ આપવાની કૃપા કરો. પણ મને કોઇ મુસાફરખાનું બતાવો તેના માલીકને ખાનગી રીતે ખબર આપતા નહિ કે એક ચીથરેહાલ માણસ તમારી દુકાનમાં આવી એક શ્રીમંત ઘોડેસ્વાર બની ત્યાં આવ્યો છે. હું મારી નવી જીંદગી શરૂ કરી નસિબદેવી સાથ પુનઃ પ્રેમમાં પડવા માગું છું. અને જો આટલા ખુલાસા પછી તમે મને છેતરશો તો તમે પાપી ગણાશો."

આ શબ્દોમાં એક જાતનું પ્રમાણિકપણું અને વિશ્વાસપાત્ર સરલતા હતી. છતાં દુકાનદાર અને તેની પત્નિએ તેને માટે પ્રથમ જે અભિપ્રાય બાંધ્યો હતો તેમાં કશો ફેર પડયો નહિ. દુકાનદાર એને ખાત્રીથી લૂંટારોજ માનતો હતો; તોપણ એના ખીસામાંના પૈસા તેના હાથમાં આવવાથી તેનું દ્રવ્યલોભી હૃદય રાજી થયું હતું. તે મનમાં વિચાર કરવા લાગ્યો.

"હું એને એ માગે છે એવું મુસાફરખાનું બતાવીશ. એ પોતે અહિં આવી નવા પોષાકમાં સજ્જ થયો હતો એ વાત છુપાવવા માગે છે એટલે એને કોણે મુસાફરખાનું બતાવ્યું તે પણ એ કોઇને કહેશે નહિ. એ જો સદ્‌ગૃહસ્થ હશે તો તો કંઇ ફીકર નહિ. પણ જો એ લૂટારો હશે તો એ જેને લૂંટવા માગતો હોય તેમણે ચેતેલા રહેવું જોઇએ. મારે તેની સાથ કંઇ સ્નાનસૂતક નથી-" આવો વિચાર કરી તે મોટેથી બોલ્યો.

"તમે ગમે તે હો તેની સાથ મને કંઇ સંબંધ નથી. તમે ચૅરીંગ ક્રૉસમાં ઍંજલ નામના મુસાફરખાનામાં ઉતરશો તો તમને આનંદ થશે. ત્યાં તમને સારા મિત્રો પણ મળશે. ત્યાંનો દારૂ બહુ વખણાય છે અને લશ્કરી ઑફિસરોમાં એ સ્થલ માનીતું છે. તમે કોણ છો તે વિષે હું કે મારી પત્નિ કોઇને કંઇ પણ કહીશું નહિ. તે માટે તમારે ચિંતા કરવાની લેશ માત્ર જરૂર નથી; કારણ કે તમે ગમે તેવા હો પણ અમારી સાથનું તમારૂં વર્તન પ્રશંસાપાત્ર છે."

"આહ ! ત્યારે હજુ પણ તમે મને ધાડપાડુજ સમજો છો ખરૂં ? ખરેખર, માણસના મગજમાં એકવાર જે છાપ પડી તે તરત ભુંસાતી નથી. તમે ભૂલો છો. હું કસમથી કહું છું કે તમારી માન્યતા ભૂલભરી છે. હશે. ચાલો, સાહેબજી !"

"સાહેબજી !" તે પ્રવાસી દુકાનમાંથી બહાર નીકળતાં દુકાનદાર અને તેની પત્નિ બોલ્યાં. ઘોડાની લગામ પકડનાર ગરિબ છોકરાને એક રૂપાનો સીક્કો આપી તે પોતાના અશ્વપર સ્વાર થયો અને અશ્વ ધીમે ધીમે રસ્તો કાપવા લાગ્યો.

"એ ગમે તે કહે-પણ જરૂર એ લૂંટારોજ છે" ઘોડેસ્વાર અદૃષ્ટ થયા પછી દુકાનદારે પોતાની પત્નિને કહ્યું.

પ્રકરણ ૧૫ મું.

જુગારીઓ.

"ચૅરીંગ ક્રૉસ" નજીક આવેલા "એન્જલ ઇન"માંના એક મોટા ઓરડામાં કેટલાક શોખીનો ભેગા થયા હતા. ઓરડો વિશાલ હતો અને તેમાં તેજસ્વી રોશનીથી ઝળહળાટ થઇ રહ્યો હતો. તેમાંનું ફરનીચર સુન્દર અને ઉમદા કારિગીરીનું હતું અને તેનું પૉલિશ બત્તીના પ્રકાશમાં ચકચકી રહ્યું હતું. ખુરશીઓ તથા સોફાઓ પર સુન્દર નરમ વૅલ્વેટની ગાદી જડેલી હતી અને અઢેલવાની પીઠપર તથા હાથાપર પણ સુન્દર-નરમ કપડું જડેલું હતું. તેથી વિલાસીઓના દિલ પ્રફુલ્લ થાય તેમ હતું. બ્હારીઓપર કિંમતી પરદાઓ લટકતા હતા અને જમીનપર એક ગાલીચો બીછાવેલો હતો.

આ ઓરડામાં ત્રણ ટેબલો હતાં. એક ટેબલ પાના રમવા માટે હતું. તે પર કેટલીક કુલીન સ્ત્રીઓ તથા પુરૂષો પાના રમવામાં ગુલતાન થઇ ગયાં હતાં. બીજાં ટેબલપર પાસા ખેલાતા હતા અને ઘણાં પુરૂષો પોતાનું નસિબ અજમાવવા ટોળે મળી બેઠા હતા. પણ આ ટેબલપર સ્ત્રીઓ ન્હોતી. ત્રીજા ટેબલપર સ્વાદિષ્ટ દારૂની પ્યાલીઓ અને ભોજનની રકાબીઓ તે પર બેઠેલા શોખિનો ખાલી કરતાં હતાં. અહિં લલનાઓ પણ હતી. અને લહેરી લાલાઓના હુકમની રાહ જોતા બે વેટરો બાજુમાં ઉભા હતા. અહિં ખાવાને તથા દારૂ પીવાને એકમેકને આગ્રહ થતો હતો અને ઘણા ખરા સુન્દર સ્ત્રીઓને ખૂબ આગ્રહ કરીને રાજી કરવાનો પ્રયાસ કરતા હતા.

આ ઓરડો દરેક માટે ખુલ્લો હતો. કોઇ પણ મનુષ્ય જો તેના ખીસામાં સોનાના સિક્કા હોય તો આ સ્થલે આવી શકે તેમ હતું. આથી કુલીન સ્ત્રીઓ આવે સ્થલે આવે એ ઠીક લાગતું નથી. પણ જે સમયની અમે વાત કરીએ છીએ તે સમયે પ્રજાના મ્હોટા ભાગે લાજ મર્યાદાને નવગજના નમસ્કાર કરી દીધા હતા. ઇંગ્લંડનો કર્ત્તા-હર્ત્તા-વિધાતા ચાર્લ્સ બીજો પોતે નીતિભ્રષ્ટ અને વિલાસી હોવાથી તેણે અનેક કુલીન લલનાઓને પોતાની અંકશાયિની બનાવી હતી અને કુલીન-ઉમરાવ કુટુંબની સ્ત્રીઓ રાજાની વિલાસસખી થવામાં શરમ નહિ પણ માન સમજતી હતી. આથી ઘણા ખરા

ઉમરાવ કુટુંબોની પવિત્રતા કલંકિત થઇ હતી અને શ્રીમંતવર્ગની પાછળજ મધ્યમ વર્ગ પણ ઘસડાયો હતો. ગરિબો પણ આ બન્ને વર્ગનું અનુકરણ કરવામાં કંઇ વાંધો જોતા નહિ. આથી સત્તરમી સદિના ઉત્તરાર્ધમાં ઇંગ્લંડની નૈતિક સ્થિતિ બહુ ભયંકર થઇ પડી હતી. સ્ત્રી પુરૂષો જાહેર હોટલોમાં બેસી દારૂની પ્યાલી ખાલી કરવામાં, જુગાર રમવામાં અને ગમે તેવાં ગપ્પાં મારવામાં આનંદ માનતાં. હોટલોમાં આધેડવયની સ્ત્રીઓ પુરૂષો સાથે જુગાર રમતી અને કોઇ કોઇવાર એ જુગારી સ્ત્રીઓ પુરૂષો કરતાં પણ વધુ હિમ્મતવાન બની જતી. યુવાન સ્ત્રીઓ પણ જો તેમની મરજી હોય તો જુગાર રમવા આવી શકતી. પણ તેઓ બૉલના મેળાવડા, બુરખા પાર્ટી અને પ્રેમીઓના નિમંત્રણમાંથી મુક્તજ થતી નહિ એટલે આવે સ્થળે માલુમ પડતી નહિ. વૃદ્ધ-આધેડ સ્ત્રીઓના એવે સ્થળે ભાવ પૂછાતા નહિ; એટલે તેઓ પોતાનો સમય પોતાના મિત્રો સાથે જાહેર હોટલોમાં જુગાર રમવામાં ગાળતી. જુગારના ટેબલ પર ભેગા થયલા જુગારીઓમાં કોઇ લુચ્ચાઇ કરે તો તે સ્હામે કોઇને કાંઇ વાંધો ન્હોતો. પણ એ લુચ્ચાઇ કુનેહથી કરવી જોઇએ. જો કોઈ ઠગાઇ કરતાં પકડાય અને તે પુરૂષ હોય તો હારેલા જુગારીઓ તેને લાત મારી ઓરડામાંથી હાંકી કાઢતા અથવા બારીએથી ફેંકી દેતા પાછું ફરી જુએ તેમ ન્હોતું. પણ એ સજા લુચ્ચાઇ માટે નહિ પણ લુચ્ચાઇ કરતાં પકડાઇ જવાની મૂર્ખતા માટે થતી. કોઇ સ્ત્રી એવા વાંકમાં સપડાઇ જતી તો તેને માટે આ જુગારીઓનો કાયદો એટલો બધો સખત ન્હોતો. ભવિષ્યમાં તેમ ન કરવાની ચેતવણી આપીનેજ સ્ત્રીઓનો ગુન્હો માફ કરવામાં આવતો.

લગભગ અગિયારેક વાગી ગયા હતા. વચલા ટેબલપર પંદર સોળ પુરૂષો પાસા રમતા હતા. તેમાંના કેટલાકો લંડનમાંની લશ્કરી ફોજના ઑફિસરો તથા કેટલાકો રજાપર આવેલા લશ્કરી અમલદારો હતા. કેટલાકો લશ્કરી યુનિફૉર્મમાં સજ્જ થયા હતા અને કેટલાકોએ સાદો પોષાક પહેર્યો હતો. સાદો એટલે હલકો નહિ; પણ યુનિફૉર્મથી ઉલટો! સોનાના છેડા, રત્નજડિત અલંકાર, કિમતી નૅકટાઇ અને રીબનથી પોતાની દેહ શણગારવામાં ઑફિસરો મોજ માનતા. છતાં તેમના કપડાં સાદા કહેવાતાં. બધા ટ્રીમટ્રાક અને ફૅશનેબલ હતા. તેઓ એશઆરામ-મોજશોખ અને વિલાસના માનીતા ભક્તો હતા.

કોલ્ડસ્ટ્રીમ ફુટ ગાર્ડસ, લાઇફ ગાર્ડસ, બ્લ્યુઝ, બફ્સ અને સ્કૉટિશ ફ્યુઝીલીઅર્સ તથા બીજી કેટલીક રેજીમેંટના અમલદારો પણ જુગાર રમવામાં મસ્ત થઇ ગયા હતા. હર્ટફર્ડશાયરની ટુકડીનો કમાન્ડર કર્નલ ગ્રેહામ પણ આજે હાજર હતો. લૉરેન્સ લી તેની ટુકડીમાં કૅપ્ટન હતો. કર્નલ ગ્રેહામ નીધર હૉલમાં તે સર બ્રાન્ડને મળ્યો પછી ત્રણ ચાર દિવસ રહી લંડન આવ્યો હતો.

કર્નલ ગ્રેહામે ઘણો સુન્દર પોષાક પહેર્યો હતો અને બધા કરતાં જુગાર રમવામાં તે બહુ ઉસ્તાદ હોય એમ જણાતું હતું. તે હિમ્મતથી યાહોમ રમ્યો જતો હતો. વચમાં વચમાં દારૂની પ્યાલીઓ પણ ખાલી કરતો હતો અને દારૂની ધૂનમાં ને ધૂનમાં તે આમ તેમ જોયા વિના ધુમ જુગાર ખેલતો હતો. નસિબદેવી આજે તેના પર મોહી પડી હતી. તેણે થોડાક પૌંડથી શરૂઆત કરી હતી અને હમણાં તેની પાસે લગભગ પંદરસો પૌંડનો ઢગલો થયો હતો. હજુ તે રમતો હતો. વધુ જીતવાની આશાથી નહિ, પણ નસિબદેવીના વિચિત્ર જાદુથી અંજાઇ જેમ કેટલાક જુગારીઓ પોતે જીતેલી રકમ પણ હારી જાય ત્યાં સુધી રમ્યા કરે છે તેમ એ હજુ પણ રમતો હતો. પણ એના પ્રતિસ્પર્ધીઓ ધીમે ધીમે ઘટવા લાગ્યા. કેટલાક ડહ્યા થઇ થોડુંક ગુમાવી બેસી રહેવામાં માન સમજ્યા અને કેટલાકોએ ગ્રેહામના નસિબ સ્હામે આજે પોતાનું કંઇ વળશે નહિ એમ ધારીને તથા કેટલાકોએ ગ્રેહામે તેમને છેતરવાની કોઇ નવી યુક્તિ શોધી કાઢી છે માટે તે આજે હારે એમ નથી એમ માનીને રમવાનું બંધ કર્યું.

"શું તમે બધા બંધ કરો છો?—" ગ્રેહામ મોટેથી બોલ્યો.

"ફૅલથોપ! ડર ના—ચાલ લે પાસા!—"

"નહિ—" ગ્રેહામે જેને રમવા કહ્યું તે માણસ બોલ્યો.

"તું આજે મારા ત્રણસો પૌંડ જીતી ગયો છે અને એક રાત માટે એટલું બસ છે. આ બેલ્હેવનને કહે. એ મારા કરતાં વધુ હિમ્મવાન રમનારો છે—"

"નહિ રે! ભાઇ! મારે ય આજે બહુ થઇ ગયું. નસિબ દેવી આજે ગ્રેહામપર આશક પડી છે—" ત્રીજો સખસ બોલ્યો.

"ત્યારે તું ચાલ, લૅમ્બટન! તું મારી સાથે રમવાની હિમ્મત કરી શકશે?—" ગ્રેહામે હસીને કહ્યું.

"નહિ, ગ્રેહામ! મેં જીતનારા સામે નહિ રમવાનો નિયમ લીધો છે." લૅમ્બટન બોલ્યો.

"આર્મીટેજ-ઑર્મેસ્લી-હનીવુડ-આજે તમે બધા કેમ હિમ્મત હારી બેઠા છો?-" ગ્રેહામ બોલવા લાગ્યો.

"તમે સ્હવાર સુધી રમનારા બહાદુર વીરલાઓ શું આજે અગિયાર વાગ્યામાં રમત બંધ કરશો?--"

"જો ગ્રેહામ!-" હનીવુડ બોલ્યો.

"હવે હું તો જાણે રમવાનુંજ ઓછું કરવા માગું છું. ગયે વરસે મેં એક કૅસલ ગુમાવ્યો-આ વરસે એક જંગલપર પાણી ફેરવ્યું અને જો હું હજુ એમજ ચાલુ રાખીશ તો રૉયલ ઑકસફર્ડ બફ્સના કૅપ્ટન તરિકેનું મારૂં કમીશન પણ ગુમાવી બેસીશ અને પછી મારે ધાડપાડુ બનવું પડશે. નહિ. હું હવે વધુ નહિજ રમીશ."

"ત્યારે આજે મારી સ્હામે કોણ રમશે?—"

"હું!" તેજ પલે એક માણસ તે ઓરડામાં દાખલ થઇ બોલ્યો અને બધાની નજર તેના તરફ ગઇ.

અમારે એ વ્યક્તિનું પુનઃ વર્ણન કરવાની જરૂર નથી. કારણ કે એ માણસ કોઇજ નહિ પણ પેલી દુકાનમાંથી કપડા ખરીદનાર પ્રવાસીજ હતો. એનો સુન્દર દેખાવ એના સુશોભિત કપડા-ટેબલ નજીક આવતી વેળાની એની ધીમી-ભવ્ય ચાલ જોઇ જોનારાઓ પર સારી છાપ પડી. કોઇ તેને ઓળખતું ન્હોતું પણ તેના દેખાવ પરથી તે કોઇ ઉચ્ચ કુલનો હશે એમ બધાને લાગ્યું. તે કોણ હતો એ સવાલ કોઇએ પૂછયો નહિ કારણ કે જાહેર હોટલ્સમાં આવવાની દરેકને છૂટ હતી અને નવા આવનારને તે કોણ છે એ પૂછવાનો રિવાજ ન્હોતો.

"હું તમારૂં આવાહન સ્વીકારૂં છું, સાહેબ!" ગ્રેહામ તેના તરફ જોઇ બોલ્યો.

"પણ પ્રમાણિકતાને ખાતર મ્હારે કહેવું જોઇએ કે આજે નસિબ દેવીની મ્હારાપર સંપૂર્ણ કૃપા છે-"

"એ તો જણાઇ જ આવે છે-" અજાણ્યા માણસે બે દરકા-રીથી ગ્રેહામની પાસે પડેલા સોનાના ઢગપર નજર નાખી કહ્યું.

"કંઇ ફીકર નહિ. હું તમારાથી ગભરાતો નથી. ચાલો, નાખો પાસા! બે પૌંડ—"

"બહુ સારું, સાહેબ!" કહી કર્નલ ગ્રેહામે હાથમાં પાસા લઇ નાખ્યા.

"લ્યો, તમે જીત્યા. હવે તમે નાખશો?"

"હા. ચાર પૌંડ. મારા. આઠ. મ્હારાજ. સોળ પૌંડ. વળી હુંજ જીત્યો. બત્રીસ પૌંડ. એ ય મ્હારા–" પ્રવાસી જીતતાં જીતતાં બોલ્યો.

"નસિબનું ચક્કર ફરે છે." હનીવુડ બોલ્યો.

"હા. જોવાની બહુ મઝા પડે છે." બીજો એક જણ બોલ્યો.

બધાને એમજ લાગ્યું અને તેઓ બન્ને રમનારાઓની આસપાસ વીટળાઇ આતુરતાથી રમત નીહાળવા લાગ્યા. અજાણ્યા માણુસની જીત ચાલુજ રહી અને દરેક વખતે તેણે રકમ એવડી કરવા માંડી જે સ્હામે ગ્રેહામે કંઇ પણ વાંધો લીધો નહિ. કર્નલ ગ્રેહામનો ઢગલો ઝડપથી ન્હાનો થવા લાગ્યો અને એના પ્રતિસ્પર્ધિ પાસે સોનાના સિક્કા જમા થવા લાગ્યા. ગ્રેહામ ઘણોજ ઉશ્કેરાઇ ગયો. વારંવાર તેના મુખમાંથી આશ્ચર્યજનક ઉદ્ગારો નીકળવા લાગ્યા. દરેક દાવ વખતે વેટરને બૂમ મારી તે દારૂ લાવવાની આજ્ઞા કરવા લાગ્યો. પેલો અજાણ્યો પુરૂષ પણ તેને આપવામાં આવતી દારૂની પ્યાલી આનંદ સહ ખાલી કરતો. પણ રમતી વેળા તે સહેજ પણ ઉશ્કેરાયો નહિ કે તેનાપર દારૂની સહેજ પણ અસર થઇ નહિ. તેનું વદન શાન્ત, બેદરકાર જણાતું હતું અને પાસા નાખતી વેળા તે સહેજ પણ ઉશ્કેરાતો નહિ. તેના શરીરનું રૂંવું પણ હાલતું નહિ. રમત વધુ ને વધુ રસિક થતી ગઇ અને કર્નલ ગ્રેહામ આવેશભર્યા હૃદયે પોતાના પ્રતિસ્પર્ધિએ જીતેલા સિક્કા પાછા મેળવવા ફાંફાં મારવા લાગ્યો. પણ પોતાની પાસે પડેલા સિક્કા બમણા થાય અથવા ત્યાં એક પણ સિક્કો ન રહે એવી વેળાએ પણ પ્રવાસી ઠંડે કલેજે વાત કરતો. તેથી જોનારાઓ બહુ અજબ થયા. આ સ્થલે ભેગા થનારા બધા જુગારીઓ જુગાર રમવાના કેફી હતા. હાર અને જીત સમયે ઉશ્કેરાઇ જતા. જીત વેળા ફુલાતા–હસતા–મલકાતા. હાર સમયે "હાર્યો જુગારી બમણું રમે" એ લોકવાયકા અનુસાર વધુ ખાલી થતા અને પછી ફીક્કા–ઢીલા મ્હોડે પાછા ફરતા. ગ્રેહામ એવોજ હતો. પણ એનો પ્રતિસ્પર્ધિ એનાથી તદ્દન ઉલટો નીકળ્યો. ગ્રેહામ હારતોજ ગયો અને રમત એવા રસપર ચ્હડી કે બાજુના ટેબલપર પાના રમનારાઓ પણ આ બે જુગારીઓની રમત જોવા આવી પહોંચ્યાં. ગ્રેહામ વધુ ઉશ્કેરાયો–નિરંકુશપણે એ દારૂ ઢાંસતો ગયો. પણ એનું કંઇ વળ્યું નહિ.

અંતે બાર વાગે ગ્રેહામના સિક્કાનો ઢગલો સાફ થઇ ગયો અને તે એના સાથી પાસે જઇ પડયો. ગ્રેહામ જેવા અથંગ જુગારીથી આ ખમાય એમ ન્હોતું.

"મારૂં ઘડિયાળ ને તમારૂં ઘડિયાળ !" કર્નલ ગ્રેહામ પોતાની આંખોમાંથી વૈરાગ્નિ પ્રકટાવતો બોલ્યો.

"કબૂલ-" પ્રવાસીએ જવાબ આપ્યો અને એક મિનિટ કરતાં ઓછા સમયમાં કર્નલ ગ્રેહામ પોતાનું ઘડિયાળ ગૂમાવી બેઠો.

"મારી વીંટી સ્હામે તમારી વીંટી-ગમે તેની વધુ કિમતી હોય તેની ફિકર નહિ-" કર્નલ બૂમ પાડી બોલ્યો.

"કબૂલ, સાહેબ !-" અજાણ્યો મનુષ્ય બેદરકારીથી બોલ્યો.

"નસિબદેવી તમારી સાથે રીસાઇ ગઇ છે. આ દાવ પણ મારો છે—"

"કૅલ્થોપ !—" નિરાશ થઇ ગ્રેહામ ઉશ્કેરાયલા સ્વરે બોલ્યો.

"મને એક હજાર પૌંડ ઉછીના આપો-"

"માફ કરો કર્નલ !-" કૅલ્થોપે જવાબ આપ્યો.

"તમે આજકાલ એટલો ખર્ચ કરી નાખ્યો છે કે તમારા કમીશન સિવાય તમારી પાસે હવે બીજી કંઇ પણ મતા રહી નથી-"

કર્નલ ગ્રેહામના મુખમાંથી એક ધીમી પણ ભયંકર હાય નીકળી અને આવેશમાં તથા નિરાશામાં બે હાથ ટેબલપર એવી રીતે પછાડયા કે ટેબલપરની પ્યાલીઓ, પાસા તથા સિક્કાઓ બે પલ નાચી રહ્યાં. તે બોલ્યો.

"તમે અત્યાર સુધી જે જીત્યા છો તે બધા સ્હામે મારૂં કમીશન ! ચાલો-"

"જેવી તમારી મરજી-" પુનઃ પેલો અજાણ્યો પુરૂષ બેદરકારીથી બોલ્યો.

"બે ઘડીની મોજ મેળવવા તમે જે કહેશો તે મારે કબૂલ છે-"

"છોકરા ! ક્યાં મરી ગયો ?" કર્નલ ગ્રેહામે વેટરને બૂમ મારી તરત વેટર હજુર થયો.

"લખવાના સાધન લઇ આવ-" તેણે હુકમ કર્યો અને વેટર તે લઇ આવે તે પહેલાં તે એક દારૂનું પ્યાલું ગટગટાવી ગયો.

"તમે આવી રીતે વારંવાર રમો છો, સાહેબ !-" બેલ્હેવને પેલા અજાણ્યા માણસને પૂછ્યું.

"નહિ સાહેબ! મારી આખી જિંદગીમાં આજે હું પહેલીજ વાર જુગાર રમું છું."

"એમ!–" કેટલાક જુગારીઓ આશ્ચર્ય પામી બોલી ઉઠયા.

"હા. હું પહેલીજવાર રમું છું–" તે બેદરકારીથી પોતાનું માથું ખજવાળતા બોલ્યો.

"હું ઘણા વરસથી વિદેશમાં રખડતો હતો અને ત્યાં વધુ જુગાર ખેલાતો નથી, તેથી હું આવી તક મેળવી શકયો ન્હોતો–"

"તમે અહિં આવ્યા ત્યારે તમે આટલું સાહસ ખેડવાનો વિચાર રાખ્યો હતો?" હનીવુડ બોલ્યો.

"નહિ. ખરૂં કહું તો અહિં મારે જુગાર રમવાનું થશે એમ મેં ધાર્યુંજ ન્હોતું." સ્મિત કરી તે પ્રવાસી બોલ્યો.

બધા જુગારીઓએ એકમેક સ્હામે જોયું અને તેઓ બહુ અજબ થયા; તથા રમનારાની શાંતિની પ્રશંસા કરવા લાગ્યા. આટલી મ્હોટી જીત તેઓમાંના કોઇથી શાંત રીતે પચાવી શકાય તેમ ન્હોતું.

વેટર લખવાનાં સાધનો લઇ આ સમયે પાછો ફર્યો. ગ્રેહામનું મ્હો મોત જેવું ફીકકું પડી ગયું હતું. એના શરીરમાં એક જાતનું દીવાનાપણું આવ્યું હતું.

"હવે સાહેબ!–" ગ્રેહામ ઘોઘરા અવાજે બોલ્યો.

"હું તમને જો પુનઃ મારી સામે નસિબ રૂઠે તો નામદાર શહેનશાહના લશ્કરમાં લેફ્ટનંટ કર્નલ તરિકેનું મારૂં કમીશન તમને અર્પણ કરવા હું કાયદેસર ખત કરી આપીશ એવું વચન આ કાગળ પર લખી આપું છું અને જો તમે જીતશો તો હું ચોવીસ કલાકમાં તમને કાયદેસર દસ્તાવેજ સ્વાધીન કરવા બંધાઉં છું કે જેના આ બધા ગૃહસ્થો સાક્ષી છે––'

"વારૂ, જેવી તમારી મરજી. તમારા કમીશન સામે હું જે જીત્યો છું તે બધું દાવમાં મૂકવા હું તૈયાર છું. બધા સિક્કા મારી સામેજ પડેલા છે અને આ બધા ગૃહસ્થો જાણે છે કે મેં તેમને આંગળી પણ લગાડી નથી. તમારૂં ઘડિયાળ અને વીંટીઓ પણ જેમની તેમ પડી છે––" આમ કહી તેણે પુનઃ બેદરકારીથી પોતાનું માથું ખજવાળ્યું.

"લો સાહેબ! વાંચી જુઓ." ગ્રેહામે લખવાનું પૂરૂં કરી અજાણ્યા સખસ તરફ હાથ લાંબો કરી કહ્યું.

" કંઇ જરૂર નથી. આ બધા સાક્ષીઓ પૂરતા છે અને કદાચ એઓ ન હોત તોપણુ તમે એક માનવંત માણુસ છો."

પુનઃ પાસા નખાયા એક મિનિટ સુધી બધા આંખો તાણી રહ્યા. ગ્રેહામ માટે એ મિનિટ અતિ ભયંકર હતી. જોનારાઓની આતુરતા હદબહારની હતી. છતાં પેલો પ્રવાસી તો જાણે કંઇજ ન હોય તેમ શાંત બેસી રહ્યો હતો.

"થઇ ચૂક્યું—મારૂં આવી બન્યું—અરે ! પ્રભુ !–" ગ્રેહામ અસહ્ય દુઃખની લાગણીથી પોતાની હાર થયેલી જોઇ બોલ્યો અને તે દુઃખ દરિયામાં ડુબી ગયો.

પેલા અજાણ્યા સખસે બેદરકારીથી શાંત ચહેરે પોતાના જીતેલા સિક્કા ગજવામાં નાખ્યા અને પછી કર્નલની સહીવાળો કાગળ જાણે તે કંઇ કામનો ન હોય તેવી રીતે પોતાના જાકીટના ગજવામાં નાખી દીધો. ત્યાર પછી તે પોતાની શાંત પ્રકૃતિ અનુસાર આજુ-બાજુના માણુસો સાથે વાત કરવા લાગ્યો.

આ સમયે કર્નલ ગ્રેહામ ઓરડાના એક ખુણામાં જઇ બેઠો અને ગંભીર વિચારમાં ગુલતાન થઇ ગયો. તેનો સંપૂર્ણ નાશ થયો હતો. તેની પાસે એક પેની પણુ રહી ન્હોતી અને તેનો પગાર પણુ એ ગુમાવી બેઠો હતો. ઉશ્કેરાટની જગ્યાએ તેના મુખપર મોત જેવી ફીકાશ આવી હતી. શું કરવું ને શું નહિ તે એને સુઝતું ન્હોતું. એના મગજમાંથી ભયંકર વિચારો પસાર થતા હતા અને એનું હતાશ થયલું હૃદય આપઘાત કરવાના ભયંકર વિચાર તરફ ઢળતું હતું.

પેલો અજાણ્યો સખસ જુગાર રમવાના ટેબલપરથી ખાણુવાળા ટેબલપર ગયો અને વેટરને દારૂ લાવવાનો હુકમ કર્યો. દારૂ પી તે ધીમે પગલે ગ્રેહામ પાસે ગયો. તેને જોતાંજ ગ્રેહામના મનમાં આશા આવી. કદાપિ તેનો પ્રતિસ્પર્ધિ દયાળુ અને ઉદાર હોય તો તેણે સહી કીધેલો કાગળ તેને પાછો આપી દઇ સોનાના સિક્કા લઇ સંતોષ પામે એવી આશા તેના મનમાં જન્મી.

" તમારી સામે આજે નસિબદેવી બહુજ રૂઠી હતી, કર્નલ ! પેલો અજાણ્યો માણુસ તેની પાસે જઇ બોલ્યો. ત્યાર પછી તેની ચળકતી આંખો આમ તેમ ફરી વળી અને કોઇ સાંભળી શકે એમ નથી એવી ખાત્રી કરી તે ધીમેથી બોલ્યો.

" ગભરાઓ નહિ. હવે મારી સાથે નાસ્તો લેવા પધારજો. હું અહિંજ રહેવાનો છું–"

" પણ તમારૂં નામ શું, સાહેબ ? " કર્નલ ગ્રેહામ પેલો માણસ પાછો ફરતો હતો તેને અટકાવી બોલ્યો.

" અરે ! હા ! હું ભૂલી ગયો–મારૂં નામ ! કૅપ્ટન વીલ્ડેર–" આટલા શબ્દો બોલી તે બધાને વિનયથી નમન કરી તે ઓરડો છોડી ગયો.

પ્રકરણ ૧૬ મું.

કૅપ્ટન વીલ્ડેર.

કર્નલ ગ્રેહામ જ્યારે સ્હવારે નિદ્રામાંથી જાગ્યો ત્યારે ગઇ રાતનો બનાવ એ એક પલ ખરો માની શક્યો નહિ. પોતે પાયમાલ થઇ ગયો છે એવું ભયંકર સ્વપ્ન એણે જોયું હતું એમ પ્રથમ એને લાગ્યું; પણ તરતજ એનું મગજ ઠેકાણે આવ્યું અને એણે ખાત્રીથી માન્યું કે તેના જીવનનો સઘળો આધાર હવે કૅપ્ટન વીલ્ડેરની દયા ઉપરજ છે. જો કૅપ્ટન નિર્દય બને તો જરૂર ગ્રેહામને દુનિયામાં જીવવું ભારે થઇ પડે એમ હતું. એણે પોતાની જીંદગીજ જુગારમાં ગાળી હતી. એણે ઘણીવાર સેંકડો પૌંડનો જુગારના ટેબલપર ધુમાડો કરી નાખ્યો હતો. જુગારનું દેવું ચૂકવવા માટે એણે ઘણાના કરજ કર્યાં હતાં; પણ આજના જેવી ભીખારી દશામાં એ કદિ પણ આવી પડયો ન્હોતો. એની પાસે એક પેની પણ બચી ન્હોતી–જર ઝવેરાત પણ એ હારી ગયો હતો અને એનો પગાર એક અજાણ્યા સખસના હાથમાં હતો. જો કૅપ્ટન વીલ્ડેર એના તરફ દયા નજ બતાવે તો કર્નલ ગ્રેહામને આપઘાત કર્યા સિવાય બીજો રસ્તો ન્હોતો પણ એટલામાં એને કૅપ્ટનને પોતાની સાથે નાસ્તો લેવાનું કરેલું આમંત્રણ યાદ આવ્યું અને એના હતાશ હૃદયમાં આશાનાં કિરણ પ્રકટયાં. કદાચ એ અજાણ્યો સખસ એનો મિત્ર બની એના તરફ ઉદારતા પણ બતાવે એવો વિચાર આવતાં એનું દુઃખ સહેજ કમી થયું. આ વિચારનું જોર પલે પલે વધતું ગયું અને એનો શોક ધીમે ધીમે હવામાં ઉડવા લાગ્યો. તુરત એ કોચપરથી ઉભો થયો. એનો નોકર હમ્મેં પોતાના સ્વામીની આજ્ઞામાં તરત હાજર હતો. તે ચપલ દેખાવનો હુશિયાર જુવાન હતો તેને જોઇ ગ્રેહામે પૂછ્યું.

"કૅપ્ટન વીલ્ડેર નામના ગૃહસ્થને તું ઓળખે છે ?"

"હું જે જાણું છું તે એ છે, સાહેબ ! કે તમે જે નામ દો છો તે નામનો ગૃહસ્થ ગઈ સાંજે એંજલમાં આવ્યો અને એક ઓરડો ભાડે રાખ્યો. તે એક સુન્દર અશ્વપર સવાર થઇ આવ્યો હતો અને એના ઘોડાના સૅડલપર એક ચામડાની પેટી બાંધેલી હતી; પણ તેની સાથે કોઇ નોકર ન્હોતો;—"

"ખરેખર ? એની સાથે કોઇ નોકર ન્હોતો ?"

"નહિ સાહેબ !"

"એના જેવો માણુસ નોકર વિના ફરે એ અજબ જેવું છે."

"તે આ હોટલના માલિકને કહેતો હતો કે કંઇ અકસ્માતને લીધે તેને તેના નોકરથી છૂટા પડવાની ફરજ પડી હતી. તેથી જો તેનાથી બની શકે તો તેને એક નોકર શોધી આપવો—"

કર્નલનો નોકર વધુ કંઇ બોલ્યો નહિ અને કર્નલે તેને વધુ પ્રશ્નો પણ પૂછ્યા નહિ: તેના મનમાં કૅપ્ટનના અચાનક આગમન વિષે કંઇ શંકા ઉત્પન્ન થઇ હતી. તરતજ તેણે પોતાના વાળ વ્યવસ્થિત કરી મ્હો સાફ કર્યું અને પછી હોટલના એક નોકરને બોલાવી તેને કૅપ્ટન વીલ્ડરનો ઓરડો બતાવવાની આજ્ઞા કરી.

"અહો ! પધારો મારા કમનસિબ પ્રાંતસ્પર્ધી !—" કર્નલ ગ્રેહામને જોઇ કૅપ્ટન વીલ્ડેર પોતાની બેઠક પરથી ઉભો થઇ પોતાનો હાથ કર્નલ તરફ લાંબો કરી વિનયથી બોલ્યો.

તેણે પેલી દુકાનમાંથી ખરીદેલો બીજો ડ્રેસ પહેર્યો હતો અને તેના દેખાવ પરથી તે મોડી રાત સુધી જાગ્યો હોય અથવા તો તેણે સહેજ પણ દારૂ પીધો હોય એમ બીલકુલ જણાતું ન હતું. એની આંખો તેજસ્વી અને પાણીદાર દેખાતી હતી, છતાં એ માણુસના દેખાવમાં કંઇક એવું હતું કે જેથી તે દુનિયામાં ઘડાયલો અને પુખ્ત અનુભવી હોય એવું જણાતું. આથી એના બાહ્ય દેખાવ પરથી એના ચારિત્ર્યની સચોટ કલ્પના થઇ શકે તેમ ન્હોતું. ગમે એમ હો પણ એણે કર્નલને ગરમાગરમ આવકાર આપ્યો. અને કર્નલને આડકતરી રીતે સ્હમજાવ્યું કે ગઇ રાતના તેના શબ્દોમાં એની ઉદાર ઇચ્છા શમાયલી હતી. કર્નલની આંખો આનંદથી ચમકી અને તેણે પણ કૅપ્ટનના સ્વાગત માટે આભાર માન્યો. છતાં એણે પોતાના પ્રતિસ્પર્ધીની ખુશામત કરી નહિ. કૅપ્ટનની દયાપરજ એના સર્વસ્વનો

આધાર હતો છતાં એના અભિમાની હૃદયે તદ્દન શરણે જવાનું સ્વીકાર્યું નહિ.

એક ટેબલપર નાસ્તો તૈયાર હતો. નાસ્તાની રકાબીઓમાંના ભોજનપરથી સ્પષ્ટ માલુમ પડતું હતું કે કૅપ્ટન વીલ્ડેરની પસંદગી ઉમદા ચીજો તરફજ હોવી જોઇએ અથવા તો પોતાના નવા ગ્રાહકને રાજી કરી નાખવા માટે હોટલના માલિકે સારામાં સારૂં ભોજન મોકલવાનું ડહાપણ વાપર્યું હોય.

"આ ખુરશીપર બેસો, કર્નલ ગ્રેહામ !—" કૅપ્ટન એક ખુરશીપર બેસતાં બોલ્યો.

"મને રાતનો ઉજાગરો કે દારૂનો નીશો સ્હવારે બીલકુલ લાગતો નથી; તમને કંઇ અસર લાગે છે કે?...ચાલો હવે! નાસ્તો લઇ લઇએ; કારણકે ભૂખમરો શું ચીજ છે તેનું જેને સહેજ પણ ભાન હોય તે પેટપૂજા કરવા હંમેશાં તૈયારજ હોય છે—"

"તમે તમારા જીવનમાં ચડતી પડતીના વિધવિધ રંગો જોયા હોય એમ લાગે છે, કૅપ્ટન !" કર્નલ ગ્રેહામ બોલ્યો.

"હા. મેં સહેજ લીલી સુકી જોઇ છે—" કૅપ્ટન જાણે એ "લીલીસૂકી" ની એને દરકાર ન હોય તેવી બેદરકારી બતાવતો બોલ્યો.

"તમે શું ધારો છો કર્નલ? પાસે પૂરતા પૈસા હોવા છતાં કોઇ કોઇવાર મ્હારે જંગલમાંના કંદમૂલ ખાઇને અને ગંદા પાણીના ખાબોચિયામાંથી બે ટીપાં પાણી પીને દિવસોના દિવસો પસાર કરવા પડયા હતા—"

"તમારા મુખપરથી જણાય છે કે, તમે ધણા દુર દેશની મુસાફરીથી પાછા ફર્યા હો—" કર્નલ બોલ્યો.

"હા. મુસાફરી ને વિગ્રહ !" કૅપ્ટન બોલ્યો.

"બે વેળા લાલ ઇન્ડીઅનો મારી ગરદન દબાવી દેવા તૈયાર થઇ ગયા હતા. બે વેળા જંગલી પક્ષીઓ મારી આંખો ફોલી ખાવા આવ્યા હતા. છતાં આજે હું આ લંડન શહેરમાં એંજલ ઇનમાં સહી સલામત તમારી સાથે વાત કરતો બેઠો છું અને આજનો આનંદ મને વરજીનીઆના બધા દુઃખો ભુલાવી દે છે—"

"આહ ! ત્યારે તમે અમેરિકાના બગિચાઓ માટેની લડાઇમાં મુખ્ય ભાગ ભજવ્યો હતો ખરૂં !—"

"હા. ત્યાં અને નરી દુનિયાના બીજા કેટલાક ભાગોમાં હું ઘુમ્યો હતો. હું જુઠી ટાપ મારતો નથી; કારણકે ટાપ મારવી એ મોટામાં મોટો દુર્ગુણ છે એમ હું માનું છું. કર્નલ! હું જો મારા ભૂત જીવનની કેટલીક વાતો કહીશ તો તમે અજાયબ થશો. એ વાત જ્યારે મને યાદ આવે છે ત્યારે જાણે મારામાં કંઇક અદ્ભુતતા છે એમ મને લાગે છે. તમે માનશો? કેટલીકવાર હું મોતને હાથતાળી આપી છટકી આવ્યો છું. અનેકવાર મૃત્યુ રમણી મારાપર મોહી પડી મને પરણવા મારી પાછળ દોડી હતી. પણ હું તેના પંઝામાંથી ગમે તે જોખમે બચવા પામ્યો. એકવાર હું ને બીજા પાંચ છ મિત્રો રાત્રે એક ખાડામાં જઇ પડયા અને અમારા શરીર કાદવમાં એવા ગળી ગયા કે કોઇથી તે ખેંચી શકાયા નહિ. સ્હવાર સુધીમાં તો મ્હારા હતભાગી મિત્રો યમરાજાને શરણ થઇ ગયા પણ સૂર્યનાં કિરણ જોવા હું ભાગ્યશાલી થયો. હું જેમ તેમ કરી બહાર નીકળ્યો. વળી એક વાર હું કિનારાપર સુતો હતો એટલામાં સાપોના ફુંફાડાથી હું જાગી ઉઠયો. મેં તેમના ભયંકર ફુંફાડા સાંભળ્યા—તેઓ મારા તરફ ધસી આવ્યા—મારૂં મોત પણ મારી નજર સામે આવી ઉભું—પણ અંતે હું મૃત્યુને લાંચ આપી મારી સામેથી દૂર કરી શકયો. એટલેથીજ મારી કર્મકથા અટકતી નથી. જંગલી વરૂઓના સપાટામાંથી બચવા હું વૃક્ષોપર ચ્હડી બેસતો ત્યારે વૃક્ષોપર મારા શરીરનો કોળિયો કરવા રીંછો ચ્હડી આવતા. એક વેળા હું એક વૃક્ષ પર ચ્હડી મારૂં માથું એક ડાળી જેવા આકાર સાથે ટેકાવી ઉભો પણ કર્નલ! એ ડાળી ન્હોતી પણ એક સાપ હતો! પુનઃ મારી સામે મૃત્યુદેવી આવી પણ આ વેળા પણ મેં તેને સ્હમજાવી પાછી વાળી—"

"તમારી જીંદગીની સલામતી માટે હું તમને અંતઃકરણથી અભિનંદન આપું છું—"

"આપણે હવે મિત્રો થતા જઇએ છીએ, કર્નલ!" પ્રવાસી શરાબની પ્યાલી ગળામાં રેડતાં બોલ્યો.

"મેં મારા જીવનમાં કેટલાંક ન માનવા જોગ જોખમો ખેલ્યાં છે, કર્નલ! મેં અનેકવાર મૃત્યુની ભયંકર મૂર્તિ મારી આંખો સ્હામે જોઇ છે. પણ વરૂ અને રીંછ, સાપ અને ઝેરી નાગ, આગ અને પાણી તથા જંગલી રેડ ઇન્ડીઅનોના ઝેરી તીરો એ બધાએ મને જીવતો મુકયો છે.:.."

"તમે રાક્ષસોની વાત કરો છો, કૅપ્ટન! કે જે હું અગાઉ સાચી માનતો ન્હોતો—"

"એ તદ્દન સાચું છે, કર્નલ! આવાં રાક્ષસી પ્રાણીઓની વાત જરા પણ ખોટી નથી. આહ! તમે એ ભયંકર પ્રાણીઓ જુઓ તોજ તમને તેની રાક્ષસી ભયંકરતાનો ખ્યાલ આવે. હુબસીઆના નદિના મેલાં પાણીમાં પડી રહેતાં તથા ત્યાંના સરોવરની આસપાસના ઝેરી છોડોમાં ભમતા હાથી જેવા મોટા અને રાક્ષસ જેવા ભયંકર જાનવરો તમે જુઓ તોજ તમે રાક્ષસોની હસ્તી માની શકો. મગરો અને મસ્ત મચ્છો નદિમાં હમેશાં પોતાના ભોગની રાહ જોતાં ફર્યાં કરે છે. ત્યાંની નદિઓ પસાર કરવાનું જોખમ ખેડવું એ યમ રાજાના ભયંકર દૂતને આમંત્રણ કરવા બરાબર છે. ત્યાં કરોળિયા જેવા આકારની એક ફુટ પહોળી અને બાર અથવા વીસ પંઝા જેવા પગવાળી જળો થાય છે તેને લોહી પીનારા ભૂતની ઉપમા આપશો તો ચાલશે. કોઇપણ પ્રવાસી અશ્વપર સવાર થઇ નદિ ઓળંગવા જાય અને આ લોહીની તરસી ડાકણના સપાટામાં આવી પડે કે ખલાસ! અશ્વ તરત બેભાન થઇ જાય છે. સવાર કુદી પડે છે અને તેનો ગ્રાસ કરી જવાને પણ મગરો જડબાં ખોલી ઉભાં હોય છે. આવાં ભયંકર જોખમોમાંથી હું કોણ જાણે શી રીતે હજી સુધી બચી શક્યો છું. કર્નલ! આ પ્રવાસીની મીઠા મરચાંવાળી વાત નથી પણ મેં મારી જાતે અનુભવેલાં સંકટોની તદ્દન સાચી કથા છે—"

"તમારાપર મને સંપૂર્ણ વિશ્વાસ છે એવી ખાત્રી આપવાની હું જરૂર જોતો નથી, કૅપ્ટન! ખરેખર, તમે મોતની સાથે રમત રમી પાછા આવ્યા છો. નામદાર મહારાજાનું જે લશ્કર વરજીનીઆનો બળવો શાંત કરવા ગયું હતું તેના અમલદારો મારા મિત્રો છે અને તેમને મ્હોડે મેં આવાં ભયંકર જોખમોની કેટલીક વાત સાંભળી છે. હું ધારૂં છું કે તમે પણ તેમની સાથેજ લડયા હશો—" કર્નલ ગ્રેહામ બોલ્યો.

"હા. કંઇક એવુંજ." કૅપ્ટને જવાબ આપ્યો.

"તમે ઇંગ્લંડ ક્યારે પાછા ફર્યા?"

"પરમ દિવસે હું પોર્ટસમથમાં આવ્યો અને લંડનમાં તો ગઇ કાલેજ આવી પહોંચ્યો. હું ઘણા વરસ પરદેશ રહી આવ્યો છું."

"ત્યારે તો તમને તમારી માતૃભુમિમાં આશ્ચર્યજનક ફેરફાર જણાતા હશે—"

"ફેરફાર! કર્નલ! ખરૂં કહું તો હું લંડનમાં તદ્દન અજાણ્યો હોઉં તેવું મને લાગે છે. લંડન આવવાની મારી ઇચ્છા હોવાથી મેં કોઇપણ જાતની ખબર મેળવવાનો વધુ પ્રયાસ કર્યો નથી. હું જે જાણું છું તે એટલુંજ છે કે હાલના મોજીલા મહારાજા ચાર્લ્સ યૌવનમસ્ત યુવતીઓ સાથે વિલાસમાંજ પોતાનો ઘણોખરો સમય પસાર કરે છે અને તેમની પ્રિય સખીઓને ઉચ્ચ પદવીઓ અને અઢળક લક્ષ્મીથી નવાજવામાં આવી છે—" કૅપ્ટને વાતનો વિષય ચાલાકીથી બદલ્યો.

"હા. એમ છે ખરૂં. તમને જો એ વાત ગમતી હોય તો હું તમને તે વિષે કેટલીક વધુ ખબર આપી તમને આનંદિત કરીશ ખરેખર, કૅપ્ટન! હમણાંના મહારાજા તે મહારાજાજ છે! શું એમનો શોખ? શું એમની સૌન્દર્ય પ્રિયતા? એમના મોજ શોખ અને વૈભવ વિલાસની વાત તમારા જેવાએ જાણવા જેવી છે."

"એમ? ત્યારે તો તમે મને એ બધી વાત કહેવાની કૃપા કરો. એ વાત પૂરી થયા પછી આપણે એક અગત્યની વાત કરીશું—"

"નામદાર શહેનશાહની આસપાસ જેમ ચંદ્રની આસપાસ અનેક તારાઓ ચળકે છે તેમ અનેક સુન્દર લલનાઓ હંમેશાં વીંટળાયલી જ હોય છે. અને તેમની પવિત્રતાની જોકે લોકો નિંદા કરે છે પણ તેમનું સૌન્દર્ય ગજબ વરસાવે છે–" કર્નલે શહેનશાહ ચાર્લ્સના વિલાસી જીવનની કથા શરૂ કરી.

"ઘણા વર્ષ પૂર્વે રાજકુટુંબના પુનરૂદ્ધાર પછી થોડોક સમય વહી જવા પછી રાજાની આસપાસ કેટલીક યુવતીઓ હતી એ વાત મને યાદ છે..." કૅપ્ટન બોલ્યો.

"હા. રાજકુટુંબના પુનરૂદ્ધાર પછી મહારાજા અત્રે પધાર્યા ત્યારથીજ તેમની સાથે અનેક લલનાઓ છે. કેટલીક મરી ગઈ છે. કેટલીક હજુ જીવે છે અને નવી ઉમેરાતી જાય છે. હવે અત્યારે રાજાની કઇ સખીઓના સીતારા ચળકે છે તે તમારે જાણવું છે?"

"હા. મને બધી વાત કહો. ફુરસદનો સમય આનંદથી ગાળવા માટે આ બહુ મઝાની વાત છે."

"પહેલી બાર્બેરા વીલીઅર્સ રોજર પામર નામના એક શ્રીમંત મનુષ્યની પત્નિ. એને ડચેસ ઑફ ક્લીવલૅન્ડ બનાવવામાં આવી છે. બીજી નેલ જીન. આનંદી–વિલાસી–ઘણા શોખીનોની માનીતી યુવતી, એ પૅલમેલમાં રહે છે–એને એક તેરેક વર્ષનો છોકરો છે. તેને અહીં

ઑફ બકીંહ્‌ડ બનાવવામાં આવ્યો છે અને લોક વાયકા એવી છે કે અલ્પ સમયમાં તે સેંટ આલ્બન્સનો ડ્યુક બનશે. બીજી વિલાસી રમણીઓ મીસીસ હૉસન–પછી મેરી ડેવીસ–લ્યુસી વૉલ્ટરસ પછી–"

"પણ હાલની સત્તાશીલ મહારાણી કોણ? મેં સાંભળ્યું છે કે કોઇ ડચેસ ઑફ પોર્ટસમથ પર મહારાજાના ચાર હાથ છે–"

"આહ! હું તેણીની વાત પણ તમને યોગ્ય સમયે જરૂર કહેત. એના સૌન્દર્યની જોડી નથી. એની સત્તાની હદ નથી. મહારાજા એ પાય એટલુંજ પાણી પીએ છે. મહારાજાની દરેક વિલાસસખી એની ઇર્ષ્યા કરે છે."

"મેં પોર્ટસમથમાં એક પીઠામાં સાંભળ્યું હતું કે ડચેસ સૌથી સારા કામ માટે પણ પોતાની સત્તાનો ઉપયોગ કરતી નથી?" કૅપ્ટને પૂછ્યું.

"હોય પણ: ડચેસને માટે રાજદ્વારીઓના ભિન્નભિન્ન મત–છે."

"હું તમારા રાજકિય વિચારો જાણવા માગું છે એમ શંકા ના લાવતા. તમે રાજાના નોકર છો અને તેથી તમારા હૃદયના વિચાર ગમે તેવા હોય તો પણ તમારે સાવધાન રહેવું જોઇએ–"

"કૅપ્ટન વીલ્ડેર! હું સ્ટુઅર્ટ રાજકુટુંબનો ચુસ્ત ભક્ત છું. બીજાઓની આંખે તેમનાં કૃત્યો ગમે તેવાં જણાતાં હોય તેની મને દરકાર નથી: પણ મહારાજાના કેટલાંક કામો જેને કેટલાક લોકો દુર્ગુણો અને મૂર્ખતા કહે છે તેનેજ હું સદ્‌ગુણ અને ડહાપણ કહું છું."

"હશે. તમારા રાજકર્ત્તા માટેનો તમારો પ્રબલ પ્રેમ હું ઓછો કરવા માગતો નથી." કૅપ્ટન બોલ્યો. પણ બારીકીથી જોનારને એ અવાજમાં સહેજ સખ્તાઇ હતી એમ જણાય એમ હતું.

"ચાલો, તમારી વાતજ આગળ ચલાવો, કર્નલ!"

"લુઇ ડ કેરલ પોતાની સત્તા પોતાના માતૃદેશના ભલા માટે ઘણીવાર વાપરે છે એ વાત ખરી છે–પણ તમે અજબ થયલા જણાઓ છો?"

"નહિ. હું વિચાર કરૂં છું કે હમણાં તો તમે ડચેસ ઑફ પોર્ટસમથની વાત કરતા હતા. અને આ બીજી—"

"બીજી કોણ? લુઇ ડ કેરલ તેજ ડચેસ ઑફ પોર્ટસમથ–"

"એમ? મને એ ખબર ન્હોતી. ત્યારે એ લુઇ ડ કેરલના સૌન્દર્ય

પર મહારાજા દિવાના છે ખરૂં–"

"હા. તે સર્વ શક્તિમાન છે. કોઇને જીવાડવો–કોઇને મારવો–કોઇને પાયમાલ કરવો ને કોઇને સમૃદ્ધ બનાવવો એ બધું એના હાથમાં છે. એનું સ્મિત હાસ્ય જેના તરફ ફરકે તે બીજે કલાકે લક્ષાધિપતિ બની જાય અને જેના તરફ એની કરડી નજર થાય તેનું અસ્તિત્વ ભયમાં આવી પડે. ડચેસ એક રાજકુમારી પેઠે રહે છે. એના મહેલના ભવ્ય ઓરડાઓની શોભા ન્યારીજ છે. નોકર ચાકરોની તો એને ત્યાં એક ફોજ છે. તેણી અનેક વેળા મ્હોટા મ્હોટા મેળાવડા કરે છે, જ્યાફત આપે છે અને તેમાં એના માનીતાઓનેજ આમંત્રણ થાય છે. બાદશાહના ડ્રોઇંગરૂમમાં દાખલ થવામાં જેટલી મુશ્કેલી નડે તેના કરતાં ડચેસના મેળાવડામાં દાખલ થતાં ઘણીજ મુશીબતો વેઠવી પડે. ડચેસના કૃપા પાત્ર–જેમને જોઇ એના ઓષ્ઠપર સ્મિત ફરકતું હોય તેવાઓજ ત્યાં જઇ શકે. એવો એક મેળાવડો આવતી કાલે છે અને મને તેમાં આમંત્રણ કરવામાં આવ્યું છે. તેથીજ હું હમણાં લંડન આવ્યો છું."

"આવતી કાલે એ મેળાવડો છે ખરૂં?"

"હા. હું ભુલી ગયો. એ બુરખાપાર્ટી છે. દરેક નિમંત્રીત વ્યક્તિ જુદા જુદા વિચિત્ર પોષાકમાં સજ્જ થઇ મુખપર બુરખા નાખી પાર્ટીમાં આવશે. આથી એ સમયને અનુસરતો પોષાક કરાવવા હું લંડન આવ્યો–પણ અફસોસ! હવે હું શી રીતે જઇ શકીશ!"

"કેમ? કેમ? કંઇ અડચણ છે?"

"ગઇ રાત્રે તમે મારૂં બધું જીતી ગયા તે શું ભૂલી ગયા?"

"અરે! હા! એ તો હું ભુલીજ ગયો."

"પણ હું ભુલી ગયો નથી. વાત એમ છે, કૅપટન! કે આજકાલ મારો ખર્ચ મારી આવક કરતાં વધી ગયો છે. અને મારો દરજી કમબખ્ત બહુ અધીરો છે. તેથી જો હું તેને રોકડા પૈસા ન આપું તો બુરખાવાળા નાચમાં જવા માટેનો મારો પોષાક તે મને પહેરવા દે એટલો ઉદાર નથી. મેં તેને મારો પોષાક બનાવવાનો ઑર્ડર આપ્યો છે અને તે જ્યારે અહિં લઇ આવશે ત્યારે જો હું તેને પૈસા નહિ આપીશ તો મારી આબરૂના કાંકરા થઇ જશે. આથી હવે કેમ કરવું તે મને સુઝ પડતું નથી. મારે ડચેસના આમંત્રણને માન આપી પાર્ટીમાં જવું તો જોઇએજ. ડચેસનું આમંત્રણ

મહાશયજાના આશીપત્ર જેવું ગણાય છે. કૅપ્ટન વીહર્ડર! તમે સમજી શકશો કે મારી સ્થિતિ કેવી દયાજનક થઇ પડી છે." કર્નલે સહેજ શરમાઇ પોતાની સ્થિતિ કૅપ્ટનને જણાવી.

"કર્નલ ગ્રેહામ!" પ્રવાસી વધુ ગંભીર સ્વરે બોલ્યો.

"હવે આપણે મુખ્ય વાતપર આવીશું. તમે દુનિયા ખાંધેલ પુરૂષ છો. હું પણ તેવો છું: જ્યારે તમે મારી સાથે પાંસા રમવા બેઠા ત્યારે તમે જીતવાની આશા રાખતા હતા અને જો તમે જીત્યા હોત તો મને તે આપી દેવાના ન્હોતા. પણ નસિબ દેવી તમારી સાથે રીસાઇ અને મારાપર પ્રસન્ન થઇ. મેં સાહસ ખેડયું અને હું જીત્યો. તમે હાર્યા. અને તમે જે હાર્યા તે બધું મારૂં થયું. ખરૂં કે નહિ?"

"હા."

"તમારી વીંટી, ઘડિયાળ, કમીશન તથા મારી જીતના અરધા પૈસા તમને એક સરતે હું પાછા આપવા તેયાર છું."

"અને તે સરત?" ગ્રેહામ આનંદ અને આશાથી ઉભરાતા હૃદયે બોલી ઉઠયો.

"તે સરત એ કે તમારે મને ડચેસની ખુરખાપાર્ટીમાં દાખલ થવાનો નિમંત્રણ પત્ર ગમે તેમ કરી મેળવી આપવો—"

કર્નલનું મ્હો ઉતરી ગયું અને તેના મુખપરથી એ સરત તેને પસંદ ન્હોતી એ કૅપ્ટન સમજી ગયો.

"કંઇ નહિ. એ એક મારા મગજનો ધખારો છે. ગમે એમ હો. પણ ફક્ત એજ સરતે હું તમને તમારી સઘળી ચીજો આપી શકું એમ છું." કૅપ્ટન વીહર્ડરે મક્કમતાથી કહ્યું.

"તમે મને ભયંકર ગુંચવાડામાં નાખો છો, કૅપ્ટન! એ પાર્ટીમાં દાખલ થનાર પાસે આમંત્રણ પત્રિકા હોય તોજ તે દાખલ થઇ શકે અને જો કે આમંત્રણ પત્રિકા બીજાને આપવાની મનાઇ છે છતાં તમારી ઇચ્છા પાર પાડવા માટે જે વ્યક્તિને એ પાર્ટીમાં આમંત્રણ થયું હોય છતાં ત્યાં જવા રાજી ન હોય તેની આમંત્રણ પત્રિકા તમારે માટે લાવવી જોઇએ. હવે એવી વ્યક્તિને ક્યાંથી શોધી કાઢવી તે હું સમજી શકતો નથી. મારી રેજીમેંટમાં મારા સિવાય બે બીજા ઑફિસરોને નિમંત્રવામાં આવ્યા છે. એક મેજર કેવન્ડીશ. તેને એ માટે પૂછવાની હું હિમ્મત કરી શકું એમ નથી. બીજો કૅપ્ટન લૉરેન્સ વી! એની સાથે મને બનતું નથી."

"કાલે જુગારના ટેબલપર એ બે ગૃહસ્થો હતા કે? કૅપટન લી-તમે લૉરેન્સ લી કહ્યું ખરૂં-એ કોણુ?"

"કૅપ્ટન લી રાજાનો નોકર છે-રૉયલીસ્ટને ત્યાં જનમ્યો છે પણુ નૈતિક વિષયમાં એ ચુસ્ત પ્યુરીટન જેવો છે. એ જુગાર રમવા બેસે? અસંભવિત—"

"ત્યારે તમારી રેજીમેંટમાં એક સંયમી પુરૂષ છે ખરો—" કૅપટન વીલ્ડેર હસીને બોલ્યો.

"આવા નીતિમાન ગૃહસ્થે પોતાના કર્નલને નારાજ થવાનું શું કારણુ આપ્યું તે હું જાણી શકીશ?"

"કારણુ જેવું કંઇ નહિ! એ મારા આનંદમાં વચ્ચે પડ્યો-મારી બાજી એણે ખોરવી નાખી ને જે કુમારિકાના અધરસુધા-રસનું પાન કરવા મારૂં હૃદય તલસતું હતું તેની સાથે એ પ્રેમમાં છે એવી મારી માન્યતા છે. હું ખાત્રીથી કહું છું કે એ કર્નલ રમ્બોલ્ડની પુત્રીને ચાહે છે—"

"શું? કૉમવેલના સૈન્યનો સુપ્રસિદ્ધ અમલદાર!—"

"હા. તેજ. તે 'રાઇહાઉસ' નામના કિલ્લામાં રહે છે કે જે નીધરહૅાલની બાજુમાં આવેલો છે—"

"મેં એ કિલ્લા વિષે અગાઉ સાંભળ્યું હતું. લી નદિપરના બે કિલ્લા તે એજ ને?"

"હા. એજ પણુ હવે તમારી વાત—"

"કૅપટન લી જેવો તમે કહો છો તેવો ઉદાર અને સંયમી યુવાન વિલાસી રમણીઓના બુરખા નાચમાં જવાનું વધુ પસંદ કરે એ હું માનતો નથી. જરૂર એ પોતાની આમંત્રણુ પત્રિકા તમને આપી દેશે—"

"તમે ભૂલી જાઓ છો, કૅપટન વીલ્ડેર! અમે બે મિત્રો નથી—"

"હં-હં-હું ભૂલી ગયો. પેલી કુમારિકા માટે તમે બે લડી પડ્યા હતા-ખરૂં?"

"હા. હું નીધરહૅાલના માલીક સર વિલિયમ બ્લાન્ડને મળવા જતો હતો એટલામાં મારી નજરે એક સુન્દર યૌવનમસ્ત યુવતી પડી. હું તે સમયે તે મિસ રમ્બોલ્ડ છે એ જાણુતો ન્હોતો એ મુગ્ધાના અધરપર મને મીઠું મધ જણાયું અને તે ચૂસવાનો મેં વિચાર કર્યો અને હું મારી હૃદયહારિણીને ચુંબન કરવાનો પ્રયાસ

કરવા જતો હતો તેવામાં લૉરેન્સ લીએ એકદન આવી મને ધક્કો મારી મારી જીંદગી ખારી કરી નાખી. મેં કૅપ્ટન લીને તરત તેની ટુકડીમાં જવાની આજ્ઞા કરી અને જો ડચેસનું આમંત્રણ તેને ન મળ્યું હોત તો તે મારી મરજી વિના હેડક્વાર્ટર છોડી શકત નહિ—"

"એમ? ત્યારે હજુ તે બુઢ્ઢા રીપબ્લીકનની છોકરી તમારા મનમાં રમી રહી લાગે છે? આહ! તમે એક કાંકરે બે પક્ષી મારવા માગો છો...તે મધુરી મુગ્ધાના યૌવનનો મિષ્ટ રસ ચાખવા ઉપરાંત તમે લૉરેન્સ લીપર વેર વાળવા માગો છો—ખરૂં—"

"ખરેખર! તમારી કલ્પના તદ્દન ખોટી નથી...કૅપ્ટન વીલ્ડેર! હું કસમથી કહું છું કે તમે જો એ સૌન્દર્યની પૂતળીને એક વાર જુઓ તો તમે પણ એના સ્મિત હાસ્ય માટે મોટા મોટા સાહસ ખેડવા તૈયાર થઇ જાઓ—" કર્નલ ગ્રેહામ પોતાના સાથી તરફ જોઇ હાસ્ય કરી બોલ્યો. એના હૃદયમાં તો કૅપ્ટનની સરતથી હોળી સળગતી હતી. ડચેસ ઑફ પોર્ટસમથને ત્યાંની પાર્ટીમાં કૅપ્ટન વીલ્ડેરને લઇ જવો એ કંઇ ખાવાનો ખેલ ન્હોતો.

"તમે ખરૂં કહો છો, કર્નલ!" કૅપ્ટન કર્નલની વાત સાંભળી હસીને બોલ્યો.

"પ્રેમ શું ચીજ છે તે જે જાણતો નથી તે મનુષ્યજ હેવાન જેવો હોવો જોઇએ. ખરેખર, કર્નલ! આ વિષયમાં આપણા વિચાર એક બીજાને મળતા આવે છે—"

"હા. હું ઇચ્છું છું કે આપણે બે મિત્રો થઇએ. તમને મારી મિત્રતાનો પૂરાવો આપવા હું એક ખાનગી વાત કહીશ. લૉરેન્સ લી પર વેર વાળવા હું તેની વ્હાલી સખીને ઉપાડી લાવવા માગું છું."

"કેવી રીતે? લગ્નથી?"

"અરે નહિ રે! એવી મુર્ખતા હું કરૂં એમ તમે માનો છો? નહિ નહિ. હું પરણનારો માણસ નથી. કૅપ્ટન! જ્યાં સુધી સોનાનો ઢગ જણાય નહિ ત્યાં સુધી પરણવાની વાતજ ખોટીઃ પણ આજકાલ પૈસા ને પ્રિયતમા બન્ને મળતાં નથી—પણ હવે આપણે મુલ વાતપર આવીએ તો સારૂં—"

"જેવી તમારી મરજી. કર્નલ ગ્રેહામ! તમે મારી સરત જાણો છો. તમારી વીંટી, ઘડિયાળ, તમારૂં કમીશન મને આપવાની પ્રતિ-

ચુવાળો પત્ર અને હું કાલે જોઈશ તેમાંના અરધા પૈસા જો તમે ડચેસ ઑફ પોર્ટસમથ કાલે જે બુરખાપાર્ટી કરે છે તેમાં દાખલ થવાની આમંત્રણ પત્રિકા મને મેળવી આપો તો તેજ પળે તમને સ્વાધિન કરવામાં આવશે."

"અને જો હું તેમ ન કરી શકું તો?" એહામ શોકમય સ્વરે બોલ્યો.

"તો હું બધું મારી પાસે રાખીશ અને સરત પ્રમાણે ચોવીસ કલાકમાં તમારે તમારા કમીશન માટે કાયદેસર દસ્તાવેજ કરી મારા હાથમાં મુકવો જોઈશે." કૅપટને દૃઢ સ્વરે કહ્યું.

"એ સિવાય બીજી કોઈ સરત?"

"કોઈ નહિ."

"બીજો કંઈ ઉપાય?"

"નહિ."

"ત્યારે તો તમારી સરત પાળવા માટે મારે આત્મઅવનિ એક કરવાજ જોઈએ." આટલા શબ્દો બોલી કર્નલ જરા ગુસ્સાથી કૅપ્ટ- નને નમન કરી ત્યાંથી ચાલી ગયો.

પ્રકરણ ૧૭ મું.

બુરખાપાર્ટી.

ગત પ્રકરણમાં વર્ણવેલા બનાવ પછી બીજે દિને રાત્રે નવ વાગે અનેક સુન્દર ગાડીઓ પૂર વેગે રાજમહેલ તરફ દોડી જતી નજરે પડતી હતી. ગાડીઓ પરનો ચકચકિત રંગ—પાણીદાર અશ્વોની અનેક જોડી—નોકરોના ભભકાદાર લીબાસ—ગાડીમાં બેઠેલી યુવતીઓના રત્ન- જડિત અલંકારોનો ચળકાટ તથા તેમની પીંછાંવાળી ટોપીઓનાં પીંછાંઓનું સુન્દર હાલવું—એ સર્વ, મશાલચીઓ અને ગાડીની આગળ ચાલતા નોકરોના હાથમાંની મશાલોના પ્રકાશમાં દેખાતું હતું. રસ્તાની બન્ને બાજુએ લોકોની ઠઠ જોવા ભેગી મળી હતી અને કેટલાક સુપ્રસિદ્ધ ઉમરાવોની ગાડીઓ પરથી તે કો'ની હતી તે લોકો જાણી શકતા; પણ બધાઓએ વેષ બદલી મુખપર બુરખો નાખેલો હોવાથી તે ગાડીમાં કોણ બેઠું હતું તે કહી શકાય તેમ ન હતું. પણ ગાડી-

ઓની બારીઓમાંથી જણાતાં સુન્દર સ્ત્રી પુરૂષોના વિધવિધ પોષાકો પરથી આજે રાત્રે ડચેસ ઑફ પોર્ટસમથનું રાજ મહેલમાંનું ભવ્ય દીવાનખાનું અજબ ઠાઠમાઠથી તથા નવી નવી ફૅશનોથી શોભી રહેશે એમ જોનારાઓની ખાત્રી થતી હતી. ગાડીઓની અસવારમાં કેટલાક ઘોડેસ્વારો પણ જણાતા હતા. તેમના મુખો પણ બુરખાથી ઢાંકેલાં હતાં અને જે સ્ત્રીઓ સુન્દર અશ્વોની જોડી તથા ગાડી અને નોકરો રાખી શકે એવી સ્થિતિમાં ન્હોતી તેઓના મ્યાના પણ આ ફોજમાં જણાતા હતા.

"વ્હાઇટ હૉલ" રાજમહેલના મુખ્ય પ્રવેશ દ્વાર આગળ રૉયલ ગાર્ડસના સિપાઇઓ તથા રાજમહેલના નોકરો ગાડીઘોડાની ઠઠ ન થઇ જાય તે માટે નિમંત્રિત પરોણાઓ ઉતરતાંજ ગાડીઓને પાછી વાળવા તથા માણસોનું ટોળું થતું અટકાવવા માટે તનતોડ પ્રયાસ કરતા હતા. ડચેસ ઑફ પોર્ટસમથ મહારાણીના શયનગૃહની સખી હોવાના બ્હાના નીચે રાજમહેલમાં ધામો નાખી પડી હતી; પણ રાણી પોતે એક પવિત્ર સ્ત્રી હોવાથી તે આ કારસ્તાની ડચેસને ધિક્કારતી અને તેની સાથે જેમ બને તેમ ઓછો વહેવાર રાખતી. ડચેસનું ભવ્ય દિવાનખાનું સુન્દર રીતે શણગારવામાં આવ્યું હતું એટલુંજ નહિ પણ દરેક વસ્તુ જોનારાના દીલને ચોરી લે તેવી બનાવવા માટે પાણી પેઠે પૈસા વેરવામાં આવ્યા હતા. એક રાજાની ખંડણી કરતાં વધુ મૂલ્યવાન પ્લેટો સાઇડબોર્ડસમાં ભરી મૂકી હતી. નાની ઓરડીઓમાં મહા મહેનતે કોતરેલું કિમતી સીપજડિત કોતરકામ જોનારાની આંખ આંજી નાખતું હતું. ઘડિયાળોમાં કિમતી હીરાઓ જડવામાં આવ્યા હતા. અનેક સુન્દર ઝુમ્મરોમાં મીણબત્તી ઝળહળાટ કરી રહી હતી. આઇનાઓની ફ્રેમો રૂપેરી ગીલ્ટથી ચકચકિત થતી હતી. કિમ્મતી ચીનાઇ કામનો પણ કંઇ ટોટો ન્હોતો. સુન્દર રૂપાનાં વાઝોમાં સુવાસિક પુષ્પો બહેક બહેક કરી રહ્યાં હતાં. પ્રખ્યાત ચિતારાઓની અમૂલ્ય છબીઓ—કેટલીક મૂલ અને કેટલીકની અજોડ નકલો—ખુરશીઓ અને સોફાઓ—તેપરની સુવર્ણજડિત નકશી તથા નરમ રેશમ જેવી કિમતી ગાદીઓ—એ સર્વ જોતાં ડચેસનું નિવાસસ્થાન રાજકુમારીના ભવ્ય નિવાસસ્થાન જેવુંજ લાગતું. આ બધી વિલાસી ચીજોનું ત્યાં પ્રદર્શન ભરવામાં આવ્યું હતું તોપણ તેની પસંદગીમાં રસિકતા શમાયલી હતી. અને તે જોતાં દૃષ્ટિને આનંદ મળે, તેમ હતું. છતાં

પણ અસંખ્ય મીણબત્તીઓના પ્રકાશથી—આયનાઓમાં પડતાં તેનાં પ્રતિબિમ્બથી ઓરડો એટલો બધો ઝળહળી રહેતો કે જોનાર એક પલ મુઝાઇ જાય.

આવા ભવ્ય અને સુશોભિત ભવનમાં ડચેસ આજે મેળાવડો કરતી હતી. હુઇ પોતાના ખાનગી ઓરડામાંથી બરાબર નવવાગે શણુગાર સજી બહાર નીકળી અને પરોણાઓનું સ્વાગત કરવા ઉભી. તેના સૌન્દર્યનું વર્ણન અમે પૂર્ણ કરી ગયા છીએ. અત્યારે એટલુંજ કહેવાની જરૂર છે કે, આજે તેણીએ શણગાર સજવામાં કોઇ જાતની ખામી રાખી ન્હોતી. જેમ બને તેમ સુન્દર રીતે તેણે પોતાની દેહલતા શણગારી હતી અને જ્યારે એ દિવાનખાનામાં આવી ત્યારે એના વદનપર આનંદ, ઉત્સાહ અને પોતાની સત્તાનું અભિમાન સ્પષ્ટ જણાતાં હતાં. તેણીની સેવામાં બે કુલીન સ્ત્રીઓ હતી. એ બે સ્ત્રીઓ ઉચ્ચ કુલની હોવા છતાં રાજાની વિલાસસખીની દાસી થવામાં માન માનતી અને ઇંગ્લંડના તે વિલાસયુગમાં આવી લલનાઓનો દુકાળ ન્હોતો.

તરતજ પરોણાઓની ભીડ થવા લાગી. ઓરડાઓ ભરાવા લાગ્યા. પ્રથમ પ્રવેશ વેળાએ દરેક નિમંત્રીત સ્ત્રીપુરૂષ ડચેસને નમન કરી અંદર દાખલ થતાં અને પછી સ્વેચ્છાનુસાર આનંદ કરતા આમથી તેમ ફરતાં. ડચેસને નમન કરતી વેળા બુરખો કાઢવાની કંઇ જરૂર ન્હોતી કેમકે પ્રવેશદ્વાર આગળજ એક નોકર બધા પરોણાઓ પાસે આમંત્રણપત્રિકા જોઇ તેમને દાખલ કરતો હતો. આથી છૂપા વેશમાં આનંદ કરવાની, કોઇને છેતરવાની—હસાવવાની—બહુ મઝા આવશે એમ બધાં માનતાં હતાં. ડચેસના ભવ્ય ઓરડાની વિધવિધ વસ્તુઓ જોતાં પરોણાઓ—યૌવનમસ્ત સ્ત્રીપુરૂષો—નિરંકુશપણે મહાલતાં હતાં. દસ વાગ્યામાં તો બધા નિમંત્રિત પરોણાઓ આવી ગયાં. અને નોકરે ડચેસની એક મુખ્ય દાસી દ્વારા તેને જણાવ્યું કે પાંચસો પરોણાઓના પાંચસો કાર્ડસ તેની પાસે આવી ચૂકયા છે.

દીવાનખાનાની શોભાનો હવે પાર રહ્યો નહિ. યુરોપના દરેક રાષ્ટ્રનાં સ્ત્રીપુરૂષો તેમાં જણાતાં હતાં. દરેકનાં મુખપર બુરખા હતા. ત્યાં જેઓ હાજર હતાં તેમાં એકલી ડચેસ અને તેની બે કુલીન દાસીઓજ બુરખા વિના ઉભી હતી. હજુ એક વ્યક્તિ આવવાની હતી. પણ એ વ્યક્તિ પાસે આમંત્રણ પત્ર માગવાની પહેરેગીરમાં તાકાત ન્હોતી. એ પરોણો રાજા ચાર્લ્સ પોતે હતો !

પોષાકો સંબંધી અમારે કહેવું જોઇએ કે કેટલાકોએ પોતાના વેષને અનુસરતો પોષાક ન પહેરતાં નવી ફૅશન પ્રમાણે વર્તી કંઇક વિચિત્રતા પેદા કરી હતી. કેટલાકોએ ગંભીર સાધુ જેવો વેષ કર્યો હતો પણ તેના શરીરપર સાદાઇ દર્શાવનારી એક પણ ચીજ ન્હોતી. કેટલીક યુવતીઓ ગામડાંની ગોરી બની હતી પણ તેમનાં ગળાંમાં હીરામોતીના અમૂલ્ય હારો હૉલમાંની બત્તીના પ્રકાશમાં ઝગઝગાટ કરી રહ્યાં હતાં. આવી આવી અનેક વિચિત્રતાઓ હતી; પણ તેપર ધ્યાન આપી, ટીકા કરવાની કંઇ જરૂર નથી. બધાં અહિં આનંદ લૂંટવા આવ્યાં હતાં. ગમે તે બહાને પોતાના હૃદયને પ્રફુલ્લ કરવું એવી વિલાસીઓની માન્યતાને અનુસરીનેજ આવા મેળાવડામાં અમીર-ઉમરાવો તથા કુલીન સ્ત્રીઓ મનગમતી મોજ કરતાં.

દશ વાગ્યા પછી થોડીક મિનિટમાં બાજુનું એક બારણું ઉઘડ્યું અને એક વ્યક્તિ એક હુઝુરિયા સાથે કોઇને પણ નમન કર્યા વિના હૉલમાં દાખલ થઇ. તે રાજા પોતે હતો. રાજા અને તેના ઉમરાવ હુઝુરિયાના મુખ બુરખાથી ઢાંકેલા ન્હોતા. તેઓએ પણ ઘણા કિમતી વસ્ત્રો પહેર્યાં હતાં. ચાર્લ્સ આ સમયે પોતાનું ૫૪ મું વર્ષ પસાર કરતો હતો. તેનો કુદરતી બાંધો સારો અને એકંદર દેખાવ બહુ ખરાબ ન્હોતો; છતાં એના વદનપર કંઇક કઠીનતા છવાયલી હતી અને તેનું મુખ કંઇક બેડોળ લાગતું હતું. તોપણ એ મુખપર કંઇક ચપલતા અને જુસ્સો જણાતાં હતાં. એના ગાલોપર કંઇક કાળાશ જણાતી અને આંખોમાં વિકારનું પ્રાબલ્ય જણાતું. એની આંખો ભુરી ચળકતી અને મુછ ન્હાની હતી. માથાપર બનાવટી વાળ હતા અને એ વાળ એનાં ખભાંપર લટકતાં હતાં. એની સાથેનો ઉમરાવ લૉર્ડ આરડેન હતો. ઉમરાવ સાહેબ સાઠેક નાતાલની મઝા ભોગવી ચુક્યા હતા છતાં એના મુખપર હજુ વિકારી મનુષ્ય જેવો જુસ્સો જણાતો હતો. અમેરિકાના સંસ્થાનોમાં એક આખા પ્રાંતની મહેસુલનો તે માલીક હતો. એ પ્રાંત વરજીનીઆમાં આવેલો હતો અને રાજાએ ૩૦ વર્ષ સુધી તેની આવક તેને અર્પણ કરી હતી. અને જો કે અમેરિકન સંસ્થાનોમાં ઘણા વખતથી શાંતિ પ્રસરી હતી; તોપણ લૉર્ડ આરડેને એક વાર ત્યાં જઇ પાછા ઇંગ્લંડ આવી વિલાસી મહારાજાના ચરણની ખાખ ચૂમવાનું પસંદ કર્યું હતું.

તે ભવ્ય ઓરડામાં પ્રવેશ કરી રાજા પ્રથમ ડચેસ પાસે ગયો

અને તેણીનો હાથ-જે તેણીએ ખાસ આ પ્રસંગ માટે મોજાં કાઢી નાખી ખુલ્લો કર્યો હતો તે પોતાના હાથમાં લઇ તે પર ચુંબન કર્યું. તે ડચેસની બાજુમાં એક ભવ્ય આસન પર બેઠો અને પોતાની વ્હાલી સખી સાથે આજના પરોણાઓનાં સુન્દર-વિચિત્ર પોષાકો સંબંધી વાતચીત કરવા લાગ્યો. "રાજા-મહારાજા" એવો ગણુ-ગણાટ પરોણાઓમાં થઇ રહ્યો અને તેના ધાકથી અથવા દમામથી કેટલીક પલ શોખીન યુવાનો તથા યુવતીઓની ધાંધલ મંદ પડી ગઇ. પોતાની હાજરીથી ડરીને પરોણાઓ શાન્ત થઇ ગયાં છે એ ચાર્લ્સ સમજી ગયો તેથી તેણે પોતેજ મ્હોટેથી હાસ્ય કરી કોઇપણ જાતના સંકોચ વિના આનંદથી મહાલવાની બધાને આડકતરી રીતે સૂચના કરી. રાજાના હાસ્ય પછી પરોણાઓ પુનઃ આનંદમાં આવ્યા અને એક પલ પહેલાં હૉલમાં જે સહેજ શાંતિ પથરાઇ હતી તેની જ-ગ્યાએ મંદ મંદ વાતો, સ્મિત હાસ્યો, નાચ-ગાન-આદિના અવાજ થવા લાગ્યા. એક મ્હોટા સલુનમાં નાચ શરૂ ગયો. યૌવન-મસ્ત સુન્દરીઓ પોતપોતાનો સાથી પસંદ કરી નિરંકુશ નાચવા લાગી અને જાણે પરીઓનો નાચ થતો હોયની એવો દેખાવ થઇ રહ્યો.

જાણે આ નાચ પરિષદ્‌માં બધા રાષ્ટ્રોએ પોતપોતાના પ્રતિનિધિ-ઓ મોકલ્યાં હોય એવું નાચ જોઇ ભાન થતું હતું. બીજા ઓરડા-ઓમાં પ્રેમ ગોષ્ટિ, મશ્કરી, આદિ શરૂ થયું. દરેકના મુખપર બુરખા હોવાથી કોઇ કોઇને કંઇ કહી જતું. ઘણા હુશિયાર અને ચપલ સ્ત્રી પુરૂષો કોઇને અટકળથી યા ચાલાકીથી ઓળખી જઇ તેનો કંઇ ભેદ તેના કાનમાં કહી તેને ચમકાવી મારતાં. આવી આવી અનેક પ્રકારની મશ્કરી થતી. પણ કોણે કો'ની મશ્કરી કરી તે ખાત્રીથી કહી શકાતું નહિ.

ડચેસ ઑફ પોર્ટસમથને ચાર્લ્સથી એક પુત્ર થયો હતો. હમણાં તે બાર વર્ષનો હતો અને ડ્યુક રીચમંડના ખિતાબથી તેને નવાજવામાં આવ્યો હતો. આ છોકરો ફ્રાંસના રાજા લુઇ ચૌદમાનો દરબારી હુઝુરિયો હતો. તે પણ આજે આ હૉલમાં હાજર હતો પણ લુઇ આ છોકરાને તેની માતા વિષે કોઇ કંઇ અણુઘટતું કે શરમભર્યું કહે તે તે પસંદ કરતી ન હોવાથી તેણીએ ચાલાકીથી તે કોણ હતો તે બધા પરોણાઓને આડકતરી રીતે જણાવી દીધું હતું. આથી લુઇના પુત્રના મુખપર બુરખો હોવા છતાં લગભગ બધા તેને ઓળખી ગયા

હતા છતાં ખુબી એ હતી કે એ છોકરો પોતે તો જાણે તેને કોઇ ઓળખતુંજ નથી એમ માનતો. એ રાજાનો અનૌરસ પુત્ર છે એ વાત જાણ્યા પછી રાજા તથા તેની માનીતી વિલાસ સખીની કૃપા મેળવવા ભૂખ્યા સ્ત્રી પુરૂષો ડયુક ઑફ રીચમંડને વ્હાલથી બોલાવવા લાગ્યા. તેને હસાવવા તથા રમાડવા લાગ્યા અને જાણે તેને બધા બહુજ ચાહતા હોય એવી રીતે બધા તેની સાથે વર્તવા લાગ્યાં.

કર્નલ ગ્રેહામ પોતે સ્કૉચ કુળનો હોવાથી તેણે હાઇલૅન્ડ ચીફ્નો વેષ ધારણ કર્યો હતો અને આ વેષમાં તે તેની ઉંચી આકૃતિ, સુદૃઢ બાંધો તથા અમલદારી દેખાવને લીધે શોભી રહ્યો હતો. તેણે પોતાના મુખપર એવી રીતે બુરખો નાખ્યો હતો કે તેને કોઇ પણ ઓળખી શકે તેમ ન્હોતું.

લૉરેન્સ હીએ એક તત્વ ચિંતકનો વેષ લીધો હતો. બધાની માફક તેનું મુખ પણ ઢાંકેલું હતું. તેને આવા ધાંધલીયા વાતાવરણમાં રસ મળતો ન્હોતો. પણ ડચેસનું આમંત્રણ રાજાની આજ્ઞા જેવું મનાતું હોવાથી અને તે પોતે રાજાની નોકરીમાં હોવાથી એ આમંત્રણનો અનાદર કરવાની હિમ્મત કરી શકયો ન્હોતો. છતાં તેણે જે પોષાક પહેર્યો હતો તે જોકે ઉચ્ચ ભાવના વ્યક્ત કરતો હતો તોપણ વિલાસી યુવાનો અને યુવતીઓ તેના ગંભીર સ્વભાવને પસંદ કરે તેમ ન્હોતું. આથી હૉલમાં ભેગાં થયલાં છેલ છબીલા નરનારીઓની મશ્કરી, હાસ્ય-કે નાચગાનમાં એને કોઇ આગ્રહ કરી તેડી જાય તેમ ન્હોતું. લી નદિના કિનારાપર એ પોતાની વ્હાલી રૂથ સાથે આકાશના તારાઓના પ્રકાશમાં અનેકવાર આ સમયે ફરવા નીકળ્યો હતો. એ રૂથનું હાસ્ય કયાં? રૂથનો સુન્દર સ્વર કયાં? અને વિલાસપ્રિય રમણીઓની હમણાંની ધાંધલ કયાં? લૉરેન્સને શાંતિ પ્રિય હતી. આવી ખોટી ધાંધલને તે ધીક્કારતો હતો. આથી જ્યારે બીજાં વિલાસી યુવાનો તથા યુવતીઓ મનમાની મોજ ભોગવી રહ્યાં હતાં ત્યારે લૉરેન્સ એક બાજુએ એકલો બેઠો બેઠો રૂથની મનોહર મૂર્તિ પોતાની આંખો સ્હામે જોતો હતો.

વળી હૉલમાં એક ઉંચી આકૃતિનો પૌર્વાત્ય જાદુગર હતો. તેણે અતિ કિમતી ટર્કિશ પોષાક પહેર્યો હતો. માથાપર ટર્કીશ ફૅશનની પાઘડી હતી. તલ્વારના પટાની જગ્યાએ એક આઠ ઈંચ પહોળો કમરપટ્ટો હતો. તેણે એક હાથમાં એક દંડ પકડયો હતો. તેના બુરખા

નીચે એક લાંબી સફેદ દાઢી હતી અને તેના રૂપેરી વાળો તેની છાતી પર ઉડતા હતા. માથાપર પણ તેણે એવાજ વાળની વીગ પહેરી હતી. તેનો વેષ, તેનો પોષાક, તેનો બાહ્ય દેખાવ એવો હતો કે તે આવ્યો ત્યારથીજ બધાનું ધ્યાન તેના તરફ ખેંચાયું હતું. પ્રથમ તો જાણે તેને કોઇની પરવા ન હોય એવો તેણે દેખાવ કર્યો. કેટલાકોએ તેને પોતાનું ભવિષ્ય કહેવાની અરજ કરી પણ તેણે તે પર લક્ષ આપ્યું નહિ. તે ગંભીર પગલે એક ઋષિની માફક આગળ ચાલ્યો. તે જાણે કોઇને જોતો ન હોય તેવું જણાતું હતું પણ ખરૂં જોતાં તો તે પોતાના બુરખામાંથી દરેક સ્ત્રી પુરૂષોને તિક્ષણ રીતે જોતો હતો. જાણે તે કોઇ પુરૂષને ઓળખવા માગતો હોય તેમ! લૉરેન્સલી ગંભીર તત્ત્વ ચિંતકના વેષમાં હોવા છતાં તે આ જાદુગરની બારીક નજરમાંથી છટકી શકયો નહિ. કર્નલ ગ્રેહામને પણ આ ભવ્ય જાદુગરે તેના છદ્મ વેષમાં ઓળખી કાઢયો. જાદુગર ધીમે ધીમે રાજા અને ડચેસ જયાં બેઠાં હતાં ત્યાં ગયો. ત્યાં ડચેસની બે દાસીઓ લૉર્ડ આરડેન સાથે વાત કરતી ઉભી હતી. જાદુગરે રાજાને તથા તેની માનીતી સખીને ગંભીર રીતે નમન કર્યું અને એક પલ તેમના તરફ તિક્ષણ નજરે જોઇ રહ્યો. ચાર્લ્સ તેને જોઇ હસ્યો. જાદુગર માથું હલાવી ગંભીર પગલે ત્યાંથી ચાલી ગયો. પછી એક જગ્યાએ ઉભા રહી તેણે બધાના પ્રશ્નોના જવાબ આપવા માંડયા. તેનો અવાજ ગંભીર અને કૃત્રિમ હતો. તે પોતાનો વેષ ભજવવામાં ઘણો ચાલાક હતો. કર્મધર્મ સંજોગે તેણે એક બે સ્ત્રીને તેણીના પ્રશ્નોનો જે જવાબ આપ્યો તે તેમના જીવનને મળતો આવવાથી અલ્પ સમયમાં બધા તેની આસપાસ ફરી વળ્યાં અને તેને જુદા જુદા પ્રશ્નો પુછવા આતુર બન્યાં.

"અહો! મહાન જાદુગર! જો હું કોણ છું તે તું મારા કાનમાં કહી દે તો હું મારી તલવાર હારી જાઉં: નહિ તો ત્હારે ત્હારો દંડ મને સ્વાધિન કરવો—" કર્નલ ગ્રેહામ જાદુગર પાસે આવી કૃત્રિમ સ્વરે બોલ્યો.

"નજીક આવ—અને તું કોણ છે તે હું તને કહી દઇશ તમે બધા જરા દૂર જાવ કારણકે હું એકને જે કંઇ કહું તે બીજાને સંભળાવું જોઇએ નહિ—" જાદુગર બોલ્યો.

સ્ત્રીઓ તથા પુરૂષો આ સાંભળી જરા દૂર ઉભાં. સ્ત્રીઓ માંહો-

માંહે ગણુગણાટ કરવા લાગી. પુરૂષો હસવા લાગ્યા. કર્નલ ગ્રેહામ જાદુગર પાસે હૉલના મધ્યભાગમાં ઉભો રહ્યો. જાદુગરે તેના કાનમાં કેટલાક શબ્દો કહ્યા. તે સાંભળતાંજ તે મોટેથી બોલી પડયો.

"અજાયબી! આ કોઈ જબરો જાદુગર જણાય છે—"

"પેલો ગંભીર સખસ કોણ છે તે કહી દો જોઉં ? " એક સ્ત્રી બોલી.

"નહિ, સુન્દરી! આ બુરખાપાર્ટી છે અને બધો ભેદ છુપોજ રહેવો જોઈએ એવો આ પાર્ટીનો નિયમ છે તેથી હું તમને એ કોણ છે તે કહીશ નહિ; પણ અહો! તત્વજ્ઞાની સાહેબ! જો તમે મને રજા આપો તો તમારા કાનમાં તમારા બુરખા નીચે છુપાયલું મ્હોં મારાથી અજાણ્યું નથી એમ કેટલાક શબ્દો કહી તમારી ખાત્રી કરી આપીશ—"

"એમ કરો–એમ કરો–" કેટલાક જણ બોલ્યા અને કેટલાકો લૉરેન્સ લીને બોલાવવા દોડી ગયા.

લૉરેન્સ પોતે આવી ધાંધલ ચાહતો ન્હોતો તોપણ તેને પોતાને બોલાવવા આવેલાં સ્ત્રી પુરૂષોની ઇચ્છાને આધિન થવું પડયું. તે કુંજરા સ્વભાવનો ન્હોતો, તે આનન્દી હતો. પણ તેને ખોટા ખર્ચ, હદબહારનો એશઆરામ ગમતો ન્હોતો આથીજ તે આજે ચુપ બેસી રહ્યો હતો. પણ હવે તે લાચાર થયો. તે જાદુગર પાસે આવી બોલ્યો.

"અહો! પવિત્ર જાદુગર! તમારૂં જાદુ મારાપર અજમાવો જોઉં–"

"અહિં આવ–તને કંઇ કહું—" જાદુગરે તેને પોતાની પાસે બોલાવ્યો અને ત્યાર પછી તેના કાનમાં કેટલાક શબ્દો ધીમેથી કહ્યા. તે સાંભળતાંજ લૉરેન્સ જાણે વીજળીક અસર થઇ ગઇ હોય તેવો બની જઇ બોલ્યો.

"આહ ! તમે કોણ છો ? " લૉરેન્સ પોતે ક્યાં ઉભો છે તે ભૂલી જઇ બોલ્યો.

"ચુપ રહો—" જાદુગર બોલ્યો અને પુનઃ લૉરેન્સને ધીમેથી કંઇ કહ્યું.

"વારૂ. હું ભૂલીશ નહિ." લૉરેન્સ જાદુગરનો હાથ પકડી બોલ્યો.

"ખરેખર, આ અજબ જેવું છે—" કેટલાક જોનારાંઓ જેઓએ લૉરેન્સપર થયલી ચમત્કારિક અસર જોઇ હતી તેઓ આશ્ચર્ય પામી બોલ્યાં.

આ પક્ષે–હજુ લૉરેન્સ પોતાની અજાયબી દબાવી શક્યો ન્હોતો એટલામાં ડ્યુક ઑફ રીચમંડ–ડચેસ ઑફ પોર્ટસમથનો પુત્ર ત્યાં આવી પહોંચ્યો અને જાદુગરનો હાથ જરા તોછડાઇથી પકડી બોલ્યો.

"જ્યાં સુધી હું કોણ છું તે તું ન કહે ત્યાં સુધી તારામાં કાંઇ શક્તિ છે એવું હું માનીશ નહિ. બોલ, એ વૃદ્ધ માણસ ! હું કોણ છું ?"

"અહા ! છોકરા ! તું કોણ છે તે કહેવું મારે માટે મુશ્કેલ નથી–" જાદુગર. બોલ્યો.

પછી તે જરા ધીમા સ્વરે ડ્યુક તરફ જોઇ બોલ્યો.

"જા, ત્હારી માતાને જઇને કહે કે તું ડ્યુક ઑફ રીચમંડ છે એ હું જાણું છું તથા ત્હારી માતાને પણ હું કંઇ કહેવા માગું છું—"

"ઓ ! એ તો મારૂં કામ !" ડ્યુક બોલ્યો અને ત્યાંથી પોતાની મા પાસે દોડી ગયો. આ સમયે પરોણાઓ હસ્યા–પણ અજબ થયા નહિ કારણ તે છોકરો કોણ હતો તે બધા જાણતા હતા.

ડચેસનો પુત્ર તેની મા તથા રાજા જ્યાં બેઠાં હતાં ત્યાં જઇ ડચેસના ગળામાં પોતાના હાથ નાખી બોલ્યો.

"ઓ મા ! પેલો જાદુગર ખરેખર કોઇ મોટો જાદુગર છે હો ! જો કે મારૂં મુખ બુરખાથી ઢાંકેલું છે અને મારા જેવા ઘણા છોકરા અહિં છે છતાં તેણે મને ઓળખી કાઢયો—"

"ખરેખર !–" ડચેસ રાજા તરફ નજર કરી સ્મિત હાસ્ય કરી બોલી.

"હા. પણ એટલુંજ પુરતું નથી. એ જાદુગરે બીજા પણ કેટલાકોને ઓળખી કાઢ્યા છે. પેલો હાઇલૅન્ડર ચીફ અને પેલો ફીલૉસોફર તો એણે કંઇ કહ્યું ત્યારથી ડઘાઇજ જેવા થઇ ગયા છે—"

"તેને અહિં બોલાવી લાવ–" ચાર્લ્સ બોલ્યો.

"હા. હું એને અહિં લઇ આવું–" કહી ડ્યુક ઑફ રીચમંડ દોડતો દોડતો જાદુગર ઉભો હતો ત્યાં ગયો અને તેને રાજાની આજ્ઞા કહી.

ધીમે ગંભીર પગલે જાદુગર રાજા અને ડચેસ જ્યાં બેઠાં હતાં ત્યાં આવ્યો. બાજુમાં ડચેસની બે દાસી અને લૉર્ડ આરડેન ઉભાં હતાં. જાદુગર ગંભીરતાથી સલામ કરી રાજાથી થોડેક દૂર શાંત

ઉભો રહ્યો. આજુબાજુ પરોણાઓ જાદુગરની શક્તિ નીહાળવા ભેગાં થઇ ઉભાં હતાં.

"હં–ત્યારે બુઢ્ઢા જાદુગર! તું તારાઓની ગતિ સમજી શકે છે ખરૂં? ઠીક—અહિં પણ ઘણા ચળકતા સીતારાઓ હાજર છે–" આ શબ્દો બોલી તેણે સ્ત્રીઓની ચળકતી આંખો તરફ જોયું.

"ઠીક છે. તારી શક્તિનો કંઇ પુરાવો તો આપ–"

"કેવો પુરાવો આપ નામદારને જોઇએ છે?"

"તે તારી મરજી પર હું છોડું છું. તારી કલ્પના શક્તિના વિકાસથી તું છદ્મવેષીઓને ઓળખી શકતો હશે પણ એ કરતાં કંઇક વધુ શક્તિ બતાવ. અહિંયા કોઇના કાનમાં કંઇક એવા ગુપ્ત શબ્દો સંભળાવ કે જે તે વ્યક્તિ સિવાય બીજું કોઇજ જાણતું નથી એવી તેની માન્યતા હોય–"

"હું પ્રયત્ન કરી જોઉં, નામદાર!–" કહી તેણે લૉર્ડ આરડેનને બાજુ ખસેડી તેના કાનમાં ધીમેથી થોડાક શબ્દો કહ્યા.

લૉર્ડ આર્ડેન હસતો જાદુગર પાસે ગયો પણ તેણે તેના કાનમાં જે શબ્દો કહ્યા તે સાંભળતાં વારજ તે ચમક્યો. તેનું વદન ફીક્કું થઇ ગયું અને જાદુગર તરફ તે ભયભરી આંખોએ જોઇ રહ્યો.

"હત્તારીની!–" રાજા બોલી ઉઠયો.

"અજબ જેવું છે. તને એણે શું કહ્યું, આરડેન!"

"નહિ. નામદાર! હું મારી શક્તિના પ્રતાપે લૉર્ડ આરડેનને કે કોઇ પણ વ્યક્તિને જે કંઇ કહું તે જાણવાની તમારે ઇચ્છા કરવી નહિ." જાદુગર ગંભીર સ્વરે બોલ્યો.

"ત્યારે તું તારી શક્તિ મારાપર અજમાવ. જોઉં તો ખરો! તારામાં કેવી શક્તિ છે તે?" ચાર્લ્સ હસીને બોલ્યો.

"જેવી આપ નામદારની ઇચ્છા!–" જાદુગર બોલ્યો. રાજા તેની પાસે ગયો. જોનારાઓ બહુ આતુરતાથી આ દેખાવ જોઇ રહ્યાં. જાદુગરે રાજાના કાનમાં ધીમેથી કેટલાક શબ્દો કહ્યા.

"આહ! એ તું શી રીતે જાણે?" રાજા એકદમ બૂમ પાડી ઉઠયો. તેનું વદન ખિન્ન થઈ ગયું. તે જાદુગર તરફ થોડીકવાર જોઇ રહ્યો.

"આ બાજુ આવો સાહેબ! અને મને તમારૂં મ્હો બતાવો"

જાદુગર રાજાની આજ્ઞાને જરાપણ આનાકાની વિના તાબે થયો.

રાજા તેને એક ખૂણામાં લઇ ગયો અને ત્યાં જાદુગરે પોતાનો બુરખો કાઢી નાખી રાજાને પોતાનું મુખ બતાવ્યું.

"હું તમને ઓળખતો નથી. મેં તમને જે સખસ તરિકે ઓળખ્યા હતા તે તમે નથી. ઠીક છે. ઢાંકી દો તમારૂં મુખ! ખાણા વેળાએ તમે કોણ છો તે મને માલુમ પડશે–"

જાદુગરે પુનઃ પોતાનો બુરખો મ્હોપર ઢાંકી દીધો અને રાજા વિચારમગ્ન થઇ પોતાની જગ્યાએ પાછો આવ્યો. બધાં સ્ત્રી પુરૂષો જાદુગરની શક્તિ જોઇ અજાયબીથી દિંગ થઇ ગયાં.

"તેણે તમને શું કહ્યું?" ડચેસે રાજાને પૂછ્યું.

"કંઇ નહિ—કંઇ નહિ–" રાજા વાત ઉડાવવાની ઇચ્છાથી બોલ્યો.

"અરે! મમ્મા! એ જાદુગર તને પણ કંઇ કહેવા માગે છે એમ મને તેણે કહ્યું હતું–" ડચેસના પુત્રે આ વખતે પોતાનું મુખ ખુલ્લું કરી નાખી કહ્યું. એનું વદન ડચેસ જેવું સુન્દર હતું પણ ચાર્લ્સના મુખની સહેજ પણ છાયા તે પર ન્હોતી. તેથી કેટલાકો એ પુત્ર રાજાનો ન હોય એવી પણ વાત કરતા હતા.

"મને? મને એ કંઇ કહેવા માગે છે?" લુઇ સહેજ અજબ થઇ બોલી.

"સાંભળ લુઇ! એ જાદુગર શું કહે છે તે સાંભળી લે–" રાજા બોલ્યો. તેની ખાત્રી હતી કે લુઇ પર પણ જાદુગર પ્રબલ અસર કરી શકશેજ.

"વારૂ. આવો સાહેબ! તમારી શક્તિ મારા પર અજમાવો. ચાર્લ્સ! તમે જરા આઘા રહો. કારણ આ વૃદ્ધ પુરૂષ મને જે કહેવાના હોય તે હું એકલીજ સાંભળું એવી એમની ઇચ્છા છે–" લુઇ બોલી.

રાજા એ સાંભળી જરા દુર ઉભો. જાદુગર ડચેસ પાસે ગયો અને તેણીને ધીમેથી કંઇ કહ્યું. લુઇ પર તેજ પલે જોઇતી અસર થઇ ગઇ. તેણી મોત જેવી ફીક્કી થઇ ગઇ. તેના મુખ પર ભયંકર ભયની લાગણી છવાઇ ગઇ અને પછી પોતાની લાગણીપર કાબુ ન રહેવાથી તેણી જ્યાં બેઠી હતી ત્યાં બેભાન થઇ ગઇ.

રાજા તરત તેણીની પાસે દોડી ગયો. બધાની મુઝવણનો—અજાયબીનો પાર રહ્યો નહિ. જાદુગર માટે કંઇ કંઇ તર્ક થવા લાગ્યાં. સ્ત્રીઓ ડચેસને શુદ્ધિમાં લાવવાનો પ્રયાસ કરવા લાગી. કેટલાક પુરૂષો બારી ઉઘાડવા ગયા. કેટલાકો દવા લાવવા દોડયા. ડચેસ અલ્પ

સમયમાં શુદ્ધિમાં આવી. રાજા અને બીજા કેટલાક પરોણાઓ એ જાદુગર ક્યાં છે એવી બૂમ પાડી પણ તે કશેય જણાયો નહિ. ડચેસ બેશુદ્ધ થઇ ત્યારે થયલી ધાંધલનો લાભ લઇ તે ત્યાંથી ગુમ થઇ ગયો હતો.

પ્રકરણ ૧૮ મું.

લૉર્ડ આર્ડેન.

ડચેસ અલ્પ સમયમાં શુદ્ધિમાં આવી; પણ શુદ્ધિમાં આવ્યા પછી તરતજ તે મેળાવડા વાળા ભવ્ય હૉલમાંથી પોતાની બે સખીઓ સાથ પોતાના ખાનગી ઓરડામાં ચાલી ગઇ. તેણી ઘણી ગભરાઇ ગઇ હતી અને કંઇ અચાનક ભયંકર ખબર સાંભળવાથી જેવી મનુષ્યની સ્થિતિ થાય તેવી સ્થિતિ ડચેસ ઑફ પોર્ટસમથની થઇ હતી. દરેક જણ તેના મુખ પરનાં ગંભીર ભાવો જોઇ શક્યાં. અને એજ વદન કે જે પર તેમને હંમેશાં બાલિશતા નૃત્ય કરતી જણાતી હતી તે પર ભયંકરતા છવાયલી જણાઇ. રાજા પણ આ બનાવથી દુઃખી થયો હતો તથા તેની અજાયબીનો પણ પાર ન્હોતો. છતાં તેણે પોતે જાદુગરની અજબ શકિતનો અનુભવ લીધેલો હોવાથી તેણે લુઇના કાનમાં પણ અતિ ભયંકર ભેદની વાત કહી હશે એમ તે માની શક્યો. તેના કાનમાં જાદુગર જે શબ્દો ગણગણ્યો હતો તેનો ગણ-ગણાટ હજુ તેના કાનને સંભળાતો હતો અને તે વાત તે જાદુગરને મ્હોડે સાંભળી એને અસામાન્ય આશ્ચર્ય ઉપજ્યું હતું. તે ડચેસની સાથે તેના ખાનગી ઓરડામાં તરત ગયો નહિ; કારણ કે જ્યાં સુધી ડચેસ પાછી સંપૂર્ણ શાન્ત થાય નહિ ત્યાં સુધી તેની પાસે જવાનું તેને ઠીક લાગ્યું નહિ.

પરોણાઓ પાંચ પાંચ દસ દસનાં ટોળાંમાં જુદી જુદી જગ્યાએ ઉભાં રહી આ ભેદી બનાવ વિષે ચર્ચા કરવા લાગ્યા. લૉર્ડ આર્ડેન, ડચેસ અને રાજા ત્રણે સત્તાશીલ મનુષ્યો હતાં. તેમની પ્રબલ સત્તાની અવહેલના કરી તેમને કંઇ ભયંકર બીના કહેવી એ કંઇ ન્હાની સુની વાત ન્હોતી. બધાં કંઇ કંઇ કલ્પના કરતાં હતાં. આ વાત બૉલ રૂમમાં પણ પહોંચી ગઇ. અને જેઓ નૃત્યલીલામાં મસ્ત હતાં તેઓ ડચેસ જ્યાં બેભાન થઇ ગઇ હતી ત્યાં દોડી આવી આ

ગભરાટનું મૂલ શું છે તે જાણવા ફાંફાં મારતાં હતાં. ખરેખર, નૃત્ય બંધ પડયું, બધાનો આનંદ હવામાં ઉડી ગયો અને વિવાહની વરસી જેવું થઇ ગયું ! આ બનાવથી હૉલમાંનો પ્રકાશ ઝાંખો પડયો. આનંદ શોકમાં પરિવર્તિત થઇ ગયો. હાસ્યની જગ્યા ગંભીરતાએ લીધી અને આનંદોન્મત્ત હૃદયે મ્હોટે મ્હોટે વાર્તાલાપ કરી હૃદય બહેલાવવાને બદલે બધાં ગંભીર વદને, ધીમે સ્વરે ગણુગણુવા લાગ્યાં. કેટલાંકોએ પોતાના બુરખા કાઢી નાખ્યાં અને કેટલાંક તો પોતાની ગાડી બોલાવી ઘેર ચાલ્યાં ગયાં.

ડચેસ ઑફ પોર્ટસમથ ચાલી જવા પછી કેટલીક મિનિટ સુધી ચાર્લ્સ સોફાપર બેઠો બેઠો ગંભીર વિચારમાં નિમગ્ન થયો. અચાનક તેની નજર લૉર્ડ આર્ડન જે વિવેકથી થોડેજ દૂર ઉભો હતો તેનાપર ગઇ. તેણે તેને પાસે બોલાવી કહ્યું.

"તમે પણ મારા લૉર્ડ ! પેલા ભેદી જાદુગરે તમને જે કંઇ કહ્યું તેથી ચમકી ગયા હતા. તેણે તમને શું કહ્યું તે જો હું તમને પૂછું તો તો તમે દિલગીર થશો ખરા ?–"

"આપ નામદાર જો એ વિષે મને કંઇ પણ ન પૂછો તો મારાપર આપે મોટી કૃપા કરેલી હું સમજીશ." લૉર્ડ આર્ડન મુઝાઇને બોલ્યો.

"વારૂ, જેવી તમારી મરજી. મારી માગણી અયોગ્ય છે એ હું જાણું છું. ઠીક. એ માણસ કોણ હતો તે તમે જાણો છો ?"

"નહિ નામદાર ! મને એ માણસનું સ્વપ્નું પણ હજુ સુધી આવ્યું નથી. એનો અવાજ પણ એણે ચાલાકીથી બદલી નાખ્યો હતો–એના વેષપરથી તો એને ઓળખી શકાય તેમ હતુંજ નહિ. પણ આપ નામદારે તેનું મ્હો જોયું હતું––"

"હા–પણ તે મારી આંખોએ તો તદ્દન અજાણ્યો સખસ જણાયો. મેં એને કદિપણ પૂર્વે જોયો નથી–હવે એ વાત લંબાવવામાં સાર નથી–" એમ કહી રાજા ત્યાંથી એકદમ ચાલી જવા તૈયાર થયો. જતી વેળાએ તેણે લૉર્ડ આર્ડનને તેની પાછળ આવવાની જરૂર નથી એમ ઇસારતથી સમજાવ્યું.

લૉરેન્સ લી પણ ડચેસ બેભાન થવાથી જે ધાંધલ થઇ રહી હતી તે વેળા ચાલી જનારાઓ સાથે ઘેર ગયો હતો. પણ કર્નલ ગ્રેહામ હજુ ત્યાંજ હતો. તે એક એકાંત જગ્યાએ જઇ બેઠો અને

પેલા જાદુગર વિષે વિચાર કરવા લાગ્યો. જો કે તેની સંપૂર્ણ ખાત્રી ન્હોતી છતાં તે માનતો હતો કે તે જાદુગર કોઇજ નહિ પણ આગલી રાતનો તેનો પ્રતિસ્પર્ધિ કૅપ્ટન વીલ્ડૅરજ હતો કે જેને માટે તેણે પ્રવેશ થવાની પાસ મેળવી પોતાનું ઘડિયાળ, વીંટી આદિ પાછું મેળવ્યું હતું. જાદુગરે એના કાનમાં એનું નામ જ્યારે કહ્યું ત્યારે પણ તે વીલ્ડૅર છે એમ એ સમજી ગયો હતો; છતાં એણે જોનારાઓને પોતાની અજાયબી બતાવી હતી, તેનાં બે કારણો હતાં. એક તો જોનારાંઓને આનન્દ આપવા તથા બીજું પોતે ખોટી રીતે કૅપ્ટન વીલ્ડેરને પ્રવેશ પાસ લાવી આપી હતી તે વિષે કોઇને શંકા ન આવે તે માટે. જ્યારે ડચેસ બેભાન થઇ ગઇ ત્યારે કર્નલ ગ્રેહામ પણ બીજા કેટલાક પુરૂષો સાથે દવાની બાટલી શોધવાની ધાંધલમાં પડયો હતો તેથી તે જાદુગર કયારે અને કેવી રીતે હૉલમાંથી ચાલી ગયો તે વિષે તેને કશી પણ ખબર પડી નહિ. જ્યારે બધાં જાદુગરને ગૂમ થયલો જોઇ તેની તપાસ કરવા લાગ્યાં ત્યારે પણ કર્નલ ગ્રેહામ તદ્દન મૌન રહ્યો; કારણ કે તે જો સત્ય હકિકત કહે તો કાયદાથી વિરૂદ્ધ જઇ એક અજાણ્યા ગૃહસ્થને રાજમહેલમાં દાખલ કરવા માટે રાજા તથા ડચેસ તેનાપર ગુસ્સે થઇ તેને સજા કરવાને ચૂકે તેમ ન્હોતું.

ત્યારે અત્યારે કર્નલ ગ્રેહામ એકાંતમાં બેસી બનેલા બનાવ વિષે શા માટે વિચાર કરતો હતો ? તે દુનિયાખાધેલ હતો. તેણે કલ્પના કરી હતી કે, કૅપ્ટન વીલ્ડેર સામાન્ય માણસ નથી. રાજા–તેની સત્તાધારી વિલાસ સખી અને લૉર્ડ આર્ડેન જેવા સત્તાશીલ ઉમરાવને તેણે ચમકાવ્યાં હતાં. આ ન્હાનીસુની વાત ન્હોતી. કર્નલ ગ્રેહામ આં બનાવનો વ્યાપારી દૃષ્ટિએ વિચાર કરતો હતો. કૅપ્ટન વીલ્ડૅર સાથનો પરિચય વધારી તેના મિત્ર બનવામાં લાભ છે કે કેમ એ પ્રશ્ન તે પોતાના હૃદયમાં ઘોળતો હતો. આગલે દિને પ્રાતઃકાલે નાસ્તો લેતી વેળા કૅપ્ટનને તેણે કચવાતે મને વિનયને ખાતરજ નમન કર્યું હતું. તેનું અભિમાન–તેની મગરૂરી વીલ્ડેરે તોડી નાખી હતી. તેની સરતથી તેનો વાંકુ ઢુળી ગયો હતો. પણ હવે કૅપ્ટનના વિશ્વાસુ મિત્ર થવામાં તેને લાભ જણાયો. તે કંઇ અસામાન્ય ભેદો જાણતો હશે એવી તેની ખાત્રી થઇ ગઇ.

આંવા વિચારમાં કર્નલ ગ્રેહામ બેઠો હતો તેવામાં તેના મગજમાં કંઇ યુક્તિ સુઝી કે કંઇ બીજો વિચાર આવવાથી તે જે જગ્યાએ

બેઠો હતો ત્યાંથી ઉભો થઇ તે ઓરડો છોડી જવાની તૈયારીમાં હતો એટલામાં લૉર્ડ આર્ડને તેની પાસે આવી કહ્યું:

"કર્નલ ગ્રેહામ! તમને હું કંઇ પૂછવા માગું છું–" એમ કહી લૉર્ડ આર્ડને તેમની વાત કોઇ સાંભળે નહિ તે માટે તે કર્નલ સાથે પુનઃ એકાંત જગ્યાએ જઇ પુનઃ બોલ્યો.

"તમને પણ પેલા જાદુગરે પોતાની શક્તિ બતાવવા તમારા કાનમાં કંઇ કહ્યું હતું ખરૂં?"

"હા, મારા લૉર્ડ! તેણે મને ઓળખી કાઢયો હતો." કર્નલ ગ્રેહામ કદાપિ પોતાના પર કૅપ્ટન વીલ્ડેરના પ્રવેશ સંબંધી શંકા આવી હશે એવી બ્હીક મનમાં લાવી કંઇક લથડતા અવાજે કહ્યું.

"મારી સાથે મહેરબાની કરી ખુલ્લા દીલે વાત કરજો, કર્નલ! એ માણસ કોણ હતો તે વિષે તમને કંઇ પણ ખબર છે? કંઇ ખબર નહિ હોય તો તેને માટે તમારા મનમાં કંઇ પણ શંકા છે? જુઓ, કર્નલ! તે તમને ઓળખે છે તો બનવા જોગ છે કે, તમે પણ તેને ઓળખતા હો—"

"મારા નામદાર! મારે કહેવું જોઇએ કે મને કંઇ શંકા છે—પણ."

"પણ શું? તમે મને કહેતા અચકાવો છો શા માટે? કર્નલ ગ્રેહામ! તમારી ખાનગી બાબતમાં હું માથું મારવા આવું છું તે માટે મને માફ કરજો—" લૉર્ડ આર્ડન ઉતાવળથી બોલ્યો.

"જુઓ! આપણે એક બીજાને ઘણા વખતથી ઓળખીએ છીએ. આપણે ઘણીવાર સાથે જુગાર રમ્યા છીએ અને તેથી તમારા ખાનગી વર્ત્તનમાં પણ હું તમારો મિત્ર છું એમ મારે કહેવું જોઇએ. હવે જાદુગર કોણ છે તે જાણવું મારે માટે અતિશય અગત્યનું છે. શા માટે તેનો તમારે વિચાર કરવાનો નથી. પણ જેમ બને તેમ જલદી એ માણસને હું ઓળખવા માગું છું. કર્નલ! તમારા મુખ-પરથી હું કહી શકું છું કે જે ખબર મને જોઇએ છે તે તમારી પાસે-થીજ મને મળી શકશે. તમે રાજા સાથે મારો કેવો સંબંધ છે તે જાણો છો. કહો—એ માણસનું નામ દો અથવા તો તમે મને તેને હું ઓળખી શકું એવો કંઇ રસ્તો બતાવો; અને તેના બદલા તરીકે તમને હું નાઇટહુડનો ખિતાબ અને હંમેશને માટે કર્નલની પદવીના સઘળા હક્ક અપાવીશ. પણ તમે મને જે કંઇ કહો તે તદ્દન ખરૂં હોવું જોઇએ.

જો અત્યારે નહિ તો થોડા સમય પછી: પણ જેમ બને તેમ જલદી મને એ ખબર મેળવી આપો અને મારા જેવા સત્તાશીલ માણસના વિશ્વાસુ મિત્ર બનો—" લૉર્ડ આર્ડેને કહ્યું.

"હું આપ નામદારનો આપની ઉદાર માગણી માટે આભાર માનું છું. હું આપની સેવા બજાવવા માટે મારાથી બનતો દરેક પ્રયત્ન કરીશ; પણ મારા લૉર્ડ ! નામદાર મહારાજાએ તે જાદુગરનું મુખ જોયું હતું–" કર્નલ ગ્રેહામ મનમાં મલકાઇ બોલ્યો.

"રાજા તે કોણ હતો તે મને કહેશે એમ તમે માનો છો ? નહિ. પ્રથમ તો નામદાર મહારાજા તેને ઓળખીજ શક્યા નથી અને બીજું તેમની મરજી એ વિષે વધુ વાત કરવાની નથી. જો તેમની મરજી હોત તો તેમણે મારી આગળ તે જાદુગરના મુખનું વર્ણન કર્યું હોત; પણ તેમણે વાત ટુંકામાંજ પતાવી; અને હવે એ વાત મારાથી મહારાજા પાસે પુનઃ છેડાય એમ નથી કારણ કે તેમનો સ્વભાવ હું સારી પેઠે જાણું છું. તેથી કર્નલ ગ્રેહામ ! હું તમારાપર વિશ્વાસ રાખું છું. તમે એ માણસને ઓળખવા માટે આભઅવનિ એક કરી નાખો. જરા પણ વખત ગુમાવતા નહિ. તમે બદલો જાણો છો. હું તે માટે કસમ ખાઉં છું અને વધુમાં કહું છું કે હું તમારો જીંદગી સુધી આભારી રહીશ; કારણ કે એ ખબર મારે માટે ઘણીજ–ઘણીજ અગત્યની છે—"

લૉર્ડ આર્ડેને બહારથી પોતાના મનમાં કેવી લાગણી હતી તે છુપાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો છતાં તેના શબ્દોમાં ઉશ્કેરાટ હતો. કર્નલ ગ્રેહામની ચાલાક આંખો એ ઉશ્કેરાટ જોઇ શકી.

આ સમયે ચાર્લ્સ ડચેસના ખાનગી ઓરડામાં ગયો. તે ઓરડો પણ અમૂલ્ય વસ્તુઓના સંગ્રહસ્થાન જેવો હતો. દરેક વસ્તુ કિંમતી અને સુન્દર હતી. એક ભવ્ય શહેનશાહતની રાણીના ઓરડા જેવોજ ડચેસનો ઓરડો સુશોભિત લાગતો હતો.

સોફા, ખુરશી, મીણબત્તી મૂકવાની શામદાની આદિ અનેક વસ્તુઓ વ્યવસ્થિત રીતે ગોઠવાયલી હતી. મોજશોખની–એશઆરામની દરેક સગવડ ત્યાં હાજર હતી. સેંટ–લવંડર આદિનો તોટો ન્હોતો. સોફા અને ખુરશીઓ પણ સુવર્ણ તથા હીરાથી જડેલી હતી. એક મેન્ટલ પીસપર એક સુંદર ઘડિયાળ હતું. તેની કારિગીરી અજબ હતી. તેના આંકડાઓ એક કલાક પૂરો થતાં નાચવા લાગતા અને

જ્યારે રૂપેરી ઘંટડી સમયના ટકોરા મારતી ત્યારે ઘડિઆળમાંનું યંત્ર ત્રણ મિનિટ સુધી સુંદર બૅન્ડ જેવું વાગતું. એવી એવી અનેક ચિજો ત્યાં હતી પણ અમે તે સઘળીનું વર્ણન કરી વાંચનારનો સમય ગુમાવીશું નહિ.

જ્યારે રાજા એ ઓરડામાં દાખલ થયો ત્યારે ડચેસ એકલી એક મુલાયમ આરામાસનપર બેઠી બેઠી વિચારમાં નિમગ્ન થઇ ગઇ હતી. તેણીની બે સખીને તેણીએ રજા આપી હતી કે જેથી તે એકલી વિચાર કરી શકે. ચાર્લ્સ ધીમેથી બારણું ઉઘાડી હળવે પગે અંદર આવવાથી લુઇ તેને જોઇ શકી નહિ. આથી એક મિનિટ રાજાને તેનાપર નજર નાખવાની તક મળી. લુઇના વદનપર ભય અને શોકની સ્પષ્ટ છાયા છવાયલી રાજાને માલુમ પડી. તે પોતે સમજી શક્યો નહિ કે આવી ભયંકર અસર લુઇપર થાય એવું તે જાદુગરે તેને શું કર્યું હશે? બીજીજ મીનીટે લુઇએ જરા આંખો ઉંચી કરી અને તેણીની નજર પોતાના રાજવંશી આશક પર પડી. તેને આ સમયે ગુપચુપ રાજાએ જોઇ તે લુઇને ગમ્યું નહિ; પણ રાજાપર પોતાની સત્તા બેસાડવામાં તે અતિ નીપુણ હતી. તેણે રાજાને જોઇ બળ-જોરીથી હાસ્ય કરવાનો પ્રયાસ કર્યો અને પોતાની બાજુમાં રાજાને બેસવા માટે જગ્યા કરી.

"આજે તું ઘણી અશાંત થઇ ગઇ છે, લુઇ!–" રાજા પો-તાની વ્હાલી સખીની બાજુમાં બેસી બોલ્યો.

"આજનો આનંદ બધો હવામાં ઉડી ગયો. તું પાછી આવીશ કની? ભોજન વેળા તું મારી સાથે આવીશને?"

"નહિ. મારી તબિયત સારી નથી. આજે મારાથી પુનઃ પરોણાઓમાં ફરાય એમ નથી; પણ જો આપ નામદારની આજ્ઞા હોય—" ડચેસ બોલી.

"આજ્ઞા! તને? મારી વ્હાલી લુઇ! નહિ. તું નારાજ થાય એવી આજ્ઞા તને મારાથી થઇ શકશેજ નહિ. વ્હાલી લુઇ! મને કહે. શામાટે તું આટલી બધી દિલગીર થઇ છે? તે જાદુગરે તને શું કર્યું? કહે, વ્હાલી લુઇ! તે બદમાસ શું બોલ્યો?"

"આહ! તેણે મારા કાનમાં બહુ ભયંકર શબ્દો કહ્યા–વ્હાલા ચાર્લ્સ! કૃપા કરી પુનઃ મને એ દુઃખદ વાત પૂછતા નહિ. આહ! તે ખરેખર, બહુ ભયંકર શબ્દો બોલ્યો હતો. ચાર્લ્સ! વ્હાલા!

તેણે બહુજ ભયંકર વાત મને કહી. એ કંઇ આવા મેળાવડામાં થઇ શકે એવી મશ્કરી ન્હોતી—"

"એમ?—" રાજા ગુસ્સે થઇ બોલ્યો.

"હું ધારૂં છું કે તે બદમાસે દરબારમાં તું જે સત્તા ભોગવે છે તે સામે ધમકી આપી તને કંઇ ભયંકર ભવિષ્ય કહ્યું હશે. એમ-જને વ્હાલી લુઇ?"

"હા—હા—એમજ. ચાર્લ્સ!—" લુઇ પોતાને એ વિષે વધુ પ્રશ્ન ન પૂછાય એવા ઇરાદાથી રાજાની અટકળને વધાવી લઇ બોલી.

"પણ વ્હાલા ચાર્લ્સ! તમે પણ એ જાદુગરના શબ્દોથી ચમક્યા હતા. કહો, વ્હાલા! તેણે મારે વિષે—તમારી વ્હાલી લુઇ વિષે તમને કંઇ કહ્યું હતું?"

"નહિ. જરા પણ નહિ—જો તેણે એવી નાદાની કરી હોત તો હું તેને તારી મશ્કરી કરવા દેત ખરો? એ વાત મારા એક ખાનગી ભેદને લગતી હતી—એ ભેદ હું કહેવા માગતો નથી પણ એ જાદુગર તે જાણતો હતો—"

"પણ તમે તેનું મ્હો પણ જોયું હતું, ચાર્લ્સ!"

"હા. મેં તેને તેનો બુરખો કાઢી નાખવાની આજ્ઞા કરી હતી; પણ હું તેને ઓળખી શકયો નહિ. તારા આમંત્રણ મેળવવાને ભાગ્ય-શાળી થતાં બધાં પરોણાઓને હું ઓળખતો નથી; છતાં એ માણસને તો મેં અગાઉ કોઇ દિવસ પણ તારે ત્યાં જોયો નથી. તેનું વદન આકર્ષક હતું—મુખ જરા ગરમીથી તાંબા જેવું થયલું—પણ એ વાત શા માટે? એવી અણગમતી વાત મને ગમતી નથી તે તું જાણે છે. તું ભોજન લેવા આવવાની નથી તો કંઇ ફીકર નહિ. વ્હાલી લુઇ! આપણે અહિંયાજ એકમેકની ગોદમાં બેસી શેમ્પેન ને સ્વાદિષ્ટ ભોજનનો સ્વાદ લઇશું—અને વધુમાં મારે માટે ત્હારાં બહુ મૂલાં સ્મિત!—ભુલી જા હવે એ બદમાસ જાદુગરને, વ્હાલી લુઇ!"

હવે અમે લુઇને તેના પ્રેમીની ગોદમાં છોડી વાંચનારને પુનઃ કર્નલ ગ્રેહામ પાસે લઇ જઇશું. લૉર્ડ આર્ડન સાથે વાતચીત થયા પછી કર્નલ રાજમહેલમાંથી બહાર નીકળ્યો અને કંઇ કંઇ વિચાર કરવા લાગ્યો. એની હવે સંપૂર્ણ ખાત્રી થઇ ગઇ કે લૉર્ડ આર્ડનનો કોઇ ભયંકર ભેદ કૅપ્ટન વીલ્ડેરના હાથમાં હોવો જોઇએ. એજ પ્રમાણે કૅપ્ટન બીજા ઘણા ભેદ જાણે છે એવી પણ તેની ખાત્રી

થઇ. લૉર્ડ આર્ડેનની માગણી લલચાવનારી હતી; પણ કર્નલ ગ્રેહામ લૉર્ડની સેવા બજાવવાથી વધુ લાભ થશે કે કૅપ્ટનના વિશ્વાસુ મિત્ર બનવાથી પોતાનું ભાવી સુધરશે તેનો વિચાર કરવા લાગ્યો. રાજમહેલમાં એને લૉર્ડ આર્ડન મળ્યો તે પહેલાં એને એક યુક્તિ સુઝી હતી તે તુરતાતુરત અમલમાં મૂકવાનો નિશ્ચય કરી એ હોટલમાં આવ્યો.

"એંજલ"માં આવ્યા પછી તે પોતે ભાડે રાખેલા ઓરડામાં દાખલ થયો. એનો નોકર હમ્ફ્રી એક ખુરશીપર આરામ લેતો, આંખો મીંચી પડયો હતો. તે ગ્રેહામના પગલાંનો અવાજ સાંભળી એકદમ ખુરશીપરથી ઉભો થયો અને પોતાના શેઠની આજ્ઞાની રાહ જોવા લાગ્યો. હમ્ફ્રી હુશિયાર, ચાલાક અને સારા દેખાવનો યુવાન હતો. તેનું વય સોળ વર્ષનું હતું. કર્નલ ગ્રેહામ સાથે તે સારી રીતે હળેલો હતો અને કર્નલના ભ્રષ્ટ મનોરથ સિદ્ધ કરવામાં એ રાજીખુશીથી કર્નલનું હથિયાર બનતો. કોઇ પણ તરુણી કર્નલના સપાટામાં સપડાવવા એ જાળ બીછાવવા હંમેશાં તૈયાર રહેતો. આવો નોકર કર્નલ જેવા વિકારી મનુષ્યને ન ગમે એ શું શકય છે? આ નોકરને કૅપ્ટન વિષેની તપાસ કરવા માટે રોકવાનો તેનો વિચાર હતો. આ તપાસ શી રીતે કરવી તે માટે તેને એક યુક્તિ સુઝી હતી અને તે હમ્ફ્રીને કૅપ્ટન વીલ્ડેરનો નોકર બનાવવાની હતી.

"હમ્ફ્રી! તુ કાલે કહેતો'તો કે કૅપ્ટન વીલ્ડેર એક નોકર રાખવા માગે છે. તેણે નોકર રાખ્યો કે?" કર્નલ ગ્રેહામે હમ્ફ્રીને પૂછ્યું.

"નહિ સાહેબ! હજુ સુધી હોટલના માલીકે તેને કોઇ નોકર મેળવી આપ્યો નથી."

"ત્યારે હવે હું પુછું તેનો જવાબ આપ. તે તને ઓળખે છે? તે તું મારી નોકરીમાં છે એ વાત જાણે છે? હૉટલના કોર્ટયાર્ડમાં કે કોઇ જગ્યાએ તેણે તને જોયો છે?"

"નહિ સાહેબ! હું નથી ધારતો કે તેણે મને જોયો હોય યા તે મને ઓળખતો હોય. અહિંયા હોટલમાં રહેનારા ગૃહસ્થોના ઘણા નોકરો છે તેમાંથી કૅપ્ટને મારાપર ખાસ ધ્યાન આપ્યું હોય એ હું માનતો નથી."

"ત્યારે હવે સાંભળ. તું મારી નોકરીમાં સુખી છે ને?"

"હા. સાહેબ."

"તું મારી સેવા બજાવવા માટે વિદેશની મુસાફરી કરવા તૈયાર થશે?"

"હું તમારે માટે ગમે તે કામ કરવા રાજી થઇશ."

"હું ધારતો હતોજ કે તું એવો જવાબ આપશે. ઠીક, હમણાં તારે કંઇ કામ કરવાનું નથી. ફક્ત તારે તારો શેઠ થોડા વખત માટે બદલવાનો છે. તારે કૅપ્ટન વીલ્ડેરના નોકર થવાનું છે. કાલે સ્હવારે પહેલ વહેલા કૅપ્ટન વીલ્ડેર પાસે મારા કપડાં કાઢી નાખી બીજાં સાદાં કપડાં પહેરી જજે અને તેના નોકર તરિકે રહેવા માટે ઉમેદવારી કરજે. જો તે તને ઓળખી કાઢે તો કહેજે કે વધુ પગાર માટે તું મારી નોકરી છોડી દેવા માગે છે. જો તે તને નહિ ઓળખે તો સત્તર આના! તારી ચાલચલગત માટે હોટલનો માલીક ખાત્રી આપશે. હું તેને એ વિષે ભલામણ કરીશ; પણ કૅપ્ટન વીલ્ડેરની નોકરીમાં નીમાયા પછી તારે શું કરવાનું છે તે હું તને હવે કહીશ. તારે એની પાછળ જાસુસ બનવાનું છે. તારે એના ભૂત જીવનની હકીકત શોધી કાઢવાની છે. અમેરિકાના સંસ્થાનોમાં એ રાજાની બાજુએ લડયો હતો કે બળવાખોરોની, એ અહિં શા માટે આવ્યો છે, હમણાં એ શું કરવા માગે છે, એ કોઇને મળવા જાય છે કે, જતો હોય તો એ કોને મળવા જાય છે તે, તથા એને કોણ કોણ મળવા આવે છે તે તારે એનાપર બારીક નજર રાખી શોધી કાઢવાનું છે. જા—તને એમાં વિજય મળશે તો તે સમયે મારી સ્થિતિ એવી હશે કે, હું તારો પગાર તું રાજી થાય એમ વધારી આપીશ. તને જે ખબર મળે તેથી તારે મને છુપી રીતે તુરતાતુરત વાકેફ કરવો. બોલ, તું સમજી ગયો? કહે, એ કામ તું હાથમાં લઇ પાર પાડી શકશે!"

"હા. સાહેબ! હું તમારી સુચનાઓ બરાબર ધ્યાનમાં રાખી વર્તીશ."

વાંચનારની જાણ માટે ટુંકામાં અત્રે અમે એટલુંજ કહીશું કે બીજે દિને કૅપ્ટન વીલ્ડેર પાસે જઇ હમ્ફ્રીએ નોકરી માટે ઉમેદવારી કરી. કૅપ્ટને તેને ઓળખ્યો નહિ. હોટલના માલીકે તેને માટે ભલામણ કરી અને કૅપ્ટન વીલ્ડેરે હમ્ફ્રીને પોતાનો નોકર બનાવ્યો.

પ્રકરણ ૧૯ મું.

નોકર.

કૅપ્ટન વીલ્ડેરે બીજે દિને સ્હવારે નાસ્તો લીધા બાદ પોતાના નવા નોકરને એક ખુરશીપર પડેલું પાર્સલ ઉંચકી લેવાની આજ્ઞા કરી. નોકર તરતજ શેઠની આજ્ઞાને તાબે થયો અને કૅપ્ટન વીલ્ડેર તેને પેલાજ કાપડિયાની દુકાને લઇ ગયો કે જ્યાંથી તેણે પહેલ વહેલાં કપડાં ખરીદ્યાં હતાં અને દુકાનદારે તેને બહારવટીઓ ધાર્યો હતો. દુકાનદાર તથા તેની પૈસાની પૂજારી પત્નિએ પોતાના આ ઉદાર ગ્રાહકને તે દુકાનમાં દાખલ થતાંજ ગરમા ગરમ આવકાર આપ્યો અને કૅપ્ટને પેલું પાર્સલ નીચે ઉતારવાની હમ્ફ્રીને આજ્ઞા કરી.

"આ રહ્યો તમારો પોષાક–" તે બોલ્યો.

"તમને એ બરાબર બેસતો આવ્યો હતો કે સાહેબ? ખરે- ખર, તમારા જેવા દેખાવનો એક પુરૂષ એ પોષાકમાં જાદુગરનો પાર્ટ પ્રશંસાપાત્ર રીતે ભજવી શકેઃ ખાસ કરીને—"

હજુ તે વધુ બોલવા જતો હતો પણ તેની ચાલાક બૈરીએ પોતાના ભરથારની કાતર જેવી જીભ બંધ કરવાનો કરડી આંખના ઇસારાથી હુકમ કર્યો કારણ કે કૅપ્ટન વીલ્ડેર પોતાના નોકરની હાજરીમાં તે ચાલુ વાત ચર્ચાતી જોવા ચાહતો નથી એવી ઇસારત કરતો હતો. દુકાનદાર ચૂપ થયો અને વીલ્ડેરે કપડાંની જૂદી જૂદી જાતોમાંથી પોતાના નવા નોકરને શોભે એવા કપડાં ખરીદ્યાં. તેણે પોતાને માટે કંઇક ઝવેરાત પણ ખરીદ્યું. ખરીદીની ચીજો પૅક કરી હમ્ફ્રી પોતાના શેઠ સાથે પુનઃ હોટલમાં આવ્યો. ત્યાં આવતાંજ કૅપ્ટને તેને તેનો નવો પોષાક પહેરવાની આજ્ઞા કરી.

હમ્ફ્રી પોતાના ઓરડામાં કપડાં બદલતો હતો ત્યારે કર્નલ ગ્રેહામ વીલ્ડેરના દીવાનખાનામાં આવી પહોંચ્યો. કર્નલે કૅપ્ટન તરફ કંઇક ઉદ્ધત અને અવિનયી વર્તન ચલાવ્યું હતું તે કૅપ્ટન ભૂલી ગયો ન્હોતો. આથી તેણે પણ જરા પોતાની જાતને વધુ માનવંત બનાવી રૂઆબી દેખાવ કરી તે બેઠો.

"સાહેબજી! કૅપ્ટન!–" કર્નલ ગ્રેહામ પોતાથી બની શકતી હાસ્યજનક મુદ્રા બનાવી બોલ્યો.

"હું તમને મળવા ક્યારનો આવવાનો હતો; પણ મારે ઘણું કામ હોવાથી રોકાઇ ગયો."

"અને હું ધારૂં છું કે તે કામમાંનું એક મિસ રમ્બોલ્ડ સંબંધીનું પણ હશે ?" કૅપ્ટન વીલ્ડેર કર્નલ તરફ જોઇ, પોતાનો રૂઆબ સહેજ ઓછો કરી મુખપર સ્મિત ફરકાવી બોલ્યો.

"તમે તદ્દન ખરા છો, કૅપ્ટન !–" કૅપ્ટનનો મિત્ર બનવાની આતુરતાવાળો કર્નલ બોલ્યો. કૅપ્ટનના બોલોથી એ ઘણો આનંદ પામ્યો.

"હું એ દિશાએ તદ્દન સુસ્ત પડી નથી રહ્યો; પણ તમે જે મીઠી છોકરીનું નામ દીધું તેને મેળવવા માટે મેં જોઇતાં પગલાં ભરી દીધાં છે—"

"આહ ! કર્નલ ! તમે ઘણી ઉતાવળ કરી હો !" કૅપ્ટન વીલ્ડેર ખડખડ હસીને બોલ્યો અને એની કરડાકી તથા રૂઆબ ઉડી ગયાં.

"હા. મારા વ્હાલા મિત્ર ! એવી બાબતમાં નિશ્ચયપર આવ્યા પછી જે તે કરી નાખવાને હું બહુ આતુર રહું છું."

"ઠીક. તમે મને આ બાબતમાં તમારો વિશ્વાસુ બનાવ્યો છે. કર્નલ ! અને તમે જાણો છો કે, આપણા કેટલાક સ્વભાવ એક બીજાને બહુજ મળતા આવે છે—હું ધારૂં છું કે તમે તમારો ખ્યાલ મને કહેવાની કૃપા કરશો કે જેથી મને તે કોઇ વેળા કામ લાગે–"

"હા જરૂર. હું તમને મારી યુક્તિ કહીશ. તમારાથી હું કોઇ ભેદ છૂપો રાખવા માગતો નથી. કૅપ્ટન ! તમે માનશો, હું તમને મારા મિત્ર જેવા ગણું છું."

"અને તમે માનશો મારા વ્હાલા કર્નલ ! અત્યારે મારા મનમાં પણ તમને મારા મિત્ર બનાવવાનોજ વિચાર આવ્યો હતો. પણ હું બોલી શક્યો નહિ. કારણ કે તમે પરમદિને કંઇક ગુસ્સે થયા હતા–" વીલ્ડેર બોલ્યો.

"નહિ—જરા પણ નહિ—મારા વ્હાલા કૅપ્ટન ! હું પૈસા સંબંધી મુઝવણમાં હતો તેથી તમને એવો લાગ્યો હોઇશ–" ગ્રેહામે કહ્યું.

"હશે. એ વાતજ જવા દો. પેલી રમ્બોલ્ડની કન્યા–"

"અરે ! હા ! એ વાતજ હું ભૂલી ગયો. મારી યુક્તિ તૈયાર થઇ ગઇ છે. સઘળી તૈયારી મેં કરી રાખી છે. મેં બે વિશ્વાસુ માણસો રોક્યા છે કે જેઓ એ સુન્દર કન્યાને ઉચકી લાવવા તૈયાર

થયા છે. લૉરેન્સ લીએ લખી હોય એવા દેખાવની એક ચીઠ્ઠી કાલે મીસ રમ્બોલ્ડપર મોકલવામાં આવશે. તેમાં લૉરેન્સ લી જાણે તેણીને પાંચ મિનિટ એકાંતમાં મળવાની–રાઇહાઉસની નજીકના પૂલ આગળ મળવાની અરજ કરતો હોય એવા શબ્દો લખવામાં આવશે. લૉરેન્સના અક્ષર–લૉરેન્સની વિનવણી એટલે બેડો પાર ! પ્રેમઘેલી મિસ રમ્બોલ્ડ પૂલ પાસે દોડતી નવ વાગે આવી પહોંચશે અને મારા નોકરો તેને ઉંચકી લઇ ઘોડાપર નાખી લંડન લઇ આવશે. હું કેટલોક વખત અહિં રહેવા માગું છું.”

“યુક્તિ તો સોનાની ચક્લી જેવી છે, દોસ્ત !”–કૅપ્ટન વીલ્ડેર જાણે તેને ખરેખર આનંદ મળ્યો હોય તેમ હાસ્ય કરી બોલ્યો.

“હું તમને વિજય ઇચ્છું છુંઃ શેતાનના સોગન ! કર્નલ ! તમે આવી બાબતમાં બડા ઉસ્તાદ લાગો છો; અને તમારા જેવા પાસેથી જો આવી યુક્તિઓ જાણી લીધી હોય તો મારા જેવાને તો ઘણી અગત્યની થઇ પડે. તમે જાણો છો કે હું અહિં અજાણ્યો છુંઃ હમણાંજ અહિં આવ્યો છું—”

“અને તોપણ તમે તમારો ભાગ ગઇ રાત્રે બુરખા પાર્ટીમાં ઘણીજ ચાલાકીથી બજાવ્યો હો !—”

“મેં ?” કૅપ્ટન વીલ્ડેર ખરેખર અજબ થઇ બોલ્યો.

“હા, સાહેબ ! તમે શું એમ ધારો છો કે હું મારા મિત્ર કૅપ્ટન વીલ્ડેરને જાદુગરના પોષાકમાં ઓળખી શકું નહિ ? પણ ખરેખર કૅપ્ટન ! તમે કાલે રાત્રે કમાલ કરી. તમારી લાંબી સફેદ દાઢી, સફેદ બાલ, તમારી જાદુઇ ડાંગ—”

“કર્નલ ગ્રેહામ !—” કૅપ્ટન વીલ્ડેર હજુ આશ્ચર્યજનક સ્વરે બોલ્યો.

“તમે મને જે માન આપો છો તે માનને લાયક ભાગ મેં બજાવ્યોજ નથી. મેં એ જાદુગર તથા તેના અદ્‌ભૂત કામો જોયાં હતાં અને હું પણ બધા સાથે અજાયબીથી દિંગ થઇ ગયો હતો. પણ જાદુગરના વેષમાં હું ન્હોતો. તમે કોઇ મૅક્સીકન ચીફ ન્હોતો જોયો ?—”

“જોયો હતો–હા–મૅક્સીકન ચીફની ઉંચાઇ તમારા જેટલીજ હતી પણ જાદુગર પણ એટલોજ ઉંચો અને એવાજ કદનો હતો–”

“તે ગમે એમ હોય, પણ હું મેક્ષીકન ચીફના વેષમાં હતો

અને જાદુગર કોઇ બીજો બન્યો હતો; પણ હવે મારે જવું જોઇએ. કર્નલ! માફ કરજો! મારે અગત્યનું—"

"માફી માગવાની જરૂર નથી. આપણે હવે મિત્રો છીએ. આજે જુગાર રમવા આવજો. હું તમારા પર પેલી રાતનું વેર લેવા આતુર છું—" કર્નલ ગ્રેહામ હસીને બોલ્યો.

"આહ! ઘણી ખુશીથી! એમાં શું? એ તો એક જાતની ગમ્મતનો સોદો છે–" કૅપ્ટન વીલ્ડેર બોલ્યો અને કર્નલ ગ્રેહામ તેનો ઓરડો તજી ચાલી ગયો.

રસ્તામાં તેને પોતાના નવા કપડામાં સજ્જ થયલો હમ્ફ્રી મળ્યો. તેને અટકાવી તે ધીમા પણ ઝડપી સ્વરે બોલ્યો.

"કૅપ્ટન વીલ્ડેરે એક જાદુગરનો વેષ લીધો હતો કે નહિ તે તારે ગમે તેમ કરી શોધી કાઢવું—"

"હું તમારા સવાલનો જવાબ અત્યારેજ આપી શકું છું, સાહેબ!—" હમ્ફ્રી બોલ્યો.

"શું? કૅપ્ટને જાદુગરનો વેષ લીધો હતો?"

"હા. સાહેબ! હું તે માટે ખાત્રી આપું છું; પણ હવે મારાથી વધુ ખોટી થવાય એમ નથી. કૅપ્ટન મારી રાહ જુએ છે."

નોકર ત્વરિત વેગે કૅપ્ટન વીલ્ડેરના ઓરડામાં ગયો અને ગ્રેહામ પોતાના રૂમમાં પાછો ફર્યો. તે મનમાં બોલવા લાગ્યો:

"મને એમ લાગ્યુંજ હતું. વીલ્ડેર મને પોતાનો ગર આપે એમ લાગતું નથી. ગમે એમ પણ હમ્ફ્રી દ્વારા હું જે જાણવા માગું છું તે જાણી શકીશ. લૉર્ડ આર્ડેનને બે ત્રણ દિવસ પછી હું જવાબ આપીશ. એટલા વખતમાં હમ્ફ્રી જે ખબર લાવે તે પરથી લૉર્ડ આર્ડેનની સેવા બજાવવાથી મને લાભ મળશે કે કૅપ્ટનના મિત્ર થવાથી તે હું જાણી શકીશ—"

હમ્ફ્રી પોતાના નવા પોષાકમાં પોતાના શેઠ સમક્ષ જઇ ઉભો રહ્યો. તેને પોષાક શોભે છે કે નહિ તે કૅપ્ટન બે ત્રણ પલ જોઇ રહ્યા પછી સંતોષ પામી બોલ્યો.

"હમ્ફ્રી! તું લંડનના બધા રસ્તા જાણે છે?"

"હું લંડનમાં જેટલો રખડ્યો છું તેટલું બહુ ઓછા રખડ્યા હશે, સાહેબ!—"

"ઠીક. હું તારી હમણાંજ પરિક્ષા કરવા માગું છું." બ્લીડીંગ

હાર્ટ યાર્ડ "ના ભયંકર નામની જગ્યા તેં જોઇ છે ?"

"હા. સાહેબ ! એ જગ્યા હોલ્બોર્નને અને ફ્લીટ ડીચની બા. જુમાં આવી છે."

"ત્યારે મને ત્યાં જલદી લઇ જા."

આટલું કહી તેણે એક ડેસ્ક ઉઘાડી તેમાંથી એક ન્હાની છબી, થોડાક કાગળો અને થોડાક પૈસા કાઢી પોતાના ગજવામાં નાખ્યાં. પછી તેણે પોતાની હૅટ માથાપર મૂકી અને તે બહાર નીકળ્યો. મહોલ્લાને નાકે ગયા પછી તેણે હમ્ફ્રીને રસ્તો બતાવવાની આજ્ઞા કરી અને હમ્ફ્રી ટૂંકામાં ટૂંકે રસ્તે બ્લીડીંગ હાર્ટયાર્ડ તરફ ચાલવા લાગ્યો.

"હમ્ફ્રી ! એ જગ્યાનું નામ મેં તને અત્યાર અગાઉ કહ્યું છે કે કંઇક ભયંકર અને અપ્રિય લાગે છે. મેં એવી અનેક જગ્યાઓ જોઇ છે કે જેના નામ અતિ ભયંકર અને કદિ પણ કાનને ન ગમે એવા પાડવામાં આવ્યાં છે. તેં કદિ ઉત્તર અમેરિકાના રેડ ઇન્ડીઅનોની વાત સાંભળી છે ?"

"મેં, સાહેબ ! તેમને વિષે વાંચ્યું છે—" હમ્ફ્રી બોલ્યો.

"આહ ! તું વાંચી શકે છે ? હું એ જાણી ઘણો ખુશી છું. ત્યારે તેં જંગલી ઇંડીઅનોના ટોળાંઓ વિષે વાંચ્યું છે ખરૂં ! તેં કદાપિ એવું પણ વાંચ્યું હશે કે, એ લોકોમાં કેટલીક જગ્યાને બહુજ વિચિત્ર અને ભયંકર નામો આપવાનો રિવાજ જેવો પડી ગયો છે, હું "મૃત કુમારિકાની ટેકરી" નામના એક ન્હાના ડુંગરપર એક રાત પડી રહ્યો હતો. લોકો કહે છે કે એ ટેકરીપર રાત્રે ખૂનનો ભોગ થયલી કુમારિકાનું ભૂત આવે છે પણ મને તો કંઇ જણાયું નહિ. વળી એક બીજી જગ્યા "અંધારી લોહીયાળ ભૂમિ" ને નામે ઓળખાય છે તેને માટે પણ દીલનાં રૂંવાં ઉભા કરનારી વાતો લોકો કરે છે. એક ત્રીજી જગ્યા "હાડકાના હાથનું તળાવ" એ નામની છે એને માટે એમ કહેવાય છે કે બરાબર રાત્રે બાર વાગે તળાવના મધ્યભાગમાં એક માંસ વિનાનો હાથ બહાર નીકળે છે અને આકાશ તરફ એક આંગળી તાકે છે. હું એક રાત્રે એ તળાવપર સુવાની મઝા પણ મેળવી આવ્યો છું; પણ ત્યાં મને તો એ હાથ જણાયો નહિ. આથી હમ્ફ્રી ! આપણે જે જગ્યાએ જઇએ છીએ તેને લોકોએ એવું ભયંકર નામ શા માટે આપ્યું તે તું જાણે છે ? "બ્લીડીંગ હાર્ટ યાર્ડ !" "લોહીભીનાં કલેજાની જમીન !" એનો

અર્થ શું ?" કૅપ્ટન વીલ્ડરે કહ્યું.

"એ જગ્યાને લગતી એક દંતકથા છે સાહેબ !" તેના નોકરે જવાબ આપ્યો.

"જેઓ હમણાં ત્યાં રહે છે તેઓ શિયાળામાં તાપવા ભેગાં મળે ત્યારે અથવા એવી કોઇ વેળા એ દંતકથા ધીમે ધીમે એક બીજાને થરથરતા હોઠે કહે છે. ઘણાં-ઘણાં વર્ષો પૂર્વે એ જગ્યાએ એક સુન્દર આલીશાન મહેલ અને ભવ્ય બગીચાઓ હતા કે જ્યાં હમણાં વસ્તી-હીન મહોલ્લા, ગલીઓ અને કંગાળ અને ગુનેહગાર મનુષ્યોનાં ઝૂંપડાં ઉભાં છે. એ મીલકતના માલીક હૅટનના ઉમરાવ હતા. દંતકથા જે ઉમરાવની વાત કરે છે તે જુવાનીયો હતો અને જુવાનીમાંજ તેને પોતાની ભવ્ય મીલકતનો કબજો મળ્યો. મહેલની નજીક એક ગરિબ માણસનું ઘર હતું અને તેને એક રૂપવતી કન્યા હતી. એ કન્યા યુવાન લૉર્ડ હૅટનપર મોહી પડી અને પોતાના રંક ઘર તરફ તેને અભાવ ઉપજ્યો. તેની આંખોને પદવી-માન-મરતબો-લક્ષ્મી ચકરાવી નાખવા લાગ્યાં; અને તે લૉર્ડ હૅટનને પોતાનું સર્વસ્વ અર્પણ કરવા તૈયાર થઇ ગઇ. મનુષ્યના આકારમાં છૂપાયલા મનુષ્યત્વના શત્રુએ તે કુમારિકાની તિવ્ર લાલસાનો લાભ લઇ તેણીને જો તેણી પોતાનું શરીર અને આત્મા તેને અમુક દિને અર્પણ કરવાની સરત કરે તો તેણીની ઇચ્છા પાર પાડવાનું કબૂલ કર્યું. ભાવી સુખ વૈભવની આશાથી અંજાઇ ગયલી નિર્દોષ રંક કુમારિકા પોતાના માન અને પવિત્રતાની કે કશાયની દરકાર કર્યા વિના એ સરત પ્રમાણે વર્તવા તૈયાર થઇ અને એક દિવસે મધરાતે તેણીએ એક કરારનામાપર પોતાના લોહીથી સહી કરી અને તેમ કરી તેણીએ પદવી, પ્રેમ અને પૈસા બાવીસ વર્ષને માટે મેળવ્યા. હું જાણતો નથી કે બાવીસ વર્ષ સુધી એ સરત સ્હામા પક્ષ તરફથી પળાશે તે માટે શું ખાત્રી આપવામાં આવી હતી. એ વાત દંતકથામાં આવતી નથી. પણ લૉર્ડ હૅટન એ કુમારિકાપર દિવાનો થઇ જાય છે અને એ સરત નામાપર સહી થયા પછી બે મહિના પછી તે તેને પોતાની પત્નિ બનાવે છે. ખુશાલીનો-આનંદનો પાર રહ્યો નહિ. જ્યાં ત્યાં મેળાવડા થયા. ખેડૂતો, મજુરોને પણ લહેર કરાવવામાં આવી. દશ મહિના પછી લેડી હૅટને એક પુત્રને જન્મ આપ્યો. વરસો વહી ગયાં. યુવાન લૉર્ડ અને લેડી વૃદ્ધ થવા લાગ્યાં અને તેમના વારસે એક વીસમા

વર્ષમાં પ્રવેશ કર્યો. પુનઃ નાચ રંગ—આનંદ—ઉત્સવ થઇ રહ્યાં. અને મહેલમાં મધરાત સુધી રંગરાગ ચાલુ રહ્યો. એ સમયે એક નોકરે લેડી હૅટનને કંઇ સંદેશો કહ્યો. લેડી હૅટનને એક અજાણ્યો સખસ અગત્યના કામ માટે તેણીના મહેલથી થોડેક દૂર એક હરિયાળી જમીનપર મળવા માગે છે એવો સંદેશો હતો. પ્રથમ તો લેડી ડરી—ગભરાઇ; પણ તેણીએ પોતાની સઘળી હિંમત એકઠી કરી અને પેલા અજાણ્યા સખસને મળવા માટે મેળાવડામાંથી બહાર નીકળીઃ તેણી ગઇ પણ પાછી ફરીજ નહિ. સઘળાને ચિંતા થઈ. કંઇ કાવત્રું હશે એમ મનાયું અથવા કંઇ અકસ્માત થયો હશે એવી કેટલાકોને શંકા આવી. મસાલો સળગાવી, તેનો પતિ અને પુત્ર, અતિથિઓ અને નોકરો તેણીની શોધમાં નીકળ્યાં! તેઓએ બહુ ભયંકર શોધ કરી! તે હરિયાળી ભુમિના મધ્ય ભાગમાંથી એક મનુષ્યનું કલેજું—ચીરાયલું અને લોહીયાળ સ્થિતિમાં મળી આવ્યું! જાણે જોરજબરીથી—ગુસ્સાથી, વાઘ પોતાના શિકારને ચીરી નાખે છે તેમ એ કલેજું ચીરી નાખેલું હતું! આજુબાજુ મનુષ્યના માંસના કટકા અને અવયવો પડેલાં હતાં અને એક બાજુએ લેડી હૅટનની સુંદર ગરદનની આસપાસ ઉડયા કરતાં સોનેરી વાળોનો જથ્થો પડેલો હતો. લેડી હૅટનનું કોઇ કરપીણ ખૂનીએ ખૂન કર્યું હતું! લૉર્ડ ભગ્ન હૃદયે દુનિયાદારીનો ત્યાગ કરી મઠવાસી થઇ જાય છે. મીલકત અજાણ્યા હાથોમાં પડે છે અને લૉર્ડ હૅટનના ગામડાની દુર્દશા થઇ જાય છે. હજુ પણ એક મહોલ્લો હૅટન ગાર્ડનને નામે ઓળખાય છે અને જ્યાં લેડી હૅટનનું ચીરાયલું કલેજું મળ્યું હતું તે ભુમિને લોકોએ "બ્લીડીંગ હાર્ટ યાર્ડ" નું ભયંકર નામ આપ્યું છે."

જે પલે હમ્ફ્રીએ પોતાની કથા પૂરી કરી તેજ વેળાએ તેમનો રસ્તો પણ પૂરો થઇ ગયો. ધારેલા સ્થલે આવ્યા પછી કૅપ્ટન વીલ્ડેરે હમ્ફ્રીને હોટલમાં ચાલ્યા જવાની આજ્ઞા કરી અને પોતે જે વ્યક્તિને મળવા ત્યાં આવ્યો હતો તેના નિવાસસ્થાનની તપાસ કરવાનો આરંભ કર્યો.

પ્રકરણ ૨૦ મું.

જુલિયાં મરટન.

બ્લીડીંમ હાર્ટ યાર્ડમાં આવેલાં ઘરોમાંના એક ઘરને બીજે માળે આવેલા એક કંગાળ ઓરડામાં એક સ્ત્રી ગંભીર શોકમાં ગીરફતાર થઇ બેઠેલી જણાતી હતી. તેણીનું વય બહુ બહુ તો ત્રીસ વર્ષનું હશેઃ—તો પણ તે ચાળીસ વર્ષની હોય એવી લાગે, એટલી બધી ચિંતા—એટલી બધી દિલગીરી અને ગંભીરતા તેનાં વદનપર છવાયલાં હતાં! તેણીના એક વેળાના કાળાં સુન્દર વાળ હવે ઝાંખા-ભુરા થયા હતા. તેણીની આંખો એક વેળા તેજસ્વી હતી પણ હમણાં તેજહીન અને ઉંડી ઉતરી ગયલી જણાતી. અને તેણીના હૃદયમાં ઘોળાતા દુઃખજનક, ચિંતાજનક તથા હૃદય વિદારક વિચારોએ તેણીના દેખાવમાં ઘણાં વર્ષો કરી શકે તેવો ગજબનાક ફેરફાર કરી નાખ્યો હતો એ સ્પષ્ટ જણાઇ આવતું હતું. તો પણ તેના ચિંતાગ્રસ્ત ફીક્કા વદનપરથી એટલું કહી શકાય તેમ હતું કે એક સમયે તેણી અસામાન્ય સૌન્દર્યની સ્વામિનિ હશે! અને તેણીની હાલની કંગાલ્યત, ગરીબી, દયાજનક સ્થિતિ તથા તેણીના ઓરડાની મુફલેસી જોવા છતાં પણ તેણીના મુખપર કંઇક એવી છાંયા હતી કે જેથી તેણીએ પૂર્વે સારા—ઘણા સારા દિવસો જોયા હોય એવો ભાસ થતો.

તે કંઇ ધંધો કરી ગુજરાન ચલાવતી હોય તેવું જણાતું ન હતું. કંઇ પણ સીવણ કામ અથવા સ્ત્રીને લાયકનું કામ તેણીની આસપાસ, ટેબલપર કે કશેય પડેલું જણાતું ન હતું. કદાપિ તેણીને કામ મળતું ન હોય અથવા તો તેણી પોતાના દિલમાં ગુંચવાતા—ઘોળાતા વિચારોમાંથીજ મુક્ત ન થતી હોય! બિચારીની સ્થિતિ ખરેખર, દયાપાત્ર હતીઃ ઓરડો તેમાં રહેનારીની મુફલેસ—કંગાળ સ્થિતિનું ચિત્ર દોરી રહ્યો હતો. કોઇ પણ ચીજ એવી ન્હોતી કે જે સારી કહી શકાય. નિર્ધનતાની ઝાલિમ સત્તા આ ગરિબ બાઇને સતાવી રહી હતી અને તેણી એ નિર્દય ગરિબીની ચક્કીમાં લાચારીથી પીસાતી હતી.

તેણી વિચારના વમળમાં ગોથાં ખાતી એક કંગાળ આસન પર બેઠી હતી. એવામાં બારણું ઉઘાડી એક અઘોર વયની સ્ત્રી

અંદર આવી. તેણીનું મ્હોં ઘણું લાલ હતું. બાંધો સશક્ત પણ કપડાં ઘણાંજ મેલાં અને ચીથરે હાલ હતાં. તેણી ઘોઘરા અવાજે બોલી.

"મિસીસ મર્ટન ! એક ગૃહસ્થ તમારી તપાસ કરતા આવ્યા છે."

"કોણ છે ? તેનું નામ શું ?–" તે ચિંતાગ્રસ્ત સ્ત્રી જેને ઘેલી બાઇએ મિસિસ મર્ટનના નામથી સંબોધી, તે બોલી. તેણી પોતાની જગ્યાએથી ઉભી થઇ અને કંઇ ઉંડા વિચારમાં પડી. એના મનમાં કંઇ કંઇ આશા અને ઉમેદો જન્મી. એક પલ તેણીના ગાલ પર લાંબા સમયથી તેને તજી ગયલી રતાશ છવાઇ અને તેણીની આંખો સહેજ ચમકી.

"તેણે કંઇ નામ આપ્યું નથી." ઘરવાળીએ જવાબ આપ્યો.

"પણ તેના દેખાવપરથી હું કહી શકું છું કે તે રાજદરબાર સાથે સંબંધ ધરાવતો કોઈ સુન્દર સૈનિક હશે !"

"પણ તેની ઉમ્મર ? તેનું વય ?" મિસિસ મર્ટને મ્હોટે સ્વરે પૂછ્યું.

"તમે તેની ઉમ્મર શું ધારો છો ?"

"ચાલીસથી વધારે નહિ–નહિ એથી વધુ નજ હોય. તેના વદનપર સહેજ શ્યામતા છે–જાણે તેણે પરદેશના સખત સૂર્યની ગરમી સહન કરી હોય તેમ તેનું વદન ત્રાંબા જેવું લાગે છે–" ઘરની માલીકણ બોલી.

"ત્યારે તો તેજ–" મિસીસ મર્ટન બબડી. અચાનક તેણીનું જોમ ન્હાસી ગયું. તેણી સીક–ફીકી થઇ ગઇ અને પોતાની જગ્યાએ લથડતી લથડતી જઇ બેઠી. પણ અલ્પ સમયમાં પોતાની લાગણી પર કાબુ મેળવી તેણીએ કહ્યું.

"તે ગૃહસ્થને ઉપર મોકલો."

આવનાર ગૃહસ્થને આ સૂચનાથી માહિત કરવા ઘરવાળી દાદર ઉતરી નીચે ગઇ અને મિસીસ મર્ટન પોતાના પાતળા હાથો વડે પોતાની આંખો દાબી દઇ આવેશમાં બબડી:

"શાંત થા–ઓ અસ્થિર મગજ ! શાંત થા ! ઓ ભમતા વિચારો ! ચાલ્યા જાવ. ઓ મારા હૃદય ! ભયંકર શબ્દપ્રહારો–ભયંકર શબ્દો કરતાં કઠીન પ્રહારો સહન કરવા તૈયાર થઇ જા–હૃદય વિદારક મહેણાં અને શરમ ભર્યો તિરસ્કાર સહન કરવાની તૈયારી

કર કારણ કે તે આવ્યો છે! તે આટલા લાંબા સમયે પેલા પાપી પત્રનો જાતે જવાબ આપવા આવ્યો છે! હા—તે આવ્યો છે દરિયા પારથી તે મને શોધતો, મને સજા કરવા અહિં આવ્યો છે—"

દાદરપર કોઇ મનુષ્યના પગલાના અવાજ સંભળાતા હતભાગી જુલિયા પોતાની ખુરશીપરથી ઉભી થઇ અને આવનારની ધડકતા હૃદયે રાહ જોવા લાગી. આવનાર ઉપર આવ્યો. બારણું ઉઘડયું અને જેવી જુલિયાની નજર તેનાપર પડી તેવીજ તેના દીલમાંની ભય-ભરી લાગણીઓ એકદમ ઉડી ગઇ અને તે સહેજ અજાયબીભર્યા સ્વરે બોલીઃ

"જનરલ ઑાલીફન્ટ!"

"હા. હું જુલિયા! ત્હારા પતિ કર્નલ મર્ટનનો જીવજાન અને વફાદાર મિત્ર—" જુલિયાને મળવા આવનાર બોલ્યો.

"તેમણે તમને મારી પાસે મોકલ્યા છે, જનરલ ઑાલીફન્ટ?" પુનઃ જુલિયા ભયભરી—દુઃખદ લાગણીથી ધ્રુજી બોલી.

"બોલો, તેમણે તમને મારી પાસે તેઓ મને માફી બક્ષે છે એમ કહેવા મોકલ્યા છે કે તેઓ મને કદિ પણ માફ કરી શકે એમ નથી—શું છે? શું છે?"

જનરલ ઑાલિફન્ટે ગંભીર નયને તે કમનસિબ સ્ત્રી તરફ જોઇ, શોકપૂર્ણ સ્વરે કહ્યું.

"જુલિયા! ત્હારા પતિએ પોતાની મરણ શય્યાપર તને માફી બક્ષી હતી!"

મિસીસ મર્ટન એક ખુરશીપર જઇ પડી અને પોતાના હાથોથી પોતાનું મ્હોં ઢાંકી કેટલીક મીનીટ સુધી બેસી રહી. જનરલ ઑાલીફન્ટ તેણીને શોકભર્યા નયને જોઇ રહ્યો. થોડીકવાર પછી જુલિયાએ પોતાના હાથો પોતાના મુખપરથી અળગા કર્યા અને તેણીના મુખપર હમેશ કરતાં વધુ દુઃખ—વધુ ચિંતાની લાગણી છવાઇ ગઇ. તેણી દુઃખદ—ધીમા સ્વરે બોલ્યો.

"કયારે મારા પતિ મરણ પામ્યા? કહો—એ વાત મને કહો—જરાએ જરા વાત મારી આગળ કરો—કંઇપણ છોડી દેતા નહિ."

જનરલ ઑાલીફન્ટે પોતાની પીંછાવાળી હૅટ પાસે પડેલા ટેબલ-પર મુકી અને એક ખુરશી પર બેઠક લઇ પોતે જે કામ માટે જુલિયાને મળવા આવ્યો હતો તેની શરૂઆત કરી.

"જુલીયા ! તને તે દિવસ યાદ છે–પાંચ વર્ષ પહેલાં, જ્યારે ત્હારો શૂરવીર પતિ રણપંડિત જૉન મરટન, તને વ્હાલભર્યા હૃદયે છોડી મારી સાથે આપખુદ બ્રિટીશ રાજ્યની અંધાધુંધી અને જૂલમોનો અંત લાવી વરજીનીઆમાં સુખદ સ્વાયતશાસન પદ્ધતિ સ્થાપવા પોતાના પ્રાણની આહુતિ આપવા તૈયાર થયલા અનેક બહાદૂર અને સ્વાતંત્ર્ય પ્રિય વીરલાઓની ટૂકડીને મળવા ગયો હતો તે યાદગાર દિવસ તને યાદ આવે છે?......" જનરલ ઑલીફન્ટ ગંભીર સ્વરે બોલ્યો: પણ એના પ્રિય વિષયપર વાત આવતાંજ એની આંખો ચમકી. એ સ્વાતંત્ર્ય યુદ્ધમાં વિજય મળત તો કેવું સુખદ પરિણામ આવત તે વિષેની એની ભવ્ય આશાઓ અત્યારે એને પાછી યાદ આવી.

"જુલિયા! અમારા વિજયપર એકલા વરજીનીઆની સ્વતંત્રતાનો આધાર ન્હોતો; પણ ઉત્તર અમેરિકાના દક્ષિણ પૂર્વ કિનારા પરના સમસ્ત સંસ્થાનોના સુખદ ભાવીનો પાયો હતો. તને એ ચીર સ્મરણીય દિન યાદ છે?"

"હા–સારી રીતે–ઘણી સારી રીતે–તમે અને મારા પતિ મને તજી યુદ્ધભૂમિમાં શત્રુ સાથ હાથ મીલાવવા ગયા એ દિવસ–મને ઘણી સારી રીતે યાદ છે......" અને જુલિયા મરટન આ શબ્દો બોલી દુઃખભર્યા આવેશથી પોતાના હાથ ચોળવા લાગી.

"સાંભળો, જનરલ ઑલીફન્ટ!—" જુલિયા આવેશ અને ઉશ્કેરાટથી બોલી.

"સાંભળો, જનરલ ! હું કસમથી–પવિત્ર દેવતાઓના કસમથી કહું છું કે તે દિવસ સુધી હું નિર્દોષ હતી. હું મારા પતિને અંતઃકરણથી ચાહતી હતી–પૂજતી હતી; પણ પાછળથી જે બન્યું તે માટે શું હું એકલીજ ઠપકાપાત્ર છું? શું તે પાપી–જેનું નામ હું લઇ શકતી નથી–પણ મારે લાચારીએ તે તમને કહેવું પડશે–હા–તે પાપી લૉર્ડ આર્ડેન શું એ માટે જવાબદાર નથી? જનરલ ઑલીફન્ટ ! તમે જાણો છો. કે તે તે સમયે આપણને વારંવાર મળવા આવતો અને છતાં તે કેટલી સાવચેતીથી, કેવી છૂપી રીતે આપણને મળતો હતો? તમે મારા પતિ સાથે યુદ્ધભૂમિમા ગયા પછી પણ લૉર્ડ આર્ડેન તદ્દન છૂપી રીતે મને મળવા આવતો હતો. એ ખરૂં કે નહિ?"

"હા–કમનસિબે એવી ગોઠવણ કરવામાં આવી હતી કે અમે

લડાઇના મેદાનમાંથી જે કંઇ ખબર મોકલીએ તે તારી મારફતે આર્ડેનની જાણમાં લાવવી; અને તારી મારફતેજ લૉર્ડ આર્ડેનની સૂચનાઓ અમારે મેળવવી. જુલિયા! જ્યારે તારા પતિએ તું આર્ડેન સાથે નાસી ગઇ છે એ વાત સાંભળી, જ્યારે તું ઇંગ્લાંડ ચાલી આવી ત્યારે તેના હૃદયની સ્થિતિ અવર્ણ્ય થઇ પડી હતી, તેનું દુઃખ અસહ્ય થઇ પડયું હતું; અને તેનો ક્રોધ–તેનું વેર ફક્ત તારી સામે યા લૉર્ડ આર્ડેન સામેજ ન હતાં પણ તેણે ખુદ પોતાની જાતને પણ ધીક્કારી કાઢી હતી. હા–તને આર્ડેન જેવા એક વિકારી માણસના કબજામાં તદ્દન નિરાધાર સ્થિતિમાં મૂકવા માટે તેણે પોતાની જાતને પણ ધિક્કારી કાઢી–પણ જુલિયા! તારો પતિ સ્વતંત્રતા દેવીનો અડગ ભક્ત હતો. અને તેણે વિશ્વાસ રાખ્યો હતો કે તેની પેઠેજ લૉર્ડ આર્ડેન પણ વસાહતીઓને બ્રિટીશ આપખુદીમાંથી મુક્ત કરવાની અકપટ ઇચ્છા ધરાવતો હતો. લૉર્ડ આર્ડેન જેવા પાપી મનુષ્ય માટેના આવા વિચારથી તે ત્હારી પવિત્રતા કલંકિત કરવાની નીચ હદે ઉતરી પડશે એમ તેને સ્વપ્નમાં પણ જણાયું ન્હોતું—"

"જ્યારે હું એ ભયંકર ભૂતકાલ તરફ જોઉં છું, જનરલ ઑલીફન્ટ! ત્યારે મને મારી જાત માટેજ આશ્ચર્ય ઉપજે છે. હું છેતરાઇ–ફસાઇ–મારો છળ થયો–આહ! જનરલ! મને ભયંકર દગો દેવાયો–કોઇ કોઇવાર હું એટલી બધી મારી જાતને ધિક્કારૂં છું કે મારૂં બેબાકળું મગજ આપઘાત કરવા તૈયાર થઇ જાય છે અને ખરેખર, મારા પતિ તરફ મેં જે બેવફાઇ બતાવી છે તેની ખરી સજા આપઘાત–ભયંકર આપઘાતજ છેઃ–પણ એ બદમાસ કાળા નાગે મને ફસાવવા માટે કેવી લાલચો–કેવાં વચનો–કેવી આશાઓ–કેવા કસમોનો ઉપયોગ કર્યો હતો તે તમે જાણતા નથી. તેણે મારા કાનમાં ઝેર રેડયું કે મારો જૉન મર્ટન બેવફા હતો–અને લડાઇના મેદાનમાં ચળકતી તલવારના ખણખણાટમાં અને બંદુકના ગોળીના ગડગડાટમાં સુદ્ધાં તે એક ઇંડિયન સરદારની અદ્વિતિય સૌન્દર્ય સંપન્ન છોકરી સાથે—"

"એ હડહડતું જૂઠાણું છે, જુલીયા! તારો પતિ તને કદિ પણ બેવફા થયો ન્હોતો—" જનરલ ઑલીફન્ટ જુસ્સાથી બોલ્યો.

"આહ! મારે એ જાણવું જોઇતું હતું–મારે તેની ગેરહાજરીમાં તેની પવિત્રતા સામે મૂકાતા આળનું ખંડન કરવું જોઇતું હતું

પણ હું મારૂં કર્તવ્ય ભૂલી. શૈતાન મને ભુલાવતો હતો. આર્ડેને મારા કાનમાં ઝેર રેડયું હતું. મેં તેનું કહ્યું સાચું માન્યું; અને મારા પતિને બેવફા માન્યા પછી મને તેના શબ્દો મીઠા આશ્વાસન જેવા લાગ્યા. આહ! મારી સ્થિતિ વિચિત્ર હતી. જનરલ ઑલિફન્ટ! મારા જેવી એક યુવાન સ્ત્રીને એકાંત કેવું લાગે? તમે જાણો છો કે, આર્ડેન હમેશાં રાત્રે બધું શાંત હોય ત્યારે-બધાં ઉંઘતાં હોય ત્યારે-મળવા આવતો; અને આપણો ભેદ સાચવવા માટે મારે તેને એકલાને એકાંતમાં મળવું પડતું. તમે હું જે સંજોગોમાં મૂકાઇ હતી તેનો વિચાર કરો. મારા પતિને બેવફા માન્યા પછી મેં તે પાપીના શબ્દ પર વધુ વધુ ધ્યાન આપ્યું અને જ્યારે તેણે મને ઇંગ્લંડ લઇ જઇ મહેલમાં રાખવાની-પોતાની પત્નિ બનાવવાની વાત કરી ત્યારે મારી લાગણી પર હું કાબુ રાખી શકી નહિ. બ્રિટીશ કાયદો એક પલમાં મને મર્ટનની પત્નિ તરીકેના બંધનમાંથી મુક્ત કરી આર્ડેનની પત્નિ બનાવી શકશે એમ જ્યારે તેણે કહ્યું ત્યારે એકાંત વરજીનીઆમાંનું મારૂં અસુખી ઘર છોડી બ્રિટીશ પાટનગર લંડનના આલીશાન મહેલમાં રહી અયશઆરામ અને વૈભવ વિલાસની મઝા ચાખવા હું લલચાઇ હોઉં તો તેથી જનરલ! તમે અજબ થશો? પણ ખરેખર, તમે મારા શરમભર્યા પતનની વાત સાંભળવા અહિં આવ્યા નથી પણ મારા વ્હાલા પતિ, જેને મેં દગો દીધો હતો, અને જેમણે મને છેલ્લી પળ સુધી ચાહી હતી તેના મરણના ભયંકર સમાચાર કહેવા આવ્યા છો."

"મને હવે સાંભળી લે, જુલિયા—" જનરલ ઑલીફન્ટે જવાબ આપ્યો.

"અને થોડીક વાત મને કહેવા દે. કારણ કે લૉર્ડ આર્ડેનના કાળાં હૃદયે કેવાં કેવાં કામ કીધાં છે તે તું બધાં નહિ જાણતી હોય. તું જાણે છે કે આખો વરજીનીઆ પ્રાંત સને ૧૬૭૩ માં લૉર્ડ આર્ડેનને ખાસ બાદશાહી સનદ દ્વારા અર્પણ કરવામાં આવ્યો છે પણ એ ભેટથી ત્યાંના રહીશો, બગીચાવાળાઓ તથા વ્યાપારીઓમાં એવો અસંતોષ પેદા થયો કે જ્યારે લૉર્ડ પોતાના સંસ્થાનમાં આવ્યો ત્યારે તેઓ બળવો ઉઠાવવાની હદપર આવી ગયા હતા. તું જાણે છે કે તારા પતિ તથા મારી પ્રજાપ્રિયતાને લીધે લૉર્ડ આર્ડેને ગુપ્ત રીતે અમારી સાથે સંદેશા ચલાવ્યા. પણ રાજાના કમીશનરની પદ્દીપર તે હોવાથી અમારી સાથે છડેચોક ભેળાવાની કે અમને પોતાને

ત્યાં બોલાવવાની તે હિમ્મત કરી શકયો નહિ. તને ખબર નથી, જુલિયા! કે તે વારંવાર વરજીનીઆને સ્વતંત્ર થયલું જોવાની તેની ઇચ્છા છે એમ જાહેર કરતો હતો? જો રાજપક્ષની હાર થાય, પ્રજાસત્તાક પક્ષના લશ્કરને વિજયદેવી વરે તો રાજાનો પક્ષ છોડી દઇ વરજીનીઆને સ્વતંત્ર જાહેર કરી નવા સ્થપાતા સ્વતંત્ર પ્રદેશના પ્રમુખની માનવંતી પદ્દી માટે તે પહેલો બહાર પડશે એમ તે બોલતો હતો તે તને યાદ આવે છે?—હા—એ બધું તેં જ્યારે તે આપણને મધરાતે મળવા આવતો હતો ત્યારે સાંભળ્યું હતું અને હવે વિચાર કર કે એક સ્વતંત્રતા—દેવીનો ભક્ત—ચુસ્ત પ્રજાસત્તાકવાદી ઉમરાવ જે પોતાનું ઉમરાવપદ તજી એક પ્રજાસત્તાક રાજ્યનો નાગરિક થવા તૈયાર થયો હતો તેનું હૃદય કાળું હશે એ હું અને તારો પતિ શી રીતે માની શકીએ?"

"ત્યારે શું એ વિચારોમાં પણ દગો હતો? મારા જેવી ભોળી સ્ત્રીને ફસાવવામાં એ જેવો વિશ્વાસઘાતક બન્યો છે તેવોજ એ તમારી સાથે પણ કપટી બન્યો હતો કે? તમને અને મારા પતિને આપણા લશ્કરની તૈયારી માટે અને સિપાઇઓ મેળવવા માટે તેણે પોતાની લક્ષ્મી ખુલ્લે હાથે ન્હોતી આપી? જનરલ ઑલીફન્ટ!—"

"ત્હારા સવાલના જવાબમાં હજુ મારે થોડોક ખુલાસો કરવાની જરૂર છે—" જનરલ ઑલીફન્ટ બોલ્યો.

"ખરૂં જોતાં એ પ્રથમથીજ દગો રમતો હતો. એનામાં સરલતા કે અકપટતા હતીજ નહિ. સ્વતંત્રતા માટેની ખરી પ્રીતિ—ખરો ભાવ આર્ડેનના દીલમાં હતોજ નહિ—છે પણ નહિ. તેની આંતર ઇચ્છા જો બળવાખોરોનો વિજય થાય તો તેમાંથી લાભ મેળવવાની હતી અને જો રાજાનું લશ્કર વિજયી થાય એવાં ચિન્હો જણાય તો પ્રજાસત્તાક પક્ષને કચડી નાખવાની—દબાવી દેવાની અને બને તો નિર્મુળ કરવાની તેની ધાનત હતી. જો પ્રજાસત્તાનો વિજય થાત તો સ્વતંત્ર સંસ્થાનનો તે પ્રમુખ બનત પણ પ્રમુખ બન્યા પછી પણ એ પોતાની સત્તા વધારી રાજાની આપખુદી પુનઃ ચાલુ કરત. અને અમેરિકન સંસ્થાનનો એજ કર્ત્તાહર્ત્તા વિધાતા થઇ પડતઃ આવી એની યુક્તિ હતી; કે જે માટે મેં સબલ પૂરાવા એકઠા કર્યા છે. જુલિયા! આપણા લશ્કરને લાલ છડિઅનોની ટુકડીએ દગો દીધો—કપટબાજી રમાઇ "સેક ઑાદ્ સ્કેલેટન હૅન્ડ" આગળ આપણી હાર થઇ અને ત્યારથી

લૉર્ડ આર્ડેને પોતાનું સઘળું દ્રવ્ય રાજાના પક્ષના સૈનિકોને ઉત્સાહિત કરવા માટે પાણી પેઠે રેડવા માંડયું કે જેમ એણે પહેલાં આપણી સાથે કર્યું હતું. આવા બદમાશ વિશ્વાસઘાતકનો ભાગ ભજવી તે અમેરિકા છોડી ગયો અને તે સમયે તે તને પણ ઉપાડી ગયો. હવે જુલિયા! તું એ વિશ્વાસઘાતક વિષે શું ધારે છે?"

"જનરલ ઑલીફન્ટ!—" મિસીસ જુલિયા પોતાની ખુરશીપરથી ઉઠી ગુસ્સાથી બળતી આંખો લાલ કરી બોલી.

"તમે ઇંગ્લંડ આવ્યા છો અને હું તેથી ધારૂં છું કે તમે એ વિશ્વાસઘાતીપર ભયંકર વેર લેવાજ આવ્યા હશો. તમે માનશો, જનરલ ઑલીફન્ટ! મારી એ વિકારી ઉમરાવે દુર્દશા કરી નાખી છે- મને એણે તજી દીધી-પોતાના મહેલમાંથી હાંકી કાઢી અને તેના પ્રેમના બદલે તેના અભાવ—તેના તિરસ્કારનો હું ભોગ બની. તમે જુઓ છો કે હું મુફલેસ ભીખારણ થઇ ગઇ છું અને આ સર્વ કંગાલ્યતનું મૂળ એ પાપી છે—" અને આટલું કહી અંગારા જેવી આંખોએ તે જનરલ ઑલીફન્ટ તરફ જોઇ રહી.

"જનરલ! શું હું વેર નહિ લઇ શકું? શું વેર લેવાનું મારે માટે હવે કોઇ પણ સાધન બાકી છે? જ્યારે ઘર વાળી બાઇ મને કોઇ સૈનિક મળવા માગે છે એમ કહેવા આવી ત્યારે મારા મનમાં આશા આવી કે આર્ડેન પોતાની ભૂલની માફી માગી મને ન્યાય આપવા આવ્યો હશે. પણ તેના કરતાં ઓછી ઉમ્મરનો સૈનિક છે એમ જ્યારે તે બોલી ત્યારે મેં મારા પતિ ધાર્યા. આથી વિચાર કરો, જનરલ! જ્યારે મેં તમને જોયા ત્યારે મને કેવી અજાયબી ઉપજી હશે? બોલો, તમે શા માટે ઇંગ્લંડ આવ્યા છો? આર્ડેનપર વેર લેવા તમે અહિં આવ્યા છો?"

"હું આ દેશમાં ઘણા કારણોસર આવ્યો છું. પ્રથમ તો અહિં મારા ગાઢ અને વફાદાર મિત્ર જૉન મરટને પોતાની મરણશય્યાપર મને જે કામ સોંપ્યું છે તે પૂરૂં કરી એ પવિત્ર ફરજના ઋણમાંથી મુક્ત થવા હું અહિં આવ્યો છું. તું કલ્પના કરે છે તેમ લૉર્ડ આર્ડેન પર ભયંકર વેર વાળવા હું આવ્યો છું કે જે માટે મારી પાસે અનેક કારણો છે. તેણે અમને છળ્યા છે એટલુંજ નહિ પણ તારી પવિત્રતાને પણ લાંછન લગાડયું છે તેથી એનાપર વેર લીધા વિના હું જંપવાનો નથી. ત્રીજું મારે મારી નવી કારકીર્દી શરૂ કરવી છે

અને કોઇ બીજા નામથી હું અહિં મારૂં નસિબ અજમાવવા આવ્યું છું."

"તમે અમેરિકામાં જે મહાન કામો કીધાં છે તેજ શું તમારા નામને જગવિખ્યાત નથી કરતાં, જનરલ ?–"

"તને ખબર નહિ હોય કે વરજીનીઆનો બળવો દાબી દીધા પછી રાજા તરફથી એક માફીપત્ર બહાર પડયું હતુ કે જેમાં કેટલાક બળવાખોરોને ક્ષમા બક્ષવામાં આવી હતી. ત્હારો પતિ એ ક્ષમા મેળવી શકવાથી પોતાને ઘેર પાછો ફર્યો પણ ત્યાં તેને ત્હારા વિના આનંદ કે શાંતિ મળ્યાં નહિ. પણ તેં સાંભળ્યું નહિ હોય કે એ માફીપત્રમાં એક જણનું નામ ન્હોતું અને તે કમનસિબ હું હતો. બળવાખોરોના સરદાર તરિકે રાજા સ્હામે થવા માટે મારો ગુન્હો અક્ષમ્ય મનાયો અને મારૂં માથું લઇ જનાર માટે ઇનામ જાહેર થયું. ત્યાર પછી મારે મારી જીંદગી બચાવવા માટે અનેક જોખમો ખેડવા પડયાં. મહિનાના મહિના સુધી રાજાનો પગાર ખાતા રેડ ઇન્ડીઅનો મારી પાછળ લાગ્યા હતા. પણ હું છટકયો. હું એક બીજા ભાગમાં ઘણો વખત રહ્યો. ત્યાર પછી વેષ બદલી હું વરજીનીઆ આવ્યો અને મરટનને ઘેર ગયો. હું તેને છેલ્લી વાર જોવા માટેજ જઇ પહોંચ્યો. તે મરણશય્યાપર હતો. મેં તારા પતિની મરણ સમયની ઇચ્છા જાણી અને મેં તેને તે પાળવાનું વચન આપ્યું. હવે તું સમજી શકશે કે મારા પ્રાણને જોખમે હું ઇંગ્લંડ આવ્યો છું કારણ કે કૅપટન વીલ્ડેર વરજીનીઅન બળવાનો સરદાર ઑલીફન્ટ છે એમ જો કોઇને પણ ખબર પડે તો વેરના ભૂખ્યા ચાર્લ્સના હાથો મારા મોતની આજ્ઞાપર સહી કરતાં જરાપણ ધ્રુજે નહિ. લંડન ટાવરના દરવાજા મારે માટે ખુલ્લા થાય-ફાંસીનું લાકડું ને ફાંસીગરની ક્રૂરતાનો ઉપયોગ થતાં વાર લાગે નહિ અને જનરલ ઑલીફન્ટ હતો ન હતો થઇ જાય. આથી જુલિયા ! મારાથી સીધી રીતે વિશ્વાસઘાતક આર્ડેનપર વેર લઇ શકાય એમ નથી. પણ એ તારૂં કામ છે અને તેનાં સાધનો તને હવાલે કરવામાં આવશે."

"આહ ! કેવું આનંદજનક ? એ પાપીપર વેર લેતાં મેં મારા પતિ તરફ બેવફાઇ બતાવી જે ગુન્હો કીધો છે તેમાં મને કંઇક આશ્વાસન મળશે. હું એનાપર વેર લઇશ–હા–વેર લઇશ પણ તેના સાધનો ? જનરલ ! એ સાધનો ?–" જુલિયા અત્યંત આવેશમાં બોલતી હતી.

"પ્રથમ મને તારા પતિએ જે પવિત્ર કર્તવ્ય સોપ્યું છે તે બજાવવા દે......" એમ કહી તેણે પોતાના કોટના ખીસામાથી ન્હાની છબી અને કાગળો બહાર કાઢ્યા.

"આ તારા પતિની તમે પરણ્યા તે અગાઉની અને એ તને ચાહતાં શીખ્યો તથા ત્હારા પ્રેમના સ્મરણમાં સુખી હતો ત્યારની છબી છે—"

"અફસોસ !—" તે છબી લઇ તે બોલી.

"એક વખત મારો પ્રેમ એમને સુખ આપી શક્યો હતો પણ તેજ તેમના અંત સમયે તેમને ભયંકર શ્રાપ સમાન્ જણાયો હશે—" આટલું બોલી તે છૂટે મોઢે રડી પડી.

"જુલિયા ! એ તારા પતિની છબી મને તેણે પોતાની છેલ્લી ઘડીએ આપી હતી અને તેણે તે સમયે તને ખરા જીગરથી માફી બક્ષી હતી. એ છબી જોઇ તને જેણે ચાહી હતી અને જે હવે આ જગતને તજી ગયો છે તેની તને સ્મૃતિ થશે અને એ સ્મૃતિ તારા ભાવીમાં તારૂં રક્ષણ કરશે—"

"નહિ. હવે મારા ભાવીમાં મને રક્ષકની જરૂર નથી કેમકે જેમ આ હૃદય ચીરાઇ ગયું છે તેમ મારૂં સૌન્દર્ય પણ નષ્ટ થયું છે. હવે આનંદ-પ્રેમ—લાલચ—આકર્ષણ—વૈભવ વિલાસને મારે હંમેશના પ્રણામ કરવા જોઇએ. પણ હું આ છબી પ્રેમથી સ્વીકારૂં છું. એ છબી મને જેનું સ્મરણ કરાવે છે તેના પવિત્ર આત્માના કસમ લઇ કહું છું કે ભૂતકાલ માટે હું ભયંકર પશ્ચાતાપ કરીશ અને પશ્ચાતાપના વારિથી હું મારા પાપમય ભૂતકાલને ધોઇ નાખીશ. તથા જેણે મારી પવિત્રતા કલંકિત કરી છે તેનાપર હું વેર લઇશ. તમારે મારા સ્વર્ગસ્થ પતિ વિષે બીજું કંઇ કહેવાનું છે ?"

"બહુ થોડું. તે ગરિબ અને મુશ્કેલ સ્થિતિમાં મરણ પામ્યો. તેની શક્તિ કેટલાક વરસથી ક્ષીન થઇ ગઇ હતી. તેના બગીચા માગનારોને ત્યાં ગીરો મૂકેલા હતા અને તારે માટે માત્ર આ છબી અને પોતાની આશિષ સિવાય તે કંઇજ બીજું મૂકી ગયો નથી."

"ઘણું—મારી યોગ્યતા કરતાં તો અતિ ઘણું—" હતભાગી જુલિયા પોતાના કરમાયલા ગાલો પરથી આંસુ ટપકાવતા બોલી:

"સદ્દભાગ્યે હું મારા સ્વર્ગસ્થ મિત્રની પરતાની વિધવાને સહાય કરી શકું એવી સ્થિતિમા છું—આ સીક્કા લઇ લે, જુલિયા !" એમ કહી તેણે પોતાનું પાકીટ ટેબલપર ખાલી કર્યું.

"હું તારા ભલા માટે કાળજી રાખીશ. હું તને મારી સ્થિતિ અનુસાર મદદ કર્યો જઇશ કારણકે મેં તને વરસો સુધી બહેન તરિકે ગણી હતી. જો—આ પત્રો જો! એ લૉર્ડ આર્ડેનને હાથે લખાયલા દસ્તાવેજો છે. જ્યારે હું વરજીનીઅન બળવાખોરોની ટુકડીનો સરદાર હતો ત્યારે તારી મારફતે તેણે મોકલેલી છૂપી સુચનાઓ આ પત્રમાં લખેલી છે. જો કે તેમાં સહી નથી પણ લૉર્ડ આર્ડેનના અક્ષરો આ છે એમ કોઇ પણ કહી શકશે. આ દસ્તાવેજોમાંની કેટલીક વાતો એવી છે કે જે લૉર્ડ આર્ડેન સિવાય કોઇ જાણી શકેજ નહિ. માટે આ કાગળો લઇને રાજા પાસે હિમ્મતથી જા—અને આ દસ્તાવેજો નામકાર શહેનશાહના હાથમાં મૂક—"

"પણ લંડનમાં છડેચોક ફરવાથી તમને કોઇ ઓળખશે તેનો તમે વિચાર કર્યો છે? કદાચ તમને રસ્તામાં લૉર્ડ આર્ડેન મળી જાય—તમને ઓળખે—"

"તેની ફીકર નહિ!" તે બહાદૂર યોધ્ધો બોલ્યો:

"આ દસ્તાવેજો રાજાની નજરે પડયા પછી એક કલાકમાંજ આર્ડેનને ટાવરમાં કેદ કરવામાં આવશે. તેને સજા કરવા માટે ટૂંકી તપાસ થશે અને તેનો નિકાલ પણ તરત આવી જશે. આથી જે માણસ મને રસ્તે મળે તો જરા ઓળખી શકે એમ છે તે તો મારા રસ્તામાંથી દૂર થઇ જશે. હું સારી પેઠે જાણું છું કે મારા માતૃદેશ ઇગ્લંડમાં આવવામાં મેં ઘણાં જોખમો ઉભાં કર્યા છે, પણ જુલિયા! હું ભયથી ડરતો નથી. જોખમો સાથે હું રમત રમું છું, વળી મારી પાસે એક જાદુઇ શક્તિ છે કે જે જો મને બળવાખોર ઑલીફન્ટ તરીકે ઓળખવામાં આવશે તો મારૂં રક્ષણ કરશે."

"એમ કહેવાય છે કે, અમેરિકામાં તમે જાદુઇ જીંદગી જીવ્યા હતા. મેં સાંભળ્યું હતું કે તમે અતિ ભયંકર સ્થલોએ જવાનું સાહસ કર્યું હતું અને અનેક ભયંકર જોખમો સહીસલામત પસાર કર્યાં હતાં—"

"હું કંઇ મોટો જાદુગર યા દેવતાઇ શક્તિવાળો પુરૂષ નથી. જુલીયા! પણ એટલું તો ખરૂં છે કે મારી જીંદગી અજબ રીતે બચી છે. અનેક પ્રાણઘાતક જોખમોમાંથી હું જીવતો તારી સામે આવી ઉભો છું. હું જે જાદુઇ શક્તિ મારો બચાવ કરશે એમ બોલ્યો તે કેટલાક ઉચ્ચ પદવી ધરાવતા માણસોના ખાનગીમાં ખાનગી ભેદ છે કે જે તેઓ કદિપણ જાહેર થયેલા જોવા ઇચ્છે નહિ. ગમે એમ પણ

તારે મારી ચિંતા કરવાની જરૂર નથી. હિમ્મતથી રાજા પાસે યોગ્ય પોષાકમાં જા અને આ દસ્તાવેજો તેને બતાવ-"

" કાલે બપોર પહેલાં જો મને કોઇ અટકાવશે નહિ તો આ પત્રો રાજાના હાથમાં જઇ પડશે. જનરલ ઑલીફન્ટ ! તમારી હાજરીને લગતી વાત હું તદ્દન ગુપ્ત રાખીશ એમ તમને ખાત્રી આપવાની જરૂર નથી; કારણકે જો હું તમારો વિશ્વાસઘાત કરૂં તો મારા જેવી પાપીણી કોઇજ નહિ. તમારા મારાપર અસામાન્ય ઉપકારનો બદલો હું એવી શરમ ભરી બેવફાઇથી નહિજ આપું-જનરલ ! તમે મારા તરફ જે મમતા બતાવી છે, મને જે ઉદાર મદદ કરી છે તે માટે તમારો આભાર માનવાના મારી પાસે પૂરતા શબ્દો નથી-"

જનરલ ઑલીફન્ટે હવે જવાની રજા માગી અને ઘરવાળી બાઇ જે બહાર બારણાં આગળ ઉભી રહી બન્નેની વાત સાંભળતી હતી તે તદન ધીમે પગલે ને ત્વરિત વેગે દાદર ઉતરી ગઇ. આવા સુન્દર સૈનિકને ગરિબ-ભીખારણ જેવી જુલીયાને મળવા આવેલો જોઇ ઘરવાળીની અજાયબી વધી ગઇ અને તેણીએ જાસુસી કરી બન્નેની વાત સાંભળવાનો પ્રયત્ન કર્યો. જો કે તેણી બધી વાત સાંભળી શકી નહિ-કેટલાક ભાગ્યા તૂટયા શબ્દોજ તેને કાને પડયા પણ તેણીએ મેળવેલી એ ભાગી તૂટી ખબરની કિમ્મત કેટલી હતી તે આવતા પ્રકરણ પરથી વાંચનાર જાણી શકશે.

પ્રકરણ ૨૧ મું.

કર્નલનો નિશ્ચય.

કર્નલ વીલ્ડેર અથવા જનરલ ઑલીફન્ટે બ્લીડીંગ હાર્ટ યાર્ડ આગળ આવ્યા પછી પોતાના નોકરને રજા આપી હતી. હમ્ફ્રી ફ્લીન્ટને પોતાનો નવો શેઠ આ લત્તામાં કોને મળવા આવ્યો છે તે જાણવાના ઇરાદાથી ત્યાંથી એકદમ જતાં જરા આનાકાની કરી કારણકે તે કર્નલ ગ્રેહામને વધુ ચાહતો હતો અને કર્નલ વીલ્ડેરે જો કે તેની સાથે ઉદારતા ભર્યું વર્તન ચલાવ્યું હતું અને તેનાપર કોઇપણ જાતની સખ્તાઇ ન્હોતી; છતાં એ નીમકહરામ નોકર તેની પાછળ જાસુસી કરવાનું નીચકૃત્ય બેધડક કર્યો જતો હતો. જ્યારે કૅપ્ટન વીલ્ડેરે તેને હોટલમાં પાછા ફરવાની તેને આજ્ઞા કરી ત્યારે તેનો

અનાદર કરવાની હિમ્મત તે કરી શક્યો નહિ. તે એંજલમાં ત્વરિત વેગે પહોંચી ગયો અને કર્નલ ગ્રેહામને વીલ્ડેર સંબંધીની સઘળી વાતથી માહિત કીધો.

આવા ગરીબ લત્તામાં પોતાનો નવો મિત્ર કોને ત્યાં ગયો હશે એ ગ્રેહામ સમજી શક્યો નહિ. તે અજબ થયો પણ કૅપટનનું એક એક પગલું ઓછીવધતી અગત્યવાળું હોવુંજ જોઇએ એવી છાપ એના મનપર પડેલી હોવાથી એણે કૅપટન કોને મળવા ગયો હતો તે શોધી કાઢવાનો નિશ્ચય કર્યો. તે કૅપટન વીલ્ડેર પાછો ફર્યો ત્યાં સુધી ગુપચુપ બેસી રહ્યો અને એનો સાથી હૉટલમાં દાખલ થયો કે તરતજ એ પોતાની શોધ કરવા એનો નવો મિત્ર જ્યાંથી પાછો ફર્યો હતો તે તરફ ચાલ્યો.

બ્લીડીંગ હાર્ટ યાર્ડ આગળ પહોંચ્યા પછી કર્નલને કયા ઘરમાં અમુક અમુક આકૃતિનો અને સુન્દર પોષાકનો સૈનિક બે ત્રણ કલાક પહેલાં આવ્યો હતો તે શોધી કાઢતાં વધુ મુશ્કેલી નડી નહિ. ગ્રેહામે તે ઘર શોધી કાઢયું. એક વયોવૃદ્ધ જણાતી બાઇએ બારણું ઉઘાડયું અને તેને જોતાંજ તેના મુખપરથી ગ્રેહામ ચેતી ગયો કે, લાંચની સ્હામે ટક્કર ઝીલવાની તે બાઇમાં તાકાત નથી. આથી તેણીના હાથમાં એક પૌંડ મૂકી તેણે તેણીને કહ્યું કે તે તેણી સાથે કંઇ ખાનગી વાત કરવા માગે છે. ઘરવાળી બાઇ પીળી ધાતુ જોઇ એટલી બધી રાજી થઇ ગઇ હતી કે તેણી તેને પોતાના ખાસરૂમમાં લઇ ગઇ અને એ ઓરડો એવી ગંધ વાળો હતો તથા ત્યાંની કેટલીક ચીજો એટલી મેલી અને ગંદી હતી કે ગ્રેહામને તેમાં દાખલ થવાનું ગમ્યું નહિ; પણ તે પોતાનું કામ બગાડવા માગતો ન હોવાથી તેણે પોતાની નાપસંદગી ઢાંકી દીધી અને તે બાઇ સાથે તે ઓરડામાં ગયા પછી એક ખુરશી પર બેસી તે બોલ્યો.

“ મેં મારી ઉદારતાની ખાત્રી તરિકે એક પૌંડ તમને અત્યાર અગાઉનો આપી દીધો છે. હવે જે સવાલ હું તમને હમણાં પૂછું તેના જો સાચા જવાબ આપશો અને તે મને કામના થઇ પડશે તો હું તમને બીજો પૌંડ આપીશ-”

“ સાહેબ! હું એ બીજો પૌંડ જીતવા મારાથી બનતું કરીશ-” તે ઘરવાળી બોલી.

“ આજે બે ત્રણ કલાક પહેલાં એક જુવાન, ઉંચો અને સુન્દર

બાંધાનો ગૃહસ્થ જેનું મુખ સહેજ શ્યામળું છે અને જાણે વિદેશની ગરમ હવા તેને લાગી હોય એવું જણાય છે, તે અહિં આવ્યો હતો ?"

"હા. એ ખરી વાત છે, સાહેબ !—" પેલી બાઇએ જવાબ આપ્યો.

"પણ હું ધારૂ છું કે કંઇ ભયભરી બાબત નથી. તે ગૃહસ્થ મને મળવા ન્હોતો આવ્યો—"

"જો તમે ખરા જવાબ આપશો તો તમારે ડરવા જેવું કંઇજ નથી. તે ગૃહસ્થ કોને મળ્યો હતો ?"

"મારી એક ભાડુતને-એક ગરિબ સ્ત્રીને—"

"તેનું નામ ?"

"મિસીસ મરટન."

"આહ !" ગ્રેહામ બૂમ પાડી ઉઠયો. તે સારી પેઠે જાણતો હતો કે થોડાક વરસપર જાગેલા વરજીનીઆના બળવાના નેતાઓમાંના એકનું નામ મરટન હતું. કૅપટન વીલ્હેર અમેરિકન સંસ્થાનના બળવા સમયે લડાઇમાં ઉતર્યો હતો તેને મરટન સાથે એટલે બળવાખોરો સાથેજ સંબંધ હોવો જોઇએ એમ ગ્રેહામે તરત કલ્પના કરી.

"કેટલા વખતથી આ મિસીસ મરટન તમારા ઘરમાં રહે છે ?"

"લગભગ બે વરસ થયાં, સાહેબ !—" તે બાઇએ જવાબ આપ્યો.

"પહેલાં તેણી હૅટન ગાર્ડનમાં ભાડે રહેતી હતી પણ કેટલીક ખરાબ રીતભાતને લીધે ત્યાંના લોકો સાથે એને બન્યું નહિ અને એ આહં આવી."

"ખરાબ રીતભાત એટલે મારે શું સમજવું ?"

"આહ ! બિચારીનું મગજ ઠેકાણે લાગતું નથી. કેટલીકવાર તેણી આખી રાત બડબડતી આમથી તેમ આંટા માર્યા કરે છે-કોઇના પર વેર લેવાની વાત કરે છે પણ કોઇનું નામ દેતી નથી અને કોઇને અહિં આવી તેણીને માફ કરવાની અરજ કરે છે-અને તે હું હવે ધારૂં છું કે તેનો પતિ હોવો જોઇએ-"

"તેણી આવા લત્તામાં રહે છે એટલે તેની પાસે વધુ પૈસા નહિ હોય-"

"નહિ સાહેબ ! જ્યારે એ પહેલ વહેલાં અહિં આવી ત્યારે તેની પાસે કેટલાક અલંકારો અને એક ઘણું સુન્દર કબાટ હતું. પણ ધીમે-ધીમે સઘળી ચીજો વેચાઇ ગઇ અને તેણી ભારે સંકટમાં આવી પડી. તેણી પહેલાં રહેતી હતી ત્યાંથી મને ખબર

પડી કે તેણી જ્યારે પહેલ વહેલી હૅટન ગાર્ડનમાં આવી ત્યારે તેણી પાસે અનેક કિમતી ચીજો હતી. એ બધી તેણીએ વેચી ખાધી-"

"ત્યારે પેલો ગૃહસ્થ જેને મળવા આવ્યો હતો તે મિસીસ મર્ટન હતી ?"

"હા. એજ બાઇને તે મળ્યો હતો."

"હવે મને ખુલ્લા દિલે કહી દો કે તમે એમની વાતચીતનું કારણ જાણો છો ?" એમ કહી કર્નલ ગ્રેહામ તે બાઇ તરફ સ્થિર આંખોએ એક પલ જોઇ રહ્યો. તે બાઇના દેખાવપરથી તેની ખાત્રી થઇ કે તેણી બન્નેની વાતચીતથી તદ્દન અજાણી નથી.

"મને લાગે છે કે જે ખબર મારે: જોઇએ છે તે તમે આપી શકો એમ છો. જલદી બોલો અને બીજો પોંડ મેળવો—"

"જુઓ, સાહેબ ! હું સાચે સાચું કહી દઇશ-મને જરા અજાયબી લાગી...અને તેથી—પણ કંઇ ભય તો નથીને ?"

"નહિ-નહિ-સાચું બોલો-તમે તેમની વાત સાંભળી ?"

તે બાઇએ હકાર દર્શક માથું હલાવ્યું.

"મેં ધાર્યું હતુંજ. હવે તમે શું સાંભળ્યું તે કહો-"

"હું વધુ સાંભળી શકી નથી, સાહેબ ! કારણ કે બન્ને જણ બહુ ધીમે વાત કરતાં હતાં. પણ વચમાં વચમાં મિસીસ મરટન ફરફેરાઇ જઇ બે ચાર શબ્દ મોટેથી બોલી દેતી. મેં જે સાંભળ્યું તે પરથી જણાય છે કે તેણીનો પતિ દૂર વિદેશમાં મરણ પામ્યો હતો અને તેણે જનરલ ઑલીફન્ટને—"

"જનરલ ઑલીફન્ટ ?-" ભારે અજાયબીથી કર્નલ ગ્રેહામ બોલ્યો.

"પણ—ચલાવ—ચલાવ—જનરલ ઑલીફન્ટનું શું ?"

"જનરલ ઑલીફન્ટને તેણે પોતાની છબી આપી પોતાની પત્નિને તે આપવાનું તથા તે સમયે પોતે તેણીને માફી બક્ષે છે એ વાત તેણીને કહેવાનું તેણીનો પતિ કહી ગયો હતો. ત્યાર પછી કંઇ અગત્યના દસ્તાવેજોની વાત થઇ હતી અને તેમાં લૉર્ડ આર્ડેન તથા નામદાર શહેનશાહના નામો દેવાયાં હતાં. વળી મેં સાંભળ્યું હતું-બહુ ધીમેથી-હું ખાત્રીથી કહેતી નથી-પણ એમ જણાય છે કે, મિસીસ મર્ટન ખુદ શહેનશાહ પાસે કેટલાક દસ્તાવેજો લઇ જવા માગે છે. જનરલ ઑલીફન્ટે તેણીને થોડાક પૈસા આપ્યા. તે સિક્કાનો

અવાજ મેં ટેબલપર સાંભળ્યો હતો તે ખાલી ગયા પછી મિસીસ મરટને ચઢેલું ભાડું ચૂકવી દીધું તથા કંઇ ખરીદી કરવા બહાર ગઇ. તેણી હજુ પાછી ફરી નથી–"

"બસ–આટલુંજ તમે સાંભળ્યું ?" કર્નલ ગ્રેહામે આતુરતાથી પૂછ્યું.

"વિચાર કરો–યાદ કરો–તમે કંઇ ભૂલી ગયાં નથી ? યાદ રાખો–એકે એક વાત મને બહુ અગત્યની છે—"

"નહિ સાહેબ ! મેં બધું તમને કહી દીધું છે. હું કંઇજ ભૂલી નથી.

"ત્યારે આ બીજો પૌંડ લો અને જુઓ, મારી મુલાકાત સંબંધી કોઇને કંઇ પણ કહેતા નહિ. મિસીસ મર્ટનને એક પણ શબ્દ નહિ કહેતાં. આપણી વચ્ચે જે વાત થઇ તે સંબંધી તદ્દન ચુપ રહેજો. હાલમાં જનરલ ઑલીફન્ટ અને મિસીસ મર્ટન વચ્ચે થયલી વાત તમે તદનજ ભૂલી જજો—"

તે બાઇએ કર્નલ ગ્રેહામની સૂચના પ્રમાણે વર્તવાનું વચન આપવાથી કર્નલ ગ્રેહામ તે બાઇને બીજો પૌંડ આપી ત્યાંથી વિદાય થયો. હવે તેને કંઇ નિશ્ચય કરવાનો રહ્યોજ ન્હોતો. જનરલ ઑલીફન્ટને બ્રિટિશ સંસ્થાનોના કોઇપણ ભાગમાં પકડવા માટે એક મોટી રકમનું ઇનામ જાહેર થયું હતું. ગ્રેહામને તેની હમણાંની ભીખારી હાલતમાં એ રકમ દૈવી સંપત્તિ જેવી થઇ પડે એમ હતું. વળી લૉર્ડ આર્ડને તેને સંપૂર્ણ કર્નલસી તથા નાઇટહુડનો ખિતાબ અપાવવાનું ગંભીર વચન આપ્યું હતું. આ બધા લાભો કરતાં જનરલ ઑલીફન્ટ સાથ મિત્રતા બાંધવાથી તેને વધુ લાભ મળે એમ એને લાગ્યું નહિ. બુરખા પાર્ટીમાંના જાદુગરને લૉર્ડ આર્ડન આગળ ઉઘાડો પાડવાનો એણે નિશ્ચય કરી નાખ્યો અને બીજી ત્રીજી બાબતનો વિચાર કરવાની કર્નલ સાહેબે દરકાર કરી નહિ.

હૉટલમાં જવાને બદલે તે સેંટ જેમ્સ સ્કવેરમાંના લૉર્ડ આર્ડનના આલીશાન ઘર આગળ ગયો. ઉમરાવ એ સમયે ઘરમાંજ હોવાથી કર્નલ ગ્રેહામને તરતજ એક ઓરડામાં લઇ જવામાં આવ્યો કે જ્યાં ઉમરાવ ભોજન લઇ ફલ અને દારૂને ન્યાય આપતો બેઠો હતો. ઉમરાવ તેના વદનપરથીજ કર્નલ કંઇ અગત્યના કામ માટે આવ્યો હતો એ સમજી ગયો અને તેનું તેણે ગરમાગરમ સ્વાગત કર્યું.

"મારા લૉર્ડ! તમે વ્હાઇટ હૉલ પૅલૅસમાં ડચેસ ઑફ પોર્ટ-સમથના ભવ્ય હૉલમાં મને જે વચન આપ્યું હતું તેનું ઇનામ મેળ-વવા હું અહિં આવ્યો છું—"

"આહ! ત્યારે તમે જે તપાસ હાથમાં લીધી હતી તેમાં તમે વિજય મેળવ્યો લાગે છે!—" લૉર્ડ આર્ડેન વધતી જતી આ-તુરતાથી બોલ્યો.

"હાજી. હું જે માણસે જાદુગરનો વેષ ભજવ્યો હતો તે કોણ હતો તે આપ નામદારને કહી શકું એમ છું."

"કોણ? તેનું નામ દો—" લૉર્ડ આર્ડેન ઉશ્કેરાઇ બોલી ઉઠયો.

"વરજીનીઆનો બળવાખોર—જનરલ ઑલીફન્ટ!—"

"ઑલીફન્ટ! ઇંગ્લંડમાં!" લૉર્ડ આર્ડેન અજાયબીથી બરાડયો.

"મને એના પર તો શક આવ્યોજ ન્હોતો—હું એ જાદુગરને મરટન ધારતો હતો—"

"કર્નલ મરટન હવે આ જગતમાં નથી, મારા લૉર્ડ!"

"ત્યારે જેની મને બહુ બ્હીક લાગતી હતી તે મારા રસ્તા-માંથી દૂર થઇ ગયો છે—" તેના મુખપર સંતોષની છાયા ફરી વળી.

"તમારે વધુ કંઇ કહેવાનું છે, કર્નલ? ઑલીફન્ટ હમણાં ક્યાં રખડે છે?"

"આહ! એના જેવો હિમ્મતવાળો મેં કોઇ જોયો નથી. એ મારી સાથે—મારી બાજુમાં રહ્યો—પણ એની ચાલ ચલગતપરથી એના મુખપર કંઇ પણ ભયની નીશાની મને જણાઇ નહિ. કેવો ભય રહિત મનુષ્ય! એ ચૅરીંગ ક્રોસ નજીક "ઍન્જલ" હૉટલમાં ખોટા નામે રહે છે.—"

"અને તે ખોટું નામ?"

"કૅપ્ટન વીલ્ડેર!"

"ઠીક—બીજું કંઇ?—" લૉર્ડ આર્ડેને પૂછ્યું.

"હા. મારે આપ નામદારને કહેવું જોઇએ કે જનરલ ઑલી-ફન્ટ આજે કોઇ મિસીસ મરટનને મળવા ગયો હતો—"

"મિસીસ મરટન—જુલિયા—ચાલો—બોલો—" લૉર્ડ આર્ડેન બબડયો.

"તે એ બાઇને એક કંગાળ ઝુંપડામાં મળવા ગયો હતો. એ બાઇ હૅટન ગાર્ડનની નજીક બ્લીડીંગ હાર્ટ યાર્ડ આગળ રહે છે. તેમની વચ્ચે બહુ ગંભીર વાતચીત થઇ હતી—"

" વાતચીતનો વિષય શું ? "

" હું તે વિષે સંતોષકારક ખુલાસો આપી શકું એમ નથી. જેણે એ વાતચીત સાંભળી હતી તેણે ભાગ્યાતૂટયા શબ્દો સાંભળ્યા છે તો પણ તેણીએ મને કહ્યું છે કે ચોક્કસ નામો બોલાયાં હતાં જેમાં તમારૂં અને નામદાર શહેનશાહનું નામ પણ હતું. વળી કંઇ અગત્યના કાગળોની વાત થઇ હતી અને એમ જણાય છે કે મિસીસ મરટન નામદાર રાજાને અલ્પ સમયમાં મળવા જવાની છે."

" આહ !–" લૉર્ડ આર્ડેનનું મ્હો આ સાંભળી ઉતરી ગયું. ચાલુ વાતચીત દરમિયાન ઘણી વાર તેનું મ્હો ઉતરી ગયું હતું.

" તમે ધારો છો કે મિસીસ મરટન પેલા અગત્યના કાગળો સહિત રાજા પાસે જવા માગે છે ? "

" હું કહી શકતો નથી, મારા લૉર્ડ ! પણ મને લાગે છે કે એમજ હોવું જોઇએ. હવે મારે આપ નામદારને કંઇ કહેવાનું રહ્યું નથી; પણ મને કહેવા દો કે જનરલ ઑલીફન્ટને પકડવા માટેના ઇનામપર મારો હક્ક છે."

" તે તમનેજ મળશે, કર્નલ ! તે તમનેજ મળશે. આજે સાંજે મારી પાસે આવજો અને હું વચન આપું છું કે ઇનામની રકમ તૈયાર રહેશે એટલુંજ નહિ પણ નામદાર શહેનશાહની સેવામાં કર્નલના બધા હક્કો સાથે તમારી નીમણુક થશે તથા નામદાર શહેનશાહની સેવામાં હાજર થઇ નાઇટ હુડનો ખિતાબ લેવા માટેનો દિવસ પણ નક્કી થઇ જશેઃ પણ એટલો વખત આ વાત તદ્દન ગુપ્ત રાખજો–"

" તેની જરા પણ ચિંતા નહિ કરો, મારા લૉર્ડ !–" આટલું બોલી કર્નલ ગ્રેહામ ત્યાંથી ચાલી ગયો.

" હવે ઑલીફન્ટ !–" લૉર્ડ આર્ડેન એકલો પડયા પછી સહેજ મ્હોટેથી આનંદમાં આવી બોલ્યો.

" હવે મારી ને ત્હારી વચ્ચે લડાઇ શરૂ થઇ છે. તું જાણે છે કે હું તારા હાથમાં છું–પણ આપણે હવે જોઇ લઇશું. એ સ્પષ્ટ છે કે હું અને તું બન્ને લંડનના વાતાવરણમાં સ્વતંત્રતાથી ફરી શકીએ એ અશક્ય છે. એકે બીજાનો રસ્તો મોકળો કરવોજ જોઇએ. તું મારા પર વેર લેવા માગે છે. પણ હું તને પહેલો ફટકો લગાવીશ–અને એ પહેલોજ ફટકો તને પૂરો કરી મૂકશે ! આહ ! તેં તે રાતે મારા કાનમાં કહેવાની હિમ્મત કરી કે, " એક વિશ્વાસુ મિત્રની

પત્નિની પવિત્રતા લૂટનાર બદમાસ ! આલીફન્ટ-મરટન અને વરજીનીઆના દેશ ભક્ત વીરલાઓના વિશ્વાસ-ઘાતી!" આ ભયંકર શબ્દો તું બોલ્યો હતો-પણ ત્હારી ઉદ્ધતાઇની તને બરાબર સજા થશે-હવે એક પલ પણ ગુમાવવા જેવી નથી. હું હમણાંજ મહારાજા પાસે જાઉં છું—"

પ્રકરણ ૨૨ મું.

મંત્રણાગૃહ.

બપોરે ચારેક વાગ્યાનો સમય હતો. ઇંગ્લંડનો રાજા ચાર્લ્સ બીજો વ્હાઇટ હૉલમાંના પોતાના ખાનગી મંત્રગૃહમાં બેઠો હતો. તે એકલો હતો. તે જવલ્લેજ એકલો માલૂમ પડતો; કારણ કે તેને એકાન્તવાસ પ્રિય ન્હોતો અને પોતાની સૌન્દર્યસંપન્ન વિલાસ દાસીઓ તથા વિકારી મિત્રોના સહવાસમાંજ તેને આનંદ મળતો: પણ હમણાંનો પ્રસંગ જુદો હતો. તે કોઇની આતુરતાથી રાહ જોતો હતો કે જેને તેણે આજે સ્હવારે લંડન આવી તેને અમુક સમયે મળી જવાની ખાસ આજ્ઞા ઘોડેસ્વારદ્વારા કરી હતી. તે ઘોડેસ્વાર રાજાજ્ઞા પ્રમાણે તે સખસ રાજાની સેવામાં હાજર થશે એવી ખબર સાથે પાછો ફર્યો હતો અને એ મનુષ્યની ચાર્લ્સ હમણાં રાહ જોતો હતો. એને વધુ આતુરતાથી રાહ જોવી પડી નહિ કેમકે ઘડિયાળમાં જેવા ચારના ટકોરા પડ્યા તેવોજ એક નોકર અંદર આવી બોલ્યો:

" સર વિલિયમ બ્રાન્ડ—"

સર વિલિયમને રાજાએ ઠંડો આવકાર આપ્યો. આથી તે જરા અજબ થયો તથા દિલગીર થયો. તે વિનિત સ્વરે બોલ્યો.

" મને લાગે છે કે જે શહેનશાહની મેં નીમકહલાલીથી અત્યાર સુધી સેવા બજાવી છે તે નામદારની મારા પરની કૃપા ઓછી થઇ છે—"

" મને શંકા છે, સર વિલિયમ ! કે એક બાબત જે બહુજ અગત્યની અને ઘણીજ ગંભીર છે તેમાં તમે તમારી નીમકહલાલી બરાબર બતાવી નથી-" રાજા કિંચિત કઠોરતાથી બોલ્યો.

" આપ નામદારના શબ્દો મને આજથી કેટલાક વર્ષપર બનેલા

એક બનાવની યાદ આપે છે–એજ બનાવ વિષે આપ નામદાર વાત કરો છો ?"

"હા એજ. એજ ગંભીર અને ગુપ્ત બનાવની હું વાત કરૂં છુંઃ પણ તમારે વધુ ખુલાસો એ સંબંધી કરવાની જરૂર નથીઃ કારણ કે આ દિવાલોને પણ એવા છૂપા ભેદ સાંભળવા માટે કાન હોય છેઃ પ્રભુ જાણે કેમ એ વાત બહાર પડી છે. ટૂંકામાં સર વિલિયમ! તમે મારા વિશ્વાસનો ભંગ કર્યો છે–"

"નહિ–કદિ પણ નહિ નામદાર!" સર વિલિયમ પોતાના શબ્દોપર ભાર મૂકીને બોલ્યો. ચાર્લ્સની આંખો એના મુખપર સખ્તાઇથી જોઇ રહી હતી તે એનાથી ખમાયું નહિ.

"ખરેખર, સર વિલિયમ! તમારાપર શક લાવતાં મને દુઃખ થાય છે કે જેની નીમકહલાલી માટે, જેની મારા તરફની પ્રીતિ માટે મને ગઇ રાત સુધી જરા પણ શંકા ન હતી...." રાજા બોલ્યો.

"આપ નામદાર મને ગંભીર અન્યાય કરો છો–હું ગંભીરતાથી કહું છું કે આપ નામદાર મને અન્યાય કરો છો—"

"ગમે એમ હો–પણ એ ભેદ હવે ભેદ નથી. એ વાત એક જણે જાણી છે..." રાજા હજુ પણ પોતાની આંખો સર વિલિયમના મુખપર તાકી રાખી ગંભીર સ્વરે બોલ્યો.

"તમે બેદરકારીથી બેચાર બોલ કોઇ જગ્યાએ બોલ્યા હશો–કેફી દશામાં તમે એ ભેદ ખુલ્લો કર્યો હોય તો તે બનવા જોગ છે અથવા તમે સ્વપ્નામાં કંઈ બબડયા હશો અને તે કોઇએ સાંભળી લીધું હશે—"

"હું આપ નામદારને ખાત્રી આપું છું કે એમાંનું કંઇ પણ બન્યું નથી. બેદરકારીથી કંઇ પણ બકી જાઉં એવો હું આ દુનિયામાં છેલ્લો માણસ છું. હું દારૂ વધુ પીતો નથી અને નીશામાં કંઇ બક્યો હોઉં એ અશક્ય છે. મારા સ્વપ્નામાંના બડબડાટની વાત બનવાજોગ છે; પણ તે કોઇ સાંભળી જાય એ તદ્દન અશકય છે. કારણ કે "નીધર હૉલ"ના બારણા મામુલી લાકડાના નહિ પણ મજબૂત ઓકના બનેલા છે. ટૂંકામાં હું ખાત્રીથી કહું છું મારા નામદાર! કે મેં આપના વિશ્વાસનો ભંગ કર્યો નથી..."

"તો પણ સર વિલિયમ!–" રાજા તરતજ બોલ્યો.

"એ ભેદ ખુલ્લો થઇ ગયો છે. મેં વિચાર કર્યો કે પ્રથમથી

એ વાત ચાર જણ જાણતા હતા–જેમાના બે તો લાંબા સમયથી મરણ પામ્યા છે–આથી એ વાત મારી ને તમારી વચ્ચેજ છુપાયલી છે. તમારી પત્નિ લેડી બ્રાન્ડે એ વાત કોઇને કહી હોય એવું તમે ધારો છો ? ”

“ એ કલ્પનાજ ભૂલભરી છે, નામદાર! કારણ કે મારી પત્નિને આપ નામદારનો વિશ્વાસઘાત કરવાથી શું લાભ ? આપની સેવા કરવાથી, આપને વફાદાર રહેવાથીજ અમારી ઉન્નતિ થઇ હતી અને થશે–નહિ, રાજન્ ! મારી પત્નિએ એ ભેદ કોઇને પણ કહ્યો નથી: અને ધારો કે કહ્યો હોય તો તેના મૃત્યુ પછી આટલા લાંબા સમય સુધી આપ તે ન જાણી શકો ? લેડી બ્રાન્ડના મરણ પછી પંદર વર્ષે એ વાત આપના કાન પર આવે છે એ અજબ જેવું નથી ? ”

“ ખરૂં–” રાજા વિચારમાં પડી કિંચિત મુઝાઇ બોલ્યો.

“ જો મેં તમને કંઇ અન્યાય કર્યો હોય–મને લાગે છે કે મેં તેમ કર્યું છે– તો હું તમારી માફી માગું છું. પણ એ છૂપી વાત કેમ બહાર પડી હશે ?—”

“ આપ નામદારને કોઇએ એ વાત કહી હતી ?—”

“ હા–એ અજબ જેવી વાત છે. ગઇ રાત્રે ડચેસ ઑફ પોર્ટ્‌સમથના રંગમહેલમાં એક બુરખાપાર્ટી હતી. તેમાં એક સખ્સે પૌર્વાત્ય જાદુગરનો વેષ ભજવ્યો હતો. એ મનુષ્યે પોતાનો ભાગ એવી ચતુરાઇ અને ચાલાકીથી ભજવ્યો કે મારૂં તેના તરફ ધ્યાન ખેંચાયું–મેં આનંદના આવેશમાં તેને પોતાની શક્તિ મારા પર અજમાવવાનો હુકમ કીધો તે પરથી તે મારા કાનમાં કેટલાક શબ્દો બબડ્યો જે પરથી મારી ખાત્રી થઇ કે, જે વાત હું આપણી બેની વચ્ચેજ દટાયલી સમજતો હતો તે જાણનાર એક ત્રીજો સખસ હતો. હું એટલો બધો અજબ થયો કે વિવેકની કે રિવાજની દરકાર કર્યા વિના મેં તેને તેનો બુરખો કાઢી મને તેનું મ્હોં બતાવવા આજ્ઞા કરી. પણ તે મારે મન તદ્દન અજાણ્યો હતો. મેં તેને કદિ પણ જોયો ન્હોતો. સૂર્યની પ્રખર ગરમીથી તેનું વદન તામ્રવર્ણી થયું હતું. પણ તેનું વદન આકર્ષક હતું. તે કોણ હતો તથા બુરખાપાર્ટીમાં શી રીતે આવ્યો તે હું જાણી શક્યો નહિ.”

“ બહુ અજબ જેવું છે, નામદાર !–” સર વિલિયમ પણ અજાયબીથી હિંગ થઇ જઇ બોલ્યો.

"મેં તેનો બુરખો દૂર કઢાવી તેનું મ્હો જોયું તે પહેલાં તે જાદુગરના પોષાકમાં તમે મારી મશ્કરી કરતા હશો એવું મેં એકપલ ધાર્યું હતું અને જો કે તેની ને તમારી ઉંચાઇ સરખીજ છે પણ તમારા શરીરનો બાંધો સરખો નથી. ગમે તેમ હો—હું તમારા શબ્દો માનું છું અને તમે મારા રાજકુટુંબ તરફ જે પ્રીતિ તથા નીમક-હલાલી બતાવી છે તે ભૂલી જઇ આજે હું કંઇક સખ્તાઇથી તમારી સાથે વર્ત્યો હોઉં તો તે માટે તમારી પુનઃ માફી માગું છું. હવે એ વિષે હું વધુ વાત કરવા માગતો નથી." છેલ્લા શબ્દો બોલી તેણે સર વિલિયમની હવે કંઇ જરૂર નથી એવી આડકતરી સુચના કરી.

તરતજ સર વિલિયમે શહેનશાહની રજા લીધી અને તેના ગયા પછી તરતજ લૉર્ડ ઑર્ડનના આગમનની ખબર મળી. તે જ્યારે રાજાના ખાનગી ઓરડામાં દાખલ થયો ત્યારે તેના હંમેશના આનંદી મ્હોપર ગંભીરતા છવાયલી જોઇ રાજા તે કંઇ અગત્યની વાત કરવા આવ્યો છે એ સમજી ગયો.

"અરે! ઑર્ડન! જાણે તું હવે તારી ઉત્તરાવસ્થામાં સાધુ થઇ જવાનો હોય એવો દેખાવ કરી કેમ રાજમહેલમાં આવ્યો છે? તારે મને પણ સાધુ બનાવવો છે કે શું?" રાજાએ મશ્કરીયુક્ત સ્વરે કહ્યું.

"હું આપ નામદારને એક અતિ અગત્યની ખબર આપવા આવ્યો છું કે જે ખબર જેણે મેળવી આપી છે તેને આપ નામદાર બાદશાહી ઢંઢેરા મારફતે જાહેર થયલ ઇનામ ઉપરાંત યોગ્ય ખિતા-બથી નવાજવાને આનાકાની કરશો નહિ એવી મને ખાત્રી છે—"

"ચલાવ, આર્ડન! ચલાવ—તું જાણે છે કે મને શંકાશીલ સ્થિતિ ગમતી નથી—જલદી કહી દે—"

"આપ નામદારને હું એ કહેવા આવ્યો છું કે પ્રખ્યાત વરજી-નીઅન બળવાખોર જનરલ ઑલીફન્ટ—"

"બળવા દે એ નામ! એનું નામજ મારી આગળ ના બોલ—એ બદમાસે મારા અમેરિકન સંસ્થાન મારા હાથમાંથી ખુંચવી લીધા હોત. પણ હવે એનું શું છે? એણે શું કીધું? એ પક-ડાયો છે?"

"નહિ—હજુ પકડાયો નથી, નામદાર! પણ જો આપ નામદાર ચાહો તો રૉયલગાર્ડનો એક અમલદાર એ બદમાસને પકડી શકે એમ

છે, કારણકે વીલ્ડેરના ખોટા નામથી એ બળવાખોર હમણાં ચૅરીંગ ક્રૉસ નજીકની હૉટલ ઍંજલમાં મોજ કરે છે–"

"આહ! એમ બાબત છે? ત્યારે તો એને હવે પૂરોજ કરવો જોઇએ–જા–આર્ડેન! મારા સેક્રેટરીને કહી રૅાયલ વૉરંટ તૈયાર કરાવી લે—"

"જો આપ નામદારની રજા હોય તો હું બીજી કેટલીક વાત આપને કહેવા માગું છું. જો એ બદમાસ બળવાખોરે રાજમહેલની દિવાલો ઓળંગી રાજમહેલમાં આવવાનું સાહસ ખેડયું હતું એમ હું આપ નામદારને કહું તો આપ શું ધારશો ?"

"પણ એ શું શકય છે ?"

"શકય ? મારા નામદાર! એમ ખરેખર બન્યું હતું અને ગત રાત્રે જાદુગરના વેષમાં આવેલો માણસ કોઇ નહિ પણ જનરલ ઑલી૦ ફન્ટ હતો."

"આહ! નીચ–બદમાસ!–તે પોતાના શહેનશાહનું ખૂન કરવા આવ્યો હશે—"

"હા, નામદાર! એ સિવાય તેનો બીજો કોઇ હેતુ હોય એ માની શકાય એમ નથી; પણ એ પોતાના રાજકર્તાની ભવ્ય મૂર્તિ જોઇ ડઘાઇ ગયો હશે—"

"આહ! ત્યારે એ ઑલીફન્ટ હતો–પેલો જાદુગર જેણે મને પેલા ભેદી શબ્દો કહ્યા હતા! આહ! એ વિચિત્ર છે–ઘણુંજ વિચિત્ર! એ મારો ભેદ શી રીતે જાણી શકયો ?—" અને રાજા અશાંતિ વધી પડતાં પોતાના ઓરડામાં આમથી તેમ ફરવા લાગ્યો.

"માફ કરજો, રાજન! પણ જો આપ નામદારને નાખુશ કરે એવી કંઇ ખબર એ બદમાસના જાણવામાં આવી હોય તો તે માટે અત્યારથીજ સખત પગલાં લઇ એ વધુ બદમાસી ન કરે તેની કાળજી રાખવી જોઇએ–" લૉર્ડ આર્ડેને સમય આવેલો જોઇ રાજાના કાનમાં ઝેર રેડયું.

"ખરેખર—" આર્ડેનના ભાષણથી કંઇક રાજી થઇ બોલ્યો.

"એ એક કિમતી ભેદ જાણે છે. પણ તેની કંઇ ફીકર નહિ. એ કોઇ બીજાને એ વાત કહે તેવી તક એને હવે મળવી ન જોઇએ."

"એમજ થવું જોઇએ, મારા નામદાર! હું નમ્રતાથી આપ નામદારને ભલામણ કરૂં છું કે એને એકદમ કેદ કરી ટાવરમાં મોકલી

દેવો. આપ નામદારની આજ્ઞાનો ઘડીના છઠ્ઠા ભાગમાં અમલ થશે, બળવાખોર ઑલીફન્ટ લંડન ટાવરમાં એકાદ વગર ભાડાની કોટડીમાં હવા ખાવા જશે અને આપ નામદારના નીમકહલાલ નોકરોમાંથી એક જણને ચૂંટી કાઢી તેનાપર તપાસ રાખવામાં આવશે. એને કેદ કર્યા પછી જેલરને કહી દઇશું કે એનું મગજ જરા ખસેલું છે. એટલે એના બક બકારાપર કોઇ ધ્યાન આપશે નહિ–" લૉર્ડ આર્ડને પોતાના શત્રુને યમ શરણ કરી દેવાનો ઉપાય બતાવ્યો અને જુલમી ચાર્લ્સને એ ઉપાય રામબાણ જેવો જણાયો.

" ત્હારા સમ, આર્ડન ! તેં એ બદમાશને સજા કરવાનો ઉત્તમમાં ઉત્તમ રસ્તો બતાવ્યો છે–જા–જેલરને જઇને સખ્ત ભાષામાં કહેજે કે એ બદમાસને મ્હોડેથી અથવા પત્રદ્વારા કોઇની પણ સાથે સંદેશા વહેવાર ચલાવવા ન દે–"

" આપ નામદાર એક બાહોશ રાજકર્ત્તાના જેવાજ હુકમ કરો છો. તપાસ માટે, મારા નામદાર ! હું ધારૂં છું કે આવા અક્ષમ્ય બળવાખોરની જાહેર તપાસ થવાની કંઇ જરૂર નથી. ફક્ત એ ઑલીફન્ટજ છે, એટલી ખાત્રી કરવાનીજ જરૂર છે–"

" અને તે ખાત્રી તમે કરી લેજો કારણકે તમે વરજીનીઆમાં એ બળવાખોરને જોયો હતો–"

" હા, નામદાર ! એક બે વાર જોયો હતો–હું એને ઓ. ળખી શકીશ."

" બસ ત્યારે એમજ કરજો. તપાસ માટે કાઉન્સીલનો એક ઑર્ડર પૂરતો છે–એ વરજીનીઅન બળવાખોરને જેમ બને તેમ જલદી દુનિયામાંથી રવાના કરવામાંજ સાર છે–પણ આર્ડન ! એ તારા કાનમાં શું ગણગણ્યો હતો ? હું ધારૂં છું કે વરજીનીઆમાંના તારા કોઇ કામને લગતી ખબર એને મળી હશે કે જે તું ઇંગ્લંડમાં જાણવા દેવા નહિ માગતો હોય–"

" આપ નામદારની કલ્પના સત્ય છે–વાત એમ છે, નામદાર ! કે મારૂં એક પ્રેમ પ્રકરણ એ બદમાસ જાણે છે કે જે હું પ્રકાશમાં લાવવા ઇચ્છતો નથી–"

" આહ ! ત્યારે તું પણ રસિકતામાં આગળ વધે છે, ખરો ! "

" મારે મારા રાજકર્ત્તાના ઉમદા વર્તનનું અનુકરણ કરવુંજ જોઇએ, નામદાર !–"

"વારૂ, હવે એ વાત જવા દે. તારે કંઇ વધુ કહેવાનું છે? આ ખબર મેળવવા માટે તું કોને આભારી છે? જનરલ ઑલીફન્ટને પકડવા માટેના ઇનામપર કોનો દાવો છે?"

"હર્ટફર્ડશાયરની ડ્રેગુનના વફાદાર કમાન્ડર કર્નલ ગ્રેહામે આપ નામદારની સેવા બજાવવા આ શોધ કરી છે—"

"ગ્રેહામ! હું એને પસંદ કરૂં છું—આર્ડેન! એ નાઇટહુડને લાયક છે, ખરૂં?" રાજાએ પુછ્યું.

"હું આપ નામદારના અભિપ્રાયને મળતો છું અને જો હું નમ્રતાથી સૂચના કરવાની હિમ્મત કરૂં તો કર્નલ ગ્રેહામ પોતાની લશ્કરી નોકરીમાં જો તેને કર્નલ તરિકેના બધા હક્ક મળશે તો વધુ રાજી થશે અને તેથી તે આપ નામદારની ઉદારતાથી આપની સેવા વધુ વફાદારીથી ભવિષ્યમાં બજાવશે—"

"બરાબર—બરાબર—આર્ડેન" રાજા આનંદ પામી બોલ્યો. "હું તે મુજબની આજ્ઞા કરી દઇશ. પણ જો—એ બળવાખોરને પકડવામાં જરાપણ ઢીલ થાય નહિ. એક કલાકમાં તે આપણો કેદી થવો જોઇએ. આજની રાત તેને ટાવરમાં પડી રહેવા દેજે. આવતી કાલે હું કાઉન્સીલ બોલાવીશ અને એને પૂરો કરવા માટેનો ઘટતો હુકમ પસાર કરીશ."

લૉર્ડ આર્ડેન રાજાને નમન કરી ત્યાંથી બહાર નીકળ્યો. તેને મળેલા વિજયથી તેનું હૈયું હર્ષથી ઉછાળા મારી રહ્યું હતું. હવે ઑલીફન્ટ તેને સતાવી શકે એમ ન્હોતું; પણ હજુ જુલિયા મરટન અને પેલા કાગળોનો એને ભય હતો. છતાં હમણાં મળેલા વિજયથી પ્રોત્સાહિત થઇ બીજી બાબતમાં પણ વિજય મેળવવાના સ્વપ્નાં એ જોવા લાગ્યો.

પ્રકરણ ૨૩ મું.

કેદ.

એજ દિને સાંજે છ વાગ્યાને સુમારે જનરલ ઑલીફન્ટે ચૅરીંગ ક્રૉસની બાજુમાં આવેલા સેંટ માર્ટીનના ખેતરો તરફનો રસ્તો લીધો. અહિં સેંટ માર્ટીનનું દેવળ આવેલું હતું અને દેવળની નજીક લૉરેન્સ ૧ી કોઇના આગમનની રાહ જોતો આમતેમ ફરતો હતો. તે સાદા

પોષાકમાં હતો અને તેને મળવા આવનાર તેને ઓળખી શકે તે માટે તેણે પોતાનો રૂમાલ એક નિશાની તરિકે હાથમાં રાખ્યો હતો. લૉરેન્સને મળવા આવનાર કોઇજ નહિ પણ જનરલ ઑલીફન્ટજ હતો એ વાંચનારને કહેવાની જરૂર નથી; કારણકે જનરલ ઑલીફન્ટે જાદુગર તરિકેના છૂપા વેષમાં તત્વજ્ઞાની બનેલા લૉરેન્સના કાનમાં જઇ કહ્યું હતું:–

"તમે કૅપટન લી છો. હું તમને તમે જેને ચાહોછો તેના કસમ આપી આવતી કાલે સાંજે છ વાગે સેંટ માર્ટીનના ખેતરો નજીક મને મળવાની વિનંતી કરૂં છું. તમને હું ઓળખી શકું તે માટે તમારો રૂમાલ હાથમાં પકડજો."

લૉરેન્સના કાનમાં ઑલીફન્ટ ઉપલા શબ્દો બોલ્યો હતો. તે સાંભળી આ નવલકથાનો બહાદૂર નાયક આશ્ચર્ય ચકિત થઇ ગયો હતો અને તેમ થાય એ સ્વભાવિકજ હતું. જ્યાં સૂધી મળવાનો સમય આવી પહોંચ્યો ત્યાં સૂધી એ મનુષ્ય કોણ હશે કે જે એના હૃદયમાં રમતી એની વ્હાલી રૂથના સોગન આપી એને મળવા બોલાવે છે એ વિષે એણે પોતાની કલ્પનાના તરંગો ચારે દિશાએ દોડાવ્યા કર્યા પણ કંઇ પત્તો લાગ્યો નહિ. એ લત્તો અમે જે સમયની વાત કરીએ છીએ ત્યારે તદ્દન ઉજ્જડ હતો. થોડાંક ઘરો આમતેમ જણાતાં હતાં. સેંટ માર્ટીનની ગલી ઘરોને બદલે વૃક્ષોથી ભરેલી હતી. ત્યાંથી બહુજ ઓછા માણસો આવતા જતા જણાતા હતા કે જ્યાં અત્યારે મનુષ્યોનાં ટોળેટોળાં ઉભરાઇ જાય છે. દરેક પુરૂષને જોતાં તે બુરખા-પાર્ટીમાંનો જાદુગર હશે એમ તે નજીક આવતાં લૉરેન્સ ધારતો. અંતે તેની આતુરતાનો અંત આવ્યો અને જનરલ ઑલીફન્ટ તેની પાસે આવી તેનો હાથ પકડી વિનયી સ્વરે બોલ્યો.

"હું કૅપટન લીને સંબોધું છું—"

"હા—મારૂં નામ એજ છે. અને હું ધારૂં છું કે જે ગૃહસ્થે મને પાર્ટીમાં મળવાનું વચન આપ્યું હતું તે તમેજ છો." કૅપટન લૉરેન્સ પણ તેટલાજ વિવેકથી બોલ્યો.

"હા. હુંજ જાદુગરના વેષમાં ગઇ રાત્રે હાજર થયો હતો—" ઑલીફન્ટે જવાબ આપ્યો અને જેવી તેને ગઇ રાતના બનાવોની યાદ આવી કે તેના મુખ પર આનંદની છાંયા છવાઇ.

"કૅપટન લી! મારૂં નામ કૅપટન વીલ્ડેર! પણ હું તમારા

સિવાય બીજા કોઇને મેં જાદુગરનો ભાગ ભજવ્યો હતો તે જાણવા દેવા માગતો નથી. આથી મહેરબાની કરી એ વાત ગુપ્તજ રાખજો. કેટલાકો કહે છે કે મેં ઘણાને અજબ કર્યા હતા—"

"મને પણ સાથે, કૅપ્ટન! જો હું તમને પ્રથમથી ઓળખતો હોત તોપણ તમને કાલે જાદુગરના વેષમાં હું ઓળખી શક્ત નહિ. તેથી જે ગૃહસ્થને હું અત્યારે પહેલીજવાર જોઉં છું તેમણે મને ગઇ રાત્રે ઓળખી કાઢયો ત્યારે મારી અજાયબીનો પાર રહ્યો નહિ—"

"કૅપ્ટન લી!—" ઑલીફન્ટે જવાબ આપ્યો.

"મેં ઘણી મુસાફરી કરી છે—મેં દુનિયા સારી રીતે જોઇ છે—અને કેટલાંક વર્ષો મને મારા સંજોગોને લીધે ઘણા જંગલી લોકોમાં પસાર કરવા પડયા હતા—હું ઉત્તર અમેરિકાના રેડ ઇન્ડીઅનોની વાત કરૂં છું. અને જેને તેઓ વિષે સહેજ પણ અનુભવ મળ્યો હોય તે બાહોશ વેષધારી નહિ તો ચાલાક તો બનેજ. બારીકીથી કેટલાક સંજોગોનો અભ્યાસ કરવાથી, દુનિયામાં આંખ અને કાન ખુલ્લાં રાખી ફરવાથી ઘણીવાર આપણી તર્ક સચોટ નીવડે છે. હું જોઉં છું કે તમને મારી વાતમાં રસ પડે છે. હું તમને ખુલાસાથી બધી વાત કરીશ. તમારૂં ચારિત્ર્ય અને તમારી આકૃતિ પ્રથમગીજ મારી આગળ વર્ણવવામાં આવ્યાં હતાં અને તે પરથી મેં અટકળ કરી લીધી કે તમને ખુરખાપાર્ટીની મસ્તી અને મશ્કરી પસંદ હોય એ બનવા જોગ નથી આથી ડચેસ ઑફ પોર્ટસમથના ભવ્ય હૉલમાં હું દાખલ થયો ત્યારથીજ તમારી સાથે બે બોલ બોલવાની મારી ઇચ્છા હોવાને લીધે મેં આમતેમ જોયું અને તમે તમારા સ્વભાવને અનુસરી કોઇપણ જાતની ધાંધલ યા મસ્તી કે મશ્કરીમાં ભાગ ન લેતા તમે દૂર એકાંતમાં બેઠા હતા તે પરથી હું તમને ઓળખી ગયો. મેં તમારા તરફ જોયું—બારીકીથી તમારા પોષાકપર નજર ફેંકી અને મારી ખાત્રી થઇ ગઇ. મેં મારા મનને કહ્યું "આજ કૅપ્ટન લી" છે. વળી એક બીજો માણસ મેળાવડામાં હાજર હતો જેને હું અગાઉથી ઓળખતો હતો અને તે તમારો કર્નલ."

"આહ! તમે તેને ઓળખો છો?" લૉરેન્સ કિંચિત મ્હોટેથી બોલ્યો.

"હા. સારી રીતે, અને હું એને જાતે ઓળખતો હોવાથી એને કાલે રાત્રે મને ઓળખી કાઢતાં મને તમને ઓળખતાં જેટલી

મુશ્કેલી નડી તેના કરતાં બહુ ઓછી નડે એમ હતું. મેં તેને તેના બાંધા તથા ઉંચાઇ પરથી અને તેની કેટલીક ટેવો, જે મેં અગાઉ ખાસ ધ્યાનમાં રાખી હતી, તે પરથી ઓળખી કાઢયો. એ મેળાવડા વિષે હવે એકજ વાત કરી હું તમારી સાથેનો અગત્યનો વિષય ઉપાડીશ. તમે કદાચ જોયું હશે કે મેં મારો નાટક ભજવવાની શરૂઆત કરી ત્યારે મેં બધાનુ મારા તરફ ધ્યાન ખેંચ્યું-બધાને અજબ કર્યાં-અને સઘળાને મારી ગમ્મતમાં અજબ રસ પડયો. બહુ સહેલાઇથી એ થઇ શકે એમ છે. પ્રથમ મેં બધાપર ધ્યાન આપ્યું. બધાના સ્વભાવનો-બધાના પસંદગીનો અલ્પ સમયમાં અભ્યાસ કરી લીધો અને કેટલાંક સ્ત્રી પુરૂષોમાંથી કોને મજાક મશ્કરી ગમે છે, કોને પ્રેમકથા પસંદ પડે છે, કોણ ભેદભરી વાતોનું શોખીન છે તે મને તરત માલમ પડી ગયું. એ જાણ્યા પછી જેને જેનો શોખ હતો તે વિષે મેં બેચાર શબ્દો કહેવા માંડયા-એ ચાર જણને આકસ્મિક રીતે હું રંજાડી શકયો અને તેમને લીધે મારી વાહ વાહ પોકરાઇ ગઇ. કૅપ્ટન લી ! હું મનુષ્યના મુખ અને તેમની બીજી રીતભાત પરથી તેમના ચારિત્ર્યની તુલના કરી શકું છું. જો ફક્ત વદનપરથી જ મનુષ્યના ચારિત્ર્ય સંબંધી મત બાંધી લેવામાં આવે તો તેમાં ઘણુંવાર આપણે છેતરાઇએ છીએ. દુર્ભાગ્યવશાત્ આખી દુનિયાજ એક રીતે બુરખો પહેરે છે. દરેક વ્યક્તિ પોતાના હૃદયમાં શું છે તે છૂપાવવા માટે મુખ ઉપર બુરખો ઢાંકે છે અને તેથી ઘણા બદમાસ મનુષ્યો સુન્દર બુરખા સાથે જગતમાં હિમ્મતથી ફરી નિર્દોષોને રહેંસી નાખે છે—"

લૉરેન્સ લીને પોતાના આ નવા સાથીનો એક એક શબ્દ સાંભળવામાં રસ પડતો હતો કારણકે જનરલ ઑલીફન્ટ તરફ તેના હૃદયમાં મિત્રભાવ પ્રકટયો હતો. જનરલ ઑલીફન્ટના વદનપર એક જાતની ભવ્ય અને આકર્ષક સત્તા તથા સરલતા જણાતી હતી અને લૉરેન્સ લી જેવા ઉદારચિત્ત યુવાનને તેના પ્રતિ મિત્રભાવ પ્રકટે એ સ્વાભાવિકજ છે.

"હવે આપણે મુખ્ય વિષય પર આવીશું—" તે તામ્રવર્ણી યોધ્ધો બોલ્યો.

"પ્રથમ હું તમને એક બે સવાલ પૂછવા માગું છું. અને તે હું નકામા પૂછતો નથી એમ પ્રથમથી તમને કહેવાની હું જરૂર જોઉં છું—"

"બોલો, કૅપ્ટન વીલ્ડેર!—હું પણ તમને એક પ્રશ્ન પૂછવા માગું છું...પણ પ્રથમ તમે પૂછી લો—"

"હું તે સમજું છું. હું તમે શું પૂછવાના છો તે જાણું છું. મેં તમને તમારી પ્રણયીનીના કસમ આપી અહિં બોલાવ્યા તેથી તમે અજબ થાઓ છો. હું હવે જાદુગરનો ભાગ ભજવતો નથી હો—" તે આ બોલી હસી પડયો. "અને તેથી હું તમને નકામા શંકાશીલ કે આતુર બનાવીશ નહિ. સત્ય એ છે કે તમે મિસ રમ્બોલ્ડને ચાહો છો એવી કર્નલ ગ્રેહામને શંકા છે. એ પ્રેમની વાત સત્ય છે કે નહિ તે હું તમને પુછતો નથી. હું તમારા ખાનગી જીવનમાં ઉતરવા માગતો નથી; પણ મારી ખાત્રી છે કે તમે તેને ચાહતા હો યા નહિ તોપણ એક બહાદુર સૈનિક તરિકે એક બદમાસના પંઝામાંથી તેને બચાવવાને તમે જરૂર તૈયાર થશો—"

"આહ!—" લૉરેન્સ તેજ પલે ગ્રેહામપર શંકા લાવી બોલ્યો.

"હું ધારૂં છું કે—"

"શાંત થાઓ, કૅપ્ટન લી!" જનરલ ઑલીફન્ટ તેને બોલતો અટકાવી બોલ્યો.

"પ્રથમ મને સઘળું કહી દેવા દો. હું જાણું છું કે તમને હર્ટફર્ડ છોડવાની સખત મનાઇ હતી અને ડચેસ ઑફ પોર્ટસમથનું આમંત્રણ રાજાજ્ઞા જેવું અને તેથી તમારા જૂહમી અમલદારના હુકમ કરતાં વધુ સતાશીલ હોવાને લીધેજ તમે લંડન આવી શક્યા; પણ હવે મને કહો—તમે હમણાં સ્વતંત્ર છો? બીજા છત્રીસ કલાક સુધી તમે તમારા કર્નલની સત્તામાંથી મુક્ત છો—"

"હા—પરમ દિવસે ડચેસ બીજો મેળાવડો કરે છે. મને તેમાં પણ આમંત્રણ છે અને તેથી હું લંડનમાં ફરૂં છું—"

"ઠીક—એક ગુંચવાડો તો મટી ગયો—હવે મૂળ વાત પર હું આવીશ—"

"બોલો—બોલો કૅપ્ટન! હું બહુજ આતુર થઇ ગયો છું—"

"થોડીજ મીનીટમાં તમે બધું જાણી શકશો, કૅપ્ટન!—" જનરલ ઑલીફન્ટ બોલ્યો.

"કર્નલ ગ્રેહામ કંઇ સાધારણ બદમાસ નથી. એ એવો નીતિ ભ્રષ્ટ મનુષ્ય છે કે ન પૂછો વાત! હું નથી ધારતો કે એના જેવા બીજા કોઇ બદમાસે હજુસુધી સૈનિકનું નામ કલંકિત કર્યું હોય. તે

મિસ રમ્બોલ્ડ સંબંધી એક નીચ યુક્તિ અમલમાં મૂકવા માગે છે–"

"પાપી! નીચ! દગાબાજ!—" લૉરેન્સ ક્રોધથી આરક્ત નેત્ર કરી પોતાનો હાથ તલવાર પર નાખી બોલ્યો.

"શાંત થાઓ, કૅપ્ટન! તલવારબાજીની એમાં જરૂર નથી. તમે એ બદમાસની યુક્તિ પાણીમાં મેળવી શકશો." જનરલ ઑલીફન્ટે શાંત સ્વરે કહ્યું.

"પણ તમે તેની ધારણા ધુળમાં મેળવો તે જાણે આકસ્મિકજ બન્યું હોય એવો દેખાવ કરવાની જરૂર છે. જાણે ગ્રેહામને તે સાથે કંઇ પણ સંબંધ છે એ તમે જાણુતાજ ન હો એવી રીતે તમારે વર્તવાનું છે. જુઓ, કૅપ્ટન! હું લંડનમાં રહેવા માગું છું અને કૅપ્ટન વીલ્ડરે કર્નલ ગ્રેહામની એક ખાનગી વાત તેના પ્રતિ. સ્પર્ધીને કહી દીધી એવી વાત મારે માટે થાય એ હું પસંદ કરતો નથી. તમે જાણો છો કે એવી વાતથી મને લોકો વિશ્વાસઘાતી માનશે. આથી મેં તમને કહ્યું તેવી રીતેજ તમારે ગ્રેહામની યુક્તિ ધુળમાં નાખવાની છે—" જનરલ ઑલીફન્ટે કહ્યું.

"હું તમારી દલીલની સત્યતા સ્વીકારૂં છું અને તમે મને જે કિમતી ખબર આપી છે તે માટેની મારી કૃતજ્ઞ ભાવના વ્યક્ત કરવા મારી પાસે યોગ્ય શબ્દો નથી. કૅપ્ટન વીલ્ડર! હું તમારો વિશ્વાસુ મિત્ર થઇશ અને જીવનપર્યંત એ મિત્રતા નીભાવીશ–" લૉરેન્સે કહ્યું.

"આભાર! લૉરેન્સ! અરે! કૅપ્ટન લી! હું તમારી મિત્રતા સાનંદ સ્વીકારૂં છું......ગ્રેહામે મને પોતાની આ નીચ યુક્તિની વાત કહી ત્યારે જાણે હું તેના જેવોજ હોઉં એવું ધારીનેજ તેણે બધું ઓકી નાખ્યું—"

"પણ એ યુક્તિ, કૅપ્ટન? એ શું કરવા માગે છે?"

"આવતી કાલે કોઇ પણ વખતે મિસ રમ્બોલ્ડને તમારે નામે સાંજે નવ વાગે રાઇહાઉસની નજીકના પૂલ પાસે તમને મળવાની વિનંતિ કરનારી ચીઠ્ઠી પહોંચાડવામાં આવશે. મારૂં દુનિયાદારીનું જ્ઞાન મને કહે છે કે એ ચીઠ્ઠી નવ વાગ્યાની થોડોજ વખત પહેલાં મિસ રમ્બો-લ્ડના હાથમાં જશે કે જેથી તે પવિત્ર કુમારિકા તે ચીઠ્ઠીમાંની વિનંતીપર વધુ વિચાર કરવાનો સમય મેળવી શકે નહિ. આથી તેણી નવ વાગે પૂલ પાસે જશે–કૅપ્ટન લી! મનુષ્ય સ્વભાવજ એવો છે. જેવી મિસ રમ્બોલ્ડ પૂલ પાસે આવશે કે બે ભાડૂતી બદમાસો

તેણીને અચાનક પકડી લેશે. તેમને એવી સૂચના આપવામાં આવી છે અથવા હવે પછી આપવામાં આવશે કે મિસ રમ્બોલ્ડને તેમણે ઘોડાપર નાખી લંડન લઇ આવવી. હવે બધી બાજી તમારા હાથમાં છે અને મને ખાત્રી છે કે તમારૂં શૌર્ય પાપીની બાજી ધુળમાં મેળવી તે પવિત્ર કુમારિકાનું રક્ષણ કરશે—"

"જરૂર—હું કસમ લઉં છું કે મારા પ્રાણના ભોગે હું મિસ રમ્બોલ્ડને બચાવીશ. કૅપ્ટન! એકવાર પુનઃ મને તમારો આભાર માનવા દો. તમે મારાપર આજે એવો ઉપકાર કર્યો છે—"

"એ વાત જવા દો–એમાં ઉપકાર શાનો? તમારી સાથે મિત્રતા બાંધવાની મને તક મળી તેથી એક રીતે હું તો ઘણો રાજી થયો છું. વારૂ, મને કર્નલ ગ્રેહામે કહ્યું હતું કે તમારૂં નિવાસસ્થાન "રાઇહાઉસ"થી થોડેક છેટે આવેલા "નીધરહૉલ"માં છે એ વાત ખરી છે?"

"હા–નીધરહૉલ મારા કાકાનો છે અને મારા કાકા સર વિલિયમ બ્રાન્ડનો હું એકલોજ વારસ છું—"

"ત્યારે તો તમારા કાકા અને કાકી તમારા પર પ્રેમ રાખતા હોવા જોઇએ—"

"મારી કાકી પંદર વર્ષ થયાં મરણ પામી છે—"

"મરણ પામી! પંદર વર્ષ થયાં—" ઑલીફન્ટ આ શબ્દો એવી અજાયબીની લાગણીથી બોલ્યો કે લૉરેન્સને તેથી આશ્ચર્ય ઉપજ્યા વિના રહ્યું નહિ; પણ બીજીજ પલે ઑલીફન્ટે પોતાની લાગણી શમાવી દીધી. તે પોતાના સ્વભાવિક સ્વરે બોલ્યો.

"ત્યારે તો તમે તેને ભૂલી ગયા હશો–તેણીના મરણ સમયે તમે બહુ બહુ તો સાત આઠ વર્ષના હશો–પણ હવે હું તમને ખોટી કરીશ નહિ. કૅપ્ટન લી! હમણા તો સાહેબજી! હું "એંજલ" હોટલમાં એક બે દહાડા રહીશ. પછી એક મકાન ભાડે રાખવા માગું છું. મારા નવા મકાનની ખબર હું તમને આપીશ અને તમે મને ત્યાં મળવા આવશો તો હું ઘણો પ્રફુલ્લ થઇશ."

"તમારો આભાર, કૅપ્ટન! કર્નલ ગ્રેહામની યુક્તિ નિષ્ફળ કરવામાં મને કેવી ફતેહ મળે છે તે તમને કહેવા હું તરતજ આવીશ. ફરી હું તમારો મારા તરફની લાગણી માટે આભાર માનું છું–"

બન્ને મિત્રો એકમેક સાથે હસ્તધૂનન કરી છૂટા પડ્યા. જન-

રલ ઑલીફન્ટ " એંજલ " તરફ ગયો. આ સમયે તેનો નોકર હમ્ફ્રી તેની હીલચાલ તપાસવા કોઇ જગ્યાએ છૂપાયો ન્હોતો; કારણકે લૉર્ડ આર્ડેનને મળ્યા પછી કર્નલ ગ્રેહામે હમ્ફ્રીને હવે કૅપટન વીહડેર પાછળ જાસુસી કરવાની જરૂર નથી એમ જણાવી દીધું હતું. આથી લૉરેન્સ અને ઑલીફન્ટની મુલાકાત કર્નલ ગ્રેહામ જાણી શક્યો નહિ.

જ્યારે જનરલ ઑલીફન્ટ હોટલમાં પાછો ફર્યો ત્યારે આઠ વાગવા આવ્યા હતા; પણ જેવો તે પોતાના ઓરડા તરફ જતો હતો તેવામાં તેની આસપાસ રૉયલ ગાર્ડના સિપાઇઓ ફરી વળ્યા અને મુખ્ય અમલદાર તેના ખભાપર પોતાનો હાથ મૂકી બોલ્યો.

" મહારાજાના હૂકમથી, તમે મારા કેદી છો. "

" કયા ગુન્હા માટે ? " તે બહાદૂર યોધ્ધો જરાપણ ગભરાયા કે મૂઝાયા વિના ગર્જના કરી બોલ્યો.

" તમારૂં નામ ઓલીફન્ટ છે એ ગુન્હા માટે—" લશ્કરી અમલદારે જવાબ આપ્યો.

" તમારે મારી સાથે ટાવરમાં આવવાનું છે—

" હા–ચાલો–થોડા વખત માટે—" જાણે ટાવરમાં જવું એટલે કંઇજ નહિ એમ તે ધારતો હોય એવી બેદરકારીથી ઑલીફન્ટ બોલ્યો.

પ્રકરણ ૨૪ મું.

દસ્તાવેજો.

એજ દિને સાંજે બીલ્ડીંગ હાર્ટ યાર્ડમાંના ઘરમાંના પોતાના ઓરડામાં રાત્રે નવેક વાગ્યાને સુમારે મિસીસ જુલિયા મરટન જનરલ ઑલીફન્ટે તેણીને સ્વાધિન કરેલા અતિ અગત્યના દસ્તાવેજો વાંચવામાં તલ્લીન થઇ ગયલી જણાતી હતી. તેણીના પોષાકમાં પણ અત્યારે ઘણો ફેરફાર થઇ ગયો હતો કારણકે પોતાના સ્વર્ગસ્થ પતિના ઉદાર મિત્રે તેણીને જે પૈસા આપ્યા હતા તેમાંથી સારા વસ્ત્રો ખરીદી પોતાના જૂનાં—કંગાલ વસ્ત્રોને રજા આપવા જુલિયા શક્તિમાન થઇ હતી.

તેણી તે દસ્તાવેજો વાંચવામાં અતિશય લીન થઇ ગઇ હતી. તે વાંચવાથી તેણીને જ્યારે તેણી વરજીનીઆમાં રહેતી હતી ત્યારે લૉર્ડ આર્ડેન અને તેના પતિ તથા જનરલ ઑલિફન્ટ વચ્ચે ચાલેલા

વ્યવહારની સ્મૃતિ થઇ. લૉર્ડ આર્ડેન તે સમયે રાત્રીના વખતમાં ગુપ્ત રીતે તેણીને મળવા તથા રાજપક્ષને હાર મળે એવી સૂચનાઓ આપવા તેણીને ત્યાં આવતો હતો અને તેણીનો પતિ યુદ્ધ ભૂમિમાં હોવાથી લૉર્ડ આર્ડેનને એકાંતમાં મળવાની જૂલિયાને ફરજ પડતી હતી. તેણીના હાથમાંના દસ્તાવેજોપર જો કે લૉર્ડ આર્ડેનની સહી ન્હોતી પણ તેમાંના અક્ષરો તેના પોતાનાજ હતા અને તે પરથી તે બળવાખોરોનો મિત્ર હતો એમ સિદ્ધ થતાં સહેજ પણ મુશ્કેલી નડે એમ ન્હોતું; જુલિયા પોતાના વિશ્વાસઘાતી પ્રેમીપર વૈર લેવા તત્પર થઇ હતી અને એ વૈર લેવાનાં સાધનો તેના હાથમાં આવી પડ્યાં હતાં. રાજાની એ દસ્તાવેજોપર દૃષ્ટિ પડતાંજ લૉર્ડ આર્ડેન લંડન ટાવરમાં કેદ થાય એમ હતું. આથી જેણે પોતાનો વિશ્વાસઘાત કરી પોતાની પવિત્રતા કલંકિત કરી, પોતાના કર્તવ્યપથ પરથી તેને નીચે ગબડાવી નાખી હતી અને જેને તેણે કદિ પણ અંતઃકરણના ઉમળકાથી ચાહ્યો ન્હોતો, જેણે સ્વતંત્રતા દેવીના પરમભક્તો ઑલીફન્ટ અને મરટનના સ્વર્ગિય સ્વપ્નોનો સાક્ષાત્કાર થતો, પોતાની નીચ વાસનાથી અટકાવ કીધો હતો અને જેણે તેણીને ઇંગ્લંડ લાવ્યા પછી ભિખારણ જેવી કંગાલ બનાવી દીધી હતી તેનાપર ભયંકર વૈર લેવા જૂલિયા મરટન તલસી રહી હતી. તેના પતિ અને લૉર્ડ આર્ડેન વચ્ચે આસમાન જમીનનો ફેર હતો. એક દેવ હતો જ્યારે બીજો દૈત્ય હતો. એકના વિચાર ઉદાર, બીજાના સંકુચિત; એક પવિત્ર, બીજો પાપી; એક નીતિપરાયણ, બીજો ધર્મભ્રષ્ટ; વળી બન્નેની વયમાં પણ ઘણું અંતર હતું. જૉન મરટન કરતાં લૉર્ડ વીસ વર્ષ મ્હોટો હતો. જૉન ખુબસુરત, સુદૃઢ અને ઑલીફન્ટ જેવા દેખાવનો હતો જ્યારે લૉર્ડ આર્ડેનના મુખપર વિકાર અને નીચતા છવાયલાં હતાં.

આમ હોવા છતાં જુલિયા શી રીતે લૉર્ડ આર્ડેન સાથે ન્હાસી આવવા તૈયાર થઇ? સ્ત્રી સ્વભાવ કોઇ કોઇ વાર અતિ વિચિત્રતા પ્રદર્શિત કરે છે અને જગતના અનુભવીને કહેવાની જરૂર નથી કે, કેટલીકવાર એક પતિ જે પોતાની પત્નિનો પ્રેમ અને વ્હાલ મેળવવાને સંપૂર્ણ યોગ્ય હોય છતાં તેની પત્નિ તેનાથી ઉતરતી પંક્તિના પુરૂષપર મોહી પડે છે. આવા બનાવ જગતમાં અસામાન્ય નથી. વળી જુલિયાએ જેમ ઑલીફન્ટને કહ્યું હતું તેમ તેણીને અનેક લાલચો અને આકર્ષણો બતાવવામાં આવ્યાં હતાં. વળી તે નીતિભ્રષ્ટ મનુષ્ય

તેણીને છૂપી રીતે, રાત્રી સમયે, એકાંતમાં, તેના પતિની ગેરહાજરીમાં તેને મળતો: તેનામાં વાતચીત કરવાની શક્તિનો અદ્‌ભૂત વિકાસ થયો હતો અને જુલિયાના પતિ વિષે તેણીના કાનમાં ઝેર રેડી એ બદમાસે પ્રથમથીજ જુલિયાની પવિત્રતા ભ્રષ્ટ કરવાનો નીચ સંકેત મનમાં ઘડી રાખ્યો હતો. તેણી જ્યારે તદ્દન અનનુભવી હતી ત્યારે ઇંગ્લંડ છોડી વરજીનીઆના અજાણ્યા પ્રદેશમાં આવી હતી. અને ત્યાં તેણી જૉન મરટનને પરણી હતી. આથી બ્રિટિશ પાટનગરની મોજમઝા અને એશઆરામને બદલે તેણીને વરજીનીઆમાંના પોતાના એકાંત ઘરનેજ સ્વર્ગ સમું માનવું પડયું. લૉર્ડ આર્ડેને તેને ઇંગ્લંડ લઇ જવાનું કહ્યું કે જ્યાં તેણી લાંબા સમયથી ગઇ ન્હોતી. વળી એ વિકારી ઉમરાવે પોતાના રાજવંશી મહેલ, પોતાના વૈભવ વિલાસ અને પોતાની લક્ષ્મીનું ભવ્ય ચિત્ર જુલિયાની આંખો સ્હામે દોર્યું. જુલિયાને પોતાના મહેલની રાણી બનાવવાનું વચન આપ્યું અને વધારામાં જૉન સાથે કાયદા પ્રમાણે લગ્નોચ્છેદ કરી પોતાની પત્નિ–લેડી આર્ડેન બનાવવાની પ્રતિજ્ઞા લીધી. આ બધા સંયોગો સ્હામે ટક્કર ઝીલવાની શક્તિ જુલિયાના અશક્ત હૃદયમાં ન્હોતી. આથી તે આર્ડેનને શરણુ થઇ ત્યારે એ પાપી ઉમરાવની નીચતા વિષે એને જરા પણ શંકા આવી નહિ. એ તેની સાથે ઇંગ્લંડ આવી, એની પવિત્રતા લૂંટાઇ. એનું સૌન્દર્ય વગોવાયું અને મોહનો કીડો આર્ડેન એને તજી ગયો. એને રખડતી કરી. ગમે તે લાગણી ઉમરાવ માટે જુલિયાના હૃદયમાં અત્યાર સુધી હતી તે હવે ભયંકર ધિક્કારમાં પરિવર્તિત થઇ ગઇ અને તેણી વેરની તરસી બની. એ પોતાના વિશ્વાસઘાતક પ્રેમીપર વેર લેવા આતુર બની પણ અત્યાર સુધી એની પાસે વેર લેવાનું કંઇ હથિયાર ન્હોતું; હવે એ હથિયાર–એના વેરીના નાશનું કાતિલ હથિયાર એના હાથમાં હતું.

લગભગ નવ વાગે જુલિયા પોતાના ઓરડામાં દસ્તાવેજો વાંચવામાં મશગુલ થઇ ગઇ હતી તે સમયે તેની ઘરવાળી તેના ઓરડામાં આવી બોલી.

"તમારા જેવી કુલીન સ્ત્રીને મારા ઘરમાં જોવા માટે હું ખરેખર મારી જાતને માન મળેલું સમજું છું, મિસીસ મર્ટન! તમારા ખરાબ સંજોગો બદલાતા જાય છે તે જોઇ હું ઘણી ખુશી થઇ છું. આજે સ્હવારે એક સુન્દર ઘોડેસ્વાર તમને મળી ગયો અને હમણાં એક બીજો તમને મળવા આવ્યો છે—"

"બીજો ? તમે શું કહેવા માગો છો ?" જુલિયા કિંચિત મ્હોટે સ્વરે બોલી.

"એમ કે આજે સ્હવારે આવ્યો હતો તેવો એક સુન્દર સૈનિક હમણાં તમારી સાથે વાત કરવા આવ્યો છે. તેણે મારી સાથે કહેવડાવ્યું છે કે, જો કે તે ઘણો મોડો આવ્યો છે પણ તે માટે તે માફી માગે છે અને કહે છે કે તેનું કામ ઘણું અગત્યનું હોવાથી તેને આ વખતે આવવાની ફરજ પડી છે–વધુમાં તેણે કહ્યું છે કે આજે જે સૈનિક આવ્યો હતો તેણેજ તેને કંઇ કામ માટે તમારી પાસે મોકલ્યો છે—"

"ત્યારે તેને એકદમ ઉપર આવવા દો—" જુલિયા બોલી અને ઘરવાળી બાઇ ઓરડાની બહાર ગઇ કે તરતજ તેણીએ બધા દસ્તાવેજો એકઠા કરી ટેબલના એક ખાનામાં મૂકી દીધા. પછી બત્તી મોટી કરી તેણી પોતાના વીઝીટરની રાહ જોવા લાગી.

આ બીજો સૈનિક કર્નલ ગ્રેહામ હતો. તે બ્લીડીંગ હાર્ટ યાર્ડમાં આજે એકવાર આવી ગયો હતો તથા તે જુલિયાની ઘરવાળીને મળ્યો હતો, એ બીનાથી જુલિયા તદ્દન અજ્ઞાત હતી; કારણકે તે સમયે તેણી કંઇ ખરીદી કરવા બહાર ગઇ હતી. આથી કંઇ કપટ બાજી રમાતી હતી એવી તેને શંકા આવી નહિ; તોપણ તેના ડહાપણે એક સાવચેતી તરિકે બધા કાગળો સાવચેતીથી સંતાડી દેવાની તેને સલાહ આપી હતી. કર્નલ ઓરડામાં આવી જુલિયાને નમ્રતા તથા વિનયથી નમ્યો અને તે કંગાળ ઓરડામાં આમતેમ નજર કરવાની જરા પણ દરકાર કર્યા વિના તે બોલ્યો.

"જનરલ ઑલીફન્ટના ગાઢ મિત્ર અને બહાદૂર પ્રજાસત્તાકવાદીની વિધવા મિસીસ મર્ટન તમારૂં નામ ?"

"હા—હુંજ તે હતભાગી સ્ત્રી, અને હું ધારૂં છું કે તમે જે બહાદૂર અમલદારનું તમે હમણાં નામ દીધું તેના મિત્ર છો—"

"હા–હું જનરલ ઑલીફન્ટની ગાઢ મૈત્રી મેળવવા ભાગ્યશાળી થયો છું અને તેથીજ તેણે મને અત્યારે તમારી પાસે મોકલ્યો છે–" કર્નલ ગ્રેહામે જવાબ આપ્યો.

"હમણાં તેની સ્થિતિ અને સંજોગો એવાં છે કે જેથી તેને દરબારમાં બિલકુલ લાગવગ નથી એ તમે જાણો છો. મિસીસ મરટન ! જો કે કૅપ્ટન વીલ્ડેરના બનાવટી નામને લીધે તે ઓળખાઇ

જાય એમ નથી તોપણ તે પોતે રાજ્યદરબારમાં હાજર થાય એ ભયભર્યું છે. કેટલાક સંબંધીઓને લીધે, સદ્ભાગ્યે મારે દરબારમાં સારો લાગવગ છે અને તમારી સેવા બજાવવા માટે નામદાર શહેનશાહને મળવાની રજા મેળવવાની મારામાં શક્તિ છે. આજે સાંજે જનરલ ઑલીફન્ટ મને મળ્યા હતા અને તમારી સેવા મારે બજાવવી એવી તેમણે મને વિનંતી કરી. તે મારી સાથે તમારી પાસે આવવાના હતા પણ અતિ અગત્યના રોકાણને લીધે તેમને અન્ય સ્થળે જવું પડ્યું છે અને તેમણે મને તમારી પાસે મોકલ્યો છે–"

"જનરલ ઑલીફન્ટની મારા તરફની લાગણીનો આ બીજો પુરાવો" જુલિયા બોલી: "અને તમારી પણ હું બહુ આભારી થઇ છું—" આ જુલિયાએ કર્નલને કહ્યું કારણ હજુ પણ તેણીના મગજમાં લેશમાત્ર શંકા ઉદ્ભવી ન્હોતી.

"મને ખબર છે—" કર્નલ ગ્રેહામે આગળ ચલાવ્યું.

"કે તમે જનરલ ઑલીફન્ટની સૂચના અનુસાર નામદાર શહેનશાહને મળવા જવાનાં છો પણ આવી બાબતોમાં મારો અનુભવ જનરલ કરતાં વધુ પક્વ છે અને તેથી કેટલી મુશ્કેલી અને મુસીબતો તમને શહેનશાહ પાસે જતાં વેઠવી પડશે તે હું સારી પેઠે જાણું છું. અનેક મુસીબતો અને અનેક અટકાયતોમાંથી તમારે પસાર થવું પડશે અને એટલું એટલું સહન કર્યા છતાં તમારી આશા ફલિત થાય કે કેમ તે શંકાસ્પદ છે. આથી તમારૂં કામ મારાપર વિશ્વાસ રાખી મને સોંપવાની હું તમને વિનંતી કરૂં છું. એમ કરવા માટે મને જનરલ ઑલીફન્ટેજ કહ્યું છે અને હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે તમારી આજ્ઞા પ્રમાણે હું વર્તીશ. મારા મિત્રે મને કહ્યું છે કે એક નામ તમને બહુ અપ્રિય છે; પણ તે બોલ્યા વિના ચાલે એમ નથી. લૉર્ડ આર્ડેન તરફ પ્રીતિ, માન કે લાગણી મારા હૃદયમાં છેજ નહિ અને એવા વિકારી ઉમરાવની પડતી જોવાથી મને આનંદ થશે–"

આ વાક્યો અસત્ય હતા, ગ્રેહામ કપટબાજી રમતો હતો અને જુલિયા તેની જાળમાં સપડાતી હતી એ ગરિબ બિચારી જુલિયા શી રીતે જાણી શકે? એકલું ઑલીફન્ટનું નામજ તેણીનો વિશ્વાસ મેળવવા પૂરતું હતું. પણ કર્નલે તો તેને તેની ગુપ્ત વાતની અનેક સાબીતી આપી હતી; આથી કર્નલની ઇચ્છા પ્રમાણે તેને બધા દસ્તાવેજો આપી દેવા તે તૈયાર થઇ બોલી.

"તમે એમ ધારો છો કે, મારી પાસે જે દસ્તાવેજો છે તે મહારાજાના હાથમાં સહીસલામત મૂકવા તમે જલ્દી સફળ થશો ?"

"આવતી કાલના સૂર્યાસ્ત પહેલાં તમારા દસ્તાવેજો રાજાના હાથમાં જશે એટલુંજ નહિ પણ નીતિભ્રષ્ટ આર્ડેન પોતાના પાપની સજા ભોગવવાને કેદખાનામાં પણ ચાલ્યો જશે–" ગ્રેહામે જવાબ આપ્યો.

જુલિયા ટેબલના ખાનામાંથી દસ્તાવેજો કાઢી ગ્રેહામના હાથમાં મૂકવાની તૈયારીમાં હતી પણ એટલામાં તેને એક વિચાર આવ્યો. આવા કટોકટીના સંયોગોમાં જનરલ ઑલીફન્ટ તેનાપર એક ચીઠ્ઠી પણ ન લખે એ તેને વિચિત્ર લાગ્યું. આ વિચાર એવો ન્હોતો કે જેથી તેને ગ્રેહામપર શંકા જાય. હજુ પણ તે કર્નલને જનરલનો સાચો મિત્રજ માનતી હતી; કારણકે જો તેમ ન હોય તો ઑલીફન્ટનું નામ તે શી રીતે જાણી શકે ? તથા બીજી બધી વાત પણ એની જાણમાં શી રીતે આવે ? નહિ. તેને શંકા ઉપજી ન્હોતી. પણ તેણી સાવચેતીનો ઉપાય લેતી હતી. જનરલ તેથી નારાજ થાય તેમ ન્હોતું. ઉલટું એક દુનિયાના અનુભવી તરિકે તે આવી સાવચેતીથી રાજી થશે. એ દસ્તાવેજો તેણીના ન્હોતા પણ તેણીના મરનાર પતિના વફાદાર મિત્ર તરફથી ચોક્કસ હેતુ માટે તેણીને તે સ્વાધીન કરવામાં આવ્યા હતા. આથી જનરલની ચીઠ્ઠી યા એવીજ કોઇ ખાત્રીભરી નીશાની સિવાય તે કોઇને પણ આપવાની પોતાને સત્તા નથી એમ પણ જુલિયાને લાગ્યું. હમણાં તો બહુ મોડું થઇ ગયું હતું. આવતી કાલ પહેલાં દસ્તાવેજોનો ઉપયોગ થઇ શકે એમ ન્હોતું અને પ્રાતઃકાલે જનરલની ચીઠ્ઠી અથવા નિશાની લાવી શકાય એમ હતું. આમ થાય તો મહારાજા પાસે જવામાં મોડું થાય એમ ન્હોતું. આથી સાવચેતીનો ઉપાય લેવાનો તેણીનો વિચાર દૃઢ થયો.

આ બધા વિચારો અતિ ત્વરિત વેગે મિસીસ મરટનના મગજમાં આવી ગયા. પણ કર્નલ ગ્રેહામ સાથે અયોગ્ય વર્તન ચલાવવું અને તેનાપર પોતાને શંકા છે એમ કહેવું એ તેને ઠીક લાગ્યું નહિ. પણ એટલામાં તેને એક બીજી યુક્તિ સુઝીઃ તે બોલી.

"તમે મારા પ્રત્યે જે લાગણી બતાવી છે તેથી તમારો આભાર માનું છું, સાહેબ ! આવતી કાલે જનરલ ઑલીફન્ટની આજ્ઞાનુસાર બધા દસ્તાવેજો તેઓ જેને મોકલશે તેને સ્વાધિન કરવામાં આવશે—"

"જો તમે મને અત્યારેજ તે આપી દો તો સારૂં, કારણ કે આવતી કાલે સ્હવારે દરબારમાં હું બીજા કામમાં રોકાઇ જઇશ—"

"મેં આનંદથી તમારી માગણી સ્વીકારી હોત પણ હમણાં દસ્તાવેજો મારી પાસે નથી અને સ્હવાર સુધી હું તે મેળવી શકું એમ નથી. આવા એકાંત અને ભયંકર લતામાં આવા ઘરમાં એવા અગત્યના કાગળો રાખવાની હું હિમ્મત કરી શકી નહિ. તેથી હું તે સીલ કરી એક આબરૂદાર વેપારીને ત્યાં મૂકી આવી છું કે જેના કુટુંબ સાથે મારે પરિચય છે. એ વેપારીને ત્યાં તે કાગળો સલામત છે; તેની ચિંતા કરવાની નથી. અને તે કોઇ ઉઘાડીને વાંચે એમ પણ નથી કારણ કે એક પાકીટમાં મૂકી મેં તે પર સીલ કરેલું છે—"

"એમ છે ત્યારે તો હું કાલે સ્હવારે એ કાગળો લેવા જેમ બનશે તેમ જલદી આવીશ—"

"તે વખતે હું દસ્તાવેજો લાવી રાખીશ—અને હું ધારૂં છું કે જનરલ પણ તમારી સાથે આવશે! જુઓ, સાહેબ! એ દસ્તાવેજ એમના છે, મારા નથી. તેથી જો તમે તમારી સાથે તેમની ચીઠ્ઠી યા કંઇ નિશાની લાવશો તો તેથી તે દસ્તાવેજો તમને સ્વાધીન કરતાં મને સંતોષ થશે—"

"જરૂર—તમારી માગણી યોગ્ય છે—" કર્નલ ગ્રેહામ એકદમ બોલી પડ્યો. તેના બોલવામાં એવી સરલતા હતી કે જુલિયાને પોતે શંકાશીલ બની આ સાવચેતી લેવા માંડી તે માટે કંઇક પશ્ચાતાપ થયો; પણ હવે તો જે થયું તે પ્રમાણે વર્તવામાંજ ડહાપણ હતું.

"જો જનરલ પોતે આવી નહિ શકે તો તમે કેવી જાતનો પુરાવો જરૂરી ધારો છો?"

"ખરેખર સાહેબ! હું એવો પુરાવો માગતાં શરમાઉં છું. પણ તમે જાણો છો કે સંજોગો કેવા વિચિત્ર છે. છતાં મને તમારા પર વિશ્વાસ છે અને પુરાવો કઇ જાતનો લાવવો તે હું તમારી મુનસફીપર છોડું છું—"

"જુઓ મિસીસ મર્ટન!—" કર્નલ ગ્રેહામ થોડીકવાર વિચાર કરી બોલ્યો.

"જનરલ ઑલીફન્ટ એક કાગળપર પોતાનું નામ લખે એ હાલમાં અતિ ભયંકર છે. ગમે એવી સાવચેતી રાખવા છતાં બનવા

જોમ છે કે તે કોઇ વાંચી જાય. તમે તેમની આંગળીમાંની કોઇ વીંટી ઓળખી શકશો ?"

"આહ! તેમની એક હીરાજડિત વીંટી જે બધા કરતાં વધુ ચમકે છે તે હું ઓળખી શકીશ—"

"વારૂ, મિસીસ મરટન ! જો મારા મિત્ર પોતે કાલે તમારી પાસે નહિ આવી શકશે તો તમારી શંકાશીલ વૃત્તિને શાન્ત કરવા માટે હું જોઇતી નીશાની સહિત અહિં આવીશ—"

"મને શંકાશીલ ન કહો, સાહેબ ! તમે જો એમ ધારશો તો હું દુઃખી થઇશ—"

"માફ કરો મને એ માટે ! તમારી સાવચેતી યોગ્ય છે-અને તેથી મને માઠું લાગ્યું નથી."

મિસીસ મરટને તેનો આભાર માન્યો અને કર્નલ તેને વિવેકથી સલામ કરી તેનો ઓરડો તજી ગયો. પણ ઘર તજી જવા પહેલાં આગલા બારણાના ઊંબરા આગળ ઉભા રહી તેણે ઘરવાળી બાઇ સાથે થોડીક વાતચીત કરી અને પછી તેણીને એક સોનાનો સિક્કો આપી તે ત્યાંથી ચાલી ગયો. હમ્ફ્રી ક્લીન્ટન-તેનો નોકર હવે ઑલીફન્ટની નોકરી તજી દઇ પુનઃ તેની નોકરીમાં જોડાયો હતો અને તે એક ઘોડાપર સ્વાર થઇ તથા બીજા ઘોડાની લગામ પકડી થોડેક દૂર ઉભો હતો. કર્નલ ગ્રેહામ પોતાના ઘોડાપર સવાર થયો. તેનો નોકર હોટલ તરફ ગયો અને કર્નલ લૉર્ડ આર્ડેનના મહેલ તરફ ઉપડયો.

ઉમરાવ આર્ડેન તેની આતુરતાથી રાહ જોતો હતો અને જેવો ગ્રેહામ આર્ડેનના ભવ્ય ઓરડામાં દાખલ થયો તેવો જ તે ઉમરાવ બોલ્યો.

"શું સમાચાર ? કર્નલ ? તમે ફાવ્યા કે ? નહિ-તમારા મ્હોં પરથી તેવું જણાતું નથી."

ગ્રેહામે જુલીયા અને તેની મુલાકાતનો મુખ્ય સાર તેને કહ્યા પછી ઉમેર્યું.

"મેં તે ઘર છોડયું તે પહેલાં મિસીસ મરટન પાસે કંઇ કાગળ્યાં છે કે નહિ તે મેં ઘરવાળી બાઇને પૂછયું. અને જ્યારે તે બાઇ મારા આગમનની ખબર આપવા મીસીસ મરટનના ઓરડામાં ગઇ ત્યારે ટેબલપર કેટલાક કાગળો પડેલા હતા એમ મને તેણે કહ્યું. આ પરથી મને લાગે છે કે જુલિયાએ તે દસ્તાવેજો હું ઉપર જાઉ

તેટલા વખતમાં સંતાડી દીધા હશે—"

"ત્યારે મિસીસ મરટન કંઇ પ્રપંચ રમાય છે એ જાણી ગઇ હશે ?" ભયકંપિત સ્વરે આર્ડેને કહ્યું.

"નહિ, મારા લૉર્ડ ! મારી ખાત્રી છે કે તેણીને કંઇ પણ શંકા નથી. પણ આવા સંજોગોમાં તેણી ફક્ત એક સાવચેતીનો ઉપાય લે છે અને તે માટે મને અજાયબી ઉપજતી નથી. મિસીસ મરટનને ઍાલીફન્ટ કેદ પકડાવાની ખબર મળે તે પહેલાં જો તેની હિરાજડિત વીંટી આપણે મેળવી શકીએ તો હું કસમથી કહું છું કે મિસીસ મરટન પાસેથી બધા દસ્તાવેજો મેળવી હું તે આપ નામદારને સ્વાધીન કરવા શક્તિવાન થઇશ. જો આપ નામદારની ઇચ્છા હોય તો એક બીજી યુક્તિ છે—"

"અને તે યુક્તિ ?" લૉર્ડ આર્ડેન જે તદ્દન મુઝાઇ ગયો હતો અને જેના હૃદયમાં અને ભયભીત વિચારો ઘોળાતા હતા તેણે એકદમ પૂછ્યું.

"મારી પાસે બે બદમાસો, હું કહું તે કામ એકદમ કરવા તૈયાર થાય એવા હાલમાં તૈયાર છે. અને તેમને આવતી કાલે એક સુન્દર લલનાને ઉપાડી લાવવાનું કામ હું સોંપવાનો છું. જો આપ નામદારની સંમતિ હોય તો હું તે બદમાસોને બોલાવું—તેમને રાજી કરૂં-મિસીસ મરટનને પાછો મળવા જાઉં—ભલે અંધારી રાત હોય તેની મને પરવા નથી—હું ત્યાં જઇ પેલા બે શયતાનોની મદદથી જોર જબરીથી દસ્તાવેજો લઇ આવું—અથવા એક બીજી પણ યુક્તિ છે. આપ કહો તો જે ઘરમાં મિસીસ મર્ટન રહે છે તેની માલીકણને હું આજે પાછો મળું. એ બાઇ લાંચરૂશ્વત સ્હામે ટકી શકે એવી નથી. તેને પૈસા આપ્યા કે બેડોપાર ! જો તમે કહો તો એ બાઇને આપણા પક્ષમાં લઇ જ્યારે મિસીસ મરટન ઉંઘી જાય ત્યારે બધા કાગળો ચોરી લાવું—"

"નહિ. નહિ. એ બન્ને યુક્તિ નકામી છે. જુલિયા મરટન આજે જ્યાં સુધી એ કાગળો સહી સલામત જગ્યાએ સંતાડી દે નહિ ત્યાં સુધી એની આંખો મીંચાવાની નથી. જો તમારી યુક્તિ પ્રમાણે એ બદમાસો જબર જસ્તી વાપરવા જાય અને તેમને કાગળો નહિ મળે તો ? અથવા ઘરવાળી જુલિયાના ઓરડામાં દાખલ થતી વેળા જુલિયા જાગી જાય તો ? એ બન્ને યુક્તિઓ ભયભરી છે—"

"ત્યારે તો ઑલીફન્ટની રત્નજડિત વીંટી લાવ્યા વિના બીજો રસ્તો જણાતો નથી; પણ તે આપ નામદાર શી રીતે મેળવી શકશો? રાજદ્વારી કેદીને કાયદો તેની પાસે તે કેદ પકડાય ત્યારે જે ચીજો હોય તે રાખવાની રજા આપે છે—"

"એ બધી મુશ્કેલીઓ હું જાણું છું; પણ એ વીંટી મેળવવા માટે પ્રયાસ તો કરવોજ જોઇએ. આવતી કાલે સ્હવારે હું ટાવરમાં જઇશ અને હમણાં મને એક યુક્તિ સૂઝી છે તે અમલમાં મૂકીશ. તમે નવ વાગે ટાવરની આજુબાજુમાં રહેજો. અને જો હું વીંટી મેળવવામાં વિજય મેળવું તો એકદમ વ્હીલીંગ હાર્ટ યાર્ડમાં જઇ તે ભયંકર દસ્તાવેજો લઇ આવજો."

"જેવી આજ્ઞાઃ હું કાલે સ્હવારે નવવાગે ટાવરના પશ્ચિમ તરફના દરવાજાથી થોડેક દૂર આમતેમ ફરતો હોઇશ—" અને આ શબ્દો બોલી કર્નલ ગ્રેહામ લૉર્ડ આર્ડેનનું ભવ્ય મકાન તજી ચાલી ગયો.

પ્રકરણ ૨૬ મું.

લંડન ટાવર.

"લંડન ટાવર" એટલે તેના નામપરથી જણાય છે તેમ એકાદ કિલ્લા જેવો મિનારો નહિ પણ અનેક ન્હાના મ્હોટા મકાનોનો જથો! એ મકાનો ઘણા જુનાં છે અને તેમાં અનેક જાતનાં કાળાધોળાં થયાં છે. જુદાં જુદાં કાર્યો માટે તે બંધાયાં હતાં અને જ્યારે ઇતિહાસ વેત્તાની અનુભવી આંખો તે પર ઠરે છે ત્યારે ભય અને તિરસ્કારની લાગણી તેના હૃદયમાં જન્મ લે છે. બૅસ્ટીલ ઑફ પૅરીસ, રોમનો કેસલ ઑફ એંજેલો અને રોમન કૅથોલીકોના દુશ્મનો પર પોપોએ ગુજારેલા જુલમોનો ઇતિહાસ લોહીથી લખાયો છે એ વાત સત્ય છે; પણ લંડન ટાવરનો ઇતિહાસ તેથી પણ ભયંકર છે. જેટલાં કાળાં કામો—જેટલાં ખૂનો—જેટલાં કપટો એ જુના ટાવરમાં થયાં હશે તેટલાં કોઇ પણ ભયંકર સ્થલે નહિ થયાં હોય. ઇંગ્લંડના આપખુદ અને વિલાસી રાજાઓના અંધેર રાજઅમલમાં ત્યાં રક્તની નદિ વહી હતી. અનેક નિર્દોષો ત્યાં ફાંસીને લાકડે લટક્યા હતા અને એ અંધકારમય યુગમાં દિલનાં રોમાંચ ખડાં કરનારાં કામો તેમાં થયાં હતાં.

ઈંગ્લંડ માટે એ કાલ ભયાનક Dark age જેવો હતો ! સ્વાતંત્ર્ય પ્રિય ન્યાયી ઇંગ્લંડના નામને એ ટાવરમાં થયલાં કૃત્યોએ આજથી ત્રણસો વર્ષ પહેલાં કલંકિત કર્યું હતું.

ટાવરે રોકેલી જગ્યા ઘણી વિશાલ છે. તેમાંના જૂનાં મજબુત મકાનો, કોર્ટયાર્ડો અને બીજી બધી જગ્યા મળીને બાર એકર જેટલી જગ્યા રોકાયલી છે અને એ જગ્યાની ચારે બાજુએ કિલ્લા જેવી મજબુત દિવાલો છે. પણ અમે તેનું વર્ણન કરી વાંચકને કંટાળો આપીશું નહિ કારણ કે આ નવલકથામાં કિલ્લાઓના વર્ણન ઘણાં આવી ગયાં છે.

એક પુરાણા અને સુરક્ષિત મકાનમાંના એક ન્હાના ઓરડામાં આલીફન્ટને કેદ કરવામાં આવ્યો હતો. તેને ભારે બેડીઓથી જકડી લેવામાં આવ્યો હતો. એ બેડીઓ બહુજ વજનદાર હતી અને કેદી ન્હાસી ન જાય તેથી તેને અશક્ત કરવા માટે નહિ પણ વેરની લાગણીથી તેને દુઃખી કરવા માટેજ આવી ભારી જંજીરથી જનરલને જકડવામાં આવ્યો હતો. દિવાલો એટલી જાડી હતી, બારણા એવા મજબૂત હતા તથા હવા આવવાના બે કાણાં એટલાં ન્હાનાં અને મજબૂત લોખંડી સળિયાથી એવી રીતે સુરક્ષિત કરેલાં હતાં કે અત્યંત શક્તિવાન અને સાહસિક કેદી, જો તેને છૂટો રાખવામાં આવે તો પણ ન્હાસી જવાનો પ્રયત્ન કરે તો તે તદ્દન નિષ્ફળ જાય એમ હતું. આ કેદીને કોઇ ભોંયરામાંના ઓરડામાં રાખવામાં ન્હોતો આવ્યો પણ એક ઘરને પહેલે માળના એક ઓરડામાં પૂરવામાં આવ્યો હતો. તેની બાજુમાં એક બીજો ઓરડો કેદીના ઓરડાની અને એક પત્થરના દાદરની વચ્ચે આવેલો હતો. કેદીના ઓરડામાં એક લોખંડના પલંગ પર એક ગોદડી પડી હતી. બાજુમાં એક જરીપુરાણું ટેબલ અને એક લાકડાનું સ્ટુલ તથા એક લોટો અને એક વાસણ, એટલી વસ્તુઓ હતી. બાજુનો ઓરડો કેદીના પહેરેગીરના વપરાશમાં હતો. અને આ પહેરેગીર ટાવરના લેફ્ટનંટને થયલી સૂચના મુજબ કિલ્લામાંના અમલદારોમાંથી સૌથી વધુ યોગ્યતાવાળા મનુષ્યોમાંથી ચુંટી કઢાયો હતોઃ તેનું વય સાઠ વર્ષનું હતું અને તેનું મ્હોં કઠોર દેખાવનું—ક્રૂરતાની છાયા દર્શાવતું તથા જાણે દયા અને પરમાર્થને કોઇ દિવસ પોતાની પાસે આવવા દીધાં ન હોય એવું દેખાતું હતું. તે કુંવારો હતો અને તેથી દુનિયાદારીથી તદ્દન અજાણ્યો હતો.

હાસ્ય–મશ્કરી શું છે તે એ જાણતોજ નહિ. લશ્કરી છાવણી અને ટાવર ગૅરીસનના સખત કાયદાઓને ગુલામની માફક શરણ થવા એ ટેવાયલો હતો અને હમેશાં પોતાના ઉપરી અમલદારની આજ્ઞાને પ્રભુ–આજ્ઞા ગણી યંત્રની પેઠે કામ કર્યા કરતો. કોઇ પણ કેદીને સહેજ પણ સવળતા કરી આપવા અથવા ન્હાસી જવાની તક આપવા તેણે કદિ પણ લાંચ લીધી ન્હોતી અને પોતાના સાથીઓ સાથે પણ ખપ જોગીજ વાત કરતો. આવા માણસને જનરલ ઑલીફન્ટ પર તપાસ રાખવાને પસંદ કરવામાં આવ્યો હતો.

ઑલીફન્ટ કેદ પકડાયા પછી બીજે દિને સ્હવારે આઠ વાગ્યા પછી ઑલીફન્ટના ઓરડાના બારણાની લોખંડી જાળી ખસેડી બારણું ઉઘાડી જેલર અંદર આવ્યો. તે કેદી માટે નાસ્તો લાવ્યો હતો. નાસ્તામાં એક ન્હાની રોટલી અને પાણીનું પ્યાલું હતાં. ઑલીફન્ટની બેડી તેણે ઢીલી કરી અને ઑલીફન્ટ બોલ્યો.

"આ તે કંઇ નાસ્તો છે?" નાસ્તાપર નજર નાખી કેદી બોલ્યો.

"મને જે લાવવાનો હુકમ છે તે હું લાવ્યો છું—" જેલરે ધીમે સ્વરે જવાબ આપ્યો.

"પણ હું તમને એક પૌંડ આપી એક દારૂની પ્યાલી મારે માટે ખરીદી બાકીના પૈસા તમને આપી દેવાનું કહું તો તમે મારે માટે એટલું નહિ કરો?" આ શબ્દો બોલી ઑલીફન્ટે તિક્ષ્ણ નજરે જેલર તરફ જોયું. જાણે તે તેના મુખપરના ભાવ વાંચતો હોયની તેમ!

"મારાથી તેમ બનશે નહિ. દારૂ કરતાં પાણીજ તમારે માટે વધુ સારૂં છે."

"કેમ! એમ કેમ ભલા?"

"તારે તે જાણવું છે? મને કહેવામાં આવ્યું છે કે તારૂં મગજ જરા ખસી ગયલું છે અને દીવાનાઓ માટે દારૂ સારો ગણાતો નથી." જેલર બોલ્યો.

"આહ! તેમણે તને હું દિવાનો છું એમ કહ્યું છે, ખરૂં? પણ તું ધારે છે કે હું ખરેખર દિવાનો છું? મારા મ્હો તરફ બરાબર જો–તારી આંખો મારા વદનપર તાક–અને જો! મારા મુખપર કોઇ પણ જાતનું દિવાનાપણાનું ચિન્હ તને જણાય છે?"

જેલરે પોતાના કેદીએ કહ્યું તેમ કર્યું. તે તેને ધારી ધારીને જોવા લાગ્યો. ન્હાની બારીમાંથી તે ઓરડામાં જે પ્રકાશ પડતો હતો

તેથી જેલર અને ઑલીફન્ટ એકમેકનું મ્હો બરાબર જોઇ શક્યા. બન્ને કંઇ ઉંડા વિચારમાં પડી ગયા અને ધીમે ધીમે જેલરને જાણે તેણે પોતાના કેદીને અગાઉ ઘણા વર્ષ પૂર્વે કોઇ જગ્યાએ જોયો હોય એવું લાગ્યું. પણ તેને જે લાગણી થઇ તે તેણે બહાર જરા પણ જણાવા દીધી નહિ.

"હવે હું ગાંડો છું એમ તને લાગે છે?" કેટલીક પલોના મૌન પછી જનરલે જેલરને પૂછ્યું.

"કોણ જાણે? હું એ વિષયમાં નીપુણ નથી. દીવાનાઓ કેટલીકવાર ઘણા લુચ્ચા હોય છે અને પોતાના ભાવો છૂપાવી શકે છે." જેલર બોલ્યો.

"વારૂ, જેવી તારી માન્યતા; પણ હું તને ખાત્રી આપું છું કે હું તારા વિષે કેટલીક વાત જાણું છું અને તે સંબંધી જ્યારે હું તને કહીશ ત્યારે તું અજબ થશે—"

"હવે રહેવા દે બડાઇ! તું મારૂં નામ પણ જાણતો નથી—"

"એમ? લે-તારૂં નામ રાલ્ફ ગ્રીમસ્ટેડ છે-હવે હું દિવાનો છું?"

"લેફ્ટનંટને મ્હોડે તેં મારૂં નામ સાંભળ્યું હશે કારણકે કાલે તે તને અહિં મૂકવા આવ્યો હતો ત્યારે તેણે મારૂં નામ દીધું હોય એ બનવા જોગ છે—"

"કબૂલ! તેણે તારૂં નામ દીધું હોય તેથી હું તે જાણી શક્યો હોઉં; પણ એટલું તો તું માની શકશેને કે તેણે મને તારા ભાઇની તો વાત ન કરી હોય—"

"નહિ-પણ એમાં શું? તું અટકળથી પણ કહેતો હોય કે મારે એક ભાઇ છે. બધાને ભાઇ હોય છે—"

"ખરી વાતઃ બધાને લ્યુક નામનો ભાઇ હોતો નથી અને બધાજ નીધર હૉલના માલીક સર વીલીયમ બ્રાન્ડના કારભારી તરિકે નોકરી કરતા નથી—"

"તેથી શું? તેં આકસ્મિક રીતે એ વાત જાણી હોય—"

"અહિં આવ-તને એક વાત કહું? પછી તું એમ નહિ કહે કે તે પણ આકસ્મિક રીતે મારા જાણવામાં આવી છે—"

જેલર ઑલીફન્ટની પાસે ગયો પણ કદાપિ તેનો કેદી તોફાન કરે યા તેને મારી નાખવાનો પ્રયાસ કરે તે માટે પોતાના બન્ને હાથોનો બરાબર ઉપયોગ થાય એવી રીતે તે ઉભો રહ્યો. પણ જન-

રલ ઑલીફન્ટની તેવી ખરાબ નિષ્ઠા હતીજ નહિ. તેણે ફક્ત થોડાક શબ્દોજ જેલરના કાનમાં કહ્યું.

"તમે કોણ છો?—" જેલર બેચાર પગલાં પાછો હઠી જઇ જનરલ તરફ લક્ષપૂર્વક જોઇ બોલ્યો.

"હું? હું કોણ વળી? ઑલીફન્ટ—બળવાખોર!—અને તું મને ઓળખે છે. મેં તને જે વાત કાનમાં કહી તે હું કેમ જાણી શક્યો તેની તારે પંચાત કરવાની નથી. પણ હવે કહે, હું દિવાનો છું?"

"તમે જબરા તર્કવાદી છો—તમારી સાથે વધુ વાત કરવામાં હવે સાર નથી—"

"નહિ, ભલા માણસ! મારી સાથે વાત કરવામાં સાર છે. મેં જે વાત તને કહી છે તે પરથી મને જણાય છે કે મેં તારા મનમાં એક જાતની લાગણી પેદા કરી છે અને તારો સ્વભાવ કેવો છે તે હું બરાબર જાણું છું......"

"પણ તમે કહેવા શું માગો છો?"

"એટલુંજ મારા ભલા મિત્ર! કે તમારે મારૂં એક કામ કરવા તૈયાર થવું—"

"નહિ—તમારૂં એકજ કામ હું કરી શકું એમ છું અને તે એ કે જો તમારી મરજી હોય તો હું તમને વેષ બદલાવી તમારી જંજીર કહાડી નાખી તમને ન્હાસી જવા માટે બારણાં ઉઘાડાં રાખું. પણ હું તેમ કરીશ નહિ—"

"હું તેવું કંઇજ માગતો નથી, માસ્તર રાલ્ફ ગ્રીમસ્ટેડ! તમારે મારી એક ચીઠ્ઠી લઇ જવાની છે અને હું જાણું છું કે તમે તે લઇજ જશો—"

"પ્રથમ તો તમને કોઇ પણ સાથે શાબ્દિક યા લેખિત વ્યવહાર રાખવા દેવાની મને મનાઇ છે. પણ ધારો કે હું તેનો અનાદર કરૂં તોપણ મારી જગ્યા હું શી રીતે છોડી શકું?"

"જો! પ્રથમ તારા હુકમની હું વાત કરીશ. જ્યારે તું મારા ગજવામાંના અરધા સિક્કા તારા ગજવામાં મૂકશે અને બાકીના અરધા સિક્કાઓ તું મારૂં કામ કરી આવશે તો તને મળશે એવી હું ખાત્રી આપીશ એટલે તને થયલી આજ્ઞા તોડતાં તને વિલંબ લાગવાનો નથી એ હું જાણું છું. હવે તું તારી જગ્યા કેમ છોડી શકે તે હું તને બતાવીશ. આગલું બારણું બંધ કર—તેને તાળું દે—ચાવી તારી

પાસે રાખ અને ત્રણચાર કલાક બ્હાર જઇ આવ. હું બારી આગળ જઇ તું બ્હાર ગયો છે એ ગૅરીસનને જણાવવા માટે બૂમ પાડું એટલો મૂર્ખો નથી—"

"તમે વિચિત્ર માણસ જણાઓ છો. મારી જીંદગીમાં મેં કદિ પણ કોઇ સાથે આવી રીતે ગપ્પા માર્યા નથી—"

"હું તે જાણું છું. પણ મેં તને કહ્યું હતું, માસ્ટર રાલ્ફ ગ્રીમસ્ટેડ! કે તને મારે માટે કંઇક લાગણી થઇ છે. હવે તારો હાથ મારા ગજવામાં નાખ—અથવા ઉભો રહે! હુંજ બધા પૈસા બ્હાર કાઢું છું—" એમ કહી ઑલીફન્ટે એક હાથ ગજવામાં નાખી ટેબલપર સોનાના સિક્કાઓનો ઢગ કીધો.

"મારે એ જોઇતા નથી. મારી પાસે પૂરતું ખાવા પીવાનું છે—"

"ઓહ! તું તારી આખી જીંદગી સુધી જેલરજ રહેવા માગતો હોય તો જૂદી વાત છે. પણ મેં ધાર્યું કે કદાચ તને એક ન્હાનું ઘર એક જમીનના ટુકડા સાથે ખરીદવાનું પસંદ હશે કે જ્યાં તું તારી જીંદગીના પાછલાં વર્ષો સુખેથી ગાળી શકે—"

"તમે કેવા માણસ છો? તમે મારા મગજમાં મેં કદિ પણ નહિ ધારેલી આશા જન્માવો છો—"

"અને હવે એ વાત એકવાર તારા મગજમાં પેઠી કે હવે હંમેશાં ત્યાંજ રહેશે. કેટલાક માણસોના મગજમાં અમુક વાત ઠસાવતાં બહુ મહેનત પડે છે અને કેટલાકોના મગજમાં એકજ પલમાં તે ઠસી જાય છે. તું બીજી જાતનો માણસ છો. એક સુંદર ઘર—એક ગાય અને ન્હાનો બગીચો—નીધરહૉલની પડોશમાંજ હોય તો વધુ સારૂં કે જેથી તું તારા ભાઇને વારંવાર મળી શકે, બોલ, એ તને ગમતું નથી. ગ્રીમસ્ટેડ! આ સીક્કા લઇ લે કારણકે મારી ખાત્રી છે કે તું મારૂં કામ કરવા તૈયાર છે—"

જેલરે હજુ પણ સુવર્ણને અડકવાની આનાકાની કરી અથવા તેવો દેખાવ કર્યો પણ તરતજ તેણે બધા સિક્કા પોતાના ગજવામાં નાખ્યા અને કહ્યું.

"બોલો. શું કહો છો?"

"મને લખવાના સાધનો લાવી આપ—"

રાલ્ફ ગ્રીમસ્ટેડ તે ઓરડો બારણું બંધ કરી તજી ગયો અને થોડીક મીનીટમાં જોઇતી ચીજો સાથે પાછો ફર્યો. જો કે ઑલીફન્ટના

હાથમાં ઢીલી બેડી હતી; તોપણ તે બે ચાર લીટી એક કાગળપર લખી શક્યો. ત્યાર પછી તેણે તેને બરાબર સીલ કરી જેલરને કહ્યું:

"આ લઇને જલ્દીથી વ્હાઇટ હૉલ પૅલેસમાં જા અને આ નોટ ડચેસ ઑફ પોર્ટસમથને આપી આવ—"

"ડચેસ ઑફ પોર્ટસમથને ?........ડચેસ મારા પર ગુસ્સે થાય તો ?"

"ગુસ્સે શા માટે થાય ? ઉલટી તે તને ઇનામ આપશે."

"તમે કોઇ અસામાન્ય માણસ જણાઓ છો.

"એમ છે ખરૂં. પણ જો ! તારૂં ઘર-જમીન-ગાય-અને બગીચો યાદ રાખજે. આજે સાંજે નવ વાગે તેં મારૂં કામ પ્રમાણિકપણે કર્યું છે કે નહિ તેની મને આપોઆપ ખબર મળી જશે. જો તેં કર્યું હશે તો મારા ગજવામાંના બાકીના પૈસા અને મારી વીંટી-માંથી જે ગમે તે તને હું ઇનામમાં આપી દઇશ. પણ જો તું એ કામ નહિ કરશે તો મેં તારા કાનમાં કહેલા શબ્દો યાદ રાખજે કે જેથી તને અને તારા ભાઇને—"

"બસ જનરલ ઑલીફન્ટ ! તમારે મને ભય બતાવવાની જરૂર નથી. પેલી હીરાજડિત વીંટી જે બહુ ચળકે છે તે હું પસંદ કરૂં છું—"

"લઇ લે-હમણાંજ," કહી જનરલ ઑલીફન્ટે પોતાનો હાથ જેલર તરફ લંબાવ્યો. તેણે તે વીંટી કાઢી લીધી.

"હવે ઉતાવળ કર અને યાદ રાખજે કે મારૂં કામ નીમક-હલાલીથી બજાવતાં તને ભવિષ્યમાં ઘણો ફાયદો થશે—"

"ફીકર નહિ-તમે નચિંત રહો-" કહી રાલ્ફ ઓમસ્ટેડ ઓરડાના બારણા બરાબર બંધ કરી ઑલીફન્ટે સોંપેલા કામે ગયો.

પ્રકરણ ૨૬ મું.

રૂથ.

ગત પ્રકરણમાં વર્ણવેલો બનાવ જે દિને બન્યો તેજ દિને સાંજે લગભગ પાંચ વાગ્યાને સમયે લી નદિના કિનારાપર સુંદર રૂથ પોતાની માતા સાથે ફરવા જતી દૃષ્ટિએ પડે છે. કર્નલ ગ્રેહામના બલાત્કાર-માંથી સર વિલિયમ બ્રાન્ડના ભત્રિજાએ તેને જે સ્થલે બચાવી હતી તે બાજુપરજ રૂથ ફરતી હતી. આ સ્થલે ફરવા આવવાનું મિસીસ

રમ્બોલ્ડને પ્રિય ન્હોતું પણ રૂથે આ સ્થલ ખાસ પસંદ કર્યું હતું અને તેજ પોતાની માતાને એ ચોકસ સ્થલે ખેંચી લાવી હતી. લૉરેન્સે તેની બજાવેલી સેવાની કૃતજ્ઞ સ્મૃતિ પોતાની માતાને કરાવવા માટે રૂથ તેને અહિં લાવી હતી કે તેનું હૃદય કોઇ અન્ય લાગણીથી ખેંચાઇ ત્યાં રૂથને લઇ આવ્યું હતું? રૂથ–તે પવિત્ર કુમારિકા મનમાં એમ સમજતી હતી કે લૉરેન્સ પ્રતિની કૃતજ્ઞ ભાવનાજ તેને ત્યાં આવવા લલચાવતી હતી; પણ તે સાથે એના હૃદયમાં કોક અનિર્વચનીય લાગણી પણ જન્મી હતી અને તેનું જોર પલે પલે વધ્યું જતું હતું એ પણ સત્ય હતું. રૂથનો પ્રેમ! રૂથ અને લૉરેન્સનો પ્રેમ! લૉરેન્સથી વિખૂટાં પડ્યાંને એક અઠવાડિયું વહી ગયું હતું અને તેની મૂર્તિ રૂથના હૃદયમાં વસી ગઇ હતી. તેઓ જે સંયોગોમાં છૂટાં પડયાં હતાં તે રૂથથી ભૂલાય એમ ન્હોતું. લૉરેન્સે તે કર્નલ ગ્રેહામના જૂલમનો વધુ ભોગ થઇ પડયો છે કે નહિ તે કર્નલ રમ્બોલ્ડને પત્રદ્વારા જણાવવાનું વચન આપ્યું હતું અને રૂથ–લૉરન્સે નેત્ર સમસ્યા દ્વારા એકમેકને જણાવી દીધું હતું કે તેઓ મિત્રો છે–તેમની મિત્રતા અતૂટ છે. પણ એ સિવાય પ્રેમના બીજાં વચનો અપાયાં–લેવાયાં ન્હોતાં અને રૂથના હૃદયમાં જે શબ્દો સાંભળવાની આશા હતી તે મધુર શબ્દો લૉરેન્સના હોઠમાંથી હજુ બહાર પડયા ન્હોતા.

આવા સંયોગોમાં એકમેકને દુનિયાના રિવાજ અનુસાર નમન કરી તેઓ જૂદા પડયાં હતાં અને ત્યાર પછી આખું અઠવાડિયું આ યુવાન મુગ્ધાએ સુંદર અને બહાદૂર લૉરેન્સનો વિચાર કરવામાંજ ગાળ્યું હતું.

કૅપ્ટન લી પોતાની પ્રીતિપાત્ર–રૂથના પિતાને પત્ર લખવાનું ભૂલી ગયો ન્હોતો; પણ હર્ટફર્ડ આવ્યા પછી કર્નલ ગ્રેહામ તેનાપર વેર લેવાના બીજા નીચ રસ્તા શોધે છે કે નહિ તે જોવા માટે તે બેચાર દિવસ મૌન રહ્યો. કર્નલ ગ્રેહામે બીજું કંઇ નીચ પગલું ભર્યું નહિ. એટલામાં તેને ડચેસ ઑફ પોર્ટસમથ તરફથી થતા બે મેળાવડાના આમંત્રણ મળ્યા અને એ આમંત્રણ રાજાજ્ઞા જેવા મનાતા હોવાથી લૉરેન્સને કેટલાક દિવસ લંડન જવાની ફરજ પડી. લંડન જવા પહેલાં તેણે કર્નલ રમ્બોલ્ડ પર એક પત્ર લખી તેના અમલદાર તરફથી તેને વિશેષ કંઇ સહન કરવું પડયું નથી તે જણાવ્યું. તેણે ડચેસના આમંત્રણને લીધે તેને લંડન જવું પડે છે એ વાત

પણ પત્રમાં લખી અને અંતમાં મિસીસ તથા મિસ રમ્બોલ્ડને એ વાતથી વાકેફ કરવાની તથા તેમને પોતાના ઘટિત કહેવાની નમ્રતાથી વિનંતિ કીધી. આ પત્ર એક કાસદ મારફતે મોકલવામાં આવ્યો અને કર્નલ રમ્બોલ્ડ પર તે લખાયો હતો તોપણ રૂથ એ પત્ર પરથી સમજી કે લૉરેન્સ તેને ભુલી ગયો ન્હોતો. એ સમયે પોષ્ટખાતાની સગવડ ન હોવાથી પત્રો કાસદો મારફતે મોકલવામાં આવતાં હતાં એ અત્રે કહેવાની જરૂર છે.

યુવાન કુમારિકા પ્રેમના પ્રથમ પગથિયાપર કેવી મનોહર મીઠાશ અનુભવે છે? તેનું હૃદય પવિત્ર પણ મુઝવણ ભરી લાગણીઓથી ઉભરાયા કરે છે; અને એ પ્રેમમય પલો તેને સુન્દર સ્વર્ગીય સુખોનું ભાન કરાવે છે. જગતના સૌગન્ધ્યયુક્ત કુસુમોમાં તેને વધુ સૌન્દર્ય દેખાય છે—સુર્યના કિરણો પ્રથમ કરતાં વધુ તેજસ્વી અને આહલાદક હોય એવાં લાગે છે—આકાશના તારાઓના ચમકારામાં કંઇ સુખદ દિવ્યતા જણાય છે અને પક્ષીઓના મધુર કિલકિલાટમાં તેને બાલ્યાવસ્થા કરતાં કંઇક વધુ મીઠાશભર્યું દિવ્ય સંગિત સંભળાય છે. પ્રેમ પ્રદેશમાં પ્રવેશ કર્યા પછી નદિના મંદ મંદ ઝરણના કલકલ નાદમાં કુમારિકા વીણારવ સાંભળે છે. પવનની લહરીઓ તેના પ્રેમની સ્મૃતિ ખેંચી લાવે છે અને નિઃસર્ગ દેવીના સૌન્દર્યમાં તેને અજબ વૃદ્ધિ થયલી દેખાય છે. તે એક નવીન જગતમાં પ્રવેશે છે, જ્યાં તેને ફક્ત સુખ અને શાંતિનાજ દર્શન થાય છે. બાલાના ઓષ્ઠ મધુર હાસ્ય ફરકાવવામાં મોજ માણે છે અને એવી અનેક મોહક મુઝવણનો બાલિકા મીઠો અનુભવ લે છે. તેને લાગે છે કે તેના હૃદયવિહારીની છબી તેની આંખો સ્હામે તરે છે અને તેની ગેરહાજરીમાં પણ તેનો મીઠો અવાજ તેની કર્ણેન્દ્રિયે અથડાય છે. તેને એમ પણ લાગે છે કે કુદરત કોઇવાર કરમાઇ જાય છે—ફુલો ચીમળાઇ જાય છે અને નદિનો પ્રવાહ સુકાઇ જાય છે પણ તેનું સુખ ચીરકાલિન છે કારણ કે તેના હૃદયમાં એક જણની સ્મૃતિ હંમેશાં તાજી રહે છે. એ સ્મૃતિ તેના પ્રેમીની મૂર્તિ તેની સ્હામે લાવે છે અને એ મૂર્તિમાં તજાયલા વેરાન અરણ્યમાં પણ સ્વર્ગ બતાવવાની શક્તિ છે. પુષ્પો, પુસ્તકો અને એવીજ બીજી સ્ત્રીઓની માનીતી વસ્તુઓ જે તેમને કૌમાર્યાવસ્થામાં આનંદ આપે છે તે પ્રેમીનો પરિચય થયા પછી કંઇક અપ્રિય થઇ પડે છે અને તેનું હૃદય જગતનું ભાન ભુલી

જઇ ફક્ત એક જણનોજ વિચાર કરે છે. અને સુન્દર રૂથની સ્થિતિ પણ આવી થઇ હોય તો તેમાં નવાઇ જેવું શું છે?

કુમારિકા પોતાની માતા સાથે નદિ કિનારે ફરતી હતી પણ જ્યાં કર્નલ ગ્રેહામના જુલમી બલાત્કારથી લોરેન્સે તેને બચાવી હતી ત્યાં આવી પહોંચતાં તે જગ્યા તેણે તેની માતાને બતાવી. જો મિસીસ રમ્બોલ્ડને દુનિયાદારીનું હતું તે કરતાં વિશેષ જ્ઞાન હોત, મનુષ્ય હૃદય અને માનવ લાગણીનો તેને વધુ અનુભવ હોત તો આ વાત કરતી વેળા રૂથના ગાલપર પડેલા શરમના શેરડાથી તે તેના હૃદયમાં ખીલતા પ્રેમની વાત જાણી શકત. પણ મિસીસ રમ્બોલ્ડ જ્યાં સુધી તેને સ્પષ્ટ શબ્દોમાં બધું કહેવામાં ન આવે ત્યાં સુધી તર્કશક્તિ કે કલ્પના શક્તિનો ઉપયોગ કરી કંઇ અટકળી શકે એમ હતુંજ નહિ. અને તેથી કેપટન લીએ તેની પુત્રીનું રક્ષણ કરી તેના હૃદયપર પ્રબલ અસર કરી હતી તે તે જાણી શકી નહિ. પોતાની માતાથી આ લાગણી રૂથે જાણી જોઇને છૂપાવી એમ વાંચનારે માનવાનું નથી. ખરી વાત તો એ છે કે, રૂથ પોતેજ એ લાગણીની સત્યતા સંપૂર્ણ રીતે સમજી શકી ન્હોતી. વળી લૉરેન્સે હજુ સુધી પ્રેમનાં સ્પષ્ટ વચનો આપ્યાં યા લીધાં ન્હોતા અને તેથી હજુ સુધી પોતાના માતાપિતાને એ વાત જણાવવાની તથા તેમની સલાહ લેવાની જરૂર રૂથને જણાઇ ન્હોતી.

નદિ કિનારે ફરતાં નીધરહોલ તરફથી સર વિલિયમ બ્રાન્ડ ઘોડાપર બેસી આવતો તેમની દૃષ્ટિએ પડયો. તે નજીક આવ્યો એટલે તરતજ તેણે વિવેકથી પોતાની હૅટ ઉંચકી બન્ને સ્ત્રીઓને નમન કર્યું અને તેના રિવાજ કરતાં તેણે વિશેષ માન ઉભય પ્રતિ બતાવ્યું. તે જે શબ્દો બોલ્યો તે પણ તેના સ્વભાવ કરતાં ઉલટોજ ભાવ વ્યક્ત કરતા હતા. તે વધુ આનંદી અને વધુ હસમુખો જણાવાનો પ્રયાસ કરતો હતો. તે પોતાના અશ્વ પરથી નીચે ઉતર્યો અને જાણે તે બન્ને મા-દીકરી સાથે વાત કરવા ઇચ્છતો હોય એમ ઉભો રહ્યો. વિવેકને ખાતર મિસીસ અને મિસ રમ્બોલ્ડ આગળ જઇ શકી નહિ. સર બ્રાન્ડે વિનયી ભાષામાં જણાવ્યું કે તે સાંજે ફરતો ફરતો "રાઇ હાઉસ" માં આવી તેમની મુલાકાતનો આનંદ લૂંટવાનો વિચાર કરતો હતો અને જો તેઓ તેમને નદિ કિનારે ન મળી હોત તો

તે "રાઈ હાઉસ" માં આવત. આથી મિસીસ રમ્બોલ્ડે તેને રાઇ હાઉસમાં આવી પોતાના પતિને બે ઘડી મળવાનું આમંત્રણ કર્યું પણ સર બ્રાન્ડે પોતે તેમની ફરવા જવાની મોજમાં ખલેલ નાખવા નારાજ છે એમ કહી લગભગ દસેક મિનિટ તેમને રોકી તે પુનઃ સવાર થયો અને જતી વેળા તે થોડા સમયમાં "રાઇ હાઉસ" માં આવશે એવી ખાત્રી આપી ગયો.

રૂથ અને તેની માતા કિનારે આગળ ચાલવા લાગી. રૂથને લાગ્યું કે સર વિલિયમ બ્રાન્ડની દૃષ્ટિ તેના તરફ વધુ ધ્યાન આપતી હતી અને જ્યારે આ વિચાર એના મનમાં ઘોળાતો હતો ત્યારે એની માતા બોલી.

"રૂથ ! નીધરહોલનો માલીક હવે સુધરતો જાય છે. આપણે અત્યાર સુધી માનતા હતા તેવો એ ગંભીર અને કુંજરો જણાતો નથી; પણ દિન પ્રતિદિન આનંદી અને વિનયી થતો જાય છે. એ રૉયલીસ્ટ હોવા છતાં ત્હારા રિપબ્લીકન પિતા સાથે મિત્રાચારી રાખવા આતુર છે તે પરથી એનો સ્વભાવ કેટલો ઉદાર છે તે જણાઇ આવે છે–"

"અને તોપણ, બા ! મને એ માણસ ગમતો નથી. એનો વિનય કુદરતી નહિ પણ કૃત્રિમ છે અને તેથી એ કંઇ ઉંડા પાણીમાં રમતો હોય એવું મને લાગે છે–" રૂથ બોલી.

"મારી વ્હાલી રૂથ ! તારી વાત સાંભળી મને અજાયબી ઉપજે છે. તે એચાર પ્રશંસાના શબ્દો ત્હારે માટે બોલ્યો હતો અને જો કે તે ત્હારા પિતામહ જેટલો વૃદ્ધ છે તોપણ તેના શબ્દો એવા હતા કે જેથી તું રાજી થાય–"

"હું એવા પ્રશંસાસૂચક શબ્દો કોઇના પણ મુખમાંથી સાંભળવા માગતી નથી, વ્હાલી માતા !–અને ખાસ કરી સર વિલિયમના મ્હોમાંથી તો નહિજ–"

કુમારિકા સરલ હૃદયે પોતાને જે લાગ્યું તે બોલી. સર વિલિયમ બ્રાન્ડની દૃષ્ટિ તેને પસંદ પડી ન્હોતી અને તેની માતાએ જે ટીકા કરી તેથી એ કંઇક દુઃખી થઇ હતી. લૉરેન્સ લીના કાકાએ તેના સૌન્દર્યપર લક્ષ ન આપ્યું હોત તો સારૂં એમ રૂથને લાગતું હતું.

"મારો એવો અભિપ્રાય છે કે હવેથી સર વિલિયમ બ્રાન્ડ એક આનંદી પડોશી થઇ પડશે–" મિસીસ રમ્બોલ્ડ પુત્રીના શબ્દોની

ગંભીરતા સમજ્યા વિના ભોળાઇથી બોલી.

"આપણો અને એનો કિસ્સો નજીક નજીકજ આવેલો છે અને જ્યારે એ પોતાના રાજદ્વારી વિચારો ભૂલી જઇ આપણો મિત્ર બનવા માગે છે તો તારા પિતાએ પણ નીધરહોલમાં જઇ એને આનંદ આપવો જોઇએ. સર વિલિયમ એક દુઃખી માણસ છે. એની પત્નિ વિષે લોકવાયકા એવી છે કે તેણે જેવું જીવન ગાળવુ જોઇએ તેવું ગાળ્યું ન્હોતું અને કોઇ ફૅબીઅન પર્સી નામના યુવાન સાથે લેડી બ્રાન્ડ પ્રેમમાં છે એવી વાત થતી હતી—"

પણ અહિંયાં મિસીસ રમ્બોલ્ડની જીભ અટકી—તેને અચાનક એમ લાગ્યું કે તે જે વાત કરતી હતી તે પોતાની નિર્દોષ અને યુવાન પુત્રીની લાગણી દુઃખકરે એવી હતી. તે શાણી અને પવિત્ર સ્ત્રી હતી પણ વધુ બુદ્ધિવાળી ન્હોતી. કોઇ કોઇવાર તે ન કહેવાની વાત કહી દેતી અને પછી પસ્તાતી. સદ્ભાગ્યે રૂથે લેડી બ્રાન્ડના વર્તનપરની ટીકા સાંભળી નહિ કારણ કે સર બ્રાન્ડે તેનાપર આજે જે ખાસ ધ્યાન આપ્યું હતું અને તેના સૌન્દર્યની પ્રશંસા બેચાર શબ્દો દ્વારા કરી હતી તેપર રૂથ ગંભીર રીતે વિચાર કરવામાં લીન થઇ ગઇ હતી. પોતે જેને ચાહતી હતી અને જેની મૂર્તિ તેના હૃદયમાં રમતી હતી તેના પિતા તુલ્ય કાકા તરફથી પોતાના સૌન્દર્ય પર ખાસ ધ્યાન અપાય એ રૂથને જરા પણ ગમ્યું નહિ.

તેઓ થોડેક દૂર ગઇ અને પછી રાઇ હાઉસ તરફ પાછી ફરી. 'રાઇ હાઉસ'ની નજીક આવ્યા પછી મિસીસ રમ્બોલ્ડ કંટાળી જવાથી ઘરમાં ગઇ પણ રૂથને પોતાની લાગણીપર ગંભીર વિચાર કરવાને એકાંતમાં જવાની ઇચ્છા થવાથી તથા સન્ધ્યાની મોહકતાથી બહાર ફરવાનું ગમવાથી પોતાની માતાથી છૂટી પડી ન્યુ મારકેટ રોડની બાજુમાંના ખેતરો તરફ ફરવા ગઇ. તે બહુ દૂર ગઇ નહિ. તો પણ તેના પિતાના નોકરો તેને જોઇ શકે નહિ એટલે દૂર તે પહોંચી એટલામાં એક સારા દેખાવનો જુવાન નોકર તેની નજરે પડયો. સંપૂર્ણ વિવેકી ઢબે પોતાની હૅટ ઉતારી નમન કરી તે બોલ્યો.

"હું ધારૂં છું કે તમે મિસ રમ્બોલ્ડ છો—"

રૂથે જવાબ આપવામાં કંઇ હાનિ નથી એમ સમજી હકારમાં જવાબ આપ્યો. ત્યાર પછી પેલા નોકરે આજુબાજુ કોઇ નથી તેની ખાત્રી કરી પોતાના ગજવામાંથી એક ચીઠ્ઠી કાઢી કહ્યું.

"મારા શેઠ કૅપ્ટન લી તમને આ વાંચવાની અરજ કરે છે."

પેલા નોકરે તે પત્રિકા રૂથને આપી તેજ પળે તેની છાતી ધડકવા લાગી અને અનેક વિચારો એના મનમાં આવી ગયા. નોકરે લૉરેન્સનું નામ દીધું હતું છતાં રૂથે કલ્પી લીધુ હતું કે તે પત્રિકા લૉરેન્સનીજ છે. તે એવી મુઝાઇ ગઇ–અચાનક પોતાના હૃદયમાં ખળભળાટ મચાવનાર યુવાનની ચીઠ્ઠી આવતાં તે એવી ગુંચવાઇ ગઇ કે શાંતિથી વિચાર કરવાની તેને એક પલ પણ મળી નહિ. તેના હાથો ધ્રુજતા હતા. એ કંપ અનિર્વચનીય ભાવ વ્યક્ત કરતો હતો. રૂથે નોકરના હાથમાંથી ચીઠ્ઠી લીધી પણ તે લઇને તરતજ તેણે પ્રથમ નોકરે જોયું હતું તેમ આજુબાજુ જોયું. તેણે ખાત્રી કરી કે તેને કોઇ જોતુ નથી. તેણે આમ તેમ જોયું તે પરથી તેના હૃદયમાં એવી ગુપ્ત પ્રેરણા થતી હતી કે આમ ગુપ્ત જગ્યાએ અપાયલી ચીઠ્ઠી તેણે લેવી જોઇએ નહિ. પણ એટલામાં તો નોકર ત્યાંથી ઘણે દૂર ચાલી ગયો હતો અને થોડી જ પલોમાં ઝાડીમાં ગૂમ થઇ ગયો.

"કૅપ્ટન લી મારાપર કોઇપણ જાતની ખરાબ ધારણાથી પત્ર લખે એ અશક્ય છે—" રૂથ મનમાં વિચારવા લાગી.

"એના જેવું ઉમદા હૃદય ધરાવનાર યુવાન આત અગત્યના અને પવિત્ર હેતુ સિવાય મારાપર પત્ર લખેજ નહિ. આથી આ પત્રિકા વાંચવામાં કંઇ હાનિ નથી—"

આ વિચારો રૂથના મગજમાં આવ્યા અને તેણીએ તરત તે ચીઠ્ઠી ઉઘાડી વાંચવા માંડી.

"પ્રિય મિસ રમ્બોલ્ડ,"

"આજે સાંજે મને થોડીક મિનિટ ખાનગીમાં મળવાની હું
"તમને સવિનય પણ આતુર હૃદયે અરજ કરૂં છું. જો કે ફક્ત
"થોડી પલોમાં મારૂં કામ પૂરૂં થઇ જાય એમ છે તોપણ તમને
"રૂબરૂ મળવા વિના ચાલે એમ નથી. કામ અતિ અગત્યનું છે. અને
"તે હું આ પત્રમાં લખવાની હિમ્મત કરી શકતો નથી. એટલુંજ
"કહેવું પૂરતુ થઇ પડશે કે એક નવો–અતિ ગંભીર બનાવ–જે
"સ્થલેથી મ્હેં તમારા પિતાને પત્ર લખ્યો હતો તે સ્થલેજ–બનવા
"પામ્યો છે. એનેજ લીધે તમે મને મળો એ વાત તદ્દન ખાનગી
"રાખવાની મને ફરજ પડે છે અને તેથીજ હું 'રાઇ હાઉસ' માં

" જાતે આવી શકતો નથી. આજે સાંજે બરાબર નવ વાગે તમારા
" ઘરની બાજુમાંના પૂલને નાકે હું હાજર રહીશ. તેટલા સમય
" માટે પ્રણામ !

લૉરેન્સ.

આ પત્ર લૉરેન્સેજ લખ્યો હતો એ વિષે રૂથને કશી પણ શંકા આવી નહિ કારણ કે તેણે થોડા દિવસ પર પોતાના પિતાપર આવેલા લૉરેન્સના પત્રમાં તેના હસ્તાક્ષર જોયા હતા અને આ ચીઠ્ઠીમાંના અક્ષર આબેહુબ તેને મળતા હતા. વાંચી રહ્યા પછી ઝડપથી તેને વાળી દઇ રૂથે તે ચીઠ્ઠી પોતાની છાતીમાં છુપાવી દીધી અને રાઇ હાઉસમાં દાખલ થઇ પોતાના ઓરડામાં જઇ વિચાર કરવા લાગી.

એ સમયમાં પેલો જુવાન નોકર ત્વરિત વેગે ખેતરો ઓળંગી રાઇ હાઉસ અને કિંગ્સ આર્મસથી દૂર નીકળી ગયો અને પાએક માઇલના છેટાપર એક ઝાડીમાં દાખલ થયો કે જ્યાં બે બેડોળ સખસો ધુમાડાના ગોટેગોટ કાઢતા હતા તથા થોડી થોડીવારે દારૂની બાટલી ખાલી કરતા હતા. બાજુમાં બે સશક્ત અશ્વો અને એક પાણીદાર ટટ્ટુ લીલાં ઘાસથી છવાયલી ભૂમિપર આનંદથી ચરતાં હતાં.

" આવો, માસ્ટર હમ્ફ્રી ! શું સમાચાર ? " એક બદમાસે પૂછ્યું.

" પોબાર, દોસ્ત ! પોબાર ! હું મારૂં કામ પૂરૂં કરી આવ્યો. મિસ રમ્બોલ્ડ એકલીજ ખેતરોમાં ફરતી હતી અને મેં તેના સુન્દર હસ્તને પેલો પત્ર સ્વાધીન કીધો–મારી ખાત્રી છે કે તે બરાબર નવ વાગે પૂલ પાસે હાજર રહેશે—"

" તે કર્નલ કહે છે એટલી બધી સુન્દર છે ?—" જે પ્રથમ બોલ્યો હતો તેણેજ કહ્યું.

" અરે ! યાર ! એની સુન્દરતાની વાતજ જવા દે ! એને મેળવવા માટે મારા રસિક શેઠ જેટલાં જોખમ ખેડે તેટલાં ઓછાં છે. "

" એમ ? ત્યારે તો એ ઘણી રૂપાળી હશે—"

" જાણે પરી !—"

" ઓહો ! એ પરીને ઉપાડી લાવતાં અમને બહુજ આનંદ થશે. અને આજે અગિયાર વાગ્યા પહેલાં તો એ તારા શેઠે ભાડે રાખેલા ઘરમાં જઇ પડશે—"

" હું ઇચ્છું છું કે તેમ થાય—ચાલો, સાહેબજી !—" કહી હમ્ફ્રી પોતાના ટટ્ટુપર સવાર થયો અને ટટ્ટુ ચાલ્યું.

પ્રકરણ ૨૭ મું.

પ્રેમ.

રૂથ પોતાના ઓરડામાં ગઇ અને વિચારમાં તલ્લીન થઇ ગઇ. એના વિચારો આનંદજનક નહિ પણ દુઃખદાયી થઇ પડયા હતા કારણ કે તેની કેપ્ટન લીને નામે એને મળેલી ચીઠ્ઠી પરથી ખાત્રી થઇ ગઇ કે લૉરેન્સને એનો જુલમી કર્નલ ગંભીર રીતે સતાવતો હશે. આ કલ્પના—આ શંકા રૂથનું કોમલ હૃદય ચીરી નાખવા લાગી. લૉરેન્સે એને પાપી ગ્રેહામના બલાત્કારમાંથી બચાવી હતી—એ લૉરેન્સના આભાર નીચે હતી-લૉરેન્સે એને માટે કર્નલ ગ્રેહામ સાથે વેર બાધ્યું હતું. અને એ પોતાના અમલદારની જુલમી વર્તણુકનો ભોગ થઇ પડયો તેનું મૂલ રૂથજ હતી. આથી પેલા પત્રમાં લખ્યા પ્રમાણે જો તે નવ વાગે નિયત સ્થલે ન જાય તો તે એક જાતની કૃતઘ્નતા ગણાય એમ રૂથને લાગ્યું; પણ એજ પલે પોતાના માતાપિતાની સલાહ લીધા વિના એક યુવાનને એકાંતમાં મળવા જવું એ પવિત્ર બાલિકાને યોગ્ય લાગ્યું નહિ. શું કરવું ને શું નહિ તે એને સુઝયું નહિ. એક પલ પોતાનાં માતપિતાને આ વાત કહી દેવાની અને તેમની રજા લઈ પૂલ પાસે જવાની એને ઇચ્છા થઇ પણ લોરન્સે ચીઠ્ઠીમાં સ્પષ્ટ લખ્યું હતું કે તે એને તદ્દન ગુપ્ત રીતે મળવા માગતો હતો અને આ મુલાકાતની વાત કોઇ પણ જાણે એ તેને માટે હાનિકર્ત્તા હતું, આથી રૂથ જો પોતે પોતાના માતાપિતાને આ વાત કહે તો એક મિત્રે એનાપર મૂકેલા વિશ્વાસનો એણે ભંગ કર્યો કહેવાય. આથી કાતો ગુપચુપ લૉરેન્સને મળવા જવું અથવા તો જાણે એને ચીઠ્ઠી મળીજ ન હોય એવો દેખાવ કરવો, એ બે રસ્તા એને માટે ખુલ્લા હતા. રૂથ શું કરે ? તે લૉરેન્સ તરફ બેદરકારી બતાવી તેના પત્રની દરકાર ન કરે એ શક્ય છે ? નહિ. એ લૉરેન્સને ચાહતી હતી. એને એમ પણ લાગ્યું કે તેની કૃતજ્ઞતાપર—લોરેન્સનો સત્ય હક્ક છે. વળી લૉરેન્સના પવિત્ર વર્તન માટે એના મનમાં સહેજ પણ શંકા ન્હોતી અને તેથી તેને મળવા જવાનો તેણે નિશ્ચય કર્યો.

રાઇ હાઉસમાંથી ગમે તે સમયે બહાર જવું એ રૂથ રમ્બોલ્ડ માટે મુશ્કેલ ન્હોતું અને એ બહાર જાય તેથી કોઇને ખરાબ શંકા ઉપજે એમ પણ ન્હોતું. જો એના પિતાના કોઇ નોકર ચાકરની

નજરે પણ એ સાંજે નવ વાગે રાઇહાઉસની આસપાસ ફરતી માલુમ પડે તો તે કોઇને આશ્ચર્ય ઉપજાવે એમ ન્હોતું. કારણ કે ઉન્હાળાના દિવસમાં સાંજના નવ વાગે તદ્દન અંધારૂં થઇ જતું નથી પણ તારાઓનો આનંદજનક પ્રકાશ હોય છે અને તેમાં રૂથને ફરવા જવાનો શોખ છે એ બધા જાણતા હતા. આથી નવ વાગ્યા પહેલાં થોડીક મિનિટ અગાઉ તે ઘરમાંથી બ્હાર નીકળી અને ખાઇની ઉત્તર પૂર્વ બાજુથી પૂલ પાસે ચાલી ગઇ તેથી તેને કિંગ્સ આર્મ્સ આગળથી જવું પડયું નહિ. પૂલની સામી બાજુએ એક ટેકરી હતી અને આજુબાજુ ગીચ ઝાડી આવેલી હતી. પૂલની નીચેથી લી નદિ વહી જતી હતી. આથી રૂથ પૂલ પાસેની ઝાડી નજીક ગઇ તોપણ તેને કિંગ્સ આર્મ્સની સામે કેટલાક મજુરો દારૂ પીતા બેઠા હતા તે જોઇ શકયા નહિ.

ધડકતા હૃદયે રૂથ પૂલપરથી પસાર થઇ અને ઝાડી નજીક આવી પહોંચી. ન્યુ નદિ પણ ત્યાંથી થોડેજ દૂર હતી અને તે લી નદિને મળતી હતી. લી નદિનો પૂલ ઓળંગી રૂથ સહેજ આગળ વધી એટલામાંજ બે મજબુત બાંધાના બદમાસો એકાએક તેનાપર કુદી પડયા અને તે બૂમ પાડી ન શકે તે માટે તેના મ્હોંપર રૂમાલ બાંધી દીધો.

પણ એજ પલે એક બહાદૂર યુવાન ત્યાં આવી પહોંચ્યો. તે અંધારી ઝાડીમાંથી એકદમ બહાર ધસી આવ્યો અને ત્યાર પછીનો બનાવ થોડી પલોમાં બની ગયો. તેણે પોતાની ચકચકિત તલવારથી એક બદમાસને ઘાયલ કર્યો અને તે એકદમ જમીનપર તૂટી પડયો. બીજો જેણે મિસ રમ્બોલ્ડને પકડી હતી તે પણ આ અચાનક હુમલાથી ગભરાયો અને ન્હાસી જવાની તૈયારી કરવા લાગ્યો. પણ સ્હામે થનાર શત્રુ એકજ છે અને બીજું કોઇ મદદે આવે એમ નથી એવી ખાત્રી થતાં તેણે પોતાની તલવાર ખેંચી કાઢી અને એક જંગલી વાઘની માફક લૉરેન્સ તરફ ધસી ગયો. લૉરેન્સે બે ચાર ઝડપી શબ્દોમાં રૂથને હિમ્મત આપી અને તે પેલા બદમાસના હુમલા સ્હામે ટક્કર ઝીલવા તૈયાર થઇ ઉભો. તેનો પ્રતિસ્પર્ધિ તેની સ્હામે તલવારબાજીમાં ટકી શકે એમ ન હતું. લૉરેન્સ બહાદૂર હતો. એની હિમ્મત અખૂટ હતી અને એની શક્તિ એ રૂથના સંરક્ષણ માટે તલવાર ઝઝુમાવે છે એ ખ્યાલથી બેવડાઇ. તેણે પોતાના

શત્રુપર એવા જોસથી હુમલો કર્યો કે લૉરેન્સની તલવારના આંચકાથી તેની તલવાર તેના હાથમાંથી છૂટી ઝાડીમાં જઇ પડી. બીજીજ પલે લૉરેન્સે તેને ભૂમિ ભેગો કર્યો અને તે તેની છાતીપર ચઢી બેઠો, તેનું ગળું દબાવી તે બોલ્યો.

"બોલ, બદમાસ! કોણે તને આ કામ સોપ્યું હતું?"

"મને માફ કરો–મને જીવતદાન દો–હું તમને બધુ કહી દઇશ." તે રફીઅન–મવાલી અરજ કરતો બોલ્યો.

"જલદી બોલ—ચાલ બોલ–સાચું બોલજે—"

"મને—મને કર્નલ ગ્રેહામે આ કામ માટે રોકયો હતો—"

"બસ–થયું, જા હવે–હું તને જવા દઉં છું—જા, જઇને તારા કર્નલ ગ્રેહામને કહેજે કે કેપટન લી કટોકટ સમયે તેની પાપી યુક્તિ પાણીમાં મેળવવા આવી પહોંચ્યો હતો—ચાલ–ચાલ્યો જા–પેલા તારા સાથીને જો–એ મરી ગયો નથી–એને સાથે લઇને જા—જાવ–બદમાસો! હું તમને જીવતદાન દઉં છું–પણ વહેલા મોડા તમે ફાસીને લાકડે લટકશો–જાવ–કાળું કરો—"

આમ કહી તે તે બદમાસની છાતી પરથી ઉઠયો અને રૂથ જે ભયથી થરથરતી આ બનાવ જોતી થોડેક દૂર ઉભી હતી તેની પાસે ગયો અને વ્હાલથી તેનો હાથ પોતાના હાથમાં દાબી બોલ્યો.

"બ્હીતી ના, રૂથ! વ્હાલી રૂથ!–" લૉરેન્સ પોતાની પ્રણયીનીને આવી રીતે બચાવવાથી આનંદના આવેશમાં તેનું નામ દઈ પ્રેમની પ્રતીતિ આપતો બોલ્યો.

"ઓહ! કેપટન લી!—" રૂથ જે અત્યાર સુધી ભયથી કંપતી હતી તે પોતાના વ્હાલા યુવાનના મ્હોમાંથી પોતાનું ક્રીશ્રીયન નામ સાંભળી આનંદ પામી બોલી,

"તમે મને કેટલાક આભારો નીચે મુકવા માગો છો?"

"ઉપકાર? આભાર?—" લૉરેન્સ તારાના ઝાંખા મંદ પ્રકાશમાં રૂથના મોહક વદનપર પોતાની સ્નેહમત્ત આંખો ઠેરવી બોલ્યો.

"નહિ, વ્હાલી રૂથ!—એ આભારો નથી–પણ જો તેમ હોય તો હું ત્હારા હૃદયપર દાવો કરી શકું ખરો?"

તેણે તેનો હાથ પકડયો હતો. એ હસ્ત ધ્રુજ્યો. એ કંપ વિચિત્ર હતો. રૂથ બોલી નહિ પણ તેણે શરમથી પોતાની આંખો નમાવી દીધી તે પહેલાં લોરેન્સ તરફ જે સ્નેહ ભીની આંખોએ જોયું તે

પરથી લોરેન્સે જે પ્રેમ યાચના કરી હતી તેનો સ્પષ્ટ પ્રત્યુત્તર મળી ગયો. તેમની વાત પેલા બે બદમાસો સાંભળી શકે એટલા તેઓ તેમની નજીક ન્હોતા. એક બદમાસ બીજાને ઉઠાડતો હતો કે, જેને કેપટન લીએ પોતાની સમશેરનો સ્વાદ ચખાડયો હતો. તેને તેના મિત્રે સહાય કરી ઉભો કર્યો. તેઓ પોતાના અશ્વો પાસે ગયા અને લોરેન્સ અને રૂથ જ્યારે પૂલ ઓળંગી આવ્યાં ત્યારે તેમને કાને અશ્વોના પગલાંનો અવાજ સંભળાયો. બન્ને બદમાસો પોતાની ધારણા ધૂળમાં મળવાથી કાળે મ્હોડે ત્યાંથી ન્હાસી જતા હતા

બન્ને પ્રેમીઓ વચ્ચે ટુંક ખુલાસો થયો અને રૂથને માલુમ પડયું કે પેલી ચીઠી લોરેન્સે લખી ન્હોતી. તેણી મુઝવાઇ ગઇ અને એકદમ રડી પડી. તેને ઓછું આવ્યું.

"તમે હું અહિં દોડી આવી તે માટે શું ધારશો?"

"શું ધારૂં, વ્હાલી રૂથ! તું મને મળવાની આશાથી અહિં આવી હતી—બીજાને નહિ વ્હાલી! એજ શું તારા મારા તરફના પ્રેમની સાબીતી નથી? રૂથ! હું તને ચાહું છું—વ્હાલી! આ બનાવ બન્યો તેથી હું મને ભાગ્યશાલી સમજું છું કારણકે તેને લીધેજ હું મારા હૃદયમાં છૂપાયલો પ્રેમ તારી આગળ વ્યક્ત કરી શકયો."

આ શબ્દો સાંભળી રૂથને અત્યાર સુધી નહિ મળેલું એવું અનુપમ સુખ થયું. એનું હૃદય હર્ષોન્મત્ત થઇ ગયું. લોરન્સે પેલી પત્રિકા લખી ન્હોતી એ વાત સાંભળી રૂથને આનંદ થયો કારણકે તે પરથી કર્નલ એહામના જુલમનો તેનો વ્હાલો વધુ ભોગ થઇ પડયો નથી એવી તેની ખાત્રી થઇ. હવે તેણે લોરેન્સને રાઇહાઉસમાં આવી બધી વાત તેના માતાપિતાને કહેવાની ઇચ્છા બતાવી અમે લોરેન્સે તરત તે કબુલ કર્યું. રાઇહાઉસ તરફ જતી વેળા લોરેન્સે રૂથને અનેક પ્રેમની મીઠીમીઠી વાતો કહી અને યુવાનીને આંગણે ઝુમેલી રૂથને સ્વર્ગ દેખાયું.

પેલા બે બદમાસો સાથની લોરેન્સની મારામારી અલ્પ સમયમાં પૂરી થઇ ગઈ હતી અને મારામારી દરમ્યાન અવાજ પણ વધુ થયો ન્હોતો તેથી કિંગ્સ આર્મસની સ્હામે બેસી દારૂ પીનારાઓ કે કોઇને કાને કંઇ સંભળાયું નહિ.

કર્નલ રમ્બોલ્ડ અને તેની પત્નિ એક ઓરડામાં બેઠાં હતાં.

અને કર્નલ રૂથની ગેરહાજરીથી અજબ થતો હતો. એજ પલે બારણું ઉઘડયું અને તે યુવાન જોડું એકમેકના હાથમાં હાથ લઇ ઓરડામાં દાખલ થયું.

"પિતા! વ્હાલા પિતા!–" રૂથ એકદમ પોતાના પિતાની પાસે જઈ લાડ કરતી બોલી.

"અને વ્હાલી માતા! મને માફ કરજો–મેં આજે તમારી સલાહ વિના એક કામ કીધું હતું કે જે મને આફતમાં સપડાવી દેત–"

પોતાની પુત્રીના મ્હોમાંથી આ વાત સાંભળી કર્નલ અને તેની પત્નિ અજબ થયાં. પણ કેપટન લોરેન્સે સરલ હૃદયે કર્નલ સાથ હસ્ત ધૂનન કરી ઉતાવળથી ઘટતો ખુલાસો કરી પતિ પત્નિની શંકાનું નીવારણ કર્યું. રૂથે પેલી ચીઠ્ઠી પોતાના પિતાને બતાવી. કર્નલે તે વાંચી અને કેપટન લીના આબેહુબ અક્ષરો જોઈ તે આશ્ચર્ય પામ્યો. એક પલ તેના મુખપર શંકાનું વાદળ છવાયું; પણ તે લોરેન્સ સમજી ગયો. તે બોલ્યો.

"હું મારી તલવારના કસમથી કહું છું કે આ ચીઠ્ઠી બનાવટી છે."

"માફ કરો, બહાદૂર યુવાન! એક પલ મેં તમારાપર અવિશ્વાસ મૂકયો તે માટે મને માફ કરો. બબ્બેવાર તમે મારી પુત્રીને બદમાસ ગ્રેહામના પંઝામાંથી બચાવી છે અને હું તમારો અત્યંત ઋણી છું."

"આ પત્ર બનાવટી છે–" લૉરેન્સ બોલ્યો.

"એ એક કાવત્રાંબાજનું નીચ કૃત્ય છે–કર્નલ ગ્રેહામ મારા અક્ષરો સારી પેઠે ઓળખે છે. મેં તેને અનેક પત્રો લખ્યા હશે અને તે પરથી તેની નકલ કરવી એ એને માટે બચ્ચાના ખેલ જેવું છે. મેં તમને પત્ર લખ્યો હતો એ વાત એણે કોઈ રીતે જાણી લીધી હશે અને તેથી એનો પત્ર મેં લખ્યો હોય એવો જણાય છે. આજના બનાવ વિષે એક બીજો ખુલાસો કરવાનો મને જણાય છે. પોતાની નીચ યુક્તિની એક વાત કર્નલ ગ્રેહામે પોતાના એક પરિચિત ગૃહસ્થને કહી. તેણે એ યુક્તિ મનમાં ધીક્કારી એ વાતથી મને વાકેફ કીધો અને તેને કર્નલ વિશ્વાસઘાતક ન માને તે માટે જાણે હું આકસ્મિક સંજોગે મિસ રમ્બોલ્ડને બચાવવા આવી પહોંચ્યો હોઉં એવો દેખાવ કરવાનું તેણે મને દબાણ કર્યું; અલબત્ત, મેં મારા મિત્રની સલાહ માની તેમ કર્યું. આથી ગ્રેહામને આ વાત મને કોઇએ કહી હતી એવી શંકા

ઉપજશે નહિ...તેના બે બદમાસોને આજે યોગ્ય સજા કરી છે અને એ બદમાસને-કર્નલ ગ્રેહામને કાલે સજા કરવાની હું મારી પવિત્ર ફરજ સમજું છું-"

"નહિ-કેપટન લી!-" વ્હાલથી લૉરેન્સનો હાથ પકડી કર્નલ બોલ્યો.

"તમારે તમારી જીંદગી મારી પુત્રી માટે પુનઃ જોખમમાં નાખવાની જરૂર નથી, આજે તમે એકલાએ બબ્બે બદમાસોને હરાવ્યા છે. આથી તમારા શૌર્ય અને શક્તિ માટે મને વિશ્વાસ છે. પણ ગ્રેહામને કાયદા મારફતે સજા થવી જોઇએ-નહિ-નહિ-રોયલીસ્ટ સોલ્જરને કાયદો કંઈ કરશે નહિ એ વિષે મારી ખાત્રી છે. કેપટન લી! પ્રભુ એને સજા કરશે. મને વચન આપો કે તમે એની સાથે વિગ્રહ જગાડશો નહિ-"

"હું પણ તમને વિનંતી કરૂં છું-" રૂથ પોતાના પ્રેમી અને પિતાની વચ્ચે આવી બોલી. તેની આંખો પ્રેમપૂર્ણ હતી. આ પ્રસંગનો લાભ લઈ લૉરેન્સ રૂથનો હાથ પકડી કર્નલ તરફ જોઈ બોલ્યો.

"કર્નલ રમ્બોલ્ડ! હું તમારી પુત્રીને પવિત્ર પ્રેમથી ચાહું છું. આજે મેં મારો પ્રેમ એની આગળ વ્યક્ત કર્યો છે. તમે એમાં તમારી સંમતિ આપી અમને સુખી કરશો?"

કર્નલ રમ્બોલ્ડ તે યુવાનની સરલતાથી અતિ આનંદ પામ્યો.

"જો થોડા દિવસ પહેલાં મને કોઇએ એમ કહ્યું હોત કે મારે મારી પુત્રી રાજાના સૈનિકને પરણાવવી તો હું તેના તરફ તિરસ્કારથી હસ્યો હોત પણ લૉરેન્સ! હું તમારી માગણીનો શી રીતે નકારમાં જવાબ આપું? રૂથના પ્રેમપર તમારો સત્ય હક્ક છે. તમે તેને બબ્બેવાર પાપીના પંઝામાંથી બચાવી છે. રૂથ! મને લાગે છે કે તું પણ લૉરેન્સને ચાહે છે. હું તમને આશિષ આપું છું, મારાં વ્હાલાં બાળકો! સુખી થાઓ-પણ લૉરેન્સ! તમારા કાકા આ વાતમાં સંમત થશે?"

"હું ધારૂં છું કે મારા કાકા તમારા જેવીજ ઉદારતા આ વિષયમાં બતાવી મને સુખી કરશે."

"હું મારી રૂથ તમને સોંપું છું, લૉરેન્સ!-" કર્નલ પ્રેમપૂર્ણ સ્વરે બોલ્યો.

પ્રિય વાંચનાર! આ સમયે લૉરેન્સ અને રૂથનાં હૃદયો કેવા અનિર્વચનીય આનંદથી ઉછળ્યાં હશે તેની કંઇક કલ્પના આવે છે? ચાહવું અને ચહવાવું—જીવનના આ ગંભીર સુત્રોની મીઠાશ તેં કદિ ચાખી છે? પ્રિયજનના સ્નેહમસ્ત નયનોમાં વસેલું—છૂપાયલું કામણ ભર્યું જાદુ તેં કદિ જોયું છે? અને જોયું હોય તો એ જાદુમાં કેવી દિવ્ય શક્તિ શમાયલી છે તેનો અનુભવ લીધો છે?

પ્રેમ સ્વર્ગ છે—સ્વર્ગ એજ પ્રેમ છે! પ્રેમ વિનાનું સ્વર્ગ હોઇ શકેજ નહિ. મનુષ્યોનું જીવન પ્રેમ છે. પ્રેમ એ અમૃત છે અને એ અમીધારા માનવ હૃદયોમાં અમરતા જન્માવે છે એ શું ખોટું છે?

પ્રકરણ ૨૮ મું.

કેદી અને ડચેસ.

હવે અમે અમારા વાંચનારને જનરલ ઑલીફન્ટ પાસે કેદખાનામાં લઈ જઈશું કારણ કે ગત પ્રકરણમાં જે બનાવ બન્યો તેજ દિને અને તેજ સમયે આ પ્રકરણમાં અમે જે બનાવ લખવા માગીએ છીએ તે બન્યો હતો. લી નદિના પૂલ પાસે લૉરેન્સને મળવા રૂથ દમ્બોલ્ડ નવ વાગે ગઈ હતી અને એજ સમયે ટાવરમાં કેદ પકડાયલો ઑલીફન્ટ એક વ્યક્તિના આગમનની રાહ જોતો હતો. તે ટાવરમાંની પોતાની ઓરડીમાં એકલો બેઠો હતો અને એક ઝાંખો દીવો પોતાનો મંદ પ્રકાશ તે ઓરડીમાંની કાળાશને ચીરવાનો નિર્બલ પ્રયાસ કરતો હતો. કેદીના હાથપગપર લોખંડી જંજીર હતી પણ તેની જાણે એને પરવા ન હોય એવી રીતે એ બેઠો હતો. એના મુખપર રાક્ષસી દૃઢતા ન્હોતી કે બદમાસોના જેવી બેદરકારી ન્હોતી: પણ એ મુખપર એના શૌર્યપૂર્ણ પ્રતિભાસંપન્ન હૃદયની નીડરતા અને દૃઢ શાન્તિ છવાઈ હતી. એણે અનેકવાર મૃત્યુને પોતાની સ્હામે જોયું હતું—અનેક વાર ઝાલિમ મૃત્યુ એનો કોળિયો કરી એના અસ્તિત્વનો અન્ત લાવવા તૈયાર થયું હતું અને તેને લીધે ભય કે બ્હીક શું છે તે એ ભૂલી ગયો હતો. ભયની—મૃત્યુની એને પરવા ન્હોતી તેથી એ જો કે એના મોતના વૉરંટ પર રાજાની સહી થઇ ગઈ હતી તોપણ હમણાં શાન્ત વદને કેદખાનામાં બેઠો હતો. વળી એ જેને મળવા માગતો હતો તે જરૂર આવશેજ એવી એને ખાત્રી હતી; આથી અમુક વ્યક્તિને

મળવાની આતુરતાને લીધે સામાન્ય મનુષ્યને જેવી આતુરતા થાય છે તેવી એને થતી ન્હોતી.

નવ વાગ્યા પછી થોડીક મિનિટમાં જનરલ ઑલીફન્ટના કાનોએ રાલ્ફ ગ્રીમસ્ટેડના ઓરડાનું બારણું ઉઘડવાનો અવાજ સાંભળ્યો. એક પલ એના મુખપર ગમ્ભીરતા છવાઈ; પણ એ ગમ્ભીરતામાં ભય કે શંકાનું નામ ન્હોતું. એની હિમ્મત—એની દૃઢતા અજબ હતી. એ કોઈથી તોડી તૂટે એમ ન્હોતું. પણ એની વજ્રહૃદયી દૃઢતાના ઉંડાણમાં કોમલતા હતી—માનુષી લાગણી હતી અને એ લાગણી એને ભૂતકાલની સ્મૃતિ કરાવતી હતી. એ સ્મૃતિ એના મુખપર ગંભીરતા લાવતી હતી.

હવે એનું બારણું ઉઘડ્યું—લોખંડી જાળી ખસી ગઈ—અને એક વ્યક્તિ જેનું આખું શરીર કાળાં વસ્ત્રોથી ઢાંકેલું હતું તથા જેના મુખપર બુરખો હતો તે અંદર દાખલ થઈ. આ વ્યક્તિ કોઈ સ્ત્રી હતી. તેના મુખપર બુરખો હતો. તે સમયે કુલીન સ્ત્રીઓ જાહેર રસ્તાપર ધોળે દિવસે અથવા ગમે ત્યારે બુરખો નાખીનેજ બહાર નીકળતી. એ રિવાજ પ્રમાણે આ સ્ત્રીએ પોતાનું મ્હો છૂપાવ્યું હતું; પણ એ ઓરડીમાંનો કેદી એ બુરખા નીચે છુપાયલા મ્હોને સારી રીતે ઓળખતો હતો.

" તું હવે ચાલ્યો જા—" જનરલ ઑલીફન્ટે તે સ્ત્રી ઓરડામાં આવ્યા પછી લૅમ્પના ઝાંખા પ્રકાશમાં તેના તરફ એક ગંભીર દૃષ્ટિ નાખી, રાલ્ફ ગ્રીમસ્ટેડને કહ્યું.

" અને આગલા બારણા પાસેજ તપાસ રાખતો બેસજે. અમારી વાતચીત પૂરી થશે કે હું બારણાપર ટકોરા મારીશ એટલે તું આ સુન્દરીને બહાર લઇ જજે. સાવચેત રહેજે—તારૂં બાકીનું ઈનામ અલ્પ સમયમાં તને મળશે."

રાલ્ફ ગ્રીમસ્ટેડ કેદી અને પોતાના ઓરડાની વચ્ચેનું દ્વાર ખુલ્લું રાખી આગલું બારણું બંધ કરી બહાર બેઠો. આ સમય દરમિયાન પેલી બુરખાવાળી સ્ત્રીએ પોતાના બુરખામાંથી ઑલીફન્ટના વદનપર તિક્ષ્ણ નજર ફેંકી હતી અને રાલ્ફ ગ્રીમસ્ટેડ ચાલી જવા પછી ઑલીફન્ટનો બાંધો, ઉંચાઈ આદિ જોઇ જાણે તે તેના શરીરની બારીક તપાસ કરતી હોય તેમ ઑલીફન્ટ તરફ જોઇ રહી. એના મનમાં એક શંકા જન્મી હતી. એ શંકા ટાળવા તે ફાંફાં મારતી હતી. શું

આ તેજ યુવાન હશે કે જે તેનો પ્રથમ મિત્ર હતો? અથવા જો એ તેજ હોય તો આટલો બધો ફેર તેનામાં શી રીતે પડી ગયો હશે? આ પ્રશ્નો ડચેસ પોતાના હૃદયને પૂછતી હતી. ઑલીફન્ટના મુખપરની ગમ્ભીરતાનો હવે લોપ થઈ ગયો હતો અને તેની જગ્યાએ દૃઢતા અને પોતાના વિજય માટેની ખાત્રી છવાઈ હતી.

"આ કંગાળ ઓરડીમાં ફક્ત આ એકજ સ્ટુલ છે. તમે એ પર બેસો—હું ઉભો રહીશ."

ઑલીફન્ટના શબ્દોથી—તેના વર્તનથી દબાઇને અથવા તો પોતાની પદવીના અભિમાનમાં ડચેસ તે સ્ટુલપર એક પણ શબ્દ બોલ્યા વિના બેસી ગઈ. તેણે પોતાનો બુરખો બાજુએ મૂક્યો નહિ તથા પોતાનું શરીર ઢાંકનારો ઝબ્ભો પણ કાઢ્યો નહિ. તે જાણતી હતી કે તેને મળવા બોલાવનારાનો હેતુ બહુ ગંભીર હતો.

"લુઈડ કેરલ !—" જનરલ ઑલીફન્ટ દીવાલને અઢેલી પોતાની બેડી બતાવી બોલ્યો.

"તમે જુઓ છો કે મારા હાથપગ બેડીથી જકડાયલા છે—હું એક કેદખાનામાં કેદી તરિકે પૂરાયો છું અને હું તમને વિશેષ જણાવું છું કે પ્રીવી કાઉન્સીલના સેક્રેટરીએ મારા મૃત્યુનું વૉરંટ ટાવરના લેફ્ટનંટપર આજે પાછલા પહોરે મોકલી આપ્યું છે. આજથી ત્રીજે દિને મને ફાંસીએ લટકાવવામાં આવશે અને ટાવર હીલપર મારા જીવનનો અંત આવશે. લુઈડ કેરલ! આ બધું અટકાવવાનું હવે તારે માથે છે. આ બેડીઓ કાઢી નાખી મારા મૃત્યુનું વૉરંટ રદ કરી મને મારી સ્વતંત્રતા પાછી મળવી જોઇએ એટલુંજ નહિ પણ કાલે સાંજે તું જે મેળાવડો કરે છે તેમાં મને આમંત્રણ મળવું જોઇએ—"

"અને જનરલ ઑલીફન્ટ આવી ધૃષ્ટ માગણીઓ કયા હક્કથી કરે છે તે હું જાણી શકીશ?—" ડચેસે ધીમા—ભયકંપિત સ્વરે, ધડકતી છાતીએ પૂછ્યું.

"જો તું મને એ રીતે સવાલ પૂછવાની હોય તો મારે તને કેટલોક ખુલાસો કરવો પડશે અને લુઇ! તે માટે મારે તને ભૂતકાલનું ભયંકર સ્મરણ કરાવવું પડશે—" જનલ ઑલીફન્ટ નીડરતાથી ડચેસના નામ સાથે છૂટ લઇ બોલ્યો.

"તમે લંડન આવ્યા ત્યારે કૅપટન વીલ્ડેરના ખોટા નામથી હોટલમાં રહ્યા—તમારૂં પોગળ ફૂટી ગયું અને તમે અમેરિકામાં ઑલી-

ફ્રન્ટના નામથી વસ્યા હતા એ જણાઇ આવ્યું; પણ મને લાગે છે કે એ બન્ને નામો ખોટાં છે અને તમારા ભૂતકાલમાં તમે કોઇ ત્રીજુંજ નામ ધરાવતા હોવા જોઇએ. એ વાત ખરી છે?" ડચેસ હવે પોતાની હિમ્મત એકઠી કરી પોતાના સ્વરમાં સત્તા અને દૃઢતા લાવી બોલી.

કેદીએ આ સાંભળી ડચેસ તરફ વિચિત્ર–કડક દૃષ્ટિએ જોયું અને કંઇક કઠોર સ્વરે તે બોલ્યો:

"તારૂં અંતઃકરણ હું કોણ છું તે તને ન કહે એ શું શક્ય છે? અઢાર વર્ષના ગાળાથી શું મારૂં વદન એટલું બધું બદલાઇ ગયું છે–મારા શરીરમાં શું એટલાં બધાં પરિવર્તન થઇ ગયાં છે કે તું–તું–મને ઓળખી શકતી નથી? પણ જો એમ હોય તો પણ પરમદિને રાત્રે મેં તારા કાનમાં જે શબ્દો કહ્યા તે પરથી તારી ખાત્રી થઇ નથી કે એ શબ્દો આખા જગત્‌માં ફક્ત એકજ વ્યક્તિ બોલી શકે એમ છે?—પણ જો હું કોણ હતો તે તું જાણતી નથી તો હું હમણાં કોણ છું તે પણ તારે જાણવાની આવશ્યકતા નથી–પણ વિચાર કર કે જો તું મને ન ઓળખતી હોત તો આજે મેં તારાપર જે ચીઠ્ઠી મોકલી તેને શરણ થઇ તું અહિં આવી હોત ખરી?"

જનરલ ઑલીફન્ટ જ્યારે આ શબ્દો બોલ્યો ત્યારે ડચેસ પોતાના બુરખામાંથી તેને તિક્ષ્ણ દૃષ્ટિએ જોઈ રહી હતી; પણ તે મૌન રહી. ભૂતકાલની ભયંકર સ્મૃતિએ તેની જીભ સીવી દીધી હોય તો તે પણ શક્ય છે. અથવા તો પોતાના હૃદયમાં આ વ્યક્તિને ઓળખ્યા છતાં તે બહારથી કબૂલ કરવામાં તેને સાર જણાયો ન હોય.

"હજુ પણ તમે મને ઓળખતા નથી, શ્રીમતી?" જનરલ ઑલીફન્ટ પોતાની હંમેશની શાન્ત રીતે ઠંડે કલેજે બોલ્યો. તેનો હેતુ જરૂર પાર પડશે એ વિશે તેને લેશ માત્ર શંકા નહતી. એનો સ્વર સત્તાદર્શક અને સ્હામી વ્યક્તિને દાબી નાખે એવો હતો. તે પુનઃ બોલ્યો.

"હું જાણું છું કે કેટલાંક વર્ષો પૂર્વે મારો દેખાવ સુન્દર અને મ્હારૂં વદન સ્ત્રીના જેવું મોહક હતું; તોપણ સૂર્યની ગરમીએ હજુ મારૂં મ્હો તદ્દન બગાડી નાખ્યું નથી. મારી ચામડી જરા શ્યામવર્ણી થઈ છે તથા તેં જે મુખ મારી યુવાવસ્થાના પ્રારંભમાં જોયું હતું તેમાં હમણાં ઘણો ફેર પડ્યો છે. મને હવે મુછો ઉગી છે–મારા મુખપર દાઢી થઈ છે કે જે તેં જોઈ ન્હોતી. તેં આ મુખ ત્હારા જેવું સુન્દર હતું

ત્યારે જોયું હતું. મારો પાતળો નાજુક બાંધો હવે મજબુત થયો છે અને હું છોકરા જેવો મટી ૭ ફુટ ઉંચો પુરૂષ બન્યો છું. તોપણ જેને તેં ઘણાં વર્ષો પૂર્વે જોયો હતો તેને તું તદ્દન ભૂલી જાય એટલું પરિવર્તન મારામાં થયું નથી. પણ ધાર કે મારામાં ઘણું પરિવર્તન થયું છે, મારા શરીરપર થયલા જખ્મથી, મને સહન કરવી પડેલી આફતોથી, ઉષ્ણ પ્રદેશની અસહ્ય ગરમીથી તથા ચિંતા અને દુઃખથી મારૂં વદન બદલાઇ ગયું છે–હું તદ્દન ફેરવાઈ ગયો છું–તોપણ જ્યારે પેલા શબ્દો મેં તારા કાનમાં કહ્યા ત્યારે તારા અંતઃકરણે તને આ-જથી લાંબા સમય પહેલાં તું જેના ગાઢ સમાગમમાં આવી હતી તેની તને સ્મૃતિ કરાવીજ હશે. કારણકે તેના સિવાય એ શબ્દો કોઈ બોલી શકે એ અશક્ય છે—”

હજુ પણ ડચેસ મૌન રહી. એક પલ–ફક્ત એકજ પલ ઑાલીફન્ટ મુઝાયો. બીજીજ પલે તેણે કઠોર હાસ્ય કર્યું. તેનું વદન ગંભીર થયું. તે ગંભીર સ્વરે બોલ્યો.

“ તારા મૌનનો અર્થ હું સમજી શકતો નથી, લુઈ! કદાચ તું મારી સાથે કેમ વર્તવું તેનો વિચાર કરતી હશે. હું જે વાત કહું છું તે હિમ્મતથી નકારવાની તું યુક્તિ ખોળતી હશે અથવા તારા ભૂત-કાલના બનાવો વિષે જાણે તું કંઈ જાણતીજ ન હોય એવો ડોળ કરવાનો વિચાર કરતી હશે. ઇંગલંડના રાજાના વિલાસભવનમાં તું જે સત્તા ધરાવે છે તે સત્તાપર એક મનુષ્ય જે દાવો કરે છે તેનો દાવો રદ્દ કરવા તું તારૂં મગજ કસતી હશે. તારા મગજમાં વળી કોઈ બીજા નવા ખ્યાલો પણ ભમતા હોય એ બનવાજોગ છે. ઠીક છે. જ્યારે તું મૌન રહી મારી વાત શાંતિથી સાંભળે છે તો હું તને એક વાત કહીશ અને મારી ખાત્રી છે કે તું તે શાંતિથી–ધિરજથી સાંભળ્યા કરશે. મારા ભૂતજીવનનો ઇતિહાસ હું તને કહેવા માગું છું. અઢાર વર્ષ પૂર્વે, સને ૧૬૬૪ના આરંભમાં એક ઇંગ્લીશ વહાણ જે સ્પેનીશ બંદરે જવાનું હતું તે બ્રીટનીના કિનારા આગળ અથડાઈ પડ્યું. તે વહાણપર હું હતો. તે સમયે ઓગણીસ વર્ષનો જુવાન્યો–મારા માત પિતા બાલ્યાવસ્થાથીજ મરણ પામવાથી મારા કાકા મારૂં પાલન પોષણ કરતા અને તે પણ આ વહાણપર મારી સાથે હતા. મારા વાલી કડક સ્વભાવના હતા તેથી હું તેને ચાહતો ન્હોતો. મને જ્યારે સાહસિક ફ્રેંચ માછીઓએ બચાવી કિનારે આણ્યો ત્યારે મને માલુમ પડ્યું કે મારા કાકા

દરિયાની તળેટીએ જઈ પહોંચ્યા હતા. મને વધુ દિલગીરી થઈ નહિ. મારી સાથે એકાદ ડઝન ખલાસીઓ બચ્યા હતા. બાકીના બધાની કબર દરિયાના ઊંડા પાણીમાં થઈ. ખલાસીઓ તો બીજા વહાણમાં નોકરીએ રહી ગયા. પણ બ્રિટેનીના કિનારાપર આવી પડેલા મારા જેવા કમનસિબ યુવાનની કોણ દાદ લે ? એક રંક પણ ઉચ્ચ ખાનદાનના એક ગૃહસ્થ જે ત્યાં રહેતા હતા તેણે મારી સંભાળ લીધી અને હું મો. ડ કેરલ અને તેની બે પુત્રીઓ સાથે તેના ગરિબ ઘરમાં સ્થાન મેળવી શકયો. બોલ, મારી વાત આગળ ચલાવું કે ? ”

ડચેસ પોતાની બેઠક પરથી સહેજ ઉભી થઈ અને જાણે એ અશાન્ત થઈ હોય એવી હીલચાલ કરી પણ એના હૃદયમાંથી શું પસાર થતું હતું તે એના વદન પરથી જણાય એમ ન્હોતું કારણ કે હજુ તેણે બુરખો બાજુએ મૂકયો ન્હોતો: પુનઃ તે સ્ટુલપર બેઠી પણ એક શબ્દ પણ બોલી નહિ.

“ મને લાગે છે કે મારી વાત મારે આગળ ચલાવવી પડશે. મો. ડ કેરલ એક વિધુર હતો અને તેની સ્વર્ગસ્થ પત્નિએ તેના પ્રેમની ચીર સ્મરણીય પ્રતિમા રૂપ બે પુત્રીની પોતાના પતિને બક્ષીસ કરી હતી. આ બે બ્હેનો સુન્દર હતી એમ કહેવાની જરૂર નથી. તેઓ એટલી સુન્દર હતી કે તેનું વર્ણનજ થઈ શકે નહિ. તેમાં નાની બહેન વિષે હું વધુ બોલવા માગતો નથી કારણ તેને મારી વાત સાથ વધુ સંબંધ નથી અથવા નહિ જેવોજ છે. હું મોટી બહેન જેનું નામ લુઈ હતું તેની કથા કહેવા માગું છું. તે ત્યારે સત્તર વર્ષની અનુપમ સુન્દરી હતી. આસ્માની સુલતાની નડવાથી મોં. ડ કેરલનું કુટુંબ શ્રીમંતદશાને પ્રણામ કરી ગરિબીમાં આવી પડયું હતું. આથી તેને પોતાની સૌન્દર્યસંપન્ન પુત્રીઓ સાથે બ્રિટેનીના કિનારાપર એક ઘરમાં રહેવાની ફરજ પડી હતી અને ત્યાંની વસ્તી પણ ફ્રેંચ સુધારણા જોતાં ઘણી જંગલી હતી. મોં. ડ કેરલને પોતાની પડતી દશામાંથી બહાર નીકળવાની એક પણ આશા જણાઇ નહિ. કોઈ શ્રીમંત કુમારિકા કે વિધવાને પરણીને પણ પોતાની સ્થિતિ તે સુધારી શકયો નહિ; તે જે સ્થલે રહેતો હતો ત્યાં એવી શ્રીમંત કુમારિકા એના હાથમાં આવે એમ ન્હોતું. એના કૌટુંબિક અભિમાને એને ફ્રેંચ પાટનગરમાં પોતાની પુત્રીઓ સાથે જતાં અટકાવ્યો કારણ કે એ જેમ તેમ પૅરિસ જઇ પહોંચે તો પણ ત્યાંના અયશઆરામી વાતાવરણમાં નિર્વાહ ચલા-

વવાની એની તીજોરીમાં તાકાત ન્હોતી. મોંડકેરલ તે એકાંત કિનારાપર જંગલી લોકોના સહવાસમાંજ પડી રહ્યો. તેની એ પુત્રી જાણે જંગલના તળાયલાં વાતાવરણમાં એ સુન્દર કમલપુષ્પો ખીલ્યાં હોયની તેવી લાગતી. તેમનું સૌન્દર્ય આંખોને ચકરાવી નાખે એવું હતું-કેમ લુઇ? વધુ બોલું કે?"

"જનરલ ઑલીફન્ટ! તમે આ વાતથી એમ ધારતા હો—" ડચેસ ઑફ પોર્ટસમથ ભયભર્યા સ્વરે બોલી.

"તું મને શા માટે **ઑલીફન્ટ** કહી બોલાવે છે?" કેદી તેને બોલતી અટકાવી બોલ્યો.

"હું જે સમયની વાત કહું છું તે સમયે તું મને એ નામથી બોલાવતી ન્હોતી-જ્યારે તારા પિતાએ મને આશ્રય આપ્યો ત્યારે હું **ઑલીફન્ટ** ન્હોતો—"

"પણ ભૂતકાલની એ સ્મૃતિ અત્યારે શા માટે? તમે મારો નાશ કરવા માગો છો? તમે એમ ધારો છો કે હું તમારા હાથમાં સંપૂર્ણ લાચાર છું!"

"જો તને એમ લાગતું હોય કે તું મારા તાબામાં નથી તો તું શા માટે મારી ઇચ્છાને તાબે થઇ અહિં આવી?"

"સાંભળો—આપણી મુલાકાતનો હવે જલ્દી અંત આવવો જોઇએ અને મને લાગે છે કે આપણે હવે પરસ્પર સલાહ કરી લેવી જોઇએ." ડચેસ બોલી.

"તમે રાજમહેલમાં મારા હૉલમાં દાખલ થયા—હું જાણતી નથી કે શી રીતે—પણ તમે ત્યાં આવ્યા અને જાદુગરના છદ્મ વેષમાં તમે મારા કાનમાં ચોક્કસ શબ્દો કહ્યા. આહ! એ શબ્દો ભયંકર હતા! હું તે કબૂલ કરૂં છું. તે સમયે એ શબ્દો કોણ બોલ્યું તે હું જાણી શકી નહિ. મેં લાંબા સમયથી ધાર્યું હતું કે એકજ માણસ તે શબ્દો બોલી શકે એવો છે અને તે મરણ પામ્યો છે. મેં જેમ જેમ વિચાર કર્યો તેમ તેમ મારી મુઝવણ વધી પણ હજુ તે મનુષ્ય મરી ગયો હતો એવીજ મારી માન્યતા હતી. મેં કલ્પના કરી કે તેણે પોતાના મૃત્યુ પૂર્વે એ વાત—એ ભેદી વાત પોતાના કોઇ મિત્રને કહી હશે અને તે મિત્ર જાદુગરના વેષમાં મારા હૉલમાં આવ્યો હશે. ત્યાર પછી મને ખબર પડી કે તે જાદુગર કોઇ નહિ પણ વરજીનીઆનો બળવાખોર જનરલ ઑલીફન્ટ હતો. આ સાંભળી મારી ખાત્રી થઇ

ગઇ કે બ્રિટેનીના કિનારાપર ઘસડાઇ આવેલો યુવાન જેના ગાઢ સમાગમમાં હું પૂર્વે આવી હતી તે આ જગતપર હસ્તી ધરાવતો નથી. હું શી રીતે જાણું કે તે આ જગતમાં બીજે નામે જીવતો હશે? અને તે નામ ઑલીફન્ટ હશે? આજે સ્હવારે તમારી ચીઠ્ઠી આવી. તેમાં ભાર મૂકીને કહેવામાં આવ્યું હતું કે જનરલ ઑલીફન્ટ—ગુરખા પાર્ટીનો જાદુગર અને હમણાં લંડન ટાવરનો એક કેદી આજે રાત્રે નવ વાગે મને મળવા માગે છે. મારે તને જરૂર મળવુંજ જોઇએ એવું દબાણ મને મારા પિતાના અઢાર વર્ષ પૂર્વેના પરોણાની સ્મૃતિ કરાવી કરવામાં આવ્યું હતું. આ પરથી પણ મારી ખાત્રી થઇ કે મારા પિતાનો પરોણો અસ્તિત્વમાં ન્હોતો પણ તમે તેણે તમને કહેલા છૂપા ભેદનો લાભ લેવા માગતા હતા. આથી હું અહિં આવી—હા! હું મારી ખાત્રી કરવા અહિં આવી—તમે કહો છો કે જેને હું ઘણાં વર્ષો પૂર્વે ઓળખતી હતી તે તમેજ છો—અને હવે મને લાગે છે—નહિ—મારી ખાત્રી થાય છે કે તે તમેજ છો—"

છેલ્લા શબ્દો ડચેસ જાણે મૃત્યુ પામતી હોય એવા ધીમા—દુઃખદ સ્વરે બોલી અને તેણે ગુરખો બાજુએ મૂકી પોતાના સુન્દર રૂમાલ વડે પોતાનું વદન લૂછ્યું.

"ત્યારે તો હું ઘણો બદલાઇ ગયો હોવો જોઇએ કારણ તું મેં તને સબળ પૂરાવો આપ્યો ત્યાં સુધી મને ઓળખી શકી નહિ. પણ તું લુઇ! તું, બહુ બદલાઇ ગઇ નથી. મેં જ્યારે પરમદિને રાત્રે તને સોળે શણગાર સજી તારા ભવ્ય હૉલમાં બેઠેલી જોઇ ત્યારે—"

"આવી વાતચીત માટે આ સમય નથી. મેં તમને કહી દીધું છે કે હવે આપણે પરસ્પર સમજી જવું જોઇએ. તમે હિમ્મતથી તમારી સરતો મને અત્યાર પહેલાં કહી દીધી છે. હવે હું તમને સ્પષ્ટ રીતે કહું છું કે તમે જે માગો છો તે મારે માટે અશક્ય છે—"

"અશક્ય?"

"હા—અશક્ય—"

"લુઈ! એ અશક્ય બોલજ મારા શબ્દકોષમાં નથી. હજુ સુધી મેં અશક્યતા જોઈ નથી અને હવે પછી જોઇશ પણ નહિ—"

"તમે ખાત્રીપૂર્વક બોલો છો—"

"તારી સાથે આમ વાત કરતાં મને આનંદ થતો નથી. મેં ઘણી લડાઈમાં ભાગ લીધો છે અને પુરૂષો સાથે શક્તિ અજમાવતાં

મને હર્ષ થાય છે પણ સ્ત્રી સાથે લડવું મને પસંદ નથી. તું જાણે છે કે હું ઘણા ખરાબ સંયોગમાં આવી પડયો છું અને તારે મને બચાવવો જોઇએ—"

"મારાથી એ બની શકશે નહિ." ડચેસ દઢતાથી બોલી.

"આમ બોલવામાં કંઈ સાર નથી–" ઑલીફન્ટ બોલ્યો.

"તું એમ ન ધારતી કે ફાંસીએ ચઢતાં મારા પગ ધ્રુજશે–નહિ–એમ ન ધારતી કે મારૂં માથું વધસ્થાનપર મૂકતાં મારી હિમ્મત ખૂટી જશે–નહિ–હું મૃત્યુથી ડરતો નથી. એક વાર મનુષ્ય માત્રને મરવાનું તો છેજ. મેં અનેક વાર મૃત્યુને મારી સામે જોયું છે અને મૃત્યુ સાથે મારે એક જાતની મિત્રાચારી છે. પણ તેથી જીવનથી હું કંટાળી ગયો છું એમ નથી. મારામાં જ્યારે મારૂં જીવન બચાવવાની અજેય શક્તિ છે તો શામાટે મારે તેનો ઉપયોગ ન કરવો? એ શક્તિનું કેન્દ્રસ્થાન, લુઈ! તું છે—"

"તમારી મરજી મારાપર સત્તા ચલાવવાની છે–પણ હું કહું છું કે તમારામાં એવી શક્તિ નથી."

"તું ભૂલે છે. જો તું આપણી મુલાકાત લંબાવશે તો તે હવે તારો વાંક છે. જરા વાર થોભ–હું હમણાં આવું છું."

આમ કહી તે લૅમ્પ લઈ બાજુના ઓરડામાં ગયો અને બહારના બારણાપર ટકોરા માર્યા. રાલ્ફ ગ્રીમસ્ટેડ જે બહાર બેઠો હતો તેણે તરતજ બારણું ઉઘાડ્યું.

"મારે લખવાના સાધનો જોઇએ છે–લઈ આવ—" ઑલીફન્ટે કહ્યું.

"મેં તમે સ્હવારે ચીઠ્ઠી લખ્યા પછી ખડિયો કલમ ને કાગળ પેલા કબાટમાંજ મૂક્યાં છે."

"ઠીક–હજુ અમારી વાતચીત પૂરી થઈ નથી. હજુ અહિંજ બેસી રહે."

ગ્રીમસ્ટેડે પુનઃ દ્વાર બંધ કર્યું. ઑલીફન્ટે રાલ્ફે કહેલા કબાટમાંથી ખડિયો, કલમ ને કાગળ લીધાં ને તે ડચેસ પાસે ગયો.

"આની શી જરૂર છે?" ઑલીફન્ટે ડચેસની બાજુમાંના ટેબલપર લખવાનાં સાધનો મૂક્તાં ડચેસ તે બતાવી બોલી.

"તારે એક કરારનામા પર સહી કરવાની છે–"

"અશક્ય–હું કદિપણ સહી કરીશ નહિ–" ડચેસ અતૂટ દઢતા

પોતાના મુખપર બતાવી બોલી.

"તે હમણાંજ માલુમ પડશે......" પુનઃ ઑલીફન્ટ બેદરકારીથી જાણે પોતે લહેરમાંજ હોયની તેમ બોલ્યો-

પ્રકરણ ૨૯ મું.

કેદીનો વિજય.

લંડન ટાવરમાં ઑલીફન્ટની ઓરડીમાં જે બનાવ હમણાં બનતો હતો તે અસામાન્ય હતો. એક બાજુ ઑલીફન્ટની ભવ્ય આકૃતિ પોતાના વિજય માટે સંપૂર્ણ વિશ્વાસ સહ ખડી હતી. બીજી બાજુ ચાર્લ્સ બીજાને પાણી પાનારી ઇંગ્લંડની સત્તા દેવી પોતાની નિર્બલતા વ્યક્ત કરતી બેઠી હતી. લૅમ્પનો ઝાંખો પ્રકાશ ડચેસના ફીક્કા પણ સુન્દર અને ઑલીફન્ટના શ્યામ વદનપર પડતો હતો. ડચેસના વદનપર હજુપણ દૃઢતા હતી. તે કેદીને સહાય ન કરવાનો ડચેસે નિશ્ચય કર્યો હતો અને એ નિશ્ચય તોડવા ઑલીફન્ટ દૃઢપ્રતિજ્ઞ બન્યો હતો. ગત પ્રકરણના અંતમાં ઑલીફન્ટ જે વાક્ય બોલ્યો તે તે પછી એક મિનિટ ત્યાં ગંભીર મૌન છવાયું. ત્યાર પછી ડચેસ એકાએક પોતાની બેઠક પરથી ઉભી થઇ કિંચિત લથડતા સ્વરે બોલી:

"જનરલ ઑલીફન્ટ! હું તમને એજ નામથી બોલાવીશ કેમકે તમારા બીજા નામથી તમને હવે સંબોધવાનું હું પસંદ કરતી નથી હું નથી ધારતી કે એક રણપંડિત વીરલા તરિકે તમે યુદ્ધભૂમિમાં જે કીર્તિ મેળવી છે તે પર તમે એક અરક્ષિત અબલાને રોકી રાખી કલંક લગાડવા ઇચ્છિતા હો—"

"તમારી મરજી હોય તો તમે અહિંથી ચાલી જવાને મુખ્ત્યાર છો. પણ જો તમે મારી સરત કબૂલ નહિ કરશો તો આવતી કાલે આખું લંડન અને થોડા દિવસમાં આખું ઇંગ્લંડ ડચેસ ઑફ પોર્ટસમથના ભૂતકાલની ભેદી કથાથી વાકેફ થઈ જશે."

"હું તેથી ડરતી નથી-" લુઈ બોલી અને તેણે બારણા તરફ જવા માંડયું—પણ તેના પગ ઉપડયા નહિ—તેનું હૃદય ડર્યું—કારણ કે જનરલ ઑલીફન્ટે જે ધમકી આપી તે એને અપ્રિય થઈ પડી.

"તારા મનમાં શું થાય છે તે હું સમજું છું, લુઇ!-" લુઇને

જતી અટકાવવાનો લેશ માત્ર પ્રયાસ કર્યા વિના પોતાની જગ્યાએ સ્થિર ઉભો રહી ઑલીફન્ટ બોલ્યો.

"પણ મારી સ્થિતિ અત્યારે એવી છે કે જેથી મેં તને જે સરત કહી તે સિવાય મારાથી બીજી સરત કરી શકાય એમ નથી. જો હું એ સરત ન કરૂં તો હું જાણી જોઇને મારા જીવનને બચાવવાનો પ્રસંગ છોડી દઉં. એમ ન ધારતી કે તારો ભેદ કહેવા હું આટલી લાંબી મુસાફરી કરી અહિં આવ્યો છું. ત્હારો ગુન્હો ભયંકર છે! એ પાપનું સ્મરણ પણ ભયંકર છે-પણ તેનું વેર હું લેવા માગતો નથી કારણ તારા હૃદયની નિર્બળતાનું મૂળ મારામાં હતું. હા-તેથીજ તેં એ પાપ કર્યું-તેથી હું તને સતાવવા માગતો નથી. તારા અંતઃકરણેજ તને તે માટે યોગ્ય શિક્ષા કરી હશે. પણ વિચાર કર લુઇ! હું તારાપર વેર લેવા ઇચ્છતો નથી; પણ મારા મૃત્યુનું વૉરંટ રદ કરાવવાની શક્તિ તારામાં હોવા છતાં હું મોતને શરણ થવાનું પસંદ કરૂં એ શું હાસ્યાસ્પદ નથી?"

"તમારી આશા વ્યર્થ છે, સાહેબ!" ડચેસ ઑફ પોર્ટસમથ કઠોર સ્વરે બોલી.

"એક બાજુથી તમે તમારા વિશાલ હૃદયની ઉદારતા વ્યક્ત કરો છો અને બીજી બાજુથી એક દુઃખી સ્ત્રી જે પોતાના પ્રેમના આવેશમાં તમારી સત્તા નીચે આવી હતી તેને તમે સતાવવામાં મઝા જુઓ છો. તમે કેદ પકડાયા તે પહેલાં તમે મારો નાશ કરવા આતુર થયા હતા અને બુરખાપાર્ટીને દિને તમે તમારા વેરના તરસ્યા સ્વભાવની મને પેલા શબ્દો કહી ખાત્રી આપી હતી—"

"હું પ્રભુને હાજર ગણીને કહું છું, લુઇ! બ્રીટેનીમાંથી આપણે છૂટાં પડયાને સત્તર વર્ષ વહી ગયાં; પણ એ લાંબા સમયમાં મેં કદિ પણ તારૂં નામ સાંભળ્યું ન્હોતું. એક વિકારી જુગારીએ હોટલમાં મને પહેલવહેલા તારા નામથી વાકેફ કર્યો અને ત્યારેજ મેં જાણ્યું કે ચાર્લ્સ બીજાપર અસામાન્ય ધરાવતી ડચેસ ઑફ પોર્ટસમથ તેજ લુઇ ડ કેરલ છેઃ અલબત્ત, એ જાણતાંજ મારા ઉદયનો માર્ગ મને ખુલ્લો જણાયો. મેં એ લુઇની સત્તાનો લાભ લેવાનો નિશ્ચય કર્યો. લુઇ! તું જાણે છે કે, નસિબદેવીએ મારી સાથે બહુ નખરાં કર્યાં છે અને તોપણ હજુ હું તેને તજી શકતો નથી. સંક્ષેપમાં મારી ઇચ્છા હવે એક નવી જીંદગી શરૂ કરવાની છે. જો હું આ કેદખાનામાં ન

હોત તો હું તને આવી રીતે દબાવત નહિ; પણ અત્યારે તો મને તારા સિવાય કોઇ બચાવે એમ નથી. હવે લુઇ! તું રાજમહેલમાંથી અહિં આવી છે-ત્યાં તારી ગેરહાજરીથી કોઇને કંઇ શક જશે-માટે બેસી જા અને હું કહું તે લખ—"

"નહિ—" ડચેસ અર્ધ તૂટયા સ્વરે બોલી; પણ તે બારણા તરફ એક પગલું પણ આગળ વધી નહિ.

"તું હજુ ના પાડે છે?......ફીકર નહિ-તું મને મળવા આવી છે અને મારે તને આનંદ આપવા શક્ય પ્રયાસ કરવો જોઇએ. સાંભળ, હું મારી વાર્તા આગળ ચલાવું છું અને જ્યારે તું તે સંપૂર્ણ સાંભળશે ત્યારે તને માલુમ પડશે કે કરૂણ પ્રેમકથા અને પ્રેમાંધ વ્યક્તિના આવેશમય જીવનની કથા કેવી હોય છે. અં......મેં ક્યાં એ વાત અપૂર્ણ રાખી છે?-હા-જો સાંભળ. વહાણ ખરાબે લાગ્યું-મારા કાકા મરણ પામ્યા અને હું મોં. કેરલના આશરામાં આવ્યો. જોકે મારા વર્તમાન દેખાવમાં ઘણો ફેર પડી ગયો છે પણ તે સમયે હું ઓગણીસ વર્ષનો યુવાન હોવાથી બહુ સુન્દર લાગતો. લુઇ ડ કેરલ દૈવી સૌન્દર્યની સ્વામિનિ હતી. બન્ને સાથે ફરતાં-સાથે ખાતાં-સાથે રમતાં-આથી જે બનવું જોઇએ તે બન્યું. અમે પ્રેમમાં પડયાં. આહ! એ દિવસો સુખી અને આનંદી હતા કે જ્યારે અમે એકમેકના હાથમાં હાથ લઇ બ્રિટ્નીના કિનારાપર ફરવા જતાં. જ્યારે હું સુન્દર લુઇની કમરની આસપાસ હાથ નાખતો, જ્યારે હું તેની કાળી આંખોમાં મારી આંખો પરોવતો અને એ આંખોમાં પ્રેમની મસ્તી નીહાળતો ત્યારે મને સ્વર્ગ જણાતું. તેના પિતાને તે છોકરા જેવા જણાતા અને સ્ત્રી જેવા વદનના યુવાનમાં પ્રબલ વિકાર હશે એવી શંકા આવી નહિ અથવા તો પોતાના રંક જીવનની મુશ્કેલીઓ અને આફતોના વિચારમાંથી તેને બીજી બાબતનો વિચાર કરવાની નવરાશ મળી નહિ. તેણે પોતાના મનમાં પોતાની મોટી પુત્રી-લુઇ માટે એક વિચિત્ર નિશ્ચય કર્યો હતો. એ અરસામાં પૅરિસમાં રહેતી તેમની એક શ્રીમંત સગીએ તેનાપર પત્ર લખી તેની નાની પુત્રીને પુત્રી તરિકે રાખવાની માગણી કરી. મોં. કેરલ આ માગણીનો અનાદર કરવાની સ્થિતિમાં ન્હોતો તેથી પંદર વર્ષની ન્હાની બાલિકા પૅરિસ ગઇ; ત્યાર પછી તેણે લુઇને સેંટ મેરીના મઠમાં જઇ પોતાનું બાકીનું આયુષ્ય પ્રભુ સેવામાં ગાળવાની આજ્ઞા કરી. આહ! કેવી આફત? લુઇપર આ વજ્રપ્રહાર હતો; કારણ કે

બ્રિટેનીના કિનારાપર ડૂબેલા વહાણમાંથી બચેલા યુવાનને તે ચાહતી હતી અને તેણે તેને પોતાનો પતિ માની લીધો હતો. એ પ્રેમમાં નિર્મલતા હતી-તેમનાં હૃદય-યુવાનીના આવેશમાં વિકારને શરણ થયાં હતાં અને લુઇ ડ કેરલ ગર્ભવતી થઈ હતી—"

"બસ કરો, જનરલ! બસ કરો—" ડચેસ રૂની પુણી જેવી ફીક્કી બની ગદ્‌ગદ્ સ્વરે બોલ્યો.

"ત્યારે બેસી જાઓ ને હું કહું તે લખો—" કાગળ તરફ આંગળી કરી ભયંકર શાંતિ ધારણ કરી ઑલીફન્ટ બોલ્યો.

"નહિ-નહિ-મને જવા દો-નહિ-મને નાહક દુઃખી ન કરો." ડચેસ ભયથી કંપતી બોલી.

"હજુ ના? ત્યારે તો મારે મારી વાત મારે પૂર્ણ કરવી પડશે... સાંભળ, લુઈ! બન્ને પ્રેમીઓની સ્થિતિ વિચિત્ર થઈ પડી. શું કરવું? બન્નેના દુઃખનો પાર રહ્યો નહિ; લુઇની સ્થિતિ એવી ગમ્ભીર થઈ પડી હતી કે મોં. કેરલને એ વાતની કેમ ખબર ન પડી તે એક અજાયબી છે. તેમણે અનેક યુક્તિઓ રચી; પણ દુનિયામાં તેઓ અનનુભવી હતા અને તેમની યુક્તિ પાર પાડવાના તેમની પાસે સાધન ન હતાં. તે ભયંકર દિવસ આવી પહોંચ્યો અને હજુ સુધી કંઇ થયું ન હતું-કંઇપણ નિશ્ચયપર તેઓ આવી શક્યાં ન્હોતાં-લુઇ પોતાના પ્રેમની કથા પોતાના પિતાને કહેવાની હિમ્મત કરી શકી નહિ; કારણ કે તેમ કરવા જતાં તેની નિર્બળતા બહાર આવે એમ હતું. લુઇ ચીરાતા હૃદયે મઠમાં ગઈ. ત્યાં ગયા પછી જો કે તે તદ્દન સ્વતંત્ર ન્હોતી છતાં તેની સ્વતંત્રતા તદ્દન છીનવી લેવાઇ ન્હોતી. ચોરી છુપીથી-અતિ સાવચેતીથી તે પોતાના પ્રેમીને કોઇકોઈ ગુપ્ત સ્થલે મળતી. હજુ પેલો યુવાન મોં. કેરલ સાથેજ રહેતો હતો કારણ કે તેની બે પુત્રીથી વિખૂટાં પડયા પછી તેને પેલા યુવાનનો સહવાસ સુખકર જણાયો. અંતે લુઇની સ્થિતિ ભયંકર થઇ પડી. પુનઃ પ્રેમીઓએ હજારો યુક્તિઓ શોધવા માંડી પણ એક પણ પાર પડી નહિ; અને હવે, લુઇ! હું હવે એક ચોક્કસ રાત્રી—પેલી ભયંકર રાત્રીની વાત તને કહીશ કે જ્યારે તેં..."

"નહિ-નહિ-બસ કરો. કૃપા કરી એક પણ બોલ આગળ ન બોલો. મેં બહુ સાંભળ્યું-હવે હું સાંભળી શકતી નથી-મારૂં મગજ ભમે છે-બંધ કરો-દયા કરી બંધ કરો—હું તમને અરજ કરૂં છું—"

ડ્યેસ હતાશ થઇ બોલી.

"ત્યારે હું કહું તે પ્રમાણે કર--"

"નહિ. મારા કલંકનું પ્રતિજ્ઞાપત્ર હું શી રીતે લખું! નહિ-નહિ--નહિ--"

"ઉભી રહે ત્યારે ને સાંભળ-જે રાત્રીની હું વાત કરૂં છું તે રાત્રીએ હું મારા ઓરડામાં સૂવા ગયો. મારૂં મગજ હજારો ચિંતાઓથી દુઃખી થતું હતું અને મારૂં હૃદય તદ્દન અસ્થિર હતું તોપણ હું નિદ્રાધીન થઇ ગયો; પણ મને મારી નિદ્રામાંથી કોઇએ મારા ખભાપર હાથ મૂકી મને જગાડયો. બારીમાંથી ચંદ્રનાં કિરણો મારા શયનગૃહમાં આવતાં હતાં ૧૯૬૪ ના શિયાળાની રાત્રીનો ચંદ્ર ધીમેધીમે અસ્ત થતો હતો. ચંદ્રનાં કિરણો ફીક્કાં હતાં પણ તેના કરતાં મારી સામે ઉભેલી સ્ત્રીનું મુખ વધુ ફીક્કું હતું. તે લુઇ હતી. તે મઠમાંથી છૂપી રીતે ચાલાકીથી ન્હાસી આવી હતી અને ગુપ્તરીતે પોતાના પિતાના ઘરમાં દાખલ થઇ મારા ઓરડામાં આવી હતી. અમે ભયભિત હૃદયે ધીમે સ્વરે વાત કરી. તેણે મારી સાથે ન્હાસી જવાની તત્પરતા બતાવી. આહ! પ્રભુ! તેનો પ્રેમ તે સમયે કેટલો પ્રબલ હતો? કેવા દુઃખથી-કેવા ભયંકર દુઃખથી તે સમયે મારી છાતી ભરાઇ ગઈ હશે? હું રડયો-તે રડી-અમે ખૂબ રડયાં; પણ રૂદન કરવાથી કોઇનાં દુઃખ મટયાં સાંભળ્યાં છે? તેણે મને ન્હાસી જવા વિનવ્યો પણ મેં તે કબૂલ કર્યું નહિ. હું શી રીતે તેને ઉપાડી ન્હાસી જાઉં? મારી પાસે પૈસા ન્હોતા-દ્રવ્ય નહોતું-મિત્ર ન્હોતા-ઘર ન્હોતું-હું તેને કયાં લઇ જાઉં? મેં ના પાડી. તેણે મારા તરફ સ્થિર આંખોએ જોયું. આહ! એ સ્થિર દૃષ્ટિપાત હું કદિ પણ ભૂલી શકીશ નહિ. હતાશ હૃદયે તેણે મારા તરફ જેવી રીતે જોયું હતું તેવી નિરાશાસૂચક દૃષ્ટિ હજુ સુધી મેં જોઇ નથી અને જોવાની ઇચ્છા પણ નથી-પણ આહ!...... અત્યારેજ તેવી આંખો હું મારી સામે જોઉં છું--" ઑલીફન્ટના હૃદય પર આ સમયે પ્રબલ અસર થઇ.

ખરેખર, ડ્યેસની આંખો નિરાશાજનક થઇ હતી. નિરાશા-દુઃખ-કલંક-અપકીર્તિ એ સર્વેનું મીલન થઇ સંકટનું વાદળ જાણે તેનાપર વરસી પડયું હોય તેમ તે કરૂણ નયને ઑલીફન્ટને જોઇ રહી. ઑલીફન્ટને એ કરૂણ નયનો જોઇ કંઇકંઇ થઇ ગયું. એને ભૂતકાલ યાદ આવ્યો. લુઇનો પ્રેમ એના હૃદયપર રાજ કરવા લાગ્યો

અને એક પલ ડચેસ જે એક વેળા તેની વ્હાલી પ્રિયતમા હતી તેને દુઃખી કરવા કરતાં પોતાના હતભાગ્યને શરણ થઇ ફાંસીને લાકડે ચઢવાને એ તૈયાર થયોઃ પણ નહિ. એક પલજ એ વિચાર એને આવ્યો. બીજી પલે તે પોતાના નિશ્ચયને અડગ રીતે વળગી રહેવા તૈયાર થઇ બોલ્યો.

"લુઇ!—" અત્યાર સુધી એણે લુઇ સાથે વાત કરતી વેળા જેવો સ્વર વાપર્યો હતો તેથી જરા ધીમા અને લાગણીભર્યા સ્વરે તે બોલ્યો.

"બેસી જા અને લખ કે તું હું જે સરત કહું છું તે કબૂલ કરે છે—"

"આહ! તમે નિર્દય થયા છો—તમે મારાપર ક્રૂર થયા છો—તમને જરા પણ લાગણી થતી નથી—તમને મારી દયા આવતી નથી. ઠીક છે. હવે હું પણ છેલ્લે પગથિએ આવી છું. જાવ—તમારાથી થાય તે કરી લેજો—ફાંસીગર તમને ફાંસી દઇ દે પછી તમે ગમે તેવી વાત પાછળ મૂકી જશો તો તે કોણ માનશે? બોલો, ડચેસ ઑફ પોર્ટસમથ સંબંધી આવી વાત કોણ માનશે?" ડચેસ બોલી.

"આખી દુનિયા—કારણકે તારા અનેક દુશ્મનો તારા પર વેર લેવાને, તને હલકી પાડવાને સહેજ પણ કારણ મળે તો તે મેળવવા માટે વલખાં મારી રહ્યાં છે. તારા હમણાના મિત્રો તે સમયે તને ધિક્કારશે એટલુંજ નહિ પણ ખુદ રાજા પણ તારા તરફ જોઇ હસશે." ઑલીફન્ટે જવાબ આપ્યો.

"નહિ. મહારાજાપરની મારી સત્તા કોઇ છીનવી લઇ શકે એમ નથી અને જ્યારે મહારાજા મારા હાથમાં છે તો નિંદાખોર જગતની મને શું દરકાર છે?" ડચેસ આવેશયુક્ત સ્વરે બોલી.

"એમ? તને કંઇ પરવા નથી? લુઇ! એટલી બધી વિશ્વાસુ ન રહે. જે વાત મેં તને કહી એ વાત શબ્દશઃ રાજા પાસે જાય તો તે તારે માટે શું ધારશે? મારી ખાત્રી છે કે તરતજ તે તપાસ કરવી શરૂ કરશે અને બ્રિટેનીના કિનારાપરથી આપણા પ્રેમની સાબીતી તેને જરૂર મળી આવશે—"

"તમારી પાસે અહિં લખવાના સાધનો છે. તમે એ વાત લખી કાઢશો; પણ તમે જાણો છો કે મહારાજાએ તમે કોઇ સાથે પત્ર વ્યવહાર ન ચલાવો એવી સખ્ત આજ્ઞા કરેલી છે. આથી તમે એ વાત કોઇપર લખીને મોકલી શકશો નહિ. ફાંસીના માચડાપર તમે કોઇને

એ કાગળો આપશો. પણ તમને ખબર છે કે જેના હાથમાં તે આવશે તે બનતાં સુધી મને યા મહારાજાને ચાહતો હશે. એટલે તમારા કાગળોના ચીથરે ચીથરા કરી તે હવામાં ઉરાડી દેશે. વળી તમે દિવાના છો એવી પણ વાત ઉરાડવામાં આવી છે એટલે તમે તમારા જેલરને કે કોઇને પણ આ વાત કહેશો તો દિવાનાપણામાં તમે બકો છો એમ માનવામાં આવશે."

ડચેસ વધુ બોલી હોત પણ આટલાથીજ જાણે ઑલીફન્ટપર ધારેલી અસર થઇ હોય એમ તેને લાગ્યું. તે પોતાને વિજય મળ્યો હોય તેમ સંતોષ પામી ફીકકું હસી.

"મેં તારી વાત લક્ષપૂર્વક સાંભળી છે, લુઇ!" ઑલીફન્ટ બોલ્યો.

"અને તેં મારી વાત ગુપચુપ સાંભળી હતી એટલે તારી વાત સાંભળવાની મારી ફરજ હતી. તું મારી પેલી કથા તો પૂરી સાંભળવા માગતી નથી, ખરૂં?...ઠીક—હવે મારે જે કહેવાનું છે તે હું તને ટૂંકામાંજ કહીશ–સાંભળ, હું તે વાત હવે અપૂર્ણજ રાખીશ. હું તારા મેળાવડામાં આવ્યો તે પહેલાં મેં તારા ભૂતકાલની કથા કાગળપર લખી સીલ કરી તે મારા એક વિશ્વાસુ મિત્રને સ્વાધિન કરી હતી અને તેને એવી સૂચના કરી હતી કે અમુક સંયોગોમાં તેણે તે સીલ કરેલું પૅકેટ રાણીને જઇ આપવું—"

"રાણીને?" મોત જેવી ફીકકી થઇ ડચેસ બોલી; કારણ કે તે બરાબર જાણતી હતી કે ચાર્લ્સની પત્નિ તેની કટ્ટામાં કટ્ટી દુશ્મન હતી અને દુશ્મન થવાના તેને પૂરતાં કારણ પણ ડચેસે આપ્યાં હતાં. આથી જો તેના ભેદની–તેના પાપની વાત રાણી જાણે તો ડચેસની પડતી થાય–તેણી કલંકિત થાય અને આખું જગત્ તેને ધિક્કારે એ નિ:સંશય હતું.

"હા. રાણીને" ઑલીફન્ટ શાંતિથી બોલ્યો.

"અને યાદ રાખજે કે જો તું મારી સરત કબૂલ નહિ કરશે તો જાણી જોઇને તારી દુર્દશાને આમત્રંણ કરશે કારણકે તારા ભૂતજીવનની જરાએ જરા વાત મેં તેમાં લખેલી છે. ચાલ, હવે બેસી જા અને હું લખાવું તે લખી આપ—"

ડચેસે ઑલીફન્ટને નરમ કરવા તેના તરફ નજર કરી પણ એ આંખો હવે તેને ઠગાવી શકે એમ ન્હોતું. ડચેસ નિરાશ થઇ. તેનું અભિમાન ધવાયું. તે હારી–ઑલીફન્ટ જીત્યો. તે સ્ટુલપર બેઠી અને ધ્રુજતા હાથોએ હાથમાં કલમ લઇ તેણે ઑલીફન્ટે જે લખાવ્યું તે

લખ્યું. લખતી વેળા તેની આંખોમાંથી આંસુ ખરી પડયાં. લખી રહ્યા પછી તે પોતાની આંખો લૂછી નાખી બોલી.

"જો આ બધી સરતો તમારી ઇચ્છાનુસાર પાળવામાં આવે તો તમે બધું ગુપ્ત રાખશો?" ઑલીફન્ટે કરેલી સરતો લખી તે પર સહી કરી તે તેને આપી ડચેસ બોલી.

"હા. આ એક જાતનું સાટું છે. તું આ સરતો પાળશે તો હું તારી વાત ગુપ્ત રાખીશ—" ઑલીફન્ટે કહ્યું.

"આવતી કાલે તમે પુનઃ સ્વતંત્ર થશો—" કહી ડચેસ ઉભી થઇ. ઑલીફન્ટ તેની સાથે બારણા સુધી ગયો. તેણે બારણું ઠોક્યું. રાલ્ફ તેમની આતુરતાથી રાહ જોતો હતો. દ્વાર ઉઘડયું. ડચેસ એક બોલ બોલ્યા વિના બહાર નીકળી. તેણે ઑલીફન્ટ જે એક વેળા તેનો જીવન આધાર—તેનો પ્રેમી હતો તેના તરફ જોયું પણ નહિ. તેઓ જાણે તદ્દન અપરિચિત મનુષ્યો હોય એવી રીતે છૂટાં પડયાં. ડચેસ મહેલ તરફ ગઇ અને ઑલીફન્ટ પોતાની ઓરડીમાં પાછો ફર્યો.

પ્રકરણ ૩૦ મું.

બીજો મેળાવડો.

ગયા પ્રકરણમાં વર્ણવેલ બનાવ જે દિને બન્યો તેને બીજે દિને રાત્રે ડચેસનું નિવાસસ્થાન પુનઃ ઝગમગી રહ્યું હતું. ભવ્ય હૉલને રાજવંશી ઠાઠથી શણગારવામાં આવ્યો હતો. ડચેસ આજે એક બીજો મેળાવડો કરતી હતી. આ ખુરખાપાર્ટી નહોતીઃ પણ મનરંજન કરવાનો મેળાવડો હતો અને ગાયન, નૃત્ય તથા બીજી રમતોથી પરોણાઓ આજે આનંદ કરવાનાં હતાં. ઓરડાઓ વ્યવસ્થિત રીતે શણગારાયા હતા. એક ઓરડામાં એક મોટું ટેબલ વચમાં મૂકયું હતું અને આજુબાજુ પાના રમવાના ટેબલો ગોઠવ્યાં હતાં. બાજુના મોટા સલુનમાં નૃત્યની સગવડ હતી. એક બીજા ઓરડામાં વિધવિધ આનંદની વ્યવસ્થા હતી. દરેક ઓરડામાં રાજા તથા ડચેસ માટે ખાસ સુન્દર આસનો ગોઠવેલાં હતાં. એક મોટા ઓરડામાં ભોજનની વ્યવસ્થા હતી અને જ્યારે બીજા બધા ઓરડાઓમાં આનંદમસ્ત યુવાનો અને યુવતીઓ હર્ષઘેલાં બની આનંદસાગરમાં સ્નાન કરતાં હતાં ત્યારે તેના દ્વાર બંધ હતા.

આઠ વાગ્યાથી પરોણાઓનું આગમન શરૂ થયું. સૌથી વહેલા આવનારાઓમાં સર હૅક્ટર ગ્રેહામ હતો જેને તે દિવસે નાઇટહુડનો ખિતાબ મળ્યો હતો. તેની પહેલાં લૉર્ડ આર્ડેન આવ્યો હતો. સર ગ્રેહામ પોતાના યુનીફૉર્મમાં સજ્જ થયો હતો. લૉર્ડ આર્ડેને તેને આપેલાં બધાં વચનો પાળ્યાં હતાં અને સર ગ્રેહામ પોતાની નાણું સંબંધી મુશ્કેલીમાંથી મુક્ત થયો હતો. લૉર્ડ આર્ડેન દરબારી પોષાકમાં હતો અને જો કે ગ્રેહામની સહાયથી તે પોતાનાપર તૂટી પડનારી આફત ટાળવામાં વિજયી થયો હતો તોપણ તેના મુખપર અશાંતિની છાયા જણાતી હતી. તે જ્યારે ડચેસના હૉલમાં આવ્યો ત્યારે ભાગ્યે વીસેક જણ આવ્યાં હશે. તેના આવ્યા પછી સર ગ્રેહામ રીસેપ્શન રૂમમાં દાખલ થયો અને લૉર્ડ આર્ડેન તરત તેની પાસે ગયો. હજુ ડચેસ ત્યાં આવી ન્હોતી તથા રાજાની પધરામણી પણ થઇ ન્હોતી.

"મારા વ્હાલા સર હૅક્ટર!–" એક એકાંત સ્થલે સર ગ્રેહામને લઇ જઇ લૉર્ડ આર્ડેન ધીમે સ્વરે બોલ્યો.

"તમે કંઇ વિચિત્ર ગપ સાંભળી છે?"

"હા. મેં સાંભળ્યું છે કે ઑલીફન્ટને ક્ષમા મળી છે; પણ હું તે માનતો નથી. તમે એ વિષે ખરી હકિકત જાણતા હશો–"

"આજે રાજ મહેલમાં હાજર રહેવાની મારી ફરજ ન્હોતી અને મહારાજા પાસે જવાનું મારી પાસે બ્હાનું ન્હોતું; પણ હું એટલું જાણું છું કે આજે સાંજે પાંચ વાગે પ્રીવી કાઉન્સીલ ભેગી મળી હતી અને ટાવરના લેફ્ટનંટપર કંઇ હુકમ મોકલવામાં આવ્યો હતોઃ લોકોમાં જે વાત ચર્ચાય છે તે તમે જાણો છો અને કોણ જાણે શી રીતે ઑલિફન્ટ સ્વતંત્ર થયો છે–"

"વિચિત્ર! અજબ જેવું! હું તેનું મૂળ સમજી શકતો નથી. લૉર્ડ સાહેબ! જનરલ ઑલીફન્ટ સામાન્ય માણસ નથી. તમે આ ગપ ક્યાં સાંભળી?"

"રસ્તામાં. મહોલ્લે મહોલ્લે લોકો ભેગાં મળી એ વાત કરે છે."

"હા. મેં પણ હૉટલમાંથી અહિં આવ્યો ત્યારે લોકોના ટોળાં જોયાં હતાં. પણ હું સમજ્યો કે આજે મેળાવડામાં આવનારાઓના ગાડી ઘોડા ને મ્યાનાઓ જોવા લોકો ભેગાં થયાં હશે.

"નહિ. બધા એ વાત સાંભળવા ભેગાં થયાં હતાં. હું ચૅરીંગ-ક્રૉસ આગળથી જતો હતો ત્યારે લોકો આનંદના આવેશમાં "સ્વતંત્રતા

દેવીના પરમ ભક્ત જનરલ ઑલીફન્ટ માટે હીપ-હીપ-હુર્રે"ના અવાજ કરતા હતા-" લૉર્ડ આર્ડેને કચવાતા હૃદયે કહ્યું.

"પણ હું પૂછું કે શા કારણથી તથા કોના લાગવગથી નામદાર મહારાજાએ આ પગલું ભર્યું હશે?...પણ-હા-મને પેલા ભેદી જાદુગરની શક્તિનો હવે ખ્યાલ આવે છે—"

"હા. એ મહારાજા તથા ડચેસના કાનમાં જે બબડ્યો હતો તેમાંજ બધો ભેદ છે. તમને ખબર છે, મહારાજા તે સાંભળી અવાક બની ગયા હતા અને ડચેસ બેભાન થઇ ગઈ હતી-"

"હા-હા-એમાંજ ઉંડો ભેદ છે." સર હૅક્ટર બોલ્યો.

"પણ મારા લૉર્ડ! હવે તમારે બ્હીવા જેવું કંઇ નથી કારણકે તમે પેલી હીરાની વીંટી મેળવી શકયા અને તેની મદદથી હું મિસીસ મરટન પાસેથી બધા દસ્તાવેજો લઇ આવ્યો કે જે હવે તમારા કબજામાં છે-"

"મેં બધાનો નાશ કર્યો છે. તમે તે લઇ આવ્યા પછી તરતજ મેં બધા કાગળો બાળી નાખ્યા હતા. ખરેખર, એ કાગળો બળી રહ્યા ત્યાં સુધી મારૂં મન શાંત થયું ન્હોતું. ઑલીફન્ટ એ વિષયમાં તો હાર્યો છે; પણ સર હેકટર! એ માણસ અજબ છે. એને હું પસંદ કરતો નથી. એ રાજ દરબારમાં અજબ લાગવગ ધરાવતો હોય એવું સ્પષ્ટ માલુમ પડે છે. અશકયતા એ શબ્દ તો એના શબ્દકોષમાં છેજ નહિ. મને વારંવાર એણે એ વાત મને કહી હતી અને ન્યાયને ખાતર હું કબુલ કરૂં છું કે એની શક્તિ અસામાન્ય છે."

"પણ ઉમરાવ સાહેબ! તમે પણ બહુ ચાલાક છો. તમે પેલી રત્નજડિત વીંટી—"

"આહ? એમાં મેં કાંઈ ધાડ મારી નથી. ટાવરનો લેફટનંટ મારો ખાસ સ્નેહી છે અને ગઇ કાલે તેણે મારી વિનંતીથી ઑલીફન્ટના જેલરને આજ્ઞા કરી હતી કે કપટથી અથવા ગમે તે રીતે તે વીંટી મેળવી લેવી. જેલરે તે મેળવી અને એ રીતે તે મારા હાથમાં આવી. એ માટે મને જરા પણ શાબાશી ઘટતી નથી અને ખરૂં કહું તો જો ઑલીફન્ટ સાથે મારે લડાઇ થાય તો હું તેની સામે કંઇ હિસાબમાં નથી. અને કર્નલ! જો તમે પેલા નોકરદ્વારા તેને ઓળખી કેદમાં પૂરાવ્યો હતો એવી જો તેને ખબર મળશે તો મને ખાત્રી છે કે તે તમારાપર પણ વેર લેશે."

" તેની મને પરવા નથી, મારા લૉર્ડ! મારી કમ્મરે તલવાર લટકે છે અને તે કેમ વાપરવી તે હું સારી પેઠે જાણું છું."

" ખરૂં. સર હેક્ટર! એક પલ પણ હું તમારી શક્તિપર શંકા લાવતો નથી; પણ તમે જાણો છો કે બહાદુરમાં બહાદુર માણસ પણ તલવાર સિવાય બીજા ઉપાયોથી હરાવી શકાય છે. ઑલીફન્ટ ટાવરમાંથી મુક્ત થયો એ વાત જો ખરી હોય તો તે કોઇ અસામાન્ય શક્તિના પ્રતાપે મુક્ત થયો હોવો જોઇએ. મને ભય છે કે તેણે નામદાર મહારાજા અથવા ડચેસપરજ પોતાની સત્તા વાપરી પોતાની સ્વતંત્રતા પુનઃ પ્રાપ્ત કરી હશે; અને મને લાગે છે કે ઑલીફન્ટ પોતાની શક્તિનો પોતાના શત્રુપર ઉપયોગ કરવાને કદિપણ ચૂકશે નહિ--"

લૉર્ડ આર્ડેન આ શબ્દો બોલ્યો તેની અસર સર હેક્ટરના મુખપર થઇ. કર્નલના મુખપર જનરલ ઑલીફન્ટના શત્રુ થવાથી ભયની લાગણી છવાઇ. લૉર્ડ આર્ડેન તેના તરફ જોઇ બોલ્યો.

" તમે તમારા તાબામાં બે બદમાસો છે એ વાત મને કહી હતી તે તમને યાદ છે?"

" હા. પણ એ સવાલનો અર્થ શું, મારા લૉર્ડ?" કર્નલ ગ્રેહામે તરત પૂછ્યું કારણકે તે પોતાના ઉમરાવ સાથીના કાળાં હૃદયનો પાપી હેતુ સમજી ગયો.

" જુઓ કર્નલ! આપણે જે સાંભળ્યું છે તે જો ખરૂં હોય અને જનરલ ઑલીફન્ટ પુનઃ મુક્ત થયો હોય તો તેને ગમે તે રીતે આ જગતમાંથી આપણે બીજા જગતની મુસાફરીએ મોકલી આપવો જોઇએ" લૉર્ડ આર્ડેન અતિ ધીમા સ્વરે બોલ્યો.

સર હેક્ટર ગ્રેહામ ચમક્યો. તે વિકારી—જુગારી—વિષયી હતો પણ ખૂની ન્હોતો. તે બોલ્યો.

" એ બે બદમાસોએ તો ઉકાળ્યું, મારા નામદાર! મેં તમને કહ્યું હતું કે તેમને મેં એક સુન્દર પરીને ઉપાડી લાવવા માટે રોક્યા હતા. તેઓ તેનું હરણ કરવા ગયા પણ કટોકટ સમયે તેનો એક બીજો પ્રેમી ત્યાં આવી પહોંચ્યો અને એ બે બદમાસો એક શત્રુથી ડરી ગયા. અને જ્યારે બન્ને બદમાસો એક ઘર જ્યાં મેં તે સુન્દરીને મેળવવાની આશા રાખી હતી ત્યાં આવ્યાં ત્યારે મારી હૃદયહારિણીના દર્શનનો લ્હાવો ચાખવાને બદલે મારે સ્નાનના સમાચાર સાંભળવા પડ્યા. તેમણે પોતાના પરાજય માટે શરમાવું જોઇએ પણ ઉલટા બદમાસો તો મારી પાસે બદલો માગવા લાગ્યા. આ પરથી તમે સમજી

શકશો કે એ બદમાસો પર વિશ્વાસ મૂકાય એમ નથી કારણ કે લૉરેન્સ લી તેમને હરાવી શકે તો જનરલ ઑલીફન્ટ સામે તો તેઓ એક પલ પણ ટકી શકે નહિ—" સર હેક્ટર બોલ્યો.

"પણ આ શહેરમાં તેમના કરતાં વધુ ખૂની સ્વભાવના બદમાસો તમને મળી શકશે કે જે આપણું કામ પાર પાડે—"

"એ ખરૂં, મારા લૉર્ડ! આપણે સંજોગો જોઇ કામ લઇશું. જુઓ, હવે પરોણાઓ આવતા જાય છે અને આપણને આમ એકાંતમાં જોઇ કોઇને શક જશે. વળી ડચેસ તથા નામદાર શહેનશાહ આવી પહોંચવાનો પણ વખત થઇ ગયો છે—"

"હા. ચાલો. આપણે આપણા સ્નેહીઓ સાથે ભેળાઇ જઇએ પણ જોજો, સર હેક્ટર! હવે સાવચેત રહેજો. જનરલ ઑલીફન્ટ ભવિષ્યમાં આપણો કટ્ટામાં કટ્ટો દુશ્મન થઇ પડશે—"

લૉર્ડ આર્ડેન અને સર ગ્રેહામ તરતજ તે એકાંત જગ્યામાંથી બહાર નીકળ્યા અને આમતેમ ફરવા લાગ્યા. એ સમયે લૉરેન્સ લી ત્યાં આવ્યો કે જેને પણ ડચેસે આમંત્રણ કર્યું હતું. તેણે આગલી રાત રાઇ હાઉસમાં ગાળી હતી કારણકે કર્નલ રમ્બોલ્ડે તેને ત્યાં રહેવાનો આગ્રહ કર્યો હતો. લૉરેન્સે રૂથનું બીજીવાર રક્ષણ કર્યા પછી કર્નલે તેને રૂથનો હાથ આપવાનું કબૂલ્યું હતું. આથી લૉરેન્સના આનંદનો પાર રહ્યો ન્હોતો. પ્રાતઃકાલેજ તે લંડન આવવા ઉપડ્યો અને નીધરહૉલ ફક્ત એકાદ માઇલના છેટાપર હતો તોપણ તે પોતાના કાકા સર વિલિયમ ગ્રાન્ડને મળવા ગયો નહિ; કારણ કે કર્નલ ગ્રેહામે તેને હર્ટફર્ડ નહિ છોડવાની આજ્ઞા કરી હતી પણ તે ન માનતાં મર્યાદા ઓળંગી તે રાઇ હાઉસ આવ્યો હતો. ડચેસ ઑફ પોર્ટસમથનું આમંત્રણ રાજાના જેવું મનાતું હોવાથી તે લંડન જઇ શક્યો હતો પણ તેને રાઇહાઉસ આવવાની રજા ન્હોતી. આથી પોતાનો કાકો પોતે પોતાના લશ્કરી અમલદારની આજ્ઞાનો ભંગ કર્યો છે એ વાત જાણે એ લૉરેન્સને પસંદ ન્હોતું. તે સીધો લંડન આવ્યો. દિવસે તેણે કર્નલ ગ્રેહામને જોયો નહિ પણ મેળાવડામાં આવતાંજ તેની નજર ગ્રેહામપર પડી.

લૉરેન્સ લીએ અત્યારે પોતાની ડ્રેગુનના કૅપ્ટનનો યુનીફોર્મ પહેર્યો હતો અને તેમાં તેનું સૌન્દર્ય દીપી નીકળ્યું હતું. કર્નલ ગ્રેહામ પ્રત્યે તેના હૃદયમાં અસામાન્ય તિરસ્કાર હતો પણ બાહ્યતઃ તેણે શાન્ત રહેવાનો નિશ્ચય કર્યો હતો. તેનાં બે કારણ હતાં. એક તો પોતાના

ઉપરી અમલદાર સાથે વૈર બાંધવું એ લશ્કરી દૃષ્ટિએ અયોગ્ય હતું અને બીજું તેણે રૂથના પિતાને કર્નલને દ્વંદ્વ યુદ્ધ માટે આવાહન ન કરવાનું વચન આપ્યું હતું. વળી સર બ્રાન્ડને સ્પષ્ટ હકીકત કહી દેતાં તે તેની બીજી રેજીમેંટમાં બદલી કરાવી શકે એમ હતું અને તેમ થાય તો ગ્રેહામ જેવા નીતિભ્રષ્ટ મનુષ્યના તાબા નીચેથી તે મુક્ત થઇ શકે. આથી તે શાંત રહ્યો હતો.

આ સમયે અમારે જણાવવું જોઇએ કે, એક કુમારિકાનું બલાત્કારથી હરણ કરવાનો બનાવ તે સમયે શરમભર્યો મનાતો ન્હોતો. ઉલટું એવાં નીચ કૃત્યોને પરાક્રમની ઉપમા આપવામાં આવતી હતી. વળી જો કોઇ વિકારી સૈનિક યા ઉમરાવ કોઇ રિપબ્લીકનની પુત્રીપર મોહી તેને ઉપાડી લાવે તો તેમાં તો મોટું માન સમજવામાં આવતું. ચાર્લ્સ બીજાના રાજ્ય અમલમાં નીતિના સિદ્ધાંતો તૂટી ગયા હતા, પવિત્રતા કલંકિત થઇ હતી અને લોકો ધીમે ધીમે સદ્‌ગુણોને ભૂલતા જતા હતા. આથી કર્નલ ગ્રેહામને કૅપ્ટન લીને મળતાં શરમાવું પડે એમ ન્હોતું.

કર્નલ ગ્રેહામ લૉરેન્સને જોતાંજ તેને સલામ કરી તેની પાસે ગયો અને તેને એક બાજુએ લઇ જઇ બોલ્યો.

" કૅપ્ટન લી! તમે કાયદાનું ઉલ્લંઘન કર્યું છે."

" હા. હું તેની ના પાડતો નથી. મે જે હેતુ માટે તમારી આજ્ઞાનો અનાદર કર્યો છે તે માટે હું ગમે તે સજા ભોગવવા તૈયાર છું—"

" તમે તમારા ઉપરી અમલદારનું અપમાન કર્યું છે—"

" હશે. પણ એ અપમાન નાફરમાન થવાના ઇરાદાથી ન્હોતું થયું. લશ્કરી કાયદાની સખ્તાઇ હું જાણું છું અને જ્યાં સુધી હું આ યુનીફૉર્મ પહેરૂં છું ત્યાં સુધી હું મારી ફરજો વફાદારીથી બજાવીશ. પણ જો—"

" કેમ? અટક્યા કેમ? બોલો—"

" હું એવા શબ્દો બોલવા જતો હતો કે જે તમને ધમકી જેવા લાગત. સર હેકટર ગ્રેહામ! કેટલાક કારણોથી હું શાંત રહું છું પણ યાદ રાખો કે ધિરજ અને શાંતિની પણ હદ હોય છે. જો તમે મને લશ્કરી અદાલત આગળ લઇ જશો તો હું સત્ય હકિકત હિમ્મતથી કહીશ અને ન્યાયાધિશો મને શું સજા કરવી તેનો પછી વિચાર કરશે—"

"નહિ, સાહેબ! તમે એક કુમારિકાનું બહાદુરીથી રક્ષણ કર્યું હતું એ વાત ન્યાયાધિશોને કહી યશ ખાટી જાવ એવો પ્રસંગ હું તમને આપું એવો હું મૂર્ખો નથી. નહિ—હું એવી રીતે તમારી સાથે વર્તવા માગતો નથી. સાંભળો; હું તમને કાલે સવારે હર્ટફર્ડ જઇ મારી રજા સિવાય પુનઃ કોઇ પણ જગ્યાએ ન જવાની આજ્ઞા કરૂં છું. બસ, એજ મારો હુકમ!...ચાલો, સાહેબજી!—"

કૅપ્ટન લીએ કર્નેલ ગ્રેહામને નમન કર્યું અને ધીમી ભવ્ય ચાલે ઓરડાના બીજા ભાગમાં જઇ પોતાના પરિચિત લશ્કરી ઑફિસરો સાથે વાતચીતમાં ગુંથાયો.

નિમંત્રિત સ્ત્રી પુરૂષો આમ તેમ ફરતાં આનંદ કરી રહ્યાં હતાં એટલામાં રિસેપ્શન—સલુનના દ્વાર ઉઘડી ગયાં અને એક હુઝુરિયાએ કહ્યું:

"મહારાજા!"

પ્રકરણ ૩૧ મું.

રાજ મહેલમાં.

રાજા ચાર્લ્સ દમામભરી રીતે ડગલાં ભરતો તે ભવ્ય દિવાનખાનામાં દાખલ થયો. તેને જોતાંજ ત્યાં ભેગાં થયલાં નરનારીઓએ તેને વિનયથી નમન કરવા માંડયાં અને રાજાએ પણ તેનો વિનયથી જવાબ આપ્યો. તેની જમણી બાજુએ તેના શયનગૃહની અધિષ્ઠાત્રી ડચેસ ઑફ પોર્ટસમથ હતી, જ્યારે ડાબી બાજુએ ડચેસ ઑફ ક્લીવલૅન્ડ શોભતી હતી. ચાર્લ્સના ડાબા હાથપરની ડચેસ ઇતિહાસના અભ્યાસીઓમાં બાર્બેરા વીલી અથવા લેડી કેસલમેનના નામથી જાણીતી છે. મહારાજાની માનીતી સખીઓમાંની તે એક હતી. તે હમણાં ૪૨ વર્ષની ઉમ્મરે પહોંચી હતી છતાં તેનું સૌન્દર્ય હજુ ઝાંખું પડયું ન્હોતું. એનું મુખ આકર્ષક સૌન્દર્યથી મઢાયલું હતું અને એ સૌન્દર્યજડિત વદન એની શોક્ય લુઇ ડ કેરલના ભોળા ભાવદર્શક વદન સાથ સ્પર્ધા કરતું. એના રક્ત ઓષ્ઠપર અભિમાનની છાયા હતી પણ તે છૂપાવવામાં તે બહુ નીપુણ હોવાથી એની અભિમાની લાગણી અદૃષ્ય રહેતી. એનાં કાળાં વાળોની લાંબી લટો સુન્દર રીતે ગુંથાઇ હતી અને તે એની સુન્દર પીઠપર લટકતી હતી. એની આંખો તિક્ષણ, કાળી અને વિચારપૂર્ણ હતી. એ આંખો જોતાંજ જોનારાને કંઇક ભય ઉત્પન્ન

થતો. એનું શરીર સશક્ત જણાતું હતું અને ડચેસ ઑફ પોર્ટસમથ કરતાં એ સૌન્દર્યની દૃષ્ટિએ કોઇ રીતે ઉતરતી ન્હોતી. લુઇ સૌન્દર્યની પૂતળી હતી. બાર્બેરા સૌન્દર્યની સ્વામિની હતી. લુઇ છત્રીસ લક્ષણી લલના જેવા બાહ્ય નાજનખરાં અને આકર્ષક હાવભાવથી ઇંગ્લાંડના વિલાસી માલિકના હૃદયપર રાજ્ય ચલાવતી હતી જ્યારે એની શોક્ય પોતાના ઝનુની સ્વભાવથી તથા સત્તાના પ્રાબલ્યથી પોતાના રાજવંશી પ્રેમી પાસેથી પોતાની ધારણા પાર પાડતી. લુઇ મહારાજાને મીઠા બોલોથી—કૃત્રિમ હાવભાવથી હંમેશાં આનંદમાં રાખવા પ્રયાસ કરતી અને તેની એ કલાને લીધે તેની સત્તા વધી ગઇ. એના કોમલ હાથો જ્યારે ચાર્લ્સના ગળાની આસપાસ વીંટળાયા હોય ત્યારે તે સુન્દર ગુલાબના પુષ્પોના બિછાનામાં પડયો હોય એવું તેને લાગતું જ્યારે ડચેસ ઑફ કલીવલૅન્ડ સાથ પ્રેમકેલિ કરતાં તે ભયંકર જ્વાલામુખી સાથે રમત કરે છે એમ માની ડરતો.

ચાર્લ્સની આ બે વિલાસસખીઓ એકમેકની કટ્ટી દુશ્મન હતી. બન્ને પોતાની શોક્યની પડતી માટે છળપ્રપંચ કર્યાજ કરતી—છતાં તેઓ પોતાની શત્રુતા પ્રકટ થવા દેતી નહિ. બન્ને એક બીજાને મળતી—વિવેકને ખાતર નમન કરતી—પણ તેમનાં અંતરો તો હંમેશાં એકમેક પ્રતિના ઇર્ષ્યાગ્નિથી ભડભડ બળ્યાંજ કરતાં. ડચેસ ઑફ પોર્ટસમથ વ્હાઇટહૉલ પૅલેસમાંજ રહેતી હતી ત્યારે તેની શોક્ય ડચેસ ઑફ કલીવલૅન્ડ બર્કલી હાઉસમાં રહેતી હતી કે જે તેને માટે ખાસ ખરીદવામાં આવ્યું હતું. આ બે હરિફ લલનાઓ જ્યારે પોતાના રાજવંશી પ્રેમીને મળતી ત્યારે બન્ને પોતાના હૃદયમાં પ્રજળતી શત્રુત્વની લાગણી છૂપાવવા શક્ય પ્રયાસ કરતી. ચાર્લ્સ બન્નેની હાજરીમાં અમુક તરફ વધુ પ્રીતિ દર્શાવે તો તે જાણતીજ ન હોય એવો ડોળ રાખવા બન્ને ફાંફાં મારતી. લુઇ માટે પોતાના ભાવ છૂપાવવાનું કામ બહુ મુશ્કેલ ન્હોતું; પણ બાર્બેરા બહુજ ઝનુની હતી. એના હૃદયમાં ક્રોધ કે ઝનુનની લાગણી જન્મ્યા પછી તે એકદમ શાન્ત કરવાની શક્તિ કોઇનામાં ન્હોતી. વળી કેટલાક વર્ષથી એની સત્તાનો સૂર્ય ઝાંખો પડતો જતો હતો. એની હરિફ લુઇની સત્તા વધતી જતી હતી અને રાજા લુઇનો ગુલામ થતો જતો હતો. બાર્બેરાના અભિમાની હૃદયપર આ વજ્રપ્રહાર હતો. લુઇ હમણાં સર્વ શક્તિમાન્ હતી, ઇંગ્લાંડની હકદાર નહિ પણ સત્તાધીશ રાણી તો એજ હતી. વળી ચાર્લ્સે દરેક વિષયમાં

લુઇની સલાહ લેતો હોવાથી ઇંગ્લંડનું રાજ્યશકટ ખરી રીતે હમણાં એજ હાંકતી હતી. ડચેસ ઑફ ક્લીવલૅન્ડના અભિમાની હૃદયે જો કે એની સત્તા તૂટતી જતી હતી છતાં પણ પોતાની પડતીનો સ્વીકાર કર્યો નહિ અને એ ઉંધી માન્યતાને લીધેજ ફ્રેંચ રૂપસુન્દરી લુઇની અવનતિ માટે એણે ઝનુનના આવેશમાં કંઇ ભયંકર જાળ બીછાવી ન્હોતી.

ત્યાં ભેગી મળેલી સુન્દર યુવતીઓમાં બીજી એક લલનાને ઓળખવાની વાંચનારને જરૂર છે. આ લલના કાઉન્ટેસ ઑફ પેમ્બ્રોક—લુઇ ડ કેરલની ન્હાની બ્હેનઃ કાઉન્ટેસ પોતાની મોટી બ્હેન કરતાં બે વર્ષ ન્હાની હતી પણ ડચેસ કરતાં તેનું સૌન્દર્ય કોઇ પણ રીતે ઉતરતું ન હતું. લુઇના વદનની માફક કાઉન્ટેસના વદનપર પણ બાલિશતા જણાતી હતી અને લુઇ જેવી ચપલ અને વાચાળ એ ન્હોતી છતાં સૌન્દર્ય પ્રિય દૃષ્ટિ એના સૌન્દર્યથી મુગ્ધ થાય એમ હતું. જ્યારે એ ડચેસની સાથે ચાલતી ત્યારે ડચેસના જેવીજ બ્રિટિશ દરબારની તે બીજી પરી ગણાતી. ડચેસ લંડનમાં ચાર્લ્સના હૃદયપર સ્વામીત્વ મેળવી શકી. ચાર્લ્સ એના સૌન્દર્યપર—એનાં નાજનખરાંપર દિવાનો બન્યો. ડચેસ સત્તાવાન થઇ અને એ ધાર્યું કરવા લાગી એટલે એણે પૅરિસથી પોતાની બ્હેનને લંડન બોલાવી. ત્યાં તે અર્લ ઑફ પેમ્બ્રોક સાથે લગ્ન ગ્રંથિથી જોડાઇ. અર્લનો સ્વભાવ શાન્ત નહિ પણ ઝનુની હતો અને તેની સાથના લગ્નથી તે વધુ સુખી થઇ નહિ. તેણે પોતાના પતિને ગુસ્સે થવાનું કારણ આપ્યું હોય એમ હજુ સુધી માલુમ પડયું ન્હોતું.

હવે અમે અમારી કથા આગળ ચલાવીશું. ડચેસ ઑફ પોર્ટસ્મથ અને ડચેસ ઑફ ક્લીવલૅન્ડ સાથે રાજા હૉલમાં દાખલ થયો ત્યારે પરોણાઓથી દરેક સલુનો ચીકાર ભરાઇ ગયાં હતાં. રાજા પોતાને માટેના ખાસ આસન આગળ ગયો અને તેને માટે ગોઠવેલા ઉચ્ચ આસનપર લુઇ તથા બાર્બેરા સાથ બેઠો. તેની તહેનાતમાંના ઉમરાવો તથા ઉમરાવજાદીઓ તેની પાછળ થોડેક દૂર ઉભાં રહ્યાં. ચાર્લ્સે રિસેપ્શન રૂમમાંના આસનપર બેઠક લીધી એટલામાં નોકરે કાઉન્ટેસ ઑફ પેમ્બ્રોકના આગમનની ખબર આપી. આ ખબર આવતાંજ લુઇ ડ કેરલ પોતાના "વ્હાલા ચાર્લ્સ" ને છોડી પોતાની બ્હેનને આવકાર આપવા સ્હામી ગઇ. તેને જગ્યા આપવા માટે રસ્તામાંનાં સ્ત્રી પુરુષો બાજુ હઠી ગયા. ડચેસ કાઉન્ટેસ પાસે ગઇ—તેનું સ્વાગત કર્યું અને એક બ્હારી પાસે લઇ જઇ ધીમે સ્વરે તેની સાથ વાત કરવા લાગી.

"તને મારી ચીઠ્ઠી ન્હોતી મળી ?" બ્હારી પાસે આવતાં લુઇએ

કાઉન્ટેસને ધીમે સ્વરે કહ્યું.

“નહિ–મને હમણાંજ ત્હારી ચીઠ્ઠી મળી. હું અહિં આવવાનો પોષાક પહેરતી હતી ત્યારે મને ત્હારી ચીઠ્ઠી મળી–” કાઉન્ટેસ ઑફ પેમ્બ્રોકે જવાબ આપ્યો.

“હું અર્લની માતા સાથ આજે જમી અને બપોરનો સમય મેં તેની સાથે ગાળ્યો–નહિ તો ત્હારી વિનંતી પ્રમાણે હું તરત આવી હોત–પણ લુઇ, આટલી ત્વરાથી મને બોલાવવાનું કારણ શું?”

“સાંભળ, મારી વ્હાલી બ્હેન!......” ડચેસ બોલી.

“એક ગંભીર વાત બનવા પામી છે–હમણાં ખુલાસો કરવા જેટલો સમય મ્હારી પાસે નથી. મહારાજા સાથેનો મ્હારો સંબંધ જાળવી રાખવા માટે મ્હારા ભૂતકાળની મ્હારી કથા મેં ત્હારી બનાવી છે. ગભરા ના. વ્હાલી! એમાં કંઇ નથી. મહારાજા કોઇને એ વાત કહેશે નહિ; પણ ત્હારે તેમને મળી તેમણે ત્હારાપર જે **મહાન કૃપા** કરી છે તે માટે તેમનો આભાર માની બધી બાજી સંભાળી લેવાની છે.”

“મહાન કૃપા? મ્હારાપર?” આશ્ચર્યચકિત થઇ કાઉન્ટેસ અર્ધ તુટયા સ્વરે બોલી.

“હા–હા. તારે એમ બોલવાનું છે. તું શા માટે એમ બોલે છે અથવા હું તને એમ બોલવા શા માટે અરજ કરૂં છું તે હું તને કોઇ દહાડો કહીશ. સંભાળ રાખજે–ગફલત ના કરતી–મહારાજાનો ઉપકાર માનજે–અને–” આ સમયે ડચેસનો સ્વર વધુ ગમ્ભીર થયો.

“જો સાંભળ, મ્હારી લાડકી? આજે એક ગૃહસ્થ અહિં આવશે કે જેને કદાપિ તું ન ઓળખી શકે એ સંભવિત છે. તે ઘણો બદલાઇ ગયો છે–હું પણ તેને ઓળખી શકી ન્હોતી; પણ તેને જોઇને ત્હારે અશાન્ત થવાની જરૂર નથી. જો તું ત્હારી ચપલતાનો ઉપયોગ નહિ કરશે તો કોઇના હૃદયમાં શંકા જન્મશે કે જે આપણે માટે હાનિકારક છે. માટે સાવધ રહેજે–તેને વિનયથી આવકાર આપજે–”

“પણ તે કોણ છે? આપણે જેને દીર્ઘકાળથી મરણશરણ થયલો ધારીએ છીએ તે તો નથીને?”

“તેજ છે...અને હવે મ્હારી વ્હાલી બ્હેન! કશાને માટે નહિ તો મારે માટે સાવધ રહેજે–”

આટલા શબ્દો કહ્યા પછી લુઇ પોતાની બ્હેનને લઇ રાજા જ્યાં બેઠા હતો તે તરફ ગઇ. લુઇની પ્રતિસ્પર્ધા આર્બેરા પોતાના ગાઢ

મિત્રો સાથ વાર્તાલાપ કરી આનંદ લૂંટવા રાજાને પડખેથી ચાલી ગયલી હોવાથી ચાર્લ્સ પોતાના આસનપર એકલોજ બેઠો હતો. ડચેસ પોતાની બ્હેન સાથે તેની પાસે ગઈ. આસનપર બેઠી. ચાર્લ્સે કાઉન્ટેસ તરફ પોતાનો હાથ લંબાવી તેને શેકહેંડ કરી અને તેના તરફ એક વ્હાલભરી દૃષ્ટિ ફેંકી. કાઉન્ટેસ ડચેસની સૂચના અમલમાં મૂકવાના ઈરાદાથી બોલી.

"આપ નામદારે મ્હારા તરફ જે કૃપા બતાવી છે તે માટે હું આપ નામદારની આભારી થઇ છું–"

"ઓહ! એમાં આભાર શું? મ્હારી વ્હાલી કાઉન્ટેસ! તમારી બહેને એટલી કાકલુદીભરી અરજ કરી કે હું ના પાડી શક્યો નહિ. મેં પ્રીવીકાઉન્સીલ ભેગી કરી અને જે જરૂરી હતું તે કરી નાખ્યું. વળી આવા માણસને આપણા પક્ષમાં લેવામાં પણ મને લાભ જણાય છે–આથી હવે એ વાત જવાજ દો.....લુઇ, હું હવે ત્હારી સાથે નૃત્ય શરૂ કરૂં છું."

કાઉન્ટેસ ઑફ પેમ્બ્રોકમાં પોતાનો મનોભાવ છૂપાવવાની શક્તિનો સારો વિકાસ થયો હતો. લુઇએ શું વાત મહારાજાને કહી હશે એ વિષે એ પોતે પણ હજુ અન્ધકારમાં હતી તો પણ એની બહેનના ભૂતકાળ સાથે એના જીવનને પણ થોડો ઘણો સંબંધ હતો. તેથી એ કોઇને કંઇ પણ જાતની શંકા ન આવે એવી રીતે વર્તી. નૃત્યની શરૂઆત કરવાની રાજાની ઇચ્છા સાંભળતાંજ વાજિંત્ર વાગવા લાગ્યાં ફ્રેંચ એલચી મોંશાયોર ડ બેરીલને કાઉન્ટેસ ઑફ પેમ્બ્રોકને પોતાની સાથી થવાની અરજ કરી. રાજા લુઇ સાથ નાચવા તૈયાર થયો અને સર હેક્ટર ગ્રેહામે ડચેસ ઑફ ક્લીવલેન્ડ પસંદ કરી. બીજા ઉમરાવોએ ત્યાં ભેગી મળેલી લલનાઓમાંથી પોતાને મનગમતી પસંદ કરી લીધી અને એક જૂનો ઇંગ્લીશ નાચ શરુ થયો. જ્યારે તે નાચ પૂરો થયો ત્યારે રાજા તથા લુઇ બંનેની બીજા નાચમાં ભાગ લેવાની ઇચ્છા ન હોવાથી તેઓ આસન તરફ ગયાં અને કાઉન્ટેસ તથા બાબેરા બીજા નાચમાં ગુલતાન થવાથી તેમને એકાંતમાં વાત કરવાની તક મળી.

"મ્હારી વ્હાલી લુઇ!–" રાજા ધીમા સ્વરે બોલ્યો.

"ત્હારી અરજ સાંભળી મેં જે કર્યું તેથી ત્હારી બહેન ઘણી ખુશી થઈ છે–"

"ખરેખર, વ્હાલા?–" ડચેસ મીઠા સ્વરે નખરાં કરતાં બોલી.

"તમે તેને કલંકિત થતી બચાવી છે કારણ કે ઑલિફન્ટ તેના પર વેર લીધા વિના રહેત નહિ–"

"અફસોસ! તેવું થાત તો ત્હારે માટે મને બહુ લાગી આવત. ખરેખર, લુઇ! લોકો ઘણા ખરાબ છે. કોઇ કુટુંબની અમુક વ્યક્તિ કર્મસંયોગે કંઇ ઉંધું પગલું ભરે તો તેને માટે લોકો આખા કુટુંબને કલંક લગાડે છે...પણ તારી બહેન એ ઑલિફન્ટને બહુ ચાહતી હતી એમ?" રાજાએ પૂછ્યું.

"વ્હાલા! તે એને એટલી બધી ચાહતી હતી કે તે પોતાના હૃદયને વશ રાખી શકી નહિ અને નિર્બળતાને શરણ થઇ–" ડચેસ ગંભીર થઇ બોલી.

"નિર્બલતા! નહિ–લુઇ! જો પ્રેમને તું નિર્બલતા કહેતી હોય તો ત્હારા પ્રેમ પાશમાં હું નબળામાં નબળો મનુષ્ય છું......" ચાર્લ્સ બોલ્યો.

"લુઇ! તે રાત્રે બુરખાપાર્ટીમાં એ ઑલિફન્ટે જાદુગરના વેષમાં તને કહ્યું હતું કે તે કોઇજ નહિ પણ અઢાર વર્ષ પહેલાં તારી બહેને જેને ચાહ્યો હતો તેજ છે, ખરૂં? તે એમજ બોલ્યો હતોને? આહ! મારી વ્હાલી! તું ડરી ગઇ હોય–ત્હારી બહેન કલંકિત થશે એ ભયંકર ભાવી કલ્પનાથી થરથરી ગઇ હોય તો તેમાં અજબ થવા જેવું નથી. તેં ત્હારી સામે ભયંકર રાક્ષસ ઉભેલો જોયો હશે?–"

"એવુંજ, વ્હાલા ચાર્લ્સ!" તે ફ્રેન્ચ યુવતી બોલી.

"વ્હાલા! તમે જ્યારે મને દિલાસો દેવા મારા શયનગૃહમાં તે રાત્રે આવ્યા ત્યારે મેં આ વાત તમારાથી છૂપી રાખી હતી તે માટે મને માફ કરશો? તે જાદુગરે તમને કંઇ મ્હારા વિષે શરમ ભરી વાત તો નથી કહી એમ મેં તમને પૂછ્યું હતું તેથી તમને કંઇ દુઃખ થયું હોય તો તે માટે તમે મને માફ કરી શકશો, વ્હાલા?–"

"માફી! વ્હાલી! મારી હૃદયેશ્વરી લુઇ! માફી શા માટે? તેં મને કદિ પણ ગુસ્સે થવાનું કારણ આપ્યુંજ નથી તો પછી માફી શા માટે? તેં કંઇ ગુન્હો કર્યોજ નથી તો પછી માફી કેવી? ત્હારી ન્હાની બહેનના ગુપ્ત પ્રેમની હકિકત છૂપાવવામાં તેં કંઇ અયોગ્ય કર્યું ન્હોતું. તેં તે સમયે ઑલિફન્ટ આટલા થોડા સમયમાં કેદ પકડાશે અને ત્હારી બહેન પર વેર લેવા તત્પર થશે એમ ધાર્યું ન્હોતું–"

"હા. એમ ધાર્યું ન્હોતું–મેં માન્યું ન્હોતું કે આજનો જનરલ ઑલિફન્ટ મ્હારી બહેનનો ભૂતકાલનો પ્રેમી હતો–"

"ત્યારે ત્હારી બહેને એનો પ્રેમ સ્વીકાર્યો ત્યારે એ બીજું નામ ધરાવતો હતો એમ?"

"હા. એનું નામ તે સમયે બીજું હતું; વ્હાલા ચાર્લ્સ! તમે જે લાગણી બતાવી છે તે માટે હું પુનઃ તમારો આભાર માનું છું."

"નહિ. નહિ. લુઇ! હું હંમેશાં ત્હારા હુકમો અમલમાં મૂકવાને રાજી થઇશ. વ્હાલી! જો જનરલ ઑલિફન્ટ સંબંધી મેં કંઇ અનાકાની કરી ત્હારી વિનંતી માન્ય કરી હોય તો તે ત્હારા તરફ કોઇ પણ જાતની બેદરકારીને લીધે નહિ પણ પ્રીવીકાઉન્સીલ મારૂં કહ્યું માનશે નહિ એવા ભયથીઃ વ્હાલી! ત્હારો બોલ તો મ્હારો કાયદો! મેં કાઉન્સીલ બોલાવી અને જનરલ ઑલીફન્ટની મુક્તતા મેળવવામાં હું વિજયી થયો. એના જેવો બહાદૂર બળવાખોર મૃત્યુને શરણ થાય તેના કરતાં મારા પક્ષમાં આવે એ વધુ ફાયદાકારક છે. એક મરેલો માણસ કંઇ સારૂં કરી શકતો નથી તેમ તે કંઇ બૂરૂં પણ કરી શકતો નથી. પણ ઑલિફન્ટ જેવો સુપ્રસિદ્ધ વીર યોદ્ધા ફાંસીને લાકડે ચઢી પોતાના જીવનનો અન્ત લાવે એ યોગ્ય નથી એમ મેં કાઉન્સીલને કહ્યું. કાઉન્સીલ શરણ થઈ અને ત્હારી ઇચ્છા પાર પડી. ઑલિફન્ટનું જીવન બચ્યું-તે સાથે ત્હારી બહેનની આબરૂ બચી-હવે તેનો પતિ તેના ભૂતકાળની વાત જાણી શકશે નહિ...... પણ લુઇ! જો તો ખરી! પેલો ખુબસુરત જુવાન તો જો! પેલો ડ્રેગુન ઑફિસર-" ચાર્લ્સ એક સુન્દર યુવાન પર દૃષ્ટિ કરી બોલ્યો.

"એ તો કૅપ્ટન લી છે-"

"હં-એ લી છે, ખરૂં? લૉરેન્સ લી-" રાજા બોલ્યો.

"હું ધારૂં છું એનું નામ તેં મને કહ્યું હતું."

"હા."

"એણે તને "રાઇહાઉસ"માં મદદ કરી હતી ખરૂં?"

"હા. વ્હાલા! બદમાસો મારૂં અપમાન કરવા તૈયાર થયા હતા ત્યારે આ યુવાન ઑફિસરની સહાય મને મળી હતી."

"ખરેખર, લુઇ! ત્હારૂં-મ્હારી વ્હાલી લુઇનું અપમાન કરનારા બદમાસોની શરમ ભરી વર્તણુકની માફી આપી તેમને જરા પણ સજા ન કરવામાં આપણે ભૂલ કરી-"

"વ્હાલા! તેમ કરવાથી એ કેસમાં મ્હારૂં નામ વધુ વગોવાત અને તમે જાણો છો કે લોકો-"

ડચેસના મુખમાંથી અચાનક લોકો તેને ચાહતા નથી એવા

શબ્દો નીકળી પડતા હતા પણ તેનું વાક્ય પૂર્ણ થાય એટલામાં ચાર્લ્સ વચ્ચે બોલી પડ્યો.

"ઠીક. ઠીક. તને જે ઠીક લાગે તેમ કર......" ચાર્લ્સ હજુ સુધી લૉરેન્સ પરથી આંખ ખસેડી ન્હોતી. તે વિચિત્ર રીતે લી તરફ જોઇ રહ્યો હતો.

"અહા! લુઇ! જો તો ખરી! લૉરેન્સ કેવો સુન્દર યુવાન છે? કેવો સુન્દર? કેવો સુદૃઢ? કેવો ખુબસુરત જુવાન?–"

એક પલ આ શબ્દોથી લુઇ અશાન્ત થઈ. તેણે રાજા તરફ જોયું; અને રાજાનું હૃદય વાંચવાનો પ્રયાસ કર્યો કારણ કે સર વિલિયમના ભત્રિજા તરફના તેના શબ્દો એક ઇર્ષ્યાળુ પ્રેમી જેવા તેને લાગ્યા. રોઇહાઉસથી નીધરહૉલ જતા ભોંયરામાંથી લુઇ કૅપ્ટન લી સાથે એકલી ગઇ હતી, તે સમયે બન્નેને એકાન્ત મળ્યું હતું અને એકાન્તમાં લુઇ તરફ લૉરેન્સ આકર્ષાયો હોય અથવા લૉરેન્સ પ્રતિ લુઇ આકર્ષાઇ હોય એવી શંકા મહારાજાના મનમાં જન્મી હોય તો તે સમ્ભવિત છે. લુઇની આ એક ભયભરી કલ્પના હતી અને એ કલ્પના પછી તેનું હૃદય મહા મહેનતે શાન્ત રહી શક્યું.

"લુઇ! ખરેખર, એ ઘણોજ–ઘણોજ સુન્દર છે. આજના સર્વ પુરૂષોમાં તે વધુ સુન્દર છે. લુઇ! તેને અહિં બોલાવ–"

આમ બોલ્યા પછી રાજાએ તેની સેવામાં ઉભા રહેલા ઉમરાવોમાંથી એકને પાસે બોલાવી કૅપ્ટન લીને ત્યાં બોલાવી લાવવાની આજ્ઞા કરી. આ આજ્ઞા આપતાં જેટલો સમય થયો તે કરતાં તે બજાવવામાં વધુ ઓછો સમય ગયો. લૉરેન્સ મહારાજાની આજ્ઞા પ્રમાણે તેમના આસન પાસે આવ્યો અને વિનયથી પોતાના રાજકર્તાને નમ્યો. ત્યાર પછી તે લુઇ ડ કેરલને નમ્યો. તે એક શબ્દ પણ બોલી નહિ–લૉરેન્સના નમનનો તેણે ઠંડો જવાબ આપ્યો; કારણ કે રાજાના હૃદયમાં શું ઘોળાતું હતું તે તે હજુ સમજી શકી ન્હોતી. પણ તેની અશાન્તિનો અલ્પ સમયમાં અન્ત આવ્યો. રાજા લૉરેન્સને પોતાનો પ્રતિસ્પર્ધી માની તેની ઇર્ષ્યા ન્હોતો કરતો એવી લુઇની તેના શબ્દોપરથી ખાત્રી થઇ. ચાર્લ્સ બોલ્યો.

"આજથી દસેક દિવસ પહેલાં તમે ડચેસ ઑફ પોર્ટસમથની જે સેવા બજાવી હતી તે માટે તમારો રાજકર્ત્તા તમારો આભાર માને છે."

"અને હું પણ તમને અત્રે જોઇ ઘણી ખુશી થઇ છું, કૅપ્ટન

લી !–" લુઇ પોતાના અધરપર મોહક સ્મિત ફરકાવી બોલી.

પુનઃ લૉરેન્સ ચાર્લ્સ તથા તેની વિલાસ સખીને નમ્યો.

" તમે મ્હારી બહાદુર હર્ટફર્ડ ફર્ડશાયર રેજીમેંટમાં છો ખરૂં ? આ યુનીફૉર્મ તમારી શોભા દ્વિગુણીત કરે છે......હં–પણ તમારો સેનાપતિ તો પેલો ગ્રેહામ કેની ? "

" હા–નામદાર !–"

" ગ્રેહામ ! હા–આજે મેં તેને ' નાઇટહુડ ' નો ખિતાબ આપ્યો. તે મારો વફાદાર સેવક છે. હું તે તમારાપર ખાસ મહેરબાની રાખે એવી તેને ભલામણ કરીશ. કૅપટન લી ! હું હવે તમારા ભલા માટે કાળજી રાખીશ. ડચેસ ઑાફ પોર્ટસમથ તરફનું તમારૂં વર્તન તમને રાજવંશી કૃપાને યોગ્ય પૂરવાર કરે છે. તમે આ શહેરમાં વધુ વખત રહેવા માગો છો ? "

" રાજન્ ! શ્રીમતીએ મને એ મેળાવડામાં આમંત્રણ મોકલી જે માન આપ્યું હતું તેને લીધેજ હું લંડન આવ્યો હતો. "

" ત્યારે તમે અહિં વધુ દિવસ રહેવાના નથી ? "

" નહિ. નામદાર ! "

" શા માટે તમે અહિં રહેવા માગતા નથી ? તમારા જેવા ખુબસુરત જુવાન માટે તો પાટનગર તલપી રહ્યું છે. તમે અહિં માનીતા થઇ પડશો. બોલો, કૅપટન લી ! શા માટે તમે જલદી લંડન છોડી જવાનો ઇરાદો રાખો છો ? તમારો સેનાપતિ કરડો છે ? તમે તેની આજ્ઞાથી જલદી જવા માગો છો ? "

"હા જી. સર હેક્ટર ગ્રેહામની આજ્ઞાથી હું કાલે સ્હવારે હર્ટફર્ડ શાયર જવા માગું છું. "

" કાલે સ્હવારે ? આટલું જલદી ? તમે થાકી ગયા હશો !...પણ ઠીક છે. હું તે પર ધ્યાન આપીશ. લુઇ ! ત્હારી એમણે જે સેવા બજાવી છે તેથી હું ઘણો રાજી થયો છું. તું એમની સાથે નૃત્ય કર—"

" જેવી તમારી મરજી. " લુઇ બોલી. તેણે લૉરેન્સને પોતાનો હાથ આપ્યો અને નૃત્યના ઓરડામાં જઇ તેની સાથે નાચવા લાગી.

લોકોમાં એવી વાત સંભળાઇ હતી કે વરજીનીઆનો બહાદૂર બગાવાખોર જનરલ ઑાલીફન્ટ, જે કેદ પકડાવાથી આખા લંડનમાં ભારે ચર્ચા જાગી હતી, તેને રાજા તરફથી ક્ષમા આપવામાં આવી છે. લોકોએ એ પણ જાણ્યું હતું કે બુરખાપાર્ટીમાં ડચેસ, ચાર્લ્સ તથા

લૉર્ડ આર્ડનના કાનમાં કંઇ ભેદભરી વાત કહી તેમને ચમકાવનાર જાદુગર કોઇજ નહિ પણ જનરલ ઑલિફન્ટજ હતો; અને હવે રાજમહેલમાં ભેગાં થયલાં શોખીનોમાં એવી પણ વાત થતી હતી કે મહારાજા જનરલ ઑલિફન્ટને રાજદરબારમાં કોઈ માનવન્તી પદવી આપવા માગે છે તથા સૈન્યમાં પણ કોઇ ઉચ્ચ પદ પર નિયુક્ત કરવા તૈયાર છે.

"હું બુરખાપાર્ટીને દિને હાજર હતી—" એક લલના પોતાની સાથે નૃત્ય કરતા યુવાન તરફ જોઈ બોલી.

"અને તે જાદુગરના શબ્દોની વિચિત્ર અસર મેં નજરો નજર જોઇ હતી. હું જનરલ ઑલિફન્ટનું વદન જોવા ઘણી ઉત્સુક છું."

"મને લાગે છે કે તેનો દેખાવ ભયંકર હોવો જોઇએ અને તેનો નીચ સ્વભાવ તેના મુખપર તરવરતો હશે—" તે લલનાનો સાથી બોલ્યો.

"નહિ, સાહેબ! મને ખાત્રી છે કે તે ઘણો મોહક અને બહાદૂર હોવો જોઇએ—" તે યુવાન સુન્દરીએ પોતાના સાથીની અયોગ્ય ટીકાના જવાબમાં કહ્યું. આ શબ્દો બોલતી વેળા તેના ગાલપર રતાશ છવાઇ અને એને લાગ્યું કે એણે ઑલિફન્ટની બહુ પ્રશંસા કરી હતી.

આવીજ વાતચીત જૂદી જૂદી જગ્યાએ થતી હતી.

"સર હેકટર ગ્રેહામ! મને કહો કે લોકો જે જનરલ ઑલિફન્ટની વાત કરે છે તેનો દેખાવ કેવો છે?" ડચેસ ઑફ ક્લીવલેન્ડ જે ગ્રેહામ સાથે નાચતી હતી તેણે પૂછ્યું.

"મેં સાંભળ્યું છે કે, તમે તેને હોટલમાં મળ્યા હતા."

"તમે જો તેને નજરે જુઓ તો તમે બહુ નિરાશ થશો. તે ખરાબ દેખાવનો, નીચ અને ભયંકર મનુષ્ય છે." સર હેકટર ગ્રેહામે પોતાના નીચ મગજનો ઉપયોગ કર્યો.

"મનુષ્યોના સ્વભાવ કેવા વિચિત્ર અને જૂદી જૂદી જાતના હોય છે!" ડચેસ બોલી.

"સર હેકટર! એક સદ્‌ગૃહસ્થ જેમણે જનરલ ઑલિફન્ટને હોટલમાં જોયો હતો તે કહે છે કે તે ઘણો ભવ્ય પુરુષ છે. તે કૅપ્ટન વીલ્ડેરના છૂપા નામે રહ્યો હતો ત્યારે તે ગૃહસ્થે તેને જોયો હતો. તે કહે છે કે, તે ઉમદા સ્વભાવનો બહાદૂર પુરૂષ છે."

ઓરડાના એક બીજા ભાગમાં એક સોળ વર્ષની મુગ્ધ કુમારિકા લૉર્ડ આર્ડનનો હસ્ત પકડી બોલી.

"ઓહ! મારા લૉર્ડ! બોલો—તમે જનરલ ઑલિફન્ટને અમે-

રિકામાં મળ્યા હતા. મને હમણાં મારી વૃદ્ધ કાકી લેડી સીંગલટને કહ્યું કે તે મવાલી જેવો ભયંકર દેખાવનો માણસ છે. શું આ વાત ખરી છે ? મારી કાકી કહે છે કે એ બળવાખોર રાક્ષસ જેવો અને એવી ભયંકર આકૃતિનો છે કે હિમ્મતવાન મનુષ્યો પણ એને જોઇ ડરી જાય છે. બોલો, આ વાત ખરી છે ? તમે જાણો છો કે, હું બંડખોરોને ચાહતી નથી પણ આ જનરલ એવો બહાદૂર, એવો શૂરવીર, એવો પરાક્રમી અને દૃઢપ્રતિજ્ઞ છે કે બધા તેને બહાદુર વીર કહે છે."

"સુન્દરી !—" લૉર્ડ આર્ડેન બોલ્યો;

"તમારી કાકીએ તમને એ માણસ વિષે જે કહ્યું છે તે તદ્દન સત્ય છે. અને જો એ બહાદૂર વીરલો તમારી નજર સમક્ષ ઉભો રહે તો તમે એને વિષે હમણાં જે બોલ્યાં તે તમે ભૂલી જાઓ. તે ખરેખર રાક્ષસી હૃદયનો મવાલી છે."

આ શબ્દો હજુ બોલાય છે એટલામાંજ પ્રવેશદ્વાર ઉઘડી ગયા અને હુઝુરિયાએ મ્હોટે સ્વરે જાહેર કર્યું:

"જનરલ ઑલિફન્ટ."

પ્રકરણ ૩૨ મું.

જનરલ ઑલિફન્ટ.

જે વરજીનીઆન બળવાખોરનું નામ રાજમહેલમાંના દરેક વ્યક્તિની જીભપર હતું તે એકાએક આવી પહોંચવાથી બધાની અજાયબીનો પાર રહ્યો નહિ. બધાની આંખો જનરલ ઑલિફન્ટપર ફરી વળી. એ પોતાના પરાક્રમથી લંડનમાં આજકાલ ગવાઈ રહ્યો હતો. ઘણી સુન્દરીઓ તેને જોતાંજ તેની પક્ષકાર બની. તેનો પોષાક ભવ્ય અને દેખાવ સુન્દર હતો. ઉચ્ચ કુલીન ગૃહસ્થ પેઠે તે ધીમે પગલે અંદર આવ્યો. તેનો સુન્દર દેખાવ—તેની સુદૃઢ શરિરાકૃતિ—તેનું પ્રશંસાપાત્ર સૌન્દર્ય—સરલહૃદયી બહાદૂર લડવૈયા જેવી સરલતાની તેના મુખપર પડતી છાપ—વરજીનીઆમાં તેણે જનરલ તરિકે મેળવેલી કીર્તિ—તેની બહાદૂરી અને તેની ચાલાકી, એ સર્વનાં મીલનથી તેને જોતાંજ ઘણા પુરૂષો ઝાંખા પડી ગયા. સૂર્યના તેજસ્વી પ્રકાશ સ્હામે તારાઓ ટકી શકતા નથી તેમ વીરેન્દ્ર ઑલિફન્ટના વીરોચિત અભિમાન અને તેજ આગળ

ઘણા નમી પડ્યા. યુવાન–સુન્દર સ્ત્રીઓ તેને જોઈ મનમાં કંઈ કંઈ મધુરા વિચાર કરવા લાગી.

જનરલ ઑલિફન્ટ ઓરડામાં આગળ વધ્યો અને તેને જોતાંજ ડચેસ ઑફ ક્લીવલૅન્ડે સર હેક્ટર ગ્રેહામપર એક ધિક્કાર અને તિરસ્કારપૂર્ણ નજર ફેંકી. ગ્રેહામે ઑલિફન્ટ સંબંધી જે જૂઠી વાત કહી તેને છેતરી હતી તેનું વેર લેવાની ભાવના ડચેસના હૃદયમાં દૃઢ થઈ. તે બોલી.

"સર હેક્ટર ગ્રેહામ! જનરલ ઑલિફન્ટ " ખરાબ દેખાવનો, નીચ અને ભયંકર મનુષ્ય નથી પણ તેથી ઉલટુંજ સંકુચિત હૃદયના પુરૂષોને ઝાંખા પાડી તેમના હૃદયમાં ઈર્ષ્યા ઉત્પન્ન કરે એવો મોહક યુવાન છે."

આ શબ્દ પ્રહારથી સર હેક્ટરની આંખોમાં ક્રોધાગ્નિ સળગ્યો. પણ એ પ્રહાર કરનાર એક સ્ત્રી–વળી એ સ્ત્રી રાજાની માનીતી વિલાસસખીઓમાંની ડચેસ–ડચેસ ઑફ પોર્ટસમથથીજ ઉતરતી ડચેસ ઑફ ક્લીવલૅન્ડ હતી–તેથી ગ્રેહામ વૈરાગ્નિથી એનું હૃદય ભડભડ બળવા છતાં સ્હામું અપમાન કરવાની હિમ્મત કરી શક્યો નહિ. પણ ગ્રેહામને શબ્દ પ્રહાર કરીનેજ ડચેસ શાન્ત થઈ નહિ. તેનું વધુ ભયંકર અપમાન કરવા તે તેની પાસેથી તેની સાથે શરૂ કરેલો નાચ પૂરો કર્યા વિના ચાલી ગઈ. આવા પ્રસંગે એક સ્ત્રી આવું અપમાન કરે એ બહુ શરમભર્યું ગણાય છે. સર ગ્રેહામને એ અપમાનથી ભોંય ભારી પડી ગઈ.

" લૉર્ડ આર્ડેન! " આ ઉમરાવને જે મુગ્ધ કુમારિકાએ ઑલિફન્ટ કેવો છે? એ સવાલ પૂછ્યો હતો તે બોલી.

" તમે મને શરમભરી રીતે છેતરી છે. જો એ નીચ મવાલી છે એમ તમે કહેતા હો તો તમે તેમને કેવા કહો છો? તમે ખરેખરા રાક્ષસ હોવા જોઈએ."

આ કઠોર શબ્દો બોલી તે લલિતાંગના પણ પોતાના ઉમરાવ સાથીને ડચેસે જેવી રીતે ગ્રેહામનું અપમાન કીધું હતું તેવું અપમાન કરવા તેની બાજુમાંથી ચાલી ગઈ.

આ બે બનાવોપરથી સમજી શકાશે કે ઑલિફન્ટ રાજમહેલમાં પ્રવેશતાંજ અનેક વ્યક્તિઓને આકર્ષી શક્યો. તેને માટે પ્રજામાં અનેક જાતની ખરાબ લાગણી પ્રસરી હતી. ઉમરાવો અને ઉમરાવજાદીઓ તે બળવાખોર–ભયંકર આકૃતિનો રાક્ષસ સમા ક્રૂર હૃદયનો છે એમ એના પ્રતિસ્પર્ધીઓના કહેવાથી એને ધિક્કારતી. રાજાના એકતંત્રી શાસનને સુરંગથી ઉરાડી મૂકવાની તરફેણમાં એ હોવાથી

એકચક્રી સત્તાના ગુલામોમાં એ અપ્રિય હતો. આ અપ્રિયતા અને ધિક્કાર એ જ્યારે અમેરિકામાં હતો ત્યારે પેદા થયાં હતાં. એ લંડનમાં કેદ પકડાયો ત્યારે પ્રજાને એક જાતનો વાત કરવાનો ખોરાક મળ્યો; પણ હમણાં એને નજરે જોવાથી એની ભવ્ય આકૃતિએ ઘણાને જીતી લીધાં. જનરલ દમામથી ડગલાં ભરતો રાજા જ્યાં બેઠો હતો ત્યાં જતો હતો. લૉરેન્સ ડચેસને નૃત્યગૃહમાં લઇ ગયો હતો અને તેણે ઑલિફન્ટ જ્યારે આવ્યો ત્યારે નૃત્ય શરૂ કર્યું હતું. ડચેસ ઑલિફન્ટનું નામ સાંભળી બોલી.

"મને મહારાજા પાસે લઇ જાઓ, કૅપટન લી! મારે આ નવીન આવનારને આવકાર આપવા જવું છે–"

લૉરેન્સ તરતજ ડચેસની વિનંતીને માન આપવા તૈયાર થયો કારણ કે જનરલ ઑલિફન્ટે રથનું હરણ કરવાના ગ્રેહામના નીચ કાવત્રાની તેને ખબર આપી ત્યારથી એ ઑલિફન્ટનો મિત્ર બન્યો હતો. તે ડચેસને પોતાના હાથ પર ટેકો આપી રિસેપ્શન રૂમમાં લઇ ગયો અને ડચેસ પુનઃ મહારાજાને પડખે જઇ બેઠી. એજ પળે ઑલિફન્ટ ત્યાં આવી પહોંચ્યો.

જનરલે વિનયથી પોતાના મહારાજાને નમન કર્યું. એ નમન ઉચ્ચ કુલમાં જન્મેલા સદ્‌ગૃહસ્થ જેવું તથા બહાદૂર સૈનિક જેવું હતું. વળી એની વિનયશીલતા પરથી મહારાજાએ એનો પ્રાણ બચાવ્યો તે માટેની એની કૃતજ્ઞ ભાવના વ્યક્ત થતી હતી. ચાર્લ્સના કામો એ શક્તિને આભારી હતાં. એક એની વિલાસ સખીઓનો લાગવગ અને બીજી એની પોતાની સ્વાર્થમયતાઃ ઑલિફન્ટની મુક્તતા માટે એ બન્ને શક્તિ વપરાઇ હતી. ડચેસ ઑફ પોર્ટસમથે પોતાના કાળા અને કલંકિત ભૂતકાલની શરમભરી હકિકત કાઉન્ટેસની બનાવી પોતાની સત્તાનું અને પોતાના માનનું સંરક્ષણ કર્યું. પરિણામ એની ઇચ્છાનુસાર આવ્યું. એ બંડખોર ઑલિફન્ટનો પ્રાણ બચાવી શકી. રાજાએ એને પોતાનો પક્ષકાર બનાવવાની આશા રાખી અથવા ગમે તે રીતે તેની શક્તિનો લાભ લેવાનો વિચાર કરી એને છૂટો કર્યો. ઑલિફન્ટને ફાંસીને લાકડે જતો અટકાવી તેને ક્ષમા આપવામાં ચાર્લ્સનો એક બીજો પણ ભેદ હતો. ગમે તે પ્રકારે ઑલિફન્ટ રાજાના ખાનગી જીવનનો એક ભેદ જાણવા પામ્યો હતો કે જે જાહેરમાં આવે એવી તેની લેશ માત્ર ઇચ્છા ન્હોતી. આથી હુઝુરીઆએ ઑલિફન્ટનું નામ પોકારતાંજ રાજાએ તેને ગરમા ગરમ આવકાર આપવાનો વિચાર કર્યો અને જનરલ ઑલિફન્ટ સાથે શેક હેંડ કરી એ બોલ્યો.

"જનરલ ઑલિફન્ટ! તમને આવકાર આપતાં ભૂતકાલમાં તમે જે પણ કર્યું હોય તે હું ભૂલી જાઉં છું."

"મેં આટલાંટિક મહાસાગરની પેલી પાર ગમે તેવાં કામો કીધાં હશે; પણ આપ નામદારની કૃપાને લીધે મારૂં જીવન આજે બચ્યું છે અને તે માટે હું આપ નામદારનો ઋણી છું એ વાતનો હું અંતઃકરણપૂર્વક સ્વીકાર કરૂં છું–" ઑલિફન્ટ સરલ હૃદયે મહારાજા સમક્ષ સમ્પૂર્ણ વિવેકથી ઉભો રહી બોલ્યો.

"વળી મારે હવે આપ નામદારને કહેવું જોઇએ કે આપ નામદાર સમક્ષ જનરલના ખિતાબ સાથે મારૂં નામ પોકારવામાં આવ્યું હતું પણ એ ખિતાબ અહિં વાપરવાનો મને હક્ક નથી. એ ખિતાબ વરજીનીઆનો છે અને જો તે હું અત્રે ઉપયોગમાં લઉં તો આપ નામદારે મ્હારા પ્રત્યે જે અનહદ કૃપા દર્શાવી છે તે પછી એ એક જાતની કૃતઘ્નતાજ ગણાય–"

"હું જાણું છું અને આખું જગત્ પણ જાણે છે–" રાજાએ જવાબ આપ્યો.

"કે તમે મેકસીકન લશ્કરની બહાદૂરીથી સેવા બજાવી હતી અને ત્યાં તને તમારૂં વીરત્વ ઝળકાવી જનરલની પદવી પ્રાપ્ત કરી હતી. પણ કદાચ તમે જો મારી સેવા બજાવો તો મારી સેનામાં પણ ઑલિફન્ટના નામને એ પદવીથી વિભુષીત કરવામાં આવશે."

વરજીનીઅન બળવાખોર મહારાજાનું ભાષણ સાંભળી નમ્યો. અને બોલ્યો.

"હું એક સૈનિક છું. મારી તલવાર મારી દોલત છે; અને જ્યારે મને કોઇ માનભરી પદવી આપવામાં આવશે ત્યારે હું તે માન સહ સ્વીકારીશ અને મારૂં કર્તવ્ય નીમકહલાલીથી બજાવીશ."

તે અત્યાર પહેલાં ડચેસ ઑફ પોર્ટસમથને નમ્યો હતો અને ડચેસે પણ એ નમનનો વિવેકથી જવાબ વાળ્યો હતો; પણ કોઇ પણ વ્યક્તિ–તિક્ષણમાં તિક્ષણ આંખ પણ જનરલ અને ડચેસ વચ્ચે કોઇ જાતનો ગમ્ભીર ભેદ હશે એવી શંકા કરી શકી નહિ. ભૂતકાલમાં આ બે વ્યક્તિઓએ એકમેકને અંધ પ્રેમથી ચાહ્યાં હશે એમ કોઇ કલ્પી શક્યું નહિ. લૉરેન્સ લીને જનરલ ઑલિફન્ટ ઓળખતો હોય એવું તેણે બતાવ્યું નહિ અને લૉરેન્સ પણ તેની પાસે ગયો નહિ. યુવાન કૅપ્ટન લી સારી પેઠે જાણતો હતો કે ઑલિફન્ટની સાવધા-

નતા યોગ્ય છે. એ સાવધાનતા રાખવાનાં બે કારણો હતાં. એક એ કે જો લૉરેન્સને ઑલિફન્ટ બોલાવે તો એક માણસ જે થોડાક કલાક પહેલાં મોતની સજાને યોગ્ય બદમાસ બંડખોર ગણાતો હતો તે રાજાની સેવા બજાવતા એક સૈનિકને પૂર્વે ક્યાં અને કેમ મળ્યો હશે એ શંકા થતાં રાજાના મનમાં વિચિત્ર શંકાઓ આવવાનો સમ્ભવ હતો. બીજું સર હેક્ટર ગ્રેહામ થોડેક દૂર ઉભો હતો અને લી ઑલિફન્ટને ઓળખે છે એવું જો તે જાણે તો રૂથ રમ્બોલ્ડ સંબંધીની તેની નીચ યુક્તિમાં તેને દગો દેનાર અને તેની ધારણા ધુળમાં મેળવનાર ઑલિફન્ટજ છે એવી તેની ખાત્રી થઈ જાય: રાજાએ ઑલિફન્ટ સાથે જે રીતે વાત કરી તે પરથી ઘણા ઑલિફન્ટની ઇર્ષ્યા કરવા લાગ્યા. એકલો કર્નલ ગ્રેહામજ થોડેક દૂર ઉભો ઉભો એ બળવાખોરને જોતો ન્હોતો પણ લૉર્ડ આર્ડેન પણ જનરલ પરની રાજાની મહેરબાનીથી અશાંતિ અને ભયથી કંપતો એક બાજુ ઉભો હતો. ચાર્લ્સ પોતાના સૈન્યમાં ઑલિફન્ટને જનરલની પદ્વી આપવા તૈયાર છે, એવું જ્યારે ઉમરાવ આર્ડેને સાંભળ્યું ત્યારે તેના હોંસકોસ ઉડી ગયા અને પોતાને માથે મોત ભમે છે એવું તેને લાગ્યું. જુલિયા મરટન પાસેથી એના હસ્તાક્ષરવાળા બધા કાગળો ગ્રેહામ લઇ આવ્યો હતો અને તે કાગળોની એણે રાખ બનાવી દીધી હતી તોપણ ઑલિફન્ટ રાજદરબારમાં દાખલ થાય અને પોતે સલામતીથી શાંતિમાં જીવન ગાળી શકે એ એના ભીરૂ હૃદયને અસંભવિત લાગ્યું.

ઑલિફન્ટ આવ્યા પછી–પાએક કલાક થયા નૃત્ય બંધ પડ્યું હતું પણ હવે રાજાની ઇચ્છાથી તે પાછું ચાલું થયું. કૅપટન લી પુનઃ લુઇને "બોલરૂમ" માં લઈ ગયો અને નામદાર મહારાજાએ ડચેસ ઑફ કલીવલૅન્ડની ઑલિફન્ટ સાથે ઓળખાણ કરાવી તેની સાથે નૃત્ય કરવાની વિનંતી કરી. આ રાજવંશી કૃપાની ખાસ નિશાની હતી. ઑલિફન્ટે ગ્રેહામ કે લૉર્ડ આર્ડેનની જરાપણ પરવા ન કરી. તેણે જાણી જોઇને તેમને પોતાના રસ્તામાંથી દૂર રાખવાનો પ્રયાસ કર્યો નહિ. એવું વર્તન એ ચર્લાવે એ એની સિંહ સમી વૃત્તિથી ઉલટું હતું. તેણે ફક્ત તેમને જોયાજ ન હોય એવી તેમના તરફ બેપરવાઈ બતાવી અને એ બેપરવાઈ કર્નલ અને લૉર્ડ આર્ડેનને ભાલા સમી ખૂંચી. ડચેસ ઑફ કલીવલૅન્ડ સાથે "બૉલરૂમ" માં જતાં તેણે લુઇની ન્હાની બહેન કાઉન્ટેસ ઑફ પેમ્બ્રોકને જોઇ. બન્નેએ એક-

મેકને નમન કર્યું. ડચેસ ઑલિફન્ટ કાઉન્ટેસ સાથ પૂર્વે શી રીતે પરિચયમાં આવ્યો હશે એ વિચારથી અજબ થઈ; પણ ઑલિફન્ટે કંઈ ખુલાસો કર્યો નહિ અને ડચેસની ખાત્રી થઈ કે એની નામરજી હોવા છતાં પણ જનરલના મુખમાંથી જૂદા જૂદા પ્રશ્નો પૂછીને અથવા બીજા ચેનચાળાથી કોઈ એનો મનોભાવ જાણી શકે એમ ન્હોતું. આ સુન્દર અને સત્તાવાન ડચેસ જનરલ સાથે નૃત્ય કરતાં ઘણી મગરૂર થઈ. રાજ્યપક્ષની એ ખાસ ભક્ત હતી—અને સામાન્ય રીતે એક બળાવાખોરને ફાંસીને લાકડે જવા યોગ્ય રાક્ષસજ માનતી હતી—પણ વર્તમાન સંયોગોમાં એના એ વિચારો ઉડી ગયા. કુલીન, સુન્દર, બહાદુર ઑલિફન્ટ બળવાખોરોમાં દેવ હતો. એને બધા મળવાને આતુર હતા. રાજાની કૃપાનો એનાપર વર્ષાવ થતો હતો. એની બહાદૂરીની બધા પ્રશંસા કરતા હતા અને એવો વીર પુરૂષ પોતાની સાથે નાચે છે એ વિચારથી એ મગરૂર બની. ચાર્લ્સ પાસે લુઇએ ઑલિફન્ટની મુક્તતાની યાચના કરી હતી તે વિષે એ તદ્દન અજ્ઞાત હતી; નહિ તો તેણીને એની હરિફને બળવાખોર સાથે કંઈ ગુપ્ત ભેદી સંબંધ હશે એવી શંકા આવ્યા વિના રહેત નહિ. અને એવી શંકા જો જન્મત તો ઑલિફન્ટ સાથે નાચતાં એને જે આનંદ થતો હતો તે થાત નહિ.

યોગ્ય સમયે નાચ પૂરો થયો અને જેઓ નાચતાં હતાં તે સલુનોના જૂદા જૂદા ભાગમાં વિખરાઇ ગયાં. ડચેસ ઑફ ક્લીવલૅન્ડે પોતાની એક સખી પાસે જઇ ઑલિફન્ટની બહાદૂરી, તેની નૃત્યકલાની નીપુણતા, અને તેની વાચાળતાની પ્રંશસા કરવા માંડી. ડચેસ ઑફ પોર્ટસમથ લૅારેન્સ તરફ મીઠી નજરો ફેંકી રહી હતી અને એ એવા ચાળા કરતી હતી કે લૅારેન્સ સિવાય જો કોઇ બીજો વિલાસી સૈનિક તેની સાથે હોત તો તે ડચેસના સૌન્દર્ય પર લુબ્ધ થઇ તેને પોતાની પ્રિયતમા બનાવવા ચૂકત નહિ. ડચેસને લૅારેન્સે દાદ આપી નહિ. તે નિરાશ થઇ અને પોતાનો અંતરભાવ છૂપાવી રાજા પાસે જઇ બેઠી. જનરલ ઑલિફન્ટ હમણાં આમતેમ ફરતો હતો. તેણે લૅારેન્સ લીને થોડેક દૂર ઉભેલો જોયો. તે તરત તેની પાસે ગયો.

"પછી પેલી યુક્તિનું પરિણામ શું આવ્યું!" જનરલ બાગ્બેજ કોઇ સાંભળી શકે એવા ધીમા સ્વરે બોલ્યો.

"આહ! હું સમ્પૂર્ણ વિજય મેળવી શક્યો હતો. જનરલ—" લૅારેન્સ જનરલ કંઈ યુક્તિની વાત કરે છે તે તરત જાણી જઇ બોલ્યો.

"હું ફરીથી તમારો આભાર માનું છું."

"આભાર માનવાની જરૂર નથી, મારા વ્હાલા મિત્ર હું અત્યાર સુધી તમારી સાથે શા માટે ન બોલ્યો તે તમે જાણતાજ હશો–"

"હું તમારા મૌનનાં કારણો જાણું છું, મારા મિત્ર? એ કારણો બે હતાં. તેમાંનું એક તો મારાજ હિતનું હતું–"

"હવે તમે સમજી શક્યા હશો કે હું જો પ્રથમથી મારો હાથ તમને આપત તો આપણે પૂર્વે ક્યાં, કેવી રીતે અને શા માટે મળ્યા હતા તે વિષે રાજાને શંકા થાત, આપણને પ્રશ્નો પૂછાત અને તે આપણે માટે ઠીક ગણાત નહિ–" જનરલ બોલ્યો.

"જ્યારે તમને કેદ પકડવાની ખબર મને મળી ત્યારે હું ઘણોજ દુઃખી થયો હતો. જે મિત્રે મને કિમતી મદદ કરી પોતાના આભારમાં લીધો હતો, તેનું ખરૂં નામ જ્યારે તે કેદ થવાની ખબર મને મળી ત્યારેજ મેં જાણ્યું. જનરલ! પેલા બદમાસની યુક્તિથી તમે મને વાકેફ કીધો ન હોત તો મારૂં સત્યાનાશ વળી જાત. હા–હું તમારા હતભાગ્યની વાત સાંભળી ઘણોજ દુઃખી થતો હતો. જ્યારે કૅપ્ટન વીલ્ડેર, બુરખાપાર્ટીનો જાદુગર અને બળવાખોર જનરલ ઑલિફન્ટ એ ત્રણ ભાગ ભજવનાર વ્યક્તિ એકજ છે અને તે ટાવરમાં કેદખાનામાં છે એમ મેં જાણ્યું ત્યારે મારા દુઃખનો પાર રહ્યો નહિ, અને હવે આ ભવ્ય રાજમહેલમાં ભેગા મળેલા પરોણાઓમાં તમારી ઉન્નતિથી મારા હૃદયમાં જેટલો આનંદ થાય છે તેટલો કોઇને થતો નહિ હશે."

"તમારે એ વિષેની ખાત્રી આપવાની જરૂર નથી......" ઑલિફન્ટ બોલ્યો. પછી તેનો સ્વર જરા ગંભીર થયો. એના મુખપર શોક છવાયો. એ બોલ્યો. "તમે જાણતા નથી લૉરેન્સ! કે હું તમારી સાથે ગાઢ મિત્રતા બાંધવા શા માટે આતુર છું? તમને ખબર નથી કે જ્યારે તમે બાલક હતા ત્યારે મેં તમને રમાડ્યા હતા–"

"તમે? જનરલ ઑલીફન્ટ!–" આશ્ચર્ય ચકિત થઈ લૉરેન્સ બોલ્યો.

"હા. હું તમે જ્યારે બાલક હતા ત્યારથી તમને ઓળખું છું. હમણાં હું વધુ કહી શકતો નથી. એ સમય કદાચ આવશે–હું જાણતો નથી કે એવો સમય આવશેજ–તોપણ **એક દિવસ** એવો જરૂર આવશે કે જ્યારે **તમારાથી** હું કંઈ પણ ગુપ્ત રાખીશ નહિ. અત્યારે જે શબ્દો હું બોલ્યો છું તે તમારા અંતઃકરણમાંજ છૂપાવી રાખજો. કોઇને પણ તે **કહેતા નહિ**. મારી આજુબાજુ ગુપ્ત ભેદો વીંટળાયલાં

છે. લૉરેન્સ ! મારા ભૂત જીવનને લગતા ઘણા ભેદો છે-પણ હમણાં એ વિષે કંઇ નહિ. મેં કહ્યું છે તે ભૂલી જજો-”

આટલું કહી જનરલ ઑલિફન્ટ લૉરેન્સનો હસ્ત વ્હાલથી દાબી તેને અજાયબીમાં મૂકી બીજી બાજુએ ચાલી ગયો. તેની ગંભીરતા પાછી ઉડી ગઈ હતી અને તેનો દેખાવ પુનઃ બેદરકાર બન્યો હતો. લૉરેન્સ જ્યાં ઉભો હતો ત્યાંજ જનરલ ઑલિફન્ટ જે ભેદી શબ્દો બોલ્યો હતો તે પર વિચાર કરતો ઉભો રહ્યો. ઑલિફન્ટ કંઇ પણ નિશ્ચિત કાર્ય સિવાય આમતેમ ફરતો હતો; એટલામાં તેની નજર લૉર્ડ આર્ડેન પર પડી. તે તેની પાસે જઈ બોલ્યો.

“ જરા ઉભા રહો, મારા લૉર્ડ ! ”

લૉર્ડ આર્ડેને નીચું જોયું. તે ભય પામવા લાગ્યો.

“ ગભરાઓ ના, મારા લૉર્ડ !-” ઑલિફન્ટ બોલ્યો.

“નહિ તો તમે કોઇના મનમાં શંકા પેદા કરશો. હવે મને માફી મળી છે. તમે મારી સાથે વાત કરો એ તદ્દન કુદરતી છે કારણ કે આપણે અમેરિકામાં એકમેકને મળ્યા હતા. આથી આપણે વર્તમાન સંયોગમાં સાથે ફરીએ તો તેમાં કોઈને શંકા આવશે નહિ. માટે શાંત થાઓ અને હું જે આજ્ઞા કરૂં તે સાંભળો-”

“ આજ્ઞા !-” તે ઉમરાવ અર્ધ ભય તથા અર્ધ મગરૂરીની લાગણીથી બોલ્યો.

“ હા-આજ્ઞા !-” ઑલિફન્ટે શાન્તિથી જવાબ આપ્યો.

“ તમે જાણો છો કે હું મારા હાથમાં પૂરતી સત્તા અને શક્તિ હોવા વિના કોઇ જાતની ધમકી આપતો નથી. આથી હું કહું તે સાંભળો અને મારી આજ્ઞાને માન આપજો-”

પુનઃ આર્ડેન ડર્યો-તેનું અભિમાન જખમાયું પણ તે કંઇ બોલ્યો નહિ.

“ આવતી કાલે બપોરે અગિયાર વાગે આઇલીંગટનના દેવળની નજીક મને મળવાની કૃપા કરજો. જો જો-ભૂલતા નહિ.”

“ પણ શા માટે ? ”

“ તે તમે ત્યાં તેજ સમયે જાણશો. ”

“ અને ધારો કે તમારી વિનંતીને હું માન ન આપું તો ? ” લૉર્ડ આર્ડેન જો જનરલ આવા પ્રશ્નથી પોતાનો હેતુ કહી દે તો તે જાણવાના ઇરાદાથી બોલ્યો.

"હું તમને ત્યાં આવવાની વિનંતી કરૂં છું. પણ મારા શબ્દો આજ્ઞા જેવાજ છે-" જનરલે જવાબ આપ્યો.

"તમે જે સવાલ પૂછો છો તેનો જવાબ હું સહેલાઇથી આપી શકું છું. સાંભળો, જો તમે ત્યાં આવવાનું ભૂલી જશો તો હું ગઇ રાત્રે જ્યાં સૂતો હતો ત્યાં તમે કાલે રાત્રે સૂવા જશો-"

"આહ! શું ટાવરમાં ?"

"હા. ટાવરમાં!"

"શા માટે ?"

"મહારાજાનો વિશ્વાસઘાત કરવા માટે."

તરતજ આર્ડનને લાગ્યું કે ઑલિફન્ટ જુલિયા મરટન પાસેના બધા કાગળ બળી ગયા છે તે જાણતો હોવો ન જોઇએ. તેથી તે બોલ્યો.

"પણ સાબીતી ? તેનો પુરાવો ?"

ત્રીજીવાર ઑલિફન્ટના મુખપર તિરસ્કારદર્શક હાસ્ય ફરક્યું. તેણે જાણે રમત કરતો હોય તેમ પોતાના જમણા હાથપરનું મોજું કાઢી નાખ્યું અને બેદરકારીથી પોતાની આંગળીઓ વડે માથું ખજવાળ્યું. એ આંગળીઓમાંની એક પર તેની રત્નજડિત વીંટી હતી કે જે વીંટી વડે લૉર્ડ આર્ડન જુલિયા મરટન પાસેથી દસ્તાવેજો મેળવી શક્યો હતો. આ વીંટી ઑલિફન્ટ પાસે પાછી આવવાથી દસ્તાવેજો સંબંધી જે કપટબાજી ખેલાઇ હતી તે તે જાણે છે એવી લૉર્ડ આર્ડનની ખાત્રી થઇ. તેણે માની લીધું કે ટાવરમાંથી મુક્ત થયા પછી ઑલીફન્ટ જુલીયાને મળવા ગયો હશે અથવા તેની સાથે પત્રવ્યવહાર કર્યો હશેઃ નહિ તો પેલી વીંટી એની પાસે શી રીતે આવે ?

"સાબીતી ? પુરાવા ?-" તે મશ્કરીયુક્ત સ્વરે બોલ્યો.

"તમે પુરાવા માગો છો, મારા લૉર્ડ! શું મારે તમને પુનઃ કહેવાની જરૂર છે કે મારા હાથમાં સમ્પૂર્ણ સત્તા હોવા વિના કોઇ પણ પગલું ભરૂં એવો હું નથી; પણ આ સમય અને સ્થલ એવા ખુલાસા માટે યોગ્ય નથી-" પછી તે રત્નજડિત વીંટી તરફ જોઇ બોલ્યો.

"તમે જુઓ છો કે તમારી દગાખોર વર્તણુકથી હું અજાણ્યો નથી. તમે ધારો છો કે તમે હવે સહીસલામત છો. પણ હું કહું છું કે તમે ભયંકર ભૂલ કરો છો. યાદ રાખજો, કાલે અગિયાર વાગે-ત્યાં જરૂર આવજો-ત્યાં તમે જે જાણવાનું છે તે જાણશો:-"

આટલા શબ્દો બોલી જનરલ ઑલિફન્ટ ઓરડાના બીજા ભાગ

તરફ ફર્યો અને સર હેક્ટર ગ્રેહામને શોધવા લાગ્યો. અલ્પ સમયમાં તેણે કર્નલને જોયો. તે બોલ્યો.

“ સાહેબ! હું તમારી સાથે વાત કરવા માગું છું.”

સર હેક્ટર ગ્રેહામે અભિમાનથી તેના તરફ જોયું પણ કંઇ બોલ્યો નહિ.

“ તમારી અભિમાની વર્તણુકથી ડરૂં એવો હું નથી. સર ગ્રેહામ! જુઓ સાહેબ! તમે યુનિફોર્મ પહેરો છો–તમારી કમ્મરે સમશેર લટકાવો છો–તમે નાઇટ હુડનો ચાંદ ધરાવો છો–પણ તમારી એ બધી યોગ્યતાને તમે તમારા નોકરને મારી પાછળ જાસુસી કરવા માટે રોકી, મેં તમારા પર મૂકેલા વિશ્વાસનો ભંગ કરી, એક ઉમરાવના નીચ કૃત્યમાં સામેલ થઇ, કલંકિત કરી છે.”

ગ્રેહામ મોત જેવો ફીક્કો થઇ ગયો. સદ્‌ભાગ્યે આ વાત સાંભળી શકે એટલી નજીકમાં કોઇ ન્હોતું: નહિ તો ગ્રેહામની સ્થિતિ વિચિત્ર થઇ પડત.

“ તમે જુઓ છો, સાહેબ! કે તમારો દગો મેં શોધી કાઢ્યો છે. તમારી નીચ જાળ મારા જાણવામાં આવી છે. અત્યારે જે શબ્દબાણો મેં તમારી છાતીમાં ભોંક્યા છે તે તમારા નીચ વર્તનની પૂરતી સજા છે એમ હું માનું છું. પણ જો એટલાથી ચેતીને તમે ભવિષ્યમાં સુધરશો નહિ અને વધુ સજાની ઇચ્છા રાખશો તો હું તમને ખાત્રી આપું છું કે એવી સજા પણ તમને આ હાથોજ કરી શકશે......”

કર્નલ અને જનરલ વચ્ચેની આ વાતચીત ગમ્ભીર હતી. એ સાંભળી કર્નલ ભય પામ્યો પણ બીજીજ પલે એના ખૂની હૃદયમાં વૈરાગ્નિ પ્રદિપ્ત થયો. જનરલ એને તજી ચાલી ગયો.

આ પછી તરતજ ભોજનની તૈયારી થઇ. ભોજનગૃહના દ્વાર ખુલી ગયા અને પરોણાઓ ભોજન લેવા બેઠાં. જનરલ ઑલિફન્ટ ડ્યૂચેસ ઑફ ક્લીવલેન્ડ સાથે જમવા બેઠો. રાજાને પડખે લુઇડ કેરલ બેઠી. ભોજન સમયે પણ સર્વની વાતચીત વરજીનીઅન બાવાખોર વિષેજ હતી.

પ્રથમ ભાગ સમાપ્ત.